છપાય છે

છપાય છે

શ્રી અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ–વિશ્વવિચાર

જેમાં નિમ્નલિખિત વિષયોનો સમાવેશ થયેલો છે

પ્રથમ દલ જગન્નાથનો રથ

દ્વિતીય દલ જાતીયતા

તૃતીય દલ એશિયાનો ઉત્થાન

ચં દલ મારા કારાગૃહવાસની કથા

અને યથાસ્થાન અન્ય વિષયો

ॐ तत्सत्

श्री

અરવિન્દ વિચારમાળા

(મહર્ષિ અરવિન્દ ઘોષનાં લેખો તથા વ્યાખ્યાનો)

પ્રથમ પુષ્પ—ધર્મવિચાર



અનુવાદક

ઠક્કુર નારાયણ વિસનજી

પીર મહમ્મદશાહ રોડ, અહમ્મદાબાદ

" न कर्मणा मनारम्भा न्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति " ॥ गीता

પ્રકાશક

ગોવિન્દ મહાદેવ જાગુષ્ટે

ત્રણ દરવાજા—અહમ્મદાબાદ



એકમાત્ર વિક્રેતા (સોલ એજન્ટ્)

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે

ગ્રંથવિક્રેતા અને ગ્રંથપ્રકાશક

ત્રણ દરવાજા—અહમ્મદાબાદ

વિક્રમાર્ક ૧૯૭૮]  [ઈ. સ. ૧૯૨૨

છપાય છે

છપાય છે

શ્રી અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ-વિશ્વવિચાર

જેમાં નિમ્નલિખિત વિષયોનો સમાવેશ થયેલો છે

પ્રથમ દલ જગન્નાથનો રથ
દ્વિતીય દલ જાતીયતા
તૃતીય દલ એશિયાનો ઉપકાળ
ચતુર્થ દલ મારા કારાગૃહવાસની કથા

અને યથાસ્થાન અન્ય વિષયો

" કોઇ પણ પુરુષ કર્મને આરંભ્યા વિના મોક્ષને મેળવી શકતો નથી તેમ જ કેવળ કર્મના સંન્યાસ-ત્યાગ-વડે સિદ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી."

ભગવદ્ગીતાઃ અ. ૩ જો; શ્લોક ૪ થો.



પ્રથમ આવૃત્તિ





" વસંત " મુદ્રણાલયમાં
ચિમનલાલ ઇચ્છારામે મુદ્રિત કર્યું;
રાયપુર, આમજાની પોળ પાસે: અમદાવાદ

"કોઇ પણ પુરુષ કર્મને આરંભ્યા વિના મોક્ષને મેળવી શકતો નથી તેમ જ કેવળ કર્મના સંન્યાસ-ત્યાગ-વડે સિદ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી."

ભગવદ્ગીતાના અ. ૩ જો; શ્લોક ૪ થો.

પ્રથમ આવૃત્તિ

"વસન્ત" મુદ્રણાલયમાં
ચિમનલાલ ઇશ્વરલાલે મુદ્રિત કર્યું;
રાયપુર, ભાખડાની પોળ પાસેઃ અમદાવાદ

ઉપોદ્ઘાત

"अति सर्वत्र वर्जयेत्" અર્થાત્ કોઇ પણ વસ્તુની અતિશયતા કદાપિ લાભકારિણી થઈ શકતી નથી અને તેટલામાટે તે અતિશયતાનો સર્વ સ્થાનમાં તથા સર્વ સમયમાં સવિવેક ત્યાગ કરી દેવો એ જ ઈષ્ટ છે, એ વિશ્વના સમસ્ત ધર્મશાસ્ત્રો તથા નીતિશાસ્ત્રોનો એક પરમ સિદ્ધાન્ત છે અને એ સિદ્ધાન્તમાં સમસ્ત માનવજાતિનો કલ્યાણનું એક પરમ રહસ્ય સમાયલું હોવાથી એ સિદ્ધાન્ત સૃષ્ટિના આરંભકાળથી વર્તમાન સમય પર્યન્ત જેવી રીતે સર્વ દેશોમાં તથા સર્વ સમયમાં અત્યન્ત આદરને પાત્ર થએલો છે તેવી જ રીતે સૃષ્ટિના અન્ત પર્યન્ત નિરન્તર લોકાદરને પાત્ર થતો રહેશે એમાં લેશ માત્ર પણ સંશય નથી. સારાંશ કે, અમૃત એકે અમરત્વ કિંવા અક્ષય્ય-જીવનદાયક પદાર્થ હોવા છતાં પણ જો અમૃતનું કંઠ પર્યન્ત ઠાંસીને પાન કરવામાં આવે, તો તે જીવનદાયક હોવા છતાં જેવી રીતે અતિશયતાના પરિણામે મૃત્યુદાયક થઇ પડે છે તેવી જ રીતે જે કર્મ-સન્યાસ કિંવા કર્મત્યાગને નિવૃત્તિ નામ અપાયલું છે તે નિવૃત્તિ મોક્ષદાયિની હોવા છતાં પણ જો તે નિવૃત્તિ અતિશયતાની સીમા પર્યન્ત આવી લાગે છે તો તેના યોગે તેની મોક્ષદાયિતાનો લોપ થતાં અત્યન્ત નિવૃત્તિપરાયણ મનુષ્ય મોક્ષરૂપ પર્વતના ઉચ્ચતમ શિખરપર આરૂઢ થવાને બદલે અત્યન્ત કર્મત્યાગના પરિણામે "अतो भ्रष्टस्ततो भ्रष्टः" થઇને અધોગતિની ગહનતમ અને નિબિડ અંધકારાવૃત્ત ગર્તા-માં પછડાઈ પડે છે એ નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા નથી; કારણ કે, એ અત્યન્ત નિવૃત્તિ કિંવા અકર્મણ્યતાના મહાવિઘાતક પરિણામને લક્ષમાં રાખીને જ શ્રી કૃષ્ણ ભગવાને 'શ્રીમદ્ભગવદ્ગીતા'ના તૃતીય અધ્યાયમાં કર્મયોગનું સમર્થન કરતાં એવા અગત્યના ઉદ્ગારો કાઢેલા છે કે: "કોઇ પણ પુરુષ કર્મને આરંભ્યા વિના

મોક્ષને મેળવી શકતો નથી તેમ જ કેવળ કર્મના સંન્યાસ-ત્યાગ-વડે સિદ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી."* અને અંતે અષ્ટાદશ અધ્યાયમાં સ્પષ્ટ શબ્દોમાં એમ વ્યક્ત કરેલું છે કે: "પોતપોતાના કર્મમાં નિરંતર સંલગ્ન રહેનાર પુરુષ સંસિદ્ધિ-મોક્ષરૂપ મહતી સિદ્ધિ-ને મેળવે છે."+

કર્મની આવી મહત્તા તથા ઉપયુક્તતા હોવા છતાં ભારતવર્ષના લોકો પોતપોતાના સ્વાભાવિક કિંવા સ્વભાવનિયત કર્મને ત્યાગીને જ્યારથી અત્યન્ત નિવૃત્તિપરાયણ થવા લાગ્યા ત્યારથી ભારતવર્ષની અવનતિનો આરંભ થયો અને તે અવનતિ અંતે એટલી સીમા પર્યન્ત આવી લાગી કે ઇતિહાસપૂર્વકાળથી સમસ્ત વિશ્વમાં સભ્યતમ, સંસ્કૃત, પ્રતિભાસંપન્ન, અત્યન્ત બલિષ્ઠ, અદ્વિતીય ગૌરવશાળી અને જ્ઞાનના ભાણ્ડાગારરૂપ મનાતો આપણો ભારતવર્ષ નામક દિવ્ય દેશ અત્યારના નવીન સભ્ય દેશોની દૃષ્ટિમાં સર્વથા અસભ્ય, અસંસ્કૃત, પ્રતિભાહીન, દુર્બળ, ગૌરવહીન અને અજ્ઞાનના ભંડારરૂપ દેખાવા લાગ્યો અને તેથી ભારતવર્ષની પ્રાચીન મહત્તાનો સર્વથા લોપ થઈ ગયો. કર્મહીનતા કિંવા અત્યન્ત નિવૃત્તિપરાયણતાના યોગે ભારતવર્ષના લોકો આવી શોકજનક પરિસ્થિતિમાં આવી પડતાં તેમની એ નિવૃત્તિપરાયણતાના નિવારણની તેમ જ તેમને તેમના સ્વાભાવિક કર્મરૂપ કલ્યાણકારક માર્ગમાં વાળવાની આવશ્યકતા અનિવાર્ય હોવાથી જેવી રીતે વેદોના નામથી ભારતવર્ષમાં મખ યાગ આદિના નિમિત્તે હિંસા-ધર્મનો ભયાનક પ્રચાર અને તેના પરિણામે સમાજમાં ઘોર અધર્મ

---

* "न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति" ॥
ગીતા: અ. ૩ જો. શ્લો. ૪ થો.

× "स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः" ।
ગીતા: અ. ૧૮ મો શ્લો. ૪૫ મો.

તથા અનાચારનો વિસ્તાર થતાં પરમાત્માએ બુદ્ધનો અવતાર ધારીને અહિંસાધર્મની ઘોષણા કરી હતી અને ભારતવર્ષની અધોગતિને અટકાવી દીધી હતી તેમ જ પુનઃ બુદ્ધના અહિંસાધર્મની વિઘાતક અતિશયતાના યોગે લોકો સર્વથા હતવીર્ય, અસમર્થ, ભીરુ તથા કર્મહીન થતાં ભારતવર્ષના સર્વનાશનો સમય નિકટમાં આવી લાગેલો જોઈને પરમાત્માએ આદિ શંકરાચાર્ય તરીકે અવતરી સ્માર્ત તથા વેદાન્તધર્મની સ્થાપનાથી ભારતવર્ષની અધોગતિનું નિવારણ કર્યું હતું તેવી જ રીતે અત્યારના નવીન યુગમાં ભરતભૂમિનાં કર્મહીન તથા નિવૃત્તિપરાયણ કિંવા વૈભવવિલાસપરાયણ સંતાનોને સર્વથી પ્રથમ પ્રાતઃસ્મરણીય, પરમપુનીત, પ્રચંડપ્રતિભાસંપન્ન, જ્ઞાનતેજઃપુંજ અને ઈશ્વરવિભૂતિરૂપ સ્વર્ગીય સ્વામી વિવેકાનન્દે પોતાની તેજસ્વિની તથા ઓજસ્વિની વાણીથી કર્મયોગની મહત્તા તથા કર્મમાર્ગની કલ્યાણકારિતાનો સાક્ષાત્કાર કરાવ્યો હતો;× ત્યાર પછી ઇ. સ. ૧૯૦૮ માં કોઈ પણ પ્રકારનો અપરાધ ન હોવા છતાં કેવળ ભાગ્યની વિલક્ષણતા કિંવા વક્ર ગતિના પરિણામે શ્રી અરવિન્દ બાબુને અલીપુરના કારાગૃહમાં એક વર્ષ પર્યન્ત નિવાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તે કારાગૃહવાસના સમયમાં ભારતવર્ષમાં સનાતન આર્યધર્મની પ્રતિષ્ઠાના વિધિના સંબંધમાં સાક્ષાત્ શ્રી કૃષ્ણ પરમાત્માદ્વારા તેમને જે નવીન દીક્ષા પ્રાપ્ત થઈ હતી તે દીક્ષાને અનુસરીને કારાગૃહવાસની સમાપ્તિ થવા પછી તેમણે ભારતવર્ષમાં સનાતન આર્યધર્મની પ્રતિષ્ઠાના તે વિધિને સર્વત્ર પ્રચારવાના ઉદ્દેશથી આંગ્લ-અંગ્રેજી-ભાષામાં 'કર્મયોગિન્' નામક સાપ્તાહિક સંવાદપત્ર તથા બંગાળી ભાષામાં 'ધર્મ' નામક સાપ્તાહિક વર્તમાનપત્રના પ્રકાશનનો પ્રારંભ કર્યો હતો. વેદોના લોપાયેલા ગૂઢ અર્થોનો પુનરુદ્ધાર કરવામાટે અરવિન્દ બાબુને ત્યાર

× સ્વર્ગીય સ્વામી વિવેકાનન્દનાં વ્યાખ્યાનો તથા લેખોનો મેં "વિવેકાનન્દ વિચારમાળા" નામથી ગુર્જર અનુવાદ કરેલો છે અને તેનાં પાંચ પુષ્પ-ખંડ-"ગુજરાતી" પ્રેસદ્વારા પ્રકાશિત થઈ ચૂક્યાં છે.

[illegible]

અત્યાર સુધીમાં અનેક ઐતિહાસિક તથા સામાજિક નવલકથાઓ તેમ જ ઐતિહાસિક, પૌરાણિક તથા સામાજિક નાટકો ઉપરાંત મારા દસેક લખેલા ' ચિદાનંદ વિચારમાળા ' (પાંચ પુષ્પ), ' જ્ઞાનેશ્વરી ગીતા ' (' ગુજરાતી ' પ્રેસની), ' અમૃતાનુભવ, ' ' અનન્તા મુક્તિ કિંવા અનન્ત જીવન, ' ' શ્રી અમરનાથ ચરિત્ર, ' ' સૂમરીને' ... અને વેદોમાં આર્યોનો ઉત્તરધ્રુવનિવાસ ' તથા ' નાગવંશ ગંગા ... આદિ ધર્મ, તત્ત્વજ્ઞાન ... પ્રથમ તરંગ, ' સાહિત્ય અને ઇતિહાસ ' ... સાહિત્ય અને ઇતિહાસ વિષયક ગ્રંથો જેવી રીતે લોકોએ ... ' શ્રી અરવિંદ ... ' ... સુધા છે તેવી જ રીતે મારા એ દિશામાંનો ... વિચારમાળા ' નામક આ નવા પ્રયત્ન કિંવા પ્રયાસ પણ તે ...

દરને પાત્ર થશે તો તેં લોકાદરને જ હું મારા પરિશ્રમનું અત્યન્ત અસભ્ય પારિતોષિક માનીશ અને નવીન ઉત્સાહથી આવા ગ્રંથોના લેખનમાં પ્રવૃત્ત રહીશ. અંતે જે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાદૃષ્ટિથી પ્રસ્તુત ગ્રંથલેખનકાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થતાં આજે આ ગ્રંથનું પ્રકાશન થયું છે તે પરમાત્મા પ્રતિ કૃતજ્ઞતા દર્શાવીને હું ઉપોદ્‌ઘાતની સમાપ્તિ સહિત મારી લેખિનીને વિશ્રાંતિ આપવાની આજ્ઞા ઈચ્છું છું.

અહ્મ્મદાબાદ (અમદાવાદ)
વિક્રમાબ્દ ૧૯૭૮, માર્ગશીર્ષ
કૃષ્ણ પંચમીઃ તા. ૧૯ મી
ડિસેમ્બર ૧૯૨૧ સોમવાર.

ભવદીય સ્નેહાકાંક્ષી
ઠક્કુર નારાયણ વિસનજી
અનુવાદક

[illegible]

[illegible]

[illegible] ૨૦૧૧, [illegible]

કરવાને પાત્ર થશે તો મેં વાચકવૃંદને એ હું મારા પરિશ્રમનું અત્યન્ત અમૂલ્ય પારિતોષિક માનીશ અને નવીન ઉત્સાહથી આવા ગ્રંથોના લેખનમાં પ્રવૃત્ત રહીશ. અંતે જે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાદૃષ્ટિથી પ્રસ્તુત ગ્રંથલેખનકાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થતાં આજે આ ગ્રંથનું પ્રકાશન થયું છે તે પરમાત્મા પ્રતિ કૃતજ્ઞતા દર્શાવીને હું ઉપોદ્ઘાતની સમાપ્તિ સહિત મારી લેખિનીને વિશ્રાંતિ આપવાની આજ્ઞા ઇચ્છું છું.

અહમ્મદાબાદ (અમદાવાદ)
વિક્રમાબ્દ ૧૯૭૮, માર્ગશીર્ષ
કૃષ્ણ પંચમી: તા. ૧૯ મી
ડિસેમ્બર ૧૯૨૧ સોમવાર.

ભવદીય સ્નેહાકાંક્ષી
ઠક્કુર નારાયણ વિસનજી
અનુવાદક



[illegible]

મહર્ષિ અરવિન્દ ઘોષનો
કિંચિત્ પરિચય

"तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः*" ॥

ગીતાઃ અ. ૩ જો, શ્લોક ૧૯ મો.

આવતી કાલનો નાયક

મહર્ષિ અરવિન્દ ઘોષની અલૌકિક યોગના તથા યૌગિક શક્તિના અપરોક્ષ અનુભવી, પરમભક્ત તથા પરમોપાસક પૉલ્ રિચર્ડ્–Paul Richard–નામક એક ફ્રેંચ ગૃહસ્થ તથા ગ્રંથકારે ઈ. સ. ૧૯૧૯ના મે માસની ૨ જી તારીખે જાપાનની રાજધાની ટોકિયો નગરની પ્રસિદ્ધ મહાવિદ્યાલય—University યૂનિવર્સિટી—માં 'સ્ટુડન્ટ્સ્ એશિયાટિક્ યૂનિયન્'–'Students' Asiatic Union'–નામક વિદ્યાર્થિમંડળ સમક્ષ મહર્ષિ અરવિન્દ ઘોષ વિષયક-આપેલા પોતાના વ્યાખ્યાનમાં મહર્ષિ અરવિન્દ ઘોષનો તે વિદ્યાર્થિમંડળને પરિચય કરાવતાં પ્રસ્તાવનાના રૂપમાં નીચે પ્રમાણેના ગંભીર તથા પૂજ્યભાવ દર્શક ઉદ્ગારો કાઢ્યા હતાઃ—

"મારા સુહૃદો, હું અત્યારે જે વસ્તુને તમારા સમક્ષ લઇ આવ્યો છું તે માત્ર મારા શબ્દો નથી કિન્તુ હૃદય કિંવા અંતઃકરણ છે. અત્યારે તમારા તરુણ તથા ઉદાત્ત મંડળને જે અભિનન્દન

* "ફળમાં આસક્ત થયા વિના પોતાના કર્તવ્ય કર્મને નિરંતર કરતો રહે; કારણ કે, અનાસક્ત રહીને કર્મ કરનાર પુરુષને જ પરમગતિની પ્રાપ્તિ થાય છે." ગીતાઃ અ. ૩ જોઃ શ્લોક ૧૯ મો.

માટે છે તે પ્ર.કે અંતઃકરણ છે, કારણ કે, મારો જે જે વસ્તુઓમાં અરૂપ અનુરાગ કિંવા પ્રગાઢ પ્રેમ છે તે બન્ને વસ્તુઓની તમારા આ મંડળમાં એકત્ર મળેલી છે. મારો જે બે વસ્તુઓમાં અગાધ અનુરાગ છે તે બે વસ્તુઓમાંની એક વસ્તુ એવી છે કે જેનામાં મારી જન્મદાત્રી માતા પ્રમાણે મારો પ્રેમ છે અને તે વસ્તુ એશિયા છે; કારણ કે, એશિયાની ભૂમિ સમસ્ત વિશ્વની આધ્યાત્મિક માત છે અને જે બીજી વસ્તુમાં મારો પોતાના એક બાળક સમાન પ્રે જમાનો છે તે વર્તમાન યુવકવર્ગ કિંવા અન્ય શબ્દોમાં કહું તો એશિયાના કિશોરના સમસ્ત ભવિષ્યનો ઉષઃકાળ છે: કારણ કે, એશિયાના વિશ્વના ભાવિ ઉદયનો આધાર તમારાપર જ રહેલો છે. આ રહ અને તમો જાણો છો અને તેથી જે કાર્ય તમારે અવશ્ય કરવું જોઈએ તે જ કાર્ય અત્યારે તમો કરી રહ્યા છો. ભિન્ન ભિન્ન રાષ્ટ્રોના વિદ્યાર્થીઓને બંધુભાવના બંધનથી પરસ્પર બાંધવાનો પ્રબલ ે તમો યુવકોનો સમુદાય ભિન્ન ભિન્ન રાષ્ટ્રોને પણ પરસ્પર ભાવના દૃઢ બંધનથી બાંધવાનો ગુપ્ત ઉદ્યોગ કરી રહ્યો છે એ ારે કદાપિ ભૂલી જવાનું નથી, કારણ કે, એશિયાના વિચારશીલ ોના એકીકરણનો જે ઉદ્યોગ તે સમસ્ત એશિયાના એકીકરણનો ઉદ્યોગ છે. અર્થાત્ તમો આવતી કાલના એશિયાને એકીકૃત કર ા છો; કારણ કે, આવતી કાલે—નિકટના ભવિષ્ય કાળમાં—એશિ ખંડ ખંડ મટીને અખંડ કિંવા અનેકરૂપ મટીને એકરૂપ થવાનું એ નિઃસંદેહ છે.

" આ એકત્રતા કિંવા એકતામાં એક સર્વોત્તમાંગપરિ મહાન આત્માયુક્ત ઝળહળતા ભવિષ્ય કાળ, ઉચ્ચતર જીવન પૂર્ણતર સભ્યતા—સંસ્કૃતિ—નો અદૃષ્ટ નિવાસ છે, એ તમારે નિ સ્મરણમાં રાખવાનું છે. તે સર્વોત્તમાંગપરિપૂર્ણ આત્મામાં જા સમસ્ત ગ્રાહક શક્તિ—Sonsibility—,ચીનની સમસ્ત બુદ્ધિ

Intelloctuality–અને ભારતવર્ષની સમસ્ત આધ્યાત્મિકતા–Spirituality–એકત્ર કિંવા સંધરૂપથી પ્રવેશ કરશે; અર્થાત્ ભવિષ્ય કાળના તે મહાન્ આત્મામાં એશિયા ખંડના સમસ્ત મહાન્, દિવ્ય કિંવા ઉદાત્ત વિચારો આવીને એકત્ર થઈ જશે અને તે દિવ્ય વિચારો વેદધર્મના દેવોને, શિન્ટોધર્મ+ના વીરોને, બૌદ્ધ ધર્મ તથા ટાઓ* ધર્મ એ બે બંધુધર્મોને, ક્રિશ્ચિયાનિટી†ની ભિન્ન ભિન્ન શાંત માન્યતાઓને તથા ઈસ્લામને એકત્ર કરશે; કારણ કે, એ સર્વ ધર્મો અનન્ત પુરુષ–પરમાત્મા–ના એકમેવાદ્વિતીય–એક જ–ધર્મનાં અનેક કિંવા ભિન્ન ભિન્ન સ્વરૂપો છે એટલે કે એ સર્વ ધર્મોમાં વાસ્તવિક ભિન્નતા જેવું કાંઈ છે જ નહિ.

"પરંતુ ભવિષ્ય કાળનો તે મહાન્ આત્મા જેનો શક્તિ વિષયક ગર્વ તથા મિથ્યા અહંભાવ પોતાના અને પોતાના સમકાલિક જગતના શિરપર કેવળ વિનાશને ખેંચી લાવવાના કાર્યમાં જ કૃતકાર્ય કિંવા વિજયી થઈ શક્યો છે તે નિત્સે–Nietzche–ના અલૌકિક મનુષ્ય કિંવા પાશ્ચાત્ય અલૌકિક મનુષ્યના હસ્તથી નિર્માણ થવાનો નથી; કિન્તુ એશિયાના નવીન જગદુત્પાદક દેવત્વયુક્ત મનુષ્ય કિંવા મનુષ્યત્વયુક્ત દેવના હસ્તથી જ ભવિષ્ય કાળનો તે

+ શિન્ટોધર્મ જાપાનમાં પ્રચલિત છે અને એ ધર્મમાં પ્રકૃતિની ઉપાસના તથા વીર પુરુષોની પૂજાને વિશેષ મહત્ત્વ અપાયલું છે.

* ઈ. સ. થી ૬૦૪ વર્ષ પૂર્વે જન્મેલા લાઓત્સે નામક એક ચીના તત્ત્વજ્ઞે એ ટાઓ ધર્મની ચીન દેશમાં સ્થાપના કરી હતી અને તેના રચેલા 'ટાઓ ટેહ કિંગ' નામક ધર્મગ્રંથદ્વારા એ ધર્મનો ચીનમાં પ્રચાર તથા પ્રસાર થયો હતો. એ ટાઓ ધર્મનો પ્રચાર બૌદ્ધ ધર્મ જેટલો જ હોવાથી બૌદ્ધ ધર્મ તથા ટાઓ ધર્મને અહીં ચીનના બંધુધર્મ તરીકે ઓળખાવેલા છે.

† ક્રિશ્ચિયાનિટી એટલે ક્રિશ્ચિયન–ખ્રીસ્તી–ધર્મ.

પ્રાયશ્ચિત્તવડે દેહશુદ્ધિ પણ કરી હતી તેમ જ તેમના શ્વશુર ઇંગ્લૅંડ જઈ આવેલા હતા એટલે તેમણે પ્રાયશ્ચિત્તદ્વારા મૃણાલિનીની દેહશુદ્ધિ પણ કરાવી હતી. અત્યારના લૉર્ડ સિંહ બાબૂ ભૂપાલચન્દ્ર વસુના મિત્ર હોવાથી એ લગ્નસમારંભમાં પધાર્યા હતા. લગ્નસમારંભની સમાપ્તિ થવા પછી અલ્પ કાળમાં જ અરવિન્દ બાબૂ પોતાની નવોઢા પત્ની મૃણાલિનીને સાથે લઈને પાછા વડોદરામાં આવી લાગ્યા. તેઓ વડોદરામાં હતા તે વેળાયે તેમના કુટુંબમાં તેઓ પોતે, તેમની ગૃહલક્ષ્મી મૃણાલિની દેવી, તેમની સહોદરા સરોજિની તથા તેમનો લઘુ બંધુ વીરેન્દ્રકુમાર મળીને ચાર મનુષ્યો હતાં. અરવિન્દ બાબૂ પોતાનો સમય શિક્ષણ આપવામાં, કાવ્યરચનામાં, યોગાભ્યાસમાં તથા આત્મવિકાસના કાર્યમાં વીતાડતા હતા અને તેથી એમ જ કહી શકાય કે વડોદરામાં જ તેમના આશ્ચર્યકારક ભાવિ જીવનની રૂપરેખા આલેખાઇ ગઈ હતી અને તેમનામાં જે કવિ, તત્વજ્ઞ તથા રાજનીતિવિશારદ થવાના સ્વાભાવિક સંસ્કારો રહેલા હતા તે સંસ્કારોના વિકાસનો આરંભ થઈ ચૂકેલો હતો. વડોદરાનિવાસના સમયમાં તેમણે જે 'Love and Death'—'પ્રેમ અને મૃત્યુ'—નામક એક અંગ્રેજી કાવ્યગ્રન્થની ઇ. સ. ૧૮૯૯માં રચના કરી હતી તેમાં તેમના એ સંસ્કારો પૂર્ણરૂપમાં પ્રસ્ફુટિત થયેલા છે. એ ઉપરાંત તેઓ મુંબઇના 'ઇન્દુપ્રકાશ' નામક દૈનિક પત્રમાં વારંવાર અંગ્રેજી લેખો પણ લખતા હતા. તેઓ પ્રથમ ઉત્તમ લેખક નહોતા, પરંતુ લખવાના અભ્યાસને અખંડ રાખવાથી અલ્પ સમયમાં જ ઉત્તમ લેખકોમાં તેમની ગણના થવા લાગી હતી. વડોદરામાં રાજ્યના અનેક વિભાગોમાં કાર્ય કરીને તેમણે યોગ્ય અનુભવ મેળવ્યો હતો. પ્રથમ તેઓ ખાનગી ખાતામાં હતા, ત્યાંથી દીવાનની ઑફિસમાં ગયા હતા, ત્યાર પછી 'બરોડા કૉલેજ' માં પ્રોફેસર—અધ્યાપક—તરીકે અને પછીથી કેટલાક સમય પર્યન્ત નામદાર ગાયકવાડ સરકારના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે તેમણે કાર્ય કર્યું હતું.

પ્રતિભાસંપન્ન રાજનીતિજ્ઞ, ઇતિહાસવેત્તા તથા કવીશ્વર; સ્વ. લાલમોહન ઘોષ જેવા મહાન દેશભક્ત તથા અદ્વિતીય વક્તા અને વિદ્વાન્ જગદીશચન્દ્ર વસુ–બોઝ–જેવા અપૂર્વ અને બેજોડ વિજ્ઞાનવિશારદ નરપુંગવોને ઉત્પન્ન કરી સમસ્ત વિશ્વને પોતાની ગુરુતાનો પરિચય કરાવ્યો છે તે જ બંગાળની કાયસ્થ જાતિના એક સ્વનામધન્ય સુસન્તાન સ્વ. રાજનારાયણ વસુ મહાશયની જ્યેષ્ઠ કન્યા શ્રીમતી સ્વર્ણલતાના ગર્ભથી કલકત્તામાં શ્રી અરવિન્દે જન્મ ધાર્યો હતો. અરવિન્દ બાબુના પિતા કૃષ્ણધન ઘોષ પ્રથમ પોતાના દેશમાં જ ડૉક્ટર કિંવા ચિકિત્સક તરીકે વ્યવસાય કરતા હતા; પરંતુ એ સામાન્ય પ્રકારના વ્યવસાયથી તેમને સંતોષ ન થયો અને તેથી તેઓ આઈ. એમ. એસ.* ની પરીક્ષા આપવામાટે ઇંગ્લૅંડ ચાલ્યા ગયા. અહીં એ વિશિષ્ટતાપૂર્વક જણાવવાની આવશ્યકતા છે કે શ્રી અરવિન્દ બાબુના માતામહ સ્વ. રાજનારાયણ વસુ દેશીયતાના દૃઢ ઉપાસક હતા અને તેથી પાશ્ચાત્ય વિદ્યા તથા સંસ્કૃતિના મોહથી મુગ્ધ થયેલા યુવકોને પાશ્ચાત્ય જીવનનું અંધ અનુસરણ તથા અનુકરણ કરતા જોઈને તેમના હૃદયમાં ખેદ થવાથી તેઓ તેમને આપણા દેશની તથા આપણી વિદ્યાની ઉત્કૃષ્ટતાનો યોગ્ય ઉપદેશદ્વારા પરિચય કરાવતા હતા. દેશીયતાની ઉત્કૃષ્ટતાના પ્રચારમાટે તેમણે કેટલાક લેખો પણ લખ્યા હતા અને કેટલીક સંસ્થાઓ પણ સ્થાપી હતી;

આજ્ઞા કરી અને તેથી તે માનવપ્રાણીઓનાં પાપ તથા પુણ્યને લખી રાખવા લાગ્યો. ચિત્રગુપ્તનો લખેલો વિચિત્ર લેખ ગુપ્ત રહેતો હોવાથી એ પુરુષનું નામ ચિત્રગુપ્ત રખાયલું છે. બ્રહ્માની આજ્ઞાથી એ પુરુષની કાય-નિર્મિત થઈ હતી. એ પુરુષના અંબષ્ઠ, શ્રીવાસ્તવ, માથુર, ગૌડ, ભટનાગર આદિ નામના નવ પુત્રો હતા એટલે તે સર્વેના વંશજો થયા. કાર્તિક શુક્લ દ્વિતીયાને દિવસે ચિત્રગુપ્તની પૂજાનો ઉત્સવ આવે છે.

* આઈ. એમ. એસ. [illegible]

અત્યન્ત અલ્પ સમયમાં જ સર્વ જનોના પ્રિયપાત્ર થઈ પડયા; માત્ર એટલું જ નહિ, પણ વિદેશીય શિક્ષકોમાંના અનેક શિક્ષકો બાળક અરવિન્દની પ્રતિભાને જોઈને આશ્ચર્યમુગ્ધ થવા લાગ્યા. બાળક અરવિન્દનાં પ્રશાન્ત નયનો તથા ચિન્તનશીલ ભાવને અવલોકીને શિક્ષકો તથા શાળામાંના સહપાઠી વિદ્યાર્થીઓ તેમના પ્રતિ આકર્ષાઈ તેમના સૌજન્યના યોગે તેમનામાં અપૂર્વ સ્નેહ રાખવા લાગ્યા.

દાર્જીલિંગમાં બે વર્ષ પર્યન્ત વિદ્યાભ્યાસ કર્યા પછી સપ્તવર્ષીય અરવિન્દ, જ્યેષ્ઠ પુત્ર વિનયભૂષણ, દ્વિતીય પુત્ર મનોમોહન, પત્ની સ્વર્ણલતા તથા કન્યા સરોજિની ઇત્યાદિ પોતાનાં સર્વ પારિવારિક જનોને સાથે લઈને પિતા કૃષ્ણધને પોતાનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવામાટે ઇંગ્લૅંડ પ્રતિ પ્રયાણ કર્યું. આવી રીતે બાલ્ય કાળેથી જ વિદેશમાં વિદેશીઓ સાથે જ દીર્ઘ કાળ પર્યન્ત વસવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં અરવિન્દ બાબુ પોતાની પૈતૃક બંગભાષાને સર્વથા ભૂલી ગયા હતા અને તેથી જ્યારે તેમની અવસ્થા વીસ વર્ષની થઈ ગઈ ત્યારે પછી નવીનતાથી તેમણે બંગાળી ભાષાના અભ્યાસનો આરંભ કર્યો હતો. અર્થાત્ જે મહાનુભાવ પુરુષે બંગાળાની સ્વાધીનતા સ્વતંત્રતાની પુનઃપ્રાપ્તિમાટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી દ તે મહાપુરુષનો વીસ વર્ષના વય પર્યન્ત પોતાના દેશની ભાષા સાથે પણ કોઈ પ્રકારનો સંબંધ નહોતો એ એક અનન્ત આશ્ચર્યનો વિષય નથી કે શું!

કેટલોક સમય કૅન્ટરબરીમાં વીતાવ્યા પછી બાળક અરવિન્દે લંડન મહાનગરીમાં આવી સેન્ટ પૉલ્સ સ્કુલમાં પ્રવેશ કરીને અધ્યયનનો આરંભ કરી દીધો. ત્યાં પણ પોતાની પ્રતિભાના ગુણવડે અત્યન્ત અલ્પ કાળમાં જ તેઓ સર્વના સ્નેહભાજન તથા પ્રિયપાત્ર થઈ પડયા. ક્રમશઃ અભ્યાસની સમૃદ્ધિ થતાં બાળક

જ પરાવલંબી હોવાથી એક સરસ, પ્રેમપૂર્ણ તથા કરુણાસિક્ત પદાર્થ હતો અને તેથી પાશ્ચાત્ય વિદ્યા તથા ધર્મના સ્પર્શવડે તેમના હૃદયની આર્દ્ર-વૃત્તિઓ નષ્ટ ન થતાં અધિકતર પરિમાર્જિત થઈ હતી, એમ કહેવામાં અતિશયોક્તિ થવાનો લેશ માત્ર પણ સંભવ નથી. અર્થાત્ તેઓ દુઃખી મનુષ્યના દુઃખને જોઈને તથા વ્યથિતની વેદનાને જાણીને અતિશય દુઃખી થતા હતા અને તેમનું કોમળ હૃદય તત્કાળ દ્રવી જતું હતું. દરિદ્ર મનુષ્યના દારિદ્ર્યજન્ય દુઃખના નિવારણમાટે તેઓ આગળ પાછળનો લેશ માત્ર પણ વિચાર ન કરતાં અજસ્ર દાન આપતા હતા અને કેટલીક વાર તો તેમના દાનની માત્રા એટલી બધી વધી જતી હતી કે તેમનું સર્વસ્વ દાનમાં અર્પણ થવાથી તેમના પોતાના પુત્રોને વિદેશમાં અનેક વાર ધનના અભાવે નાના પ્રકારનાં કષ્ટો સહન કરવાં પડતાં હતાં. માસિક બેથી ત્રણ હજાર રૂપિયાની આવક હોવાં છતાં પણ મહિનાના અંતિમ દિવસે બાબૂ કૃષ્ણધનના હસ્તમાં એક કપર્દિકા પણ અવશિષ્ટ રહેતી નહોતી અને તેમની એ દાનશીલતા તથા પરોપકારપરાયણતાના પ્રતાપે ખુલનામાં આજે પણ ડૉ. કે. ડી. ઘોષ—કૃષ્ણધન ઘોષ—એ નામ સર્વથા અમર સ્વરૂપમાં દૃષ્ટિગોચર થયા કરે છે અને તે સર્વથા અમર જ રહેવાનું છે.

બા.બૂ. કૃષ્ણધને પોતાના પુત્રને સંપૂર્ણ ભાવથી આંગ્લ-અંગ્રેજી-શિક્ષણ આપવાનો પ્રથમથી જ દૃઢ સંકલ્પ કરેલો હોવાથી બાળક અરવિન્દે જેવો પંચમ વર્ષમાં પ્રવેશ કર્યો કે તત્કાળ તેમના પિતાએ તેમને દાર્જિલિંગની 'સેંટ પૉલ' સ્કૂલમાં વિદ્યાભ્યાસમાટે મોકલી દીધા. આ શાળામાં પોતાની પ્રતિભાના ગુણવડે બાળક અરવિન્દ

૧ 'મેઘનાદવધ મહાકાવ્ય' તથા કેટલાક અન્ય અદ્વિતીય ગ્રંથો રચીને બંગદેશ, બંગભાષા તથા બંગસાહિત્યની જે અપૂર્વ સેવા કરી છે તેના લીધે ભારતવર્ષમાં તેમનું નામ અમર થયું છે અને ચિરકાલ અમર રહેવાનું છે એમાં કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ.

મહર્ષિ અરવિન્દ ઘોષનો કિંચિત્ પરિચય

ઇંગ્લૅંડથી ભારતવર્ષમાં આવ્યા પછી અરવિન્દ બાબૂ વડોદરા-નરેશના પર્સનલ્ ઍસિસ્ટંટ્ તરીકે વડોદરારાજ્યની સેવામાં નિયુક્ત થઈ ગયા. જે વેળાએ તેઓ ગાયકવાડ સરકારના માન્યવર ઉચ્ચપદાધિકારી સેવક થયા તે વેળાએ તેમની અવસ્થા માત્ર એકવીસ વર્ષની જ હતી. તેમના જીવનનો અધિક અંશ ઇંગ્લૅંડમાં વીતેલો હોવાથી વસ્ત્રપરિધાન, નીતિરીતિ તથા બાહ્ય જીવન આદિમાં તેઓ અંગ્રેજ સમાન દેખાતા હતા; તથાપિ તેમના પિતા પ્રમાણે તેમનો આત્મા તો શુદ્ધ ભારતવાસી જ હતો. આંગ્લ શિક્ષણ તથા વિદેશીય જીવનપદ્ધતિના ગાઢ સંસર્ગથી અરવિન્દ બાબૂને જે પ્રધાન લાભ થયો તે એ હતો કે તે પાશ્ચાત્ય શિક્ષા તથા પાશ્ચાત્ય જીવનપદ્ધતિ આપણા શિક્ષણ તથા આપણી જીવનપદ્ધતિ સાથે સરખાવતાં તેમને સર્વથા કનિષ્ટ પ્રકારની અને અપાયકારક દૃષ્ટિગોચર થવા લાગી; પાશ્ચાત્ય વિદ્યાના બાહ્ય આડંબરમાં તેમને આભ્યંતર દૌર્બલ્યનો સાક્ષાત્કાર થવા લાગ્યો અને તેથી યુરોપનો જડવાદ માનવજીવનમાં નવીન ચેતનને પ્રેરવામાટે સર્વથા અસમર્થ છે એમ તેમના જાણવામાં આવી ગયું; સારાંશ કે, આપણી ભારતભારતી જ માનવજીવનમાં નવીન ચેતન પ્રેરવાનું સર્વોત્કૃષ્ટ સામર્થ્ય ધરાવે છે એવો તેમનો જેમ જેમ દિવસો લાગ્યા તેમ તેમ અધિકાધિક દૃઢ નિશ્ચય થતો ગયો. વડોદ[રામાં] તેમણે જે બાર વર્ષ જેટલો દીર્ઘ કાળ વીતાડ્યો હતો તેટલા કાલ[માં] વિધિમાં તેમને અનેક ઉપયુક્ત અનુભવો પ્રાપ્ત થયા હતા અને તે અનુભવો તેમના ત્યાર પછીના જીવનમાં અતિશય ઉપયોગી તથા માર્ગદર્શક થઈ પડ્યા હતા. વડોદરામાં તેમનો નિવાસ હતો તે સમયમાં બહુધા રાત્રિના દ્વિતીય પ્રહરના આરંભથી તૃતીય પ્રહરના અંત પર્યન્તનો એટલે કે લગભગ છ કલાક જેટલો સમય નિત્ય તેઓ નાનાવિધ વિદ્યાઓના અભ્યાસમાં વીતાડતા હતા અને ઉષઃકાળથી એટલે કે ચાર વાગ્યાથી દિવસના અગિયાર વાગ્યા સુધીની વેળા નિદ્રાના સેવનમાં વીતાડતા હતા. અરવિન્દ બાબૂના તે કાળના આ

અરવિન્દે કૉલેજમાં પ્રવેશ કર્યો અને ત્યાં સિવિલ્ સર્વિસ્‌ની પરીક્ષા-
માટે તૈયાર થવાના કાર્યનો ચપળતા પૂર્વક પ્રારંભ કર્યો.

યૌવન

ઈ. સ. ૧૮૯૦ માં અઢાર વર્ષની અવસ્થામાં અરવિન્દ બાબૂ સિવિલ્ સર્વિસ્‌ની પરીક્ષા આપવાને બેઠા; પરંતુ અન્ય સર્વ વિષયોમાં ઉત્તીર્ણ થવા છતાં અશ્વારોહણની પરીક્ષામાં ઉત્તીર્ણ ન થઈ શકવાથી તેઓ સિવિલ્ સર્વિસ્‌ની પરીક્ષામાં સફલમનોરથ થઈ શક્યા નહિ અને તેથી કેમ્બ્રિજ યૂનિવર્સિટી—વિશ્વવિદ્યાલય—માં પુનઃ અભ્યાસનો આરંભ કરીને તેઓ ઈ. સ. ૧૮૯૨ માં ગ્રેજ્યુએટ્—સ્નાતક—થયા અને કલાસિકલ્ ટ્રાઇપોસ્‌માં પ્રથમ પંક્તિએ—પહેલા નંબરે—આવ્યા. કેટલાક લોકોની એવી ધારણા કિંવા માન્યતા છે કે સિવિલ્ સર્વિસ્‌ની પરીક્ષામાં વિજય ન મળવાથી જ અરવિન્દ બાબૂના જીવનની ગતિનું પરિવર્તન થયું હતું અને એ કારણથી જ તેઓ સ્વદેશહિતના કાર્યમાં અગ્રેસર થયા હતા; પરંતુ જો અરવિન્દ બાબૂના ત્યાર પછીના જીવનની ઘટનાઓનું સમ્યગ્ રૂપથી અવલોકન કરવામાં આવે, તો લોકોની એ ધારણા કિંવા માન્યતા સર્વથા પ્રમાદમૂલક જ સિદ્ધ થાય છે; કારણ કે, ઈંગ્લંડને ત્યાગીને પુનઃ ભારતવર્ષમાં આવતાંની સાથે જ તેમને યથેષ્ટ સન્માનપૂર્વક પદવી. પ્રાપ્ત થઈ હતી; કિન્તુ તેથી તેમની સ્વદેશસેવા વિષયક સ્પૃહા કિંવા લાલસાનો લય થયો નહોતો.

અસ્તુઃ ...મ્ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી સ્વલ્પ સમ-
...દરાના વિદ્વાન, વિદ્યોત્સાહક અને વિદ્યાવિલાસી
યમાં જ ...માન્ સયાજીરાવ મહારાજ ઈંગ્લંડમાં પધારેલા
પ્ર ...(?)રનો અરવિન્દ બાબૂને અચિન્ત્ય અવસર
...ને તેમની સાથે ઘનિષ્ટ સંબંધ થતાં તેમના અનુરોધથી

[illegible] અને
[illegible] તો
[illegible] નહિ
[illegible] પડ્યથી
[illegible]

ભારતવાસી જ હતો. આંગ્લ શિક્ષણ [illegible]
ગાઢ સંસર્ગથી અરવિન્દ બાબુને જે પ્રધાન લાભ [illegible]
કે તે પાશ્ચાત્ય શિક્ષા તથા પાશ્ચાત્ય જીવનપદ્ધતિ [illegible]
તથા આપણી જીવનપદ્ધતિ સાથે સરખામણી [illegible]
પ્રકારની અને અપાયકારક દૃષ્ટિગોચર થવા લાગી; [illegible]
બાહ્ય આડંબરમાં તેમને આભ્યંતર [illegible]
અને તેથી યૂરોપનો જડવાદ માનવજીવનમાં નવીન [illegible]
સર્વથા અસમર્થ છે [illegible] સારાંશ
આપણી ભારતભારતી જ માનવજીવનમાં નવીન ચેતન
સર્વોત્કૃષ્ટ સામર્થ્ય ધરાવે છે એવો તેમનો જેમ જેમ દિવસો
લાગ્યા તેમ તેમ અધિકાધિક દૃઢ નિશ્ચય થતો ગયો. [illegible]
તેમણે જે બાર વર્ષ જેટલો દીર્ઘ કાળ વીતાવ્યો હતો તેટલા [illegible]
ધિમાં તેમને અનેક ઉપયુક્ત અનુભવો પ્રાપ્ત થયા હતા અને
અનુભવો તેમના ત્યાર પછીના જીવનમાં અતિશય ઉપયોગી [illegible]
માર્ગદર્શક થઈ પડયા હતા. વડોદરામાં તેમનો નિવાસ હતો તે સમ-
યમાં અહુધા રાત્રિના દ્વિતીય પ્રહરના આરંભથી તૃતીય પ્રહરના
અંત પર્યન્તનો એટલે કે લગભગ છ કલાક જેટલો સમય નિત્ય તેઓ
નાનાવિધ વિદ્યાઓના અભ્યાસમાં વીતાડતા હતા અને ઉષઃકાળથી
એટલે કે ચાર વાગ્યાથી દિવસના અગિયાર વાગ્યા સુધીની વેળા
નિદ્રાના સેવનમાં વીતાડતા હતા. અરવિન્દ બાબુના તે કાળના આ

બાહ્ય હાવભાવ આદિમાં મૃણાલિની કરતાં ચઢે તેવી હતી તેથી જો એ જ વસ્તુઓમાં અરવિન્દનું હૃદય લુબ્ધ થયું હોત, તેઓ મૃણાલિની સાથે લગ્ન કરવાના નિશ્ચયપર કદાપિ આવત ન. મૃણાલિની પોતાના પિતાના ગૃહમાં બહુ જ સરળ, આડંબરના સંપર્કથી મુક્ત તથા ભોળી ગણાતી હતી; વિશ્વના પ્રપંચોનો તેનામાં લેશ માત્ર પણ પ્રવેશ થયો નહોતો અને તેના હૃદયમાં વિલાસિતા પ્રતિ સ્વાભાવિક ઉદાસીનતા રહ્યા કરતી હતી એટલામાટે તેની અવસ્થા પંદર વર્ષની થવા છતાં પણ તેને પરણાવીને સંસારના વ્યવહારમાં નાખવાની તેના પિતાની ઈચ્છા થતી નહોતી. અરવિન્દ બાબૂની વૃત્તિઓ મૃણાલિની પ્રતિ કેમ અને શા કારણથી આકર્ષાઈ હતી એ રહસ્યને તે વેળાયે તેઓ પોતે પણ સ્પષ્ટતાથી સમજી શક્યા નહોતા.

મૃણાલિનીનો જન્મ કલકત્તામાં થયો હતો અને તેનો કન્યા-કાળ પણ કલકત્તામાં જ વીત્યો હતો. તેના પિતાએ તેને બંગાળી તથા અંગ્રેજી ભાષાનું ગૃહમાં શિક્ષણ આપ્યું હતું અને ત્યાર પછી તેણે બ્રાહ્મસમાજની વિદ્યાશાળામાં મેટ્રિક્યુલેશનના તૃતીય વર્ગ પર્યન્ત વિદ્યાભ્યાસ કર્યો હતો. અરવિન્દ બાબૂ તથા મૃણાલિનીનો લગ્ન-સંબંધ આપણા સનાતન વૈદિક ધર્મના વિધિથી થયો હતો; કારણ કે, શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કરવામાટેનો અરવિન્દ બાબૂનો દૃઢ આગ્રહ હતો. અરવિન્દ બાબૂના એ આગ્રહને જોઈને તેમના કેટલાક મિત્રો તથા તેમના શ્વસુરપક્ષના કેટલાક ઈંગ્લૈંડ જઈ આવેલા મનુષ્યોના મનમાં એવું આશ્ચર્ય થયા કરતું હતું કે: "જેણે ચૌદ વર્ષ જેટલો દીર્ઘ કાળ ઈંગ્લૈંડમાં વીતાવ્યો છે તેના હૃદયમાં સનાતન વૈદિક ધર્મના અભિમાનનો આટલી સીમા-પર્યન્ત આવિર્ભાવ ક્યાંથી થયો અને તેણે શાસ્ત્રોક્ત વિધિથી જ પરણવાનો આગ્રહ શા કારણથી કર્યો!" અરવિન્દ બાબૂએ શાસ્ત્રોક્ત વિધિથી પરણવાનો આગ્રહ કર્યો એટલું જ નહિ, પણ પોતે ઈંગ્લૈંડ જઈ આવેલા હોવાથી હર્ષપૂર્વક તેમણે

પ્રાયશ્ચિત્તવડે દેહશુદ્ધિ પણ કરી હતી તેમ જ તેમના શ્વસુર ઇંગ્લૅંડ જઈ આવેલા હતા એટલે તેમણે પ્રાયશ્ચિત્તદ્વારા મૃણાલિનીની દેહશુદ્ધિ પણ કરાવી હતી. અત્યારના લૉર્ડ સિંહ બાબૂ ભૂપાલચન્દ્ર વસુના મિત્ર હોવાથી એ લગ્નસમારંભમાં પધાર્યા હતા. લગ્નસમારંભની સમાપ્તિ થવા પછી અલ્પ કાળમાં જ અરવિન્દ બાબૂ પોતાની નવોઢા પત્ની મૃણાલિનીને સાથે લઈને પાછા વડોદરામાં આવી લાગ્યા. તેઓ વડોદરામાં હતા તે વેળાયે તેમના કુટુંબમાં તેઓ પોતે, તેમની ગૃહલક્ષ્મી મૃણાલિની દેવી, તેમની સહોદરા સરોજિની તથા તેમનો લઘુ બંધુ વીરેન્દ્રકુમાર મળીને ચાર મનુષ્યો હતાં. અરવિન્દ બાબૂ પોતાનો સમય શિક્ષણ આપવામાં, કાવ્યરચનામાં, યોગાભ્યાસમાં તથા આત્મવિકાસના કાર્યમાં વીતાડતા હતા અને તેથી એમ જ કહી શકાય કે વડોદરામાં જ તેમના આશ્ચર્યકારક ભાવિ જીવનની રૂપરેખા આલેખાઇ ગઈ હતી અને તેમનામાં જે કવિ, તત્ત્વજ્ઞ તથા રાજનીતિવિશારદ થવાના સ્વાભાવિક સંસ્કારો રહેલા હતા તે સંસ્કારોના વિકાસનો આરંભ થઈ ચૂક્યો હતો. વડોદરાનિવાસના સમયમાં તેમણે જે 'Love and Death'—'પ્રેમ અને મૃત્યુ'—નામક એક અંગ્રેજી કાવ્યગ્રન્થની ઇ. સ. ૧૮૯૯માં રચના કરી હતી તેમાં તેમના એ સંસ્કારો પૂર્ણરૂપમાં પ્રદર્શિત થયેલા છે. એ ઉપરાન્ત તેઓ મુંબઈના 'ઇન્દુપ્રકાશ' નામક દૈનિક પત્રમાં વારંવાર અંગ્રેજી લેખો પણ લખતા હતા. તેઓ પ્રથમ ઉત્તમ લેખક નહોતા, પરન્તુ લખવાના અભ્યાસને અખંડ રાખવાથી અલ્પ સમયમાં જ ઉત્તમ લેખકોમાં તેમની ગણના થવા લાગી હતી. વડોદરામાં રાજ્યના અનેક વિભાગોમાં કાર્ય કરીને તેમણે યોગ્ય અનુભવ મેળવ્યો હતો. પ્રથમ તેઓ ખાનગી ખાતામાં હતા, ત્યાંથી દીવાનની કચેરીમાં બદલ્યા હતા. ત્યાર પછી 'બરોડા કૉલેજ' માં પ્રોફેસર—વાઇસ-પ્રિન્સિપાલ અને પછીથી કેટલાક સમય પર્યન્ત નામદાર ગાયકવાડ સરકારના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે તેમને કાર્ય કર્યું હતું.

વડોદરામાં પોતાની કારકિર્દીના અંતિમ ભાગમાં અરવિન્દ બાબુ 'બરોડા કૉલેજ'માં વાઇસ પ્રિન્સિપાલ—સહકારી અધ્યક્ષ—ની પદવી ભોગવતા હતા અને તેમને માસિક વેતન તરીકે રૂપિયા સાડા-સાતસો મળતા હતા. અર્થાત્ અરવિન્દ બાબુનો આ વ્યવસાય સિવિલ સર્વિસ કરતાં કોઈ પણ પ્રકારે ન્યૂન લાભદાયક નહોતો; માત્ર એટલું જ નહિ, પણ કેવળ સાંસારિક ઉન્નતિ તથા ભૌતિક ઉત્કર્ષને જ મેળવવાની તેમની લાલસા હોત, તો તેઓ અલ્પ સમયમાં જ પોતાની એથી પણ અધિક ઉન્નતિ કરી શકત અને કદાચિત્ સચિવ–દીવાન–ની પદવીના અધિકારી પણ થઇ શકત; કારણ કે, જેવી રીતે છાત્રસમુદાયમાં તેઓ અતિશય પ્રિય થઇ પડ્યા હતા તેવી જ રીતે સર્વસાધારણ જનસમાજનો પણ તેમનામાં વિશેષ ભક્તિભાવ હતો અને તે ઉપરાંત શ્રીમન્ત સયાજીરાવ મહારાજનો પણ તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ તથા સ્નેહ હતો. વડોદરામાંના દ્વાદશ વર્ષના નિવાસમાં તેમને મળવા જોઇએ તેથી અધિક સુખભોગ મળ્યા હતા અને જો તેઓ વડોદરામાં જ રહ્યા હોત, તો તેમના સાંસારિક જીવનનો એથી પણ અધિક ઉત્કર્ષ થવાનો સંપૂર્ણ સંભવ હતો, એની તો કોઇથી પણ ના પાડી શકાય તેમ છે જ નહિ.

કિન્તુ અરવિન્દ બાબુએ એ સર્વ સુખોનો તેમ જ ભાવિ ઉત્કર્ષની આશાઓને તિલાંજલિ આપી દેવામાં એક દિવસનો પણ વિલંબ કર્યો નહોતો; અર્થાત્ જ્યારે તેમના જાણવામાં આવી ગયું કે તેમનું કાર્યક્ષેત્ર એ સ્થાનમાં નહોતું અને ભગવાને તેમને સ્વદેશ-સેવામાટે જ જન્મ આપ્યો હતો એટલે પછી કોઇ પણ લોભમાં એવું સામર્થ્ય હતું જ નહિ કે જે તેમને બળાત્કારે વડોદરામાં જ રાખી શકે. હવે આપણે અરવિન્દ બાબુના કર્મક્ષેત્રનું નિરૂપણ કરીશું.

કર્મક્ષેત્ર

જીવનમાં બાર વર્ષ કેટલેક રીતે ઘણા સર્વ પ્રકારની અનુકૂ
પરિસ્થિતિ તથા સુખમાં વિતાવ્યા પછી સર્વ સાંસારિક સુખોને
અંતિમ પ્રણામ કરી એક અનામમાં કર્મવીર પ્રમાણે સ્વદેશસેવાને જ
પોતાના જીવનનું મુખ્ય કર્મ પ્રમાણીને જે દિવસે અરવિન્દ આજી
પોતાની જન્મભૂમિને ભુવનમનોમોહિની માતાના સ્વરૂપમાં એ
હતી અને તેની પૂજાને સર્વપ્રધાન પૂજા માની લઈને બંગાળામાં
પંથ કર્યું હતું. તે દિવસ કેવળ બંગાળાનો જ નહિ, કિન્તુ સમગ્ર
ભારતવર્ષનો જો એક ચિરસ્મરણીય દિવસ ગણાય, તો તેમાં આશ્ચ
જેવું કાંઈ પણ નથી; કારણ કે, તે સમયમાં લૉર્ડ કર્ઝને કરે
વંગવિભાગ—બંગાળાના ભાગલા—વિષયક પ્રસ્તાવ વિરુદ્ધ બં
ળીઓ ભાની લોકોને ઊભા થઇ ગયા હતા અને સમસ્ત દેશમાં
પ્રકારની નવન જાગૃતિનો આવિર્ભાવ થયો હતો. જાતીય જીવ
એ નવન પ્રભાતમય દિવસને અચાનક આવેલો જોઈને અર
બાજુ કેવળ સ્વાર્થસિદ્ધિથી જ સ્થિર તથા સંતુષ્ટ રહી શક્યા
અને તેથી પોતાને સાંસારિક કામનાના બંધનથી સર્વથા મુક્ત
માત્ર ભગવાનપર આધાર રાખી આદર્શ કર્મવીર અરવિન્દ
શ્રદ્ધા તથા ઉત્સાહપૂર્વક કર્મક્ષેત્રમાં અવતીર્ણ થયા.

બંગાળામાં આવ્યા પછી ત્યાંની પરિસ્થિતિને જોતાં જ
વિન્દ આજુના જાણવામાં આવી ગયું કે દેશમાં સ્વતંત્રતાના
ગપૂર્ણ રૂપથી વિસ્તાર કરવા માટે જાતીય શિક્ષણની
આવશ્યકતા હતી અને જો કર્મનાયમતિ ભારતીય
મનમાં સ્વદેશપ્રેમ । બીજને અંકુરિત કરવું હોય, તો
વિદ્યાલયની કોઈ પણ ઉપાયે સ્થાપના કરવી જ જોઈએ,
તેમનો દૃઢ અભિપ્રાય થયો. તેમનો આવો અભિપ્રાય થવાનું
કે હતું કે તેમની માન્યતા અનુસાર આપણા ભારતીય

તેમના અલ્પ વયથી જ સર્વથા વિજાતીય ભાવથી શિક્ષણ અપાય છે અને જે સમયમાં બાળકોની વૃત્તિઓ સર્વથા નમનીય એટલે કે જે દિશામાં વાળીએ તે દિશામાં તત્કાળ વળી જાય તેવી હોય છે તે સમયથી જ આપણા ભારતીય બાળકોના મનમાં સર્વથા વિજાતીય ભાવ, વિદેશીય આદર્શ તથા સ્વદેશ વિષયક ઘૃણાનાં બીજોનું વપન કરવામાં આવે છે; અર્થાત્ બાલ્યકાળથી જ તેમને એવી શિક્ષા અપાય છે કે ભારતવાસી આર્યજનોના પૂર્વપુરુષો સર્વથા અસભ્ય હતા અને હવે યૂરોપિયનોના સંસર્ગમાં આવીને ભારતવાસીઓ ધીમે ધીમે સભ્યતાની દિશામાં આગળ વધવા લાગ્યા છે; વિદેશીઓના હસ્તથી લખાયલા ભારતવર્ષના ઇતિહાસના અધ્યયનથી ભારતીય બાળકોને એ જ શિક્ષણ મળે છે કે શિવાજી તો એક લુટારો અને દસ્યુ હતો; નન્દકુમાર પ્રવંચક હતો અને ભારતવર્ષના હિન્દુ રાજાઓમાંના અનેક રાજાઓ નાનાપ્રકારના દોષોથી પરિપૂર્ણ હતા. પૃથ્વીરાજ ચહુઆણ, મહારાણા પ્રતાપસિંહ તથા પ્રતાપાદિત્ય જેવા સ્વદેશભક્ત તથા પરમપ્રજાવત્સલ અને ન્યાયમૂર્તિ રાજપુરુષોના સંબંધમાં બાળકોને એક અક્ષર માત્ર પણ શિક્ષણ ન આપતાં અત્યારની શાળા, મહાશાળા તથા વિદ્યાલયમાં ક્રૉમ્વેલ્ તથા નેપોલિયનની કથાઓનું યથેચ્છ શિક્ષણ અપાય છે. આવા પ્રકારના એકપક્ષીય શિક્ષણથી ક્રૉમ્વેલ્ તથા નેપોલિયન્ જેવા સ્વદેશપ્રેમી પુરુષો આપણા દેશમાં કદાપિ અવતર્યા જ નથી એવો અત્યંત બાલ્યાવસ્થાથી જ બાળકોનો દૃઢ નિશ્ચય થઈ જાય છે અને તેના પરિણામે તેમના આત્મવિશ્વાસ કિંવા તેમની આત્મશ્રદ્ધાનો સર્વથા નાશ થયેલો અનુભવાય છે. આવા પ્રકારના શિક્ષણથી દેશની જે શાશ્વત હાનિ થાય છે તે હાનિનો સર્વથી પ્રથમ અરવિન્દ બાબૂએ જ સમ્યગ્રૂપથી સાક્ષાત્કાર કર્યો અને તેથી દેશમાં એવા પ્રકારનું શિક્ષણ આપવાની આવશ્યકતા છે કે જે સર્વથા જાતીય ધારામાં ચાલનારૂં હોય; માત્ર એટલું જ નહિ, પણ જેના પરિણામે દેશમાં એક વિશિષ્ટ

: ૧૯૦૫. ભારતભૂમિની એક નવીન અગ્નિ દિવ્ય ધારા તથા
દ્રષ્ટિબિન્દુના અભાવે પણ ભારતીય માર્ગ અને દેશનાં ગમન પછી
આપણા દેશમાં એક મહાશક્તિશાળીની નવી ગતિ થયેલી દેખાય
એવાં અરવિન્દ બાબુનો મહત્ત્વ ભાગ.

પોતાના આ મહત્ત્વની સિદ્ધિના ઉદ્દેશને હૃદયમાં અગ્રસ્થાન
આપીને કલકત્તામાં નવીન સ્થપાયેલી 'જાતીય શિક્ષાસમિતિ'
('National Council of Education')માં અરવિન્દ
બાબુએ અધ્યક્ષ–પ્રિન્સિપાલના સ્થાનને સ્વીકારી લીધું; પરંતુ
થોડા સમયમાં જ તેમને એ જાતીય 'શિક્ષાસમિતિ'નો ત્યાગ
કરવો પડ્યો અને તેનું પ્રધાન કારણ એ હતું કે જે પુરુષોના હસ્તમાં
એ સમિતિને ચલાવવાનો અધિકાર હતો તેઓ નવીન સાથે પુરાત-
નના કૃત્રિમ સંયોગનું વિધાન કરવા લાગ્યા અને જાતીય જીવનના
દુર્ગંધયુક્ત ત્યાજ્ય અંશોને કાઢી નાખવામાટે સંમત ન થયા;
અર્થાત્ પ્રચલિત શિક્ષણપદ્ધતિમાં સંપૂર્ણરૂપથી પરિવર્તન કરતાં અને
સંપૂર્ણ સ્વરૂપમાં જાતીય જીવનને પુનર્જીવિત કરતાં તેમના હૃદયમાં
ભય થવા લાગ્યો; કારણ કે, તેઓ સરકારથી ડરતા હતા. એ વિષ-
યમાં અરવિન્દ બાબુની એવી માન્યતા હતી કે નૂતનમાં પુરાતન
નવીન કલેવર ધારશે અને મૃત પુરાતનના નવીન જીવનને પામશે;
અર્થાત્ અરવિન્દ બાબુ અત્યારની શિક્ષણપદ્ધતિમાં સંપૂર્ણ પરિવર્ત-
નને ઇચ્છતા હતા; નવીન યુગના પ્રકાશથી નવીન રૂપ આપીને
ભારતના વિનષ્ટ થયેલા ... ભાવને સંપૂર્ણ રૂપમાં પાછો લાવવો અને
... લોપ કરી નાખવા એવી તેમની ઇચ્છા
વિરોધી ભાવનો સંપૂ... 'શિક્ષાસમિતિ'માં અરવિન્દ બાબુને એ
હતી; પરંતુ 'જાતીય શિ... ઉપાયો ... થી અનુક્રમે તેમણે એ
... અરવિન્દ બાબુની
પ્રત્યેક સંસ્થા અત્યંત
યશોગાન
સમિતિ છોડી દીધી
એવી રીતે

કરવા જતાં ભારતનો આત્મા કદાપિ ઉન્નતિને ધારણ કરી શકવાનો નથી. અરવિન્દ બાબૂની આ માન્યતા અદ્યાપિ અવિચલ છે અને તેમાં લેશ માત્ર પણ પરિવર્તન થયું નથી; કારણ કે, તેમણે ઈ. સ. ૧૯૧૯ માં પ્રકટ કરેલા તેમના 'માનવ ઐક્યનો આદર્શ' ('Ideal of Human Unity') નામક ગ્રંથમાં સ્પષ્ટ શબ્દોમાં એવો ઉલ્લેખ કરેલો છે કે: "જાતીય શિક્ષણને સામાન્ય શિક્ષણ સાથે જોડી દેવાથી કાર્ય ચાલી શકે તેમ નથી અને એ ઉભય શિક્ષણોના સામંજસ્યને રક્ષવાથી દેશને કોઇ પણ પ્રકારનો લાભ થવાની સંભાવના છે જ નહિ; કારણ કે, સામાન્ય શિક્ષણથી જાતિની કોઈ પણ પ્રકારની વિશેષ ઉન્નતિ થતી જ નથી. કેવળ એક જ પ્રકારની વિશિષ્ટ મૂસમાં ઢાળીને બાળકોને તૈયાર કરવા અને કેટલાક બાંધેલા નિયમો વડે વશ રાખીને બાળકોની બુદ્ધિ તથા વૃત્તિઓના સ્ફુરણને અટકાવી દેવું એ જ અત્યારના સામાન્ય શિક્ષણનો પ્રધાન ઉદ્દેશ છે અને તેથી એ સામાન્ય શિક્ષણનું જાતીય શિક્ષણ સાથે કદાપિ સામંજસ્ય થઇ શકે તેમ નથી." અસ્તુ: 'જાતીય શિક્ષાસમિતિ' સાથેના સંબંધને મતભેદના કારણથી તોડી નાખ્યા પછી અરવિન્દ બાબૂએ વિપિનચન્દ્ર પાલના હસ્તે ચાલતા 'વન્દે માતરમ્' નામક સામયિક પત્રમાં લેખો લખવાનો આરંભ કર્યો અને અલ્પ સમયમાં જ એ પત્રના સંપાદકની પદવીપર તેઓ આરૂઢ થયા. આ વ્યવસાયને સ્વીકારતાં દેશહિતના ઇષ્ટ કાર્યને સાધવાનો માર્ગ તેમનામાટે પ્રશસ્ત તથા સરળ થઇ પડયો. તેમણે જે પ્રબંધો-લેખો-'વન્દે માતરમ્' માં લખવા માંડયા હતા તે પ્રબંધો જેવી રીતે સારમર્મ તથા વિચારશીલતાના પરિચાયક હતા તેવી જ રીતે ઓજસ્વિની ભાષામાં લખાયલા હતા; સારાંશ કે, તેમના એ પ્રબંધોને વાંચતાં જાણે તેઓ પ્રત્યેક પ્રબંધમાં શંખનાદ કરીને પોતાની નિદ્રાધીન જાતિને જાગ્રત કરી કર્તવ્યમાર્ગે દર્શાવતા હોયની! એવો જ ભાસ થતો હતો. અરવિન્દ બાબૂએ એક નવીન 'જોઈન્ટ સ્ટૉક કંપની' ઊભી કરીને 'વન્દે માતરમ્' પત્રને દૈનિક

પાના રૂપમાં ફેરવી નાખ્યું હતું અને એ તેમનું એક અપૂર્વ માહાત્મ્ય હતું એમ કહેવામાં અતિશયોક્તિનો લેશ માત્ર પણ સંભવ નથી. 'વન્દે માતરમ્' માં પ્રકટ થતા લેખોની મહત્તા તથા અપૂર્વતાનું માન એટલાથી જ અનુમાન કરી શકાય તેમ છે કે લંડનમાં પ્રકટ થતું 'લંડન ટાઇમ્સ્' નામક વિખ્યાત દૈનિક પત્ર 'સ્વાધીનતા'ની હીલચાલ કિંવા ચળવળનું સંપૂર્ણ વિરોધિ હોવા છતાં 'વન્દે માતરમ્' માંના લેખોની તો તેને પણ વારંવાર મુક્તકંઠે પ્રશંસા કરવી પડતી હતી. અર્થાત્ શત્રુઓ પણ જેમની પ્રશંસા કરતા હોય તે લેખોની ઉત્તમતાનું અન્ય પ્રમાણ શું જોઇએ વારુ ?

એ જ સમયમાં અરવિન્દ બાબૂની દૃષ્ટિ 'જાતીય મહાસમિતિ' ('National Congress') પર પડી અને તેમણે જોઇ લીધું કે એમા પ્રાણપ્રતિષ્ઠા કરવાની અતિશય આવશ્યકતા છે. અર્થાત્ એ આવશ્યકતાને પૂર્ણ કરવામાટે તેઓ કેટલાક દેશભક્ત બંધુજનો સહિત એ જ કાર્યમાં પ્રવૃત્ત થઇ ગયા. ઈ. સ. ૧૯૦૬ માં 'જાતીય મહાસમિતિ'નું કલકત્તામાં અધિવેશન થયું અને સ્વ-રાજ્યપ્રાપ્તિ જ આ મહાસમિતિનો પ્રધાન ઉદ્દેશ છે એવા આશયનો પ્રસ્તાવ અરવિન્દ બાબૂના પ્રમુખત્વ અને અન્ય દેશભક્તોના પ્રબળ પ્રયત્નથી અનુમોદિત થયો; પરંતુ ઈ. સ. ૧૯૦૭ માં સુરત-માંના 'જાતીય મહાસમિતિ'ના અધિવેશનમાં એ પ્રસ્તાવના પરિ
હારનો ગોલમાલ ઉપસ્થિત થતાં મહાસમિતિ વિનીત પક્ષ અ
ઉદ્દામ પક્ષ એવી રીતે બે ભાગોમાં વિભક્ત થઇ ગઇ. અરવિ
બાબૂ ઉદ્દામ પક્ષના એક મુખ્ય નાયક તરીકે સુરતની મહાસમિતિ
આવ્યા હતા અને મહાસમિતિના અધિવેશનના આરંભમાં
પાંચ દિવસનો અવકાશ હતો ત્યારથી જ તેમણે સ્વરાજ્ય વિ
પ્રશ્નોના સંબંધમા ભિન્ન ભિન્ન સ્થાનોમાં વ્યાખ્યાનો આપવ
ધમાલ મચાવી દીધી હતી અને તેમના વ્યાખ્યાનોના શ્રવણથી

ઉત્સાહવડે મહોન્મત્ત થઈ ગયા હતા. ત્યાર પછી 'જાતીય મહાસમિતિ' ના સંબંધમાં અરવિન્દ બાબુએ પરિવર્તનના જે જે પ્રસ્તાવો રજૂ કર્યા તે સર્વ યુક્તિયુક્ત હતા; અર્થાત્ તેમના પ્રસ્તાવોનું એટલું જ તાત્પર્ય હતું કે: 'મહાસમિતિથી કદાચિત્ સ્વદેશપ્રેમ તથા જાતીય ભાવને જગાડવાની વ્યવસ્થા ન કરી શકાય તો પણ એટલી વ્યવસ્થા તો તેણે અવશ્ય કરવી જ જોઈએ કે જેના યોગે પ્રકૃત કિંવા ઇષ્ટ કાર્યની કેટલાક પરિમાણમાં સિદ્ધિ થઈ જાય.' અને સ્વ. લોકમાન્ય તિલકનો ઉદ્દામ પક્ષ પ્રબળ થયો, સૂરતમાં 'જાતીય મહાસમિતિ' ના અધિવેશનનો ભંગ થઈ ગયો અને એમાટે સર્વ ઉદ્દામપક્ષીયોપર જે દોષારોપ કરાયા હતા તેમાં અરવિન્દ બાબુને પણ દૂષિત ગણવામાં આવતા હતા; તથાપિ અરવિન્દ બાબુની શુભ નિષ્ઠાના સંબંધમાં તો કોઇનો કશો પણ મતભેદ હતો જ નહિ.

એ સમયે અરવિન્દ બાબૂ નાનાવિધ કાર્યોના ભારથી એટલા બધા દબાયલા હતા કે તેમને એક નિમેષ માત્રની પણ વિશ્રાંતિ મળી શકતી નહોતી. અર્થાત્ એક બાજૂ 'વન્દે માતરમ્' પત્રને ચલાવવાનો ભાર તેમના શિરપર હતો અને બીજી બાજૂ કૉંગ્રેસના કાર્યનો ભાર તેમના શિરપર આવી પડ્યો હતો. સૂરત કૉંગ્રેસમાં જવા પૂર્વે તેમણે પોતાની સહધર્મિણી મૃણાલિની દેવીને જે પત્ર લખ્યું હતું તેના વાંચનથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓ તે દિવસોમાં કાર્યના કેટલા ગુરુતમ ભારને પોતાના મસ્તકપર ધારીને પોતાનો સમય વીતાડતા હતા. તેમણે તે પત્રમાં પોતાની સહધર્મિણી પાસેથી પુનઃ પુનઃ સહાનુભૂતિ તથા શક્તિની યાચના કરતાં લખ્યું છે કે:—

"અત્યારે તું મારી એક વાર્તા સાંભળીશ ખરી કે? અત્યારનો સમય તે મારો એક અત્યન્ત ચિન્તાનો સમય છે અને મારી જે

મારે તરફથી બેંગનાળ થાય છે તે મને પાગલ બનાવી દે તેવી છે એટલે અત્યારે તું પણ જો અધીરતા દર્શાવીશ તો તેથી મારી ચિન્તા તથા દુર્ભાવનામાં વૃદ્ધિ થશે અને જો તું ઉત્સાહ તથા સાંત્વનામય પત્ર પાઠવીશ તો તેથી મારામાં શક્તિનો અધિક આવિર્ભાવ થતાં મારાથી સર્વ વિપત્તિઓ તથા ભીતિઓનો પ્રફુલ્લ ચિત્તવડે પ્રતિકાર કિંવા અતિક્રમ કરી શકાશે..............." ઇત્યાદિ.

આ સમયથી જ અરવિન્દ બાબુએ રાજનૈતિક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો અને તેના યોગે તેમને કેટલીક અસહ્ય વિપત્તિઓ પણ વેઠવી પડી હતી.

યોગાભ્યાસ

એક મહારાષ્ટ્રીય યોગીની કૃપાથી અરવિન્દ બાબુનો તેમના લગ્નની ઘટનાથી કેટલાક સમય પૂર્વે યોગના માર્ગમાં પ્રવેશ થયો હતો અને તેના પરિણામે તેમણે ગીતા, ઉપનિષદ્ અને વેદાન્ત-શાસ્ત્રના અભ્યાસ ઉપરાંત યોગની કેટલીક ક્રિયાઓને પણ શરીર તથા મન પૂર્વક સિદ્ધ કરી હતી. યોગમાં અરવિન્દ બાબુની અતિશય શ્રદ્ધા હોવાથી તેઓ 'મહત્કાર્યની સિદ્ધિ કેવળ યોગવડે જ થાય છે' એમ દૃઢતા પૂર્વક માનતા હતા. યોગાભ્યાસના આરંભમાં તેઓ ધ્યાન, ધારણા તથા પ્રાણાયામ આદિ કરતા હતા અને વનસ્પતિનો જ આહાર લેતા હતા. યોગના અભ્યાસથી જેમ જેમ તેમનો યોગ વિષયક અનુભવ વધતો ગયો તેમ તેમ તેમની તીક્ષ્ણ તથા વિશાળ બુદ્ધિને સંતોષનો સાક્ષાત્કાર થવા લાગ્યો અને તેમની અનેક શંકાઓનું પણ સમાધાન થતું દેખાયું.

કેટલાક સમય પર્યંત યોગાભ્યાસમાં પ્રવૃત્ત રહ્યા પછી અરવિન્દ બાબુના હૃદયમાં પરમાત્માના સાક્ષાત્કાર કિંવા વિભુના દર્શનની

અભિલાષાનો ઉદય થયો હતો અને એ અભિલાષા તેમણે તે મહારાષ્ટ્રીય યોગી અથવા પોતાના ગુરુને દર્શાવી હતી. તેમની આ અભિલાષાને જાણીને તે મહારાષ્ટ્રીય યોગી તેમને એક મકાનના ત્રીજા મજલાપરના એક ઓરડામાં લઇ ગયા અને ત્યાં તેમને યોગીએ એવો આદેશ કર્યો કેઃ "આ એકાંત સ્થાનમાં બેસો અને જો મનમાં કોઇ પણ પ્રકારના વિચારનો આવિર્ભાવ થાય તો તે વિચારનો મનમાંથી બહિષ્કાર કરી દેજો; કારણ કે, યોગની અન્તિમ સિદ્ધિને મેળવવામાટે મનને વિચારહીન કરી નાખવાની સર્વથી પ્રથમ આવશ્યકતા છે." યોગીની આજ્ઞાનુસાર શ્રદ્ધા, ઉત્સાહ તથા દૃઢતાના બળથી અરવિન્દ બાબૂએ માત્ર ત્રણ દિવસના અલ્પ કાલાવધિમાં પોતાના મનને સર્વથા વિચારહીન તથા નિર્મળ કરી નાખ્યું અને ત્યાર પછી તેમને પોતાના એ વિકારહીન વિમળ મનમાં આત્માની અનુભૂતિ થઈ.

એ પછી અલ્પ સમયમાં જ તે મહારાષ્ટ્રીય યોગી તથા તેમના કેટલાક શિષ્યો સાથે અરવિન્દ બાબૂ મુંબઇમાં આવ્યા અને તેમના આગમનના સમાચાર મળતાં જ લોકોએ તેમને વ્યાખ્યાન આપવાનો આગ્રહ કર્યો. અરવિન્દ બાબૂએ યોગીને કહ્યું કેઃ "મારા મનમાં અખંડ શાન્તિના યોગે કોઇ પણ પ્રકારના વિચારોનો આવિર્ભાવ થતો જ નથી અને લોકો વ્યાખ્યાન આપવાનો આગ્રહ ... તો હવે મારે વ્યાખ્યાન કેવી રીતે આપવું ?" એના ઉત્તરમાં ગુરુએ જણાવ્યું કેઃ "એની ચિન્તા ન રાખશો; કારણ કે, સર્વ વ્યાખ્યાનમાં જવા પૂર્વે અહીં પ્રભુની પ્રાર્થના કરીશું અને ... પ્રથમ પ્રભુની પ્રાર્થના કર્યા પછી જ તમો વ્યાખ્યાનનો આરંભ કરજો અને મુખમાં જે શબ્દો આવે તે જ શબ્દોને ઉચ્ચારજો." ગુરુનું પૃષ્ઠબળ મળતાં અરવિન્દ બાબૂએ વ્યાખ્યાન વિષયક આમંત્રણને સ્વીકારી લીધું અને શ્રોતૃવૃન્દ સમક્ષ ગુરુના ઉપદેશ અનુસાર

મંગળાચરણ કર્યું. તેમના એ વ્યાખ્યાનના વિષયમાં એમ કે તેમનું એ વ્યાખ્યાન અતિશય વિદ્વત્તાપૂર્ણ, પ્રકાશ-િત તથા હૃદયવેધક થયું હતું અને શ્રોતૃવર્ગ તેમના એ વ્યાખ્યાનના શ્રવણથી મોહમુગ્ધ થઈ ગયો હતો. વ્યાખ્યાનની સમાપ્તિ રીતે આમન્ત્રણ થયા પછી અરવિન્દ બાબુને પોતાનું મન પૂર્વ પ્રમાણે જ સર્વથા શાન્ત તથા વિચારહીન દેખાયું અને જાણે પોતાના મનમાં કશા વિચારો આવ્યા જ નહોતા અને તેમણે વ્યાખ્યાન આપ્યું જ નહોતું ! એવો તેમને ભાસ થવા લાગ્યો. સારાંશ કે, અરવિન્દ બાબુએ પોતાના વ્યાખ્યાનમાં લોકોને જે ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશ પરમાત્માની અજ્ઞેય પ્રેરણાથી જ અપાયો હતો.

મુંબઈથી આગળ વધી અરવિન્દ બાબુ પૂના તથા નાગપુર આદિ નગરોમાં ગયા હતા અને ત્યાં પણ લોકાગ્રહથી તેમણે કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં હતાં અને તે સર્વ વ્યાખ્યાનો મુંબઈમાંના વ્યાખ્યાન પ્રમાણે પ્રથમથી કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના કેવળ પરમાત્માની પ્રેરણાથી જ અપાયાં હતાં. આવી રીતે પોતાના એ પ્રવાસની સમાપ્તિ કરીને ઈ. સ. ૧૯૦૮ ના જાન્યુઆરી માસમાં અરવિન્દ બાબુ પાછા કલકત્તામાં આવી લાગ્યા.

કારાગાર અને વિભુસાક્ષાત્કાર

અરવિન્દ બાબુ તેમની પોતાની માન્યતા અનુસાર સરકારનાં જે કાર્યો તેમને અયોગ્ય દેખાતાં હતાં તે અયોગ્ય કાર્યો વિરુદ્ધ એવી નિર્ભયતાથી સરકારની સામા થતા હતા કે તેમની એ નિર્ભયતા તથા સ્પષ્ટભાષિતાને જોઈને કેટલાક વિચારશીલ પુરુષોના હૃદયમાં પ્રથમથી જ એવી શંકા થવા માંડી હતી કે અરવિન્દ બાબુના શિરપર સત્વર વિપત્તિના મેઘો ઘેરાઈ આવશે અને તેમની એ શંકા અલ્પ વખતમાં જ સત્ય સિદ્ધ થઈ; કારણ કે, ઇ. સ. ૧૯૦૮ના મે માસમાં

કેટલાક રાજદ્રોહી ષડ્યંત્રકારીઓને પિસ્તોલ તથા ડાયનામાઇટ્ આદિ વિનાશક વસ્તુઓ આપીને રાજદ્રોહના કાર્યમાં તેમના સહાયક થવાના અપરાધમાટે અરવિન્દ બાબૂને પકડવામાં આવ્યા; માત્ર એટલું જ નહિ, પણ તેમના કેટલાક સહચરોને પણ તેમની સાથે ચતુર્ભુજ કરી લેવામાં આવ્યા. અરવિન્દ બાબૂને જે અપરાધના કારણથી પકડવામાં આવ્યા હતા તે અપરાધને સપ્રમાણ સિદ્ધ કરવામાટેનાં પ્રતિપક્ષીઓ દ્વારા બૃહદ્ આયોજનો થવા લાગ્યાં અને અરવિન્દ બાબૂને કેટલાક દિવસ લાલબજારના કારાગૃહમાં રાખ્યા પછી અલીપુરના કારાગારમાં મોકલી દેવામાં આવ્યા. એ અભિયોગ એક વર્ષ કરતાં પણ કાંઈક અધિક સમય ચાલ્યો એટલે કે મૅજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલ્યા પછી એ અભિયોગ સેશન્સકમિટ્ થયો અને તે વેળાયે અરવિન્દ બાબૂના બચાવનો ભાર તેમના ધારાશાસ્ત્રી તરીકે બાબૂ ચિત્તરંજન દાસ બૅરિસ્ટરે પોતાના શિરપર ધારી લીધો. અહીં એક વિશિષ્ટ ઘટના સ્મરણમાં રાખવા યોગ્ય છે અને તે એ કે જે વેળાયે બાબૂ ચિત્તરંજન દાસે એ કેસની ચીફ઼ પોતાના હસ્તમાં લીધી તે વેળાયે તેમના વ્યયના પરિમાણમાં આવક ઓછી હોવાથી તેમ જ ઉત્કૃષ્ટ ધારાશાસ્ત્રી તરીકે તેઓ વિશેષ પ્રકાશમાં આવેલા ન હોવાથી એ અભિયોગથી તેમને કેટલીક અસહ્ય આર્થિક હાનિ સહન કરવી પડી હતી; કારણ કે, અરવિન્દ બાબૂ પણ ધનાઢ્ય હોવાથી એ અભિયોગમાં ૭ માસ જેટલો દીર્ઘ કાળ વીતાડવા છ બાબૂ ચિત્તરંજન દાસને ફી તરીકે જે રકમ મળી હતી તેથી તેમના ગૃહનો એક માસ જેટલો ખર્ચ પણ નભી શકે તેમ નહોતું અને તેથી એ અભિયોગના પરિણામે બાબૂ ચિત્તરંજન દાસને ઋણગ્રસ્ત થવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થયો હતો; છતાં ભારતવર્ષના ગૌરવસ્વરૂપ અને પોતાના મિત્ર અરવિન્દમાટે વેઠેલી એ હાનિ વિશે તેમણે લેશ માત્ર પણ શોક દર્શાવ્યો નહોતો. આથી અધિક લોકોત્તર સ્વાર્થત્યાગ તથા મિત્રધર્મપાલનનું ઉદાહરણ ભાગ્યે જ મળી શકે તેમ છે. અસ્તુ: બૅરિસ્ટર

ગાચરણ કર્યું. તેમના એ વ્યાખ્યાનના વિષયમાં એમ કે તેમનું એ વ્યાખ્યાન અતિશય વિદ્વત્તાપૂર્ણ, પ્રસંગ-ચિત તથા હૃદયવેધક થયું હતું અને શ્રોતૃવૃન્દ તેમના એ ાનના શ્રવણથી મોહમુગ્ધ થઈ ગયો હતો. વ્યાખ્યાનની સમાપ્તિ રય થયા પછી અરવિન્દ બાબુને પોતાનું મન પૂર્ણ ાણે જ સર્વથા શાન્ત તથા વિચારહીન દેખાયું અને જાણે પોતાના માં કશા વિચારો આવ્યા જ નહોતા અને તેમણે વ્યાખ્યાન આપ્યું જ નહોતું! એવો તેમને ભાસ થવા લાગ્યો. સારાંશ કે, અરવિન્દ બાબુએ પોતાના વ્યાખ્યાનમાં લોકોને જે ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશ પરમાત્માની અમોઘ પ્રેરણાથી જ અપાયો હતો.

મુંબઈથી આગળ વધી અરવિન્દ બાબુ પૂના તથા નાગપુર આદિ નગરોમાં ગયા હતા અને ત્યાં પણ લોકાગ્રહથી તેમણે કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં હતાં અને તે સર્વ વ્યાખ્યાનો મુંબઈમાંના વ્યાખ્યાન પ્રમાણે પ્રથમથી કોઈ પણ પ્રકારનો વિચાર કર્યાં વિના કેવળ પરમાત્માની પ્રેરણાથી જ અપાયાં હતાં. આવી રીતે પોતાના એ પ્રવાસની સમાપ્તિ કરીને ઈ. સ. ૧૯૦૮ ના જાન્યુઆરી માસમાં અરવિન્દ બાબુ પાછા કલકત્તામાં આવી લાગ્યા.

કારાગાર અને વિભુસાક્ષાત્કાર

અરવિન્દ બાબુ તેમની પોતાની માન્યતા અનુસાર સરકારના
જે કાર્યો તેમને અયોગ્ય દેખાતાં હતાં તે અયોગ્ય કાર્યો વિરુદ્ધ એ
નિર્ભયતાથી સરકારની સામા થતા હતા કે તેમની એ નિર્ભયતા: ત
સ્પષ્ટભાષિતાને જોઈને કેટલાક વિચારશીલ પુરુષોના હૃદયમાં પ્રથમ
જ એવી શંકા થવા માંડી હતી કે અરવિન્દ બાબુના શિર
વિપત્તિનો મોટો ઘેરાવ આવશે અને તેમની એ શંકા અ
જ સત્ય સિદ્ધ થઈ, કારણ કે, ઇ. સ. ૧૯૦૮ના મે માસ

કારાગૃહમાં બોલાવ્યો હતો; કારણ કે, જો આ પરમેશ્વરની ઘોષણાનું પરિણામ ન હોત, તો એવી કોઇ માનવી શક્તિ અસ્તિત્વ ધરાવતી જ નથી કે જે મને આવી રીતે કારાગૃહમાં બદ્ધ કરીને રાખી શકે. સારાંશ કે, જે કાંઇ પણ થયું છે તે પરમાત્માની ઇચ્છાથી જ થયું છે અને એથી મને જે લાભ મળ્યો છે તે અલૌકિક તથા અવર્ણનીય છે."

કારાગૃહમાંથી મુક્ત થયા પછી અરવિન્દ બાબૂએ ઉત્તરપાડામાં આપેલા વ્યાખ્યાનમાં મર્મભેદક વાણીવડે પોતાની કારાવાસકાલિક સાધનાની જે કથા સંભળાવી હતી તેના શ્રવણથી તેમની કારાવાસકાલિક માનસિક અવસ્થાનો આપણને સંપૂર્ણ પરિચય થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કેઃ—

" જ્યારે મને બન્દી કરીને લાલબજારની કાચી જેલમાં સિપાહીઓ લઈ ચાલ્યા તે વેળાએ કેટલાંક ક્ષણો પર્યન્ત તો મારો વિશ્વાસ હૃદયમાંથી ગયો હતો; કારણ કે, હું તત્કાળ ભગવાનની ઇચ્છાને જાણી શક્યો નહોતો. અર્થાત્ મારા હૃદયમાં ભ્રાંતિનો સંચાર થયો અને તેથી હું ભગવાનને સંબોધીને મનોગત કહેવા લાગ્યો કેઃ "હે ભગવન્, આ શું થયું અને મારાપર આ વિપત્તિ શા કારણથી આવી પડી ! મારી તો એવી જ માન્યતા હતી કે મારા દેશના લોકોના હિતનું કાર્ય મારે કરવાનું છે અને તેથી જ્યાં સુધી એ કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી તું અવશ્ય મારી રક્ષા કરીશ. છતાં અત્યારે આવા ઘૃણાકારક અપરાધમાટે હું અહીં પ્રતિબંધમાં આવી પડ્યો છું તેનું કારણ શું છે !" એક દિવસ વીત્યો, બે દિવસ વીત્યા અને ત્યાર પછી ત્રીજે દિવસે મારા અંતરમાં મને એવો નાદ સંભળાયો કે 'સ્થિર થા અને જે કાંઈ પણ થાય તે જોતો રહે !' એ આંતર નાદના પરિણામે હું શાંત તથા સ્થિર થયો અને જે

દેશત્યાગમાં કાપુરુષતાનો અંશ માત્ર પણ નથી; કારણ કે, અરવિન્દ બાબૂ એ તત્ત્વને સારી રીતે જાણી ચૂક્યા હતા કે: "જો કર્મક્ષેત્રમાં અવતીર્ણ થવું હોય તો તેમાટે અધિકતર શક્તિની આવશ્યકતા છે; માત્ર એટલું જ નહિ, પણ જ્યાંસુધી અંતરસ્થિત ઐશી–ઈશ્વરી શક્તિને સંપૂર્ણ સ્વરૂપમાં જાગ્રત ન કરી શકાય અને બ્રહ્મતેજની યથેષ્ટ પ્રાપ્તિ ન કરી શકાય ત્યાં સુધી માયાથી કિંવા કોઈ અન્ય પુરુષથી આ પતિત જાતિનો ઉદ્ધાર કદાપિ કરી શકાય તેમ નથી અને તે શક્તિને મેળવવામાટે એકાગ્ર સાધનાની અત્યંત આવશ્યકતા છે." અર્થાત્ એ એકાગ્ર સાધનાની સિદ્ધિમાટે જ તેમણે અજ્ઞાતવાસને સ્વીકાર્યો છે અને તેથી જ્યારે એ સાધનાના અન્તે તેમને અભીષ્ટ શક્તિની પ્રાપ્તિ થશે તે વેળાએ તેઓ પાછા સ્વદેશમાં આવીને કર્મક્ષેત્રમાં અવતીર્ણ થશે, એવી અનેક ભારતસંતાનોની દૃઢ શ્રદ્ધા છે.

સાધના

જો યૌગિક સાધનાનો અભાવ હોય તો અંતઃસ્થ ઐશી શક્તિને પૂર્ણરૂપથી જાગ્રત કરી શકાતી નથી અને તે શક્તિ જાગ્રત ન થાય તો કોઈ પણ મહત્ કાર્ય સિદ્ધ નથી થતું તેમ જ કોઈ પણ પ્રબળ શક્તિ સમસ્ત દેશમાન થઈને વિશેષ દર્શાવી શકાતો નથી. જીવના અંતરમાં સર્વદા વિરાજમાન ભગવાનને જ્યાં જાગ્રત ન કરી શકાય, અને તો પોતાની શક્તિના અક્ષય ભંડાર [illegible] ' ભગવાન ' નામથી [illegible] જીવના [illegible] સ્વરૂપમાં [illegible] ભગવાની [illegible] [illegible] એ તેવી [illegible]

ઉપર દર્શાવેલું જ છે એટલે
ા બાબુધા સર્વ સમય તત્ત્વ-
ધ્યાનમાં જ વીતાવવા માંડયો
ોગના માર્ગમાં તેઓ કેટલી
તેમની યોગશક્તિના પ્રત્યક્ષ
ઉદ્‌ગારોથી પ્રત્યક્ષ સમાન
ાલ પૉલ રિચર્ડ લખે છે કેઃ—

ારતમાં એટલે કે પૉંડી-
ઇશ્વરનિર્મિત યોગાનુયોગથી
ાંડીચેરીમાં આવ્યા પછી
ાં પ્રવેશ કર્યો હતો અને
અધિકાધિક ગહન થતો ગયો
ર તેમને મળ્યો તે વેળાએ
ક્તિની પ્રાપ્તિ થઈ ચૂકી
પ્તિ થઈ હતી તે પ્રકાશ
વર્તમાન તથા ભવિષ્ય
કોઈ પણ લોકની સર્વ
આવી શકતી હતી અને
હોતી કે જે તેમનાથી
પરમાત્મશક્તિની પ્રાપ્તિ
ના કોઈ પણ પ્રકારની
ગ, કોઈ પણ પ્રકારની
શાશ્વત સત્ય પર-
"

ભાવિ ઘટનાઓ ઘટવાની હતી તેમની અપેક્ષા કરવા લાગ્યો. મને લાલબજારમાંથી અલીપુર લઈ જવામાં આવ્યો અને ત્યાંના કારાગૃહમાં મને અન્ય સર્વ મનુષ્યો—બન્દિજનો—થી સર્વથા ભિન્ન ઐકાંતિક કક્ષ—Solitary Cell—માં પૂરી રાખવામાં આવ્યો. ત્યાં હું દિવારાત્ર વિભુનાદના શ્રવણની અપેક્ષા કરતો રહ્યો; કારણ કે, વિભુ મને શો આદેશ આપવાના હતા અને મારે કર્તવ્યના કયા માર્ગને સ્વીકારવાનો હતો એ જાણી લેવાની મારી તીવ્ર ઉત્કંઠા હતી......"

અર્થાત્ કારાગૃહમા અરવિન્દ બાબૂ વિભુના જે આદેશમાટે આટલી સીમા પર્યન્ત આતુર રહેતા હતા તે આદેશ અતિ તેમને મળ્યો હતો અને તેના પરિણામે કારાગૃહવાસના સમયમાં જ તેમણે ગીતાના ધર્મને જાણી લેવાનો પ્રયત્ન આરંભ્યો હતો. તેમણે અલ્પ કાળમાં જ ગીતાના ધર્મને યથેષ્ટ સ્વરૂપમાં જાણી લીધો અને તદનુસાર સાધનાનો પ્રારંભ પણ કરી દીધો. નારાયણને નિકટ નિહાળીને એટલે કે અનન્તની અપરોક્ષ અનુભૂતિ કરીને અને તેની સાધનાને સ્વીકારીને અરવિન્દ બાબૂએ કારાગૃહમાં એક વત્સર જેટલો દીર્ઘ કાળ આનન્દ પૂર્વક વીતાડી દીધો. અર્થાત્ કારાગારની યંત્રણાઓનું કાંઈ પણ પરિણામ તેમના ઈશ્વરમય અંતઃકરણમાં અવશિષ્ટ રહી શક્યું નહિ.* આ કારણથી એ વિપત્તિના અંત પછી પણ અરવિન્દ બાબૂની કાર્યકારિણી શક્તિ નિશ્ચલ તથા સ્તમ્ભિત રહી શકી નહિ અને તેથી કારાગૃહમાથી મુક્ત થવા પછી અલ્પ સમયમાં જ તેમણે

* અરવિન્દ બાબૂએ પોતાના કારાગૃહવાસસમયના જીવનની કથ... 'કારાકાહિની' નામક ગ્રંથમા પોતે જ વર્ણવેલી છે તેમ જ તેમને કારા... ગૃહમાં થયેલા ભગવત્સાક્ષાત્કારનું 'Uttarpara Speech' માં વર્ણ... છે. પ્રસ્તુત 'અરવિન્દ વિચારમાળા' ના દ્વિતીય પુષ્પમાં એ બન્ને... ...ના અનુવાદો આવવાના હોવાથી અત્ર એ વિષયનું વિસ્તૃત વિવર... ...ચિત્ વારીને નથી આપ્યું

'કર્મયોગિન્' નામક અંગ્રેજી સાપ્તાહિક પત્ર તથા 'ધર્મ' નામક બંગાળી સાપ્તાહિક પત્ર મળીને બે સંવાદપત્રોને પ્રકાશિત કરવા માંડ્યાં અને એ પત્રોમાં લેખો લખીને સનાતન હિન્દુધર્મના ગ્રંથોના સત્ય અર્થોને પ્રકાશમાં લાવવાના ગંભીર કાર્યનો આરંભ કરી દીધો. એ ઉભય સંવાદપત્રોનો ભારતીય પ્રજાએ અતિશય સત્કાર કર્યો અને અરવિન્દ બાબુના ધાર્મિક લેખોની સર્વત્ર સ્તુતિ થવા લાગી.

ઈ. સ. ૧૯૧૦ ના માર્ચ માસમાં 'કર્મયોગિન્' માં રાજપક્ષની માન્યતા અનુસાર રાજદ્રોહસૂચક પ્રબંધ લખવામાટે અરવિન્દ બાબુ વિરુદ્ધ પુનઃ અભિયોગ પ્રસ્તુત થયો અને ન્યાયાધીશે તેમને કારાગૃહમાં મોકલવામાટેની આજ્ઞા પણ આપી દીધી; કિન્તુ અરવિન્દ બાબુ પોતાની યોગશક્તિદ્વારા એ આવનારી વિપત્તિને પ્રથમથી જ જાણી ગયેલા હોવાથી પળ માત્રનો પણ વિલંબ કર્યા વિના કલકત્તાથી ફ્રેંચોના ભારતવર્ષમાંના પાટનગર ચન્દ્રનગરમાં ગયા અને વિભુના આદેશ અનુસાર ચન્દ્રનગરથી એક લઘુ નૌકામાં કલકત્તા આવી ત્યાં બારામાં પડેલી અને પૉંડીચેરી જનારી એક બાષ્પ-નૌકા—સ્ટીમર—ના કૅપ્ટનને મળીને તેમણે કહ્યું કેઃ "મારી પાસે આ થોડા રૂપિયા છે તે લ્યો અને કૃપા કરીને મને પૉંડીચેરી પહોંચાડી દ્યો." કૅપ્ટનના અંતઃકરણમાં દયાનો આવિર્ભાવ થયો અને તેણે તેમને સ્ટીમરમાં બેસાડીને પૉંડીચેરી પહોંચાડી દીધા. અરવિન્દ બાબુએ પોતાના પૉંડીચેરી પ્રતિ પ્રયાણ કરી જવાની વાર્તા કોઇને પણ જણાવી નહોતી અને તે એટલે સુધી કે તેમનાં સહધર્મિણી મૃણાલિની પણ પોતાના અખંડસૌભાગ્યદેવ પતિદેવના એ ભગવાન્ બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સમાન દેશત્યાગની ઘટનાથી બુદ્ધપત્ની દેવી યશોધરા પ્રમાણે [illegible] હતાં.

અરવિન્દ બાબુના એ દેશત્યાગને કેટલાક કંઈક પલાયન કહી કાયરતાના સ્વરૂપ તરીકે ઓળખાવે છે પરંતુ વાસ્તવમાં તેમના એ

ત્યાગમાં કાપુરુષતાનો અંશ માત્ર પણ નથી; કારણ કે, અરવિન્દ બાબુ એ તત્ત્વને સારી રીતે જાણી ચૂક્યા હતા કે: "જો કર્મક્ષેત્રમાં અવતીર્ણ થવું હોય તો તેમાટે અધિકતર શક્તિની આવશ્યકતા છે; માત્ર એટલું જ નહિ, પણ જ્યાંસુધી અંતરસ્થિત ઐશી-ઈશ્વરી-શક્તિને સંપૂર્ણ સ્વરૂપમાં જાગ્રત ન કરી શકાય અને બ્રહ્મતેજની યથેષ્ટ પ્રાપ્તિ ન કરી શકાય ત્યાં સુધી મારાથી કિંવા કોઈ અન્ય પુરુષથી આ પતિત જાતિનો ઉદ્ધાર કદાપિ કરી શકાય તેમ નથી અને તે શક્તિને મેળવવામાટે એકાગ્ર સાધનાની અત્યંત આવશ્યકતા છે." અર્થાત્ એ એકાગ્ર સાધનાની સિદ્ધિમાટે જ તેમણે અજ્ઞાતવાસને સ્વીકાર્યો છે અને તેથી જ્યારે એ સાધનાના અન્તે તેમને અભીષ્ટ શક્તિની પ્રાપ્તિ થશે તે વેળાએ તેઓ પાછા સ્વદેશમાં આવીને કર્મક્ષેત્રમાં અવતીર્ણ થશે, એવી અનેક ભારતસંતાનોની દૃઢ શ્રદ્ધા છે.

સાધના

જો યૌગિક સાધનાનો અભાવ હોય તો અંતરસ્થ ઐશી શક્તિને પૂર્ણરૂપથી જાગ્રત કરી શકાતી નથી અને તે શક્તિ જાગ્રત ન થાય, તો કોઈ પણ મહત્ કાર્ય સિદ્ધ નથી થતું તેમ જ કોઇ પણ પ્રબળ શક્તિ સમક્ષ દંડાયમાન થઈને વિરોધ દર્શાવી શકાતો નથી. જીવનના અંતરમાં સર્વદા વિરાજમાન ભગવાનને જો જાગ્રત ન કરી શકાય, તો પોતાની શક્તિના અક્ષય ઝરણનું વહન થઈ શકતું નથી અને એટલામાટે જ જીવના ભૂમા–સર્વવ્યાપક–સ્વરૂપને 'ભગવાન્' નામથી ઓળખવામાં આવે છે. અર્થાત્ જો મનુષ્ય પોતે પૂર્ણ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત ન થઇ શકે, તો માનવજાતિમાટે નવીન સભ્યતાની ભિત્તિરચના ઉપયુક્ત થઈ શકતી નથી. સાધનાની એ આવશ્યકતાને અરવિન્દ બાબુ જ્યારે વડોદરામાં હતા તે વેળાએ જ જાણી ગયા હતા અને તેથી સ્વદેશોદ્ધારના સંગ્રામ અવતીર્ણ થયા પૂર્વે જ તેમણે

સાધનાનો આરંભ કરી દીધો હતો એ તો ઉપર દર્શાવેલું જ છે એટલે પૉંડીચેરીમાં આવ્યા પછી તેમણે પોતાનો બધો સર્વ સમય તત્ત્વજ્ઞાન તથા યોગના અભ્યાસ તથા અનુસંધાનમાં જ વીતાડવા માંડ્યો અને ઇ. સ. ૧૯૧૪ સુધીનાં ચાર વર્ષમાં યોગના માર્ગમાં તેઓ કેટલી સીમા પર્યન્ત આગળ વધ્યા હતા એ તેમની યોગશક્તિના પ્રત્યક્ષ નિરીક્ષક મહાશય પૉલ રિચર્ડના નિમ્ન ઉદ્‌ગારોથી પ્રત્યક્ષ સમાન આપણા જાણવામાં આવી શકે છે. મહાશય પૉલ રિચર્ડ લખેછે કેઃ—

"તેઓ–અરવિન્દ બાબૂ–દક્ષિણભારતમાં એટલે કે પૉંડીચેરીમાં આવ્યા હતા અને ત્યાં કેટલાક ઇશ્વરનિર્મિત યોગાનુયોગથી મને તેમનો સાક્ષાત્કાર થયો હતો. પૉંડીચેરીમાં આવ્યા પછી અરવિન્દે યોગના મૌનયુક્ત અભ્યાસમાં પ્રવેશ કર્યો હતો અને પાંચ વર્ષના કાળમાં તેમનો તે અભ્યાસ અધિકાધિક ગહન થતો ગયો હતો. જ્યારે હુ પાંચ વર્ષ પછી બીજી વાર તેમને મળ્યો તે વેળાયે તેમને પરમાત્મપ્રકાશ તથા પરમાત્મશક્તિની પ્રાપ્તિ થઈ ચૂકી હતી. અરવિન્દને જે પરમાત્મપ્રકાશની પ્રાપ્તિ થઈ હતી તે પ્રકાશ એવા પ્રકારનો હતો કે તેના યોગે ભૂત, વર્ત્તમાન તથા ભવિષ્ય કાળ અને સ્વર્ગ, પૃથ્વી તેમ જ અન્ય કોઈ પણ લોકની સર્વ ઘટનાઓ સંપૂર્ણ ભાવથી તેમના જાણવામાં આવી શકતી હતી અને કોઈ પણ લોકની એવી કોઈ પણ ઘટના નહોતી કે જે તેમનાથી અજ્ઞાત રહી શકે. એ જ પ્રમાણે તેમને જે પરમાત્મશક્તિની પ્રાપ્તિ થઈ હતી તે શક્તિદ્વારા તેમની સાર્વભૌમ ધારણા કોઈ પણ પ્રકારની ઈચ્છા કિંવા વાસના, કોઈ પણ પ્રકારના પરિશ્રમ, કોઈ પણ પ્રકારની અધીરતા તથા કોઈ પણ પ્રકારની ભીતિ વિના શાશ્વત સત્ય પરમાત્માની ઈચ્છાનો સાક્ષાત્કાર કરી શકતી હતી.*"

* P. Richard's 'The Dawn over

દેશત્યાગમાં કાપુરુષતાનો અંશ માત્ર પણ નથી; કારણ કે, અરવિન્દ બાબૂ એ તત્ત્વને સારી રીતે જાણી ચૂક્યા હતા કે: "જો કર્મક્ષેત્રમાં અવતીર્ણ થવું હોય તો તેમાટે અધિકાર શક્તિની આવશ્યકતા છે; માત્ર એટલું જ નહિ, પણ જ્યાંસુધી અંતરસ્થિત ઐશી-ઈશ્વરી-શક્તિને સંપૂર્ણ સ્વરૂપમાં જાગ્રત ન કરી શકાય અને પ્રજ્ઞાનેત્રની યથેષ્ટ પ્રાપ્તિ ન કરી શકાય ત્યાં સુધી માગથી કિંવા કોઈ અન્ય પુરુષાર્થી આ પતિત જાતિનો ઉદ્ધાર કદાપિ કરી શકાય તેમ નથી અને તે શક્તિને મેળવવામાટે એકાગ્ર સાધનાની અત્યંત આવશ્યકતા છે." અર્થાત્ એ એકાગ્ર સાધનાની સિદ્ધિમાટે જ તેમણે અજ્ઞાતવાસને સ્વીકાર્યો છે અને તેથી જ્યારે એ સાધનાના અન્તે તેમને અભીષ્ટ શક્તિની પ્રાપ્તિ થશે તે વેળાએ તેઓ પાછા સ્વદેશમાં આવીને કર્મક્ષેત્રમાં અવતીર્ણ થશે, એવી અનેક ભારતસંતાનોની દૃઢ શ્રદ્ધા છે.

સાધના

જો વૈદિક સાધનાનો અભ્યાસ હોય તો અન્તરસ્થ ઐશી શક્તિને પૂર્ણરૂપથી જાગ્રત કરી શકાતી નથી અને તે શક્તિ જાગ્રત ન થાય, તો કોઈ પણ મહત્ કાર્ય સિદ્ધ નથી થતું. તેમ જ કોઈ પણ [illegible] શક્તિ [illegible] દૃશ્યમાન થઈને [illegible] શકાતી નથી. [illegible] અંતરમાં સર્વદા વિરાજમાન ભગવાનને [illegible] જાગ્રત ન કરી [illegible] તો પોતાની શક્તિનો [illegible] 'ભગવાન' [illegible] [illegible]

આ નિર્વિવાદ છે; એટલું જ નહિ, પણ જો મહાન દાવ
ના શબ્દોમાં કહીએ, તો 'એ અરવિન્દ નામક મહર્ષિ કિંવા
ારતમાતા એશિયાના ગુરુ થશે અને પ્રથમ વિશ્વના શિક્ષક તથા
ઉપદેશના આસનપર વિરાજશે; કારણ કે, વિશ્વના ઉદ્ધારકો તથા
ઉપદેશકો નિરંતર એશિયામાં જ ઉત્પન્ન થયેલા છે એ તો એક સર્વ-
માન્ય સત્ય છે અને એ સત્ય અત્યારે નવીનતાથી પ્રતિદિન
થવાનું છે.'

અરવિન્દ બાબૂને પ્રાપ્ત થયેલા યોગસામર્થ્યના વિષયમાં એમ બોલાય છે કે તેમનો દેહ પોંડીચેરીમાં હોવા છતાં તેઓ પોતાની ઈચ્છા અનુસાર બાહ્ય પ્રદેશોમાં ભ્રમણ કરી શકે છે, કોઇ પણ અજ્ઞાત મનુષ્યના આભ્યંતર ભાવો તથા સત્ય સ્વરૂપને જાણી શકે છે તેમ જ. તેમનો આશીર્વાદ કદાપિ વ્યર્થ નથી થતો. એક વાર એક અજ્ઞાત મનુષ્ય તેમને મળવામાટે આવતાં તેને તેમણે પૂછ્યું કે: " આપનો વ્યવસાય શો છે ? " એટલે એ પ્રશ્નના ઉત્તરમાં તેણે તેમને કહ્યું કે: " હું એક વ્યાપારી છું. " તેના આ ઉત્તરથી હૃદયમાં સંશયનો સંચાર થતાં અરવિન્દ બાબૂએ અન્ય કક્ષમાં જઇને સત્યની પરીક્ષા કરી લેઇ અને ત્યાર પછી બાહ્ય કક્ષમાં આવીને તે મનુષ્યને કહ્યું કે: " આપના ભાલપ્રદેશમાં સી. આઇ. ડી. એ અક્ષરો સ્પષ્ટ લખેલા હોવા છતાં આપ પોતાને વ્યાપારી તરીકે ઓળખાવો છો ? આપ અસત્યવાદી છો અને તેથી હું આપ સાથે સંભાષણ કરી શકતો નથી. " મહર્ષિ અરવિન્દની આ અદ્ભુત યોગશક્તિના સાક્ષાત્કારથી તે સી. આઈ. ડીના હૃદયની શી અને કેવી સ્થિતિ થઇ હશે એની કલ્પના સહજ કરી શકાય તેમ છે. પોંડીચેરીમાં અને તેના આસ
પાસના પ્રદેશોમાંનાં કેટલાક ભયંકરરોગગ્રસ્ત સ્ત્રીપુરુષો મહ
અરવિન્દના કેવળ આશીર્વાદરૂપ દિવ્ય ઔષધની એક જ માત્ર
વ્યાધિમુક્ત થયેલાં છે અને તેઓ અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે. મહ

મહાશય પૉલ રિચર્ડનો અરવિન્દ બાબૂ સાથેનો એ બીજી વારનો સાક્ષાત્કારની ઘટના ઈ. સ. ૧૯૧૪માં થઈ હતી અને ઈ. સ. ૧૯૧૪ ના ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે એટલે કે પોતાની જન્મતિથિના દિવસે મહાશય પૉલ રિચર્ડની મંત્રણાથી અરવિન્દ બાબૂએ અંગ્રેજી ભાષામાં તત્ત્વજ્ઞાન વિષયક 'આર્ય' નામક માસિક પત્રનો પ્રથમ અંક પ્રકટ કર્યો હતો કે જે માસિક અદ્યાપિ વર્તમાન છે. એ 'આર્ય' માસિક પત્રના તંત્રી અરવિન્દ ઘોષ, પૉલ રિચર્ડ તથા તેમનાં પત્ની મારા રિચર્ડ છે; એમાં પ્રતિમાસ ૬૪ પૃ ભરીને લેખો આવે છે અને તેમાંનાં ૬૦ પૃ અરવિન્દ બાબૂની પોતાની લેખિનીથી જ લખાય છે. એ માસિક પત્રના અત્યાર સુધીના પ્રકટ થયેલા અંકોનો પ્રચંડ સમુદાય આર્યતત્ત્વજ્ઞાનના લોકોત્તર ભાંડાગારરૂપ છે એમાં તો કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ.

'આર્ય' માસિક પત્રની વિશેષ મહત્તા તો એટલામાટે છે કે અરવિન્દ બાબૂએ એ માસિક પત્રમાંના પોતાના લેખોદ્વારા પોતાને સાધનામાં પૂર્ણયોગના જે જે સત્યાંશોની ઉપલબ્ધિ થયેલી છે તે તે સત્યાંશોનો જ ધારાવાહિકતાથી પ્રચાર કરેલો છે અને કરે છે. તેમના આજ સુધીના ચારિત્ર્યથી તેમ જ તેમના પોતાના કથનથી એ તો સ્પષ્ટ જણી શકાય છે કે તેમની સાધના કેવળ પોતાની મુક્તિમાટે જ નથી અને તેથી તેઓ આત્મોન્નતિ મેળવીને નિશ્ચેષ્ટ થઈ બેસી રહ્યા નથી; અર્થાત્ તેમની સાધના જાતિ, દેશ તથા વિશ્વના કલ્યાણમાટે [illegible] પતિતોના ઉદ્ધારમાટે આત્મસ્વરૂપ બોધિસત્ત્વ પ્રમાણે તેઓ [illegible] સર્વાંગીય ઉન્નતિરૂપમાં પોતાની સાધનાને માર્ગ [illegible] પોતાના જીવનમાં [illegible] કરી રહ્યા છે. [illegible] અતિમાનસ-આદર્શને [illegible] સિદ્ધિનો [illegible] છે. ઉદ્દેશ કે, પોતાની સાધનાના [illegible] જ [illegible] કર્મ [illegible] અને [illegible] અરવિન્દ પુનઃ પોતાના કર્મક્ષેત્રમાં અવતીર્ણ થશે એ

સર્વથા નિર્વિવાદ છે; એટલું જ નહિ, પણ જો મહાશય પૉલ રિચર્ડના શબ્દોમાં કહીએ, તો 'એ અરવિન્દ નામક મહર્ષિ કિંવા ભારતત્રાતા એશિયાના ગુરુ થશે અને સમસ્ત વિશ્વના શિક્ષક તથા ઉપદેશકના આસનપર વિરાજશે; કારણ કે, વિશ્વના ઉદ્ધારકો તથા ઉપદેશકો નિરંતર એશિયામાં જ ઉત્પન્ન થયેલા છે એ તો એક સર્વમાન્ય સત્ય છે અને એ સત્ય અત્યારે નવીનતાથી પ્રતિષ્ઠિત થવાનું છે.'

અરવિન્દ બાબુને પ્રાપ્ત થયેલા યોગસામર્થ્યના વિષયમાં એમ બોલાય છે કે તેમનો દેહ પૉંડીચેરીમાં હોવા છતાં તેઓ પોતાની ઇચ્છા અનુસાર બાહ્ય પ્રદેશોમાં ભ્રમણ કરી શકે છે, કોઇ પણ અજ્ઞાત મનુષ્યના આભ્યંતર ભાવો તથા સત્ય સ્વરૂપને જાણી શકે છે તેમ જ તેમનો આશીર્વાદ કદાપિ વ્યર્થ નથી થતો. એક વાર એક અજ્ઞાત મનુષ્ય તેમને મળવામાટે આવતાં તેને તેમણે પૂછ્યું કે: "આપનો વ્યવસાય શો છે?" એટલે એ પ્રશ્નના ઉત્તરમાં તેણે તેમને કહ્યું કે: "હું એક વ્યાપારી છું." તેના આ ઉત્તરથી હૃદયમાં સંશયનો સંચાર થતાં અરવિન્દ બાબુએ અન્ય કક્ષમાં જઇને સત્યની પરીક્ષા કરી જોઇ અને ત્યાર પછી બાહ્ય કક્ષમાં આવીને તે મનુષ્યને કહ્યું કે: "આપના ભાલપ્રદેશમાં સી. આઇ. ડી. એ અક્ષરો સ્પષ્ટ લખેલા હોવા છતાં આપ પોતાને વ્યાપારી તરીકે ઓળખાવો છો? આપ અસત્યવાદી છો અને તેથી હું આપ સાથે ગુંલાપણ કરી શકતો નથી." મહર્ષિ અરવિન્દની આ અદ્ભુત યોગશક્તિના સાક્ષાત્કારથી તે સી. આઈ. ડીના હૃદયની શી અને કેવી સ્થિતિ થઇ હશે એની કલ્પના સહજ કરી શકાય તેમ છે. પૉંડીચેરીમાં અને તેના આસપાસના પ્રદેશોમાંનાં કેટલાંક ભયંકરરોગગ્રસ્ત સ્ત્રીપુરુષો મહર્ષિ અરવિન્દના કેવળ આશીર્વાદરૂપ દિવ્ય ઔષધની એક જ માત્રાથી વ્યાધિમુક્ત થયેલાં છે અને તેઓ અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે. મહર્ષિ

અરવિન્દ ઘોષના અલૌકિક લેખોના પરિશીલનનું ઇંગ્લંડના રાજ-કવિના હૃદયમાં એવું તો અપૂર્વ પરિણામ થયું હતું કે તેથી પ્રેરાઈને તેમણે "આપણા સામ્રાજ્યમાંના આવા નરરત્નને તો નિરંતર સ્વતંત્ર તથા મુક્ત જ ગણવા જોઈએ !" એવી સમ્રાટ્ પંચમ જ્યૉર્જને પ્રાર્થના કરી હતી અને એ વાર્તા અનેક સંવાદપત્રોમાં પ્રકટ થઈ ચૂકી છે.

યુગોના ગમન તથા આગમનનો શાસ્ત્રોમાં એવો નિયમ સ્વીકારાયલો છે કે પ્રથમ સત્યયુગ, પછી ત્રેતાયુગ, ત્યાર પછી દ્વાપરયુગ અને અંતે કલિયુગનું આગમન થાય છે; કલિયુગની સમાપ્તિ પછી પ્રલય થાય છે અને ત્યાર પછી પુનઃ સત્યયુગનું આગમન થયેલું દેખાય છે. અર્થાત્ એ નિયમ જો સત્ય હોય તો વર્તમાન કલિયુગનો અંત થતાં યથાનુક્રમ સત્યયુગનું આગમન થાય એ સ્વાભાવિક જ છે અને તે સત્યયુગરૂપ સૂર્યના ઉદયના પૂર્વસૂચક અરવિન્દરૂપ અરુણની રક્તજ્યોતિનો વર્તમાનભારતરૂપ ગગનમંડળમાં પ્રસાર થયેલો છે એવી અનેક ભારતસંતાનોની શ્રદ્ધા છે અને તેમની એ શ્રદ્ધામાં તથ્યના પ્રબળ અંશો રહેલા છે એનો કોઈ પણ ધર્મશ્રદ્ધ ભારત-સંતાનથી અસ્વીકાર કરી શકાય તેમ છે જ નહિ; કારણ કે, એ આલંકારિક વાક્ય કિંવા રૂપકનો જો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે, તો તેના યોગે સ્પષ્ટ જણાઈ આવે તેમ છે કે આત્મા અનાદિ હોવાથી તેમાં અનંત કાળના જે સંસ્કારો રહેલા હોય છે તેમનામાંના ઉત્કૃષ્ટ સંસ્કારોના યોગે, આત્મા જ પરમાત્મા હોવાથી, જો ભક્ત કિંવા યોગી પુરુષ પરમાત્માના સમગ્ર સ્વરૂપમાં સ્થિત થવાની શક્તિને
કરી શકે છે તે અલૌકિક પુરુષ જ્યારે ધારે ત્યારે પોતાની ઇચ્છા-
નવીન યુગને ઉત્પન્ન કરી શકે છે; માત્ર એટલું જ નહિ, પણ
યુગ વર્તમાન હોવા છતાં જો તેમાં જ અન્ય યુગનો આરોપ થવાની
ઇચ્છા થાય, તો તે કલિયુગમાં જ સત્યયુગનો સમગ્ર સૃષ્ટિને
કાર કરાવી શકે છે.

શ્રાંત પરિશ્રમપરાયણતા કિંવા અખંડ ઉદ્યોગશીલતા પ્રચંડ રૂપમાં વિહરતી હોય છે અને તેથી તેઓ અતિશય અધિક પરિમાણમાં લેખો લખી શકે છે; પરંતુ એ વર્ગના લેખકોમાં પ્રતિભા, સંસ્કૃતિ તથા અન્ય આવશ્યકીય યોગ્યતાનો કાં તો સર્વથા અભાવ હોય છે અને કાં તો પ્રતિભા આદિનું પરિમાણ તેમની પરિશ્રમપરાયણતાની તુલનામાં એટલું તો ન્યૂન હોય છે કે તેથી તેમના લેખો સારહીન થઈ જાય છે અને પાઠકવર્ગના હૃદયમાં કશું પણ યોગ્ય પરિણામ નિપજાવી શકતા નથી. કેટલાક લેખકો વળી એવા પ્રકારના હોય છે કે તેમની લેખનશક્તિ માત્ર એક જ વિશિષ્ટ દિશામાં સીમાબદ્ધ થયેલી હોય છે અને તેથી અમુક વિશિષ્ટ વિષય વિના અન્ય વિષયનું તેમનાથી ભાગ્યે જ યથેષ્ટ નિરૂપણ કરી શકાય છે; એટલે કે, કેટલાક લેખકો પોતાની એક વિશિષ્ટ સ્વીકૃત પદ્ધતિથી શૃંગાર, ભક્તિ, પ્રેમ કિંવા વીરરસાત્મક કાવ્યની જ રચના કરી શકે છે; કેટલાક લેખકો કેવળ સંસ્કૃત કિંવા અન્ય ભાષાના ગદ્યપદ્યાત્મક ગ્રંથોના ઉત્તમ અનુવાદો જ કરી શકે છે અને મૌલિક એક પંક્તિ પણ લખી શકતા નથી; કેટલાક લેખકો ઐતિહાસિક ઉપન્યાસ લખવામાં નિષ્ણાત હોય છે તો સામાજિક નવલકથા તેમનાથી નથી લખી શકાતી અને ઉભય પ્રકારની નવલકથાઓ લખી શકતા હોય તો નાટકરચનાના પ્રદેશમાં તેમનાથી પ્રવેશ કરી શકાતો નથી. કેટલાક લેખકો સાંસારિક વિષયોના નિરૂપણમાં નિષ્ણાત હોય છે તો ધાર્મિક તથા આધ્યાત્મિક વિષયોથી સર્વથા અજ્ઞ હોય છે અને કેટલાક લેખકો ધાર્મિક તથા આધ્યાત્મિક વિષયનું જેટલું ઉત્તમ વિવેચન કરી શકે છે તેટલું જ વ્યાવહારિક વિષયોમાં તેમનું અજ્ઞાન પ્રબળ હોય છે. સારાંશ કે, જેવી રીતે નક્ષત્રો પોતાના મંદ પ્રકાશને અમુક સીમા પર્યન્ત વિસ્તારી શકે છે તેવી રીતે પોતાની વિષયનિરૂપણશક્તિ કિંવા લેખનશક્તિને વિશિષ્ટ વિષયની સીમા પર્યન્ત વિસ્તારી શકનારા નક્ષત્રરૂપ વિપુલ સંખ્યામાં મળી આવે છે; પરંતુ જેવી રીતે સૂર્ય-

(૭) Evolution; (૮) Thoughts and Glimpses; (૯) The Superman; (૮) The Yoga and its Objects; (૯) Isha Upanishad; (૧૦) War and Self-determination; (૧૧) Ahana and other Poems; (૧૨) Love and Death; (૧૩) The Dawn over Asia; અને (૧૪) Songs of the Sea.§

કેટલાક વિદ્વાનો એવા પ્રતિભાસંપન્ન હોય છે કે જો તેઓ ધારે તો ઉત્તમ લેખો લખી શકે છે; પરંતુ તેમનામાં ઉત્તમ લેખકની પ્રતિભા, સંસ્કૃતિ તથા યોગ્યતા સાથે જે આલસ્ય નામક શરીરસ્થ મહાન્ શત્રુનો નિવાસ હોય છે તે આલસ્યરૂપ શત્રુ તેમની પ્રતિભા, સંસ્કૃતિ તથા યોગ્યતાને પરાજિત કરી નાખે છે અને તેથી તેઓ કાં તો કાંઈ લખતા જ નથી અને ભાગ્યેજ કોઈ વાર કાંઈ લખે છે તો તે બહુ જ અલ્પ પરિમાણમાં; એટલે તેમની પ્રતિભા સંસ્કૃતિ તથા યોગ્યતાનો અન્ય જનોને ભાગ્યે જ લાભ મળી શકે છે; તેમ જ લેખકોનો એક વર્ગ એવો હોય છે કે તે વર્ગના લેખકોમાં અવિ-

‡ આ ગ્રંથ મહાશય પોલ રિચર્ડે ફ્રેંચ ભાષામાં લખ્યો હતો અને અરવિંદ બાબુએ એનો અંગ્રેજી અનુવાદ કરેલો છે.

§ સુવિખ્યાત દેશભક્ત અને અરવિંદ બાબુના મિત્ર શ્રીયુત ચિત્તરંજન દાસે બંગાળી ભાષામાં 'સાગરસંગીત' નામક એક કાવ્યગ્રંથ રચેલો છે અને તે ગ્રંથનો તેમણે પોતે જ 'Songs of the Sea' નામક અંગ્રેજી અનુવાદ પણ કરેલો છે; પરંતુ તેમણે બંગાળી કાવ્યનો અંગ્રેજી ગદ્યમાં અનુવાદ કરેલો હોવાથી અરવિંદ બાબુએ બંગાળી કાવ્યનો અંગ્રેજી કાવ્યમાં જ અનુવાદ કરેલો છે અને તેથી એ ઉભય અનુવાદો એક જ ગ્રંથમાં એકત્ર પ્રકાશિત કરવામાં આવ્યા છે. અર્થાત્ આ કારણથી જ આ ગ્રંથનો અરવિંદકૃત ગ્રંથમાળામાં સમાવેશ [illegible]

શ્રાંત પરિશ્રમપરાયણતા કિંવા અખંડ ઉદ્યોગશીલતા પ્રચંડ રૂપમાં વિહરતી હોય છે અને તેથી તેઓ અતિશય અધિક પરિમાણમાં લેખો લખી શકે છે; પરંતુ એ વર્ગના લેખકોમાં પ્રતિભા, સંસ્કૃતિ તથા અન્ય આવશ્યકીય યોગ્યતાનો કાં તો સર્વથા અભાવ હોય છે અને કાં તો પ્રતિભા આદિનું પરિમાણ તેમની પરિશ્રમપરાયણતાની તુલનામાં એટલું તો ન્યૂન હોય છે કે તેથી તેમના લેખો સારહીન થઈ જાય છે અને પાઠકવર્ગના હૃદયમાં કશું પણ યોગ્ય પરિણામ નિપજાવી શકતા નથી. કેટલાક લેખકો વળી એવા પ્રકારના હોય છે કે તેમની લેખનશક્તિ માત્ર એક જ વિશિષ્ટ દિશામાં સીમાબદ્ધ થયેલી હોય છે અને તેથી અમુક વિશિષ્ટ વિષય વિના અન્ય વિષયનું તેમનાથી ભાગ્યે જ યથેષ્ટ નિરૂપણ કરી શકાય છે; એટલે કે, કેટલાક લેખકો પોતાની એક વિશિષ્ટ સ્વીકૃત પદ્ધતિથી શૃંગાર, ભક્તિ, પ્રેમ કિંવા વીરરસાત્મક કાવ્યની જ રચના કરી શકે છે; કેટલાક લેખકો કેવળ સંસ્કૃત કિંવા અન્ય ભાષાના ગદ્યપદ્યાત્મક ગ્રંથોના ઉત્તમ અનુવાદો જ કરી શકે છે અને મૌલિક એક પંક્તિ પણ લખી શકતા નથી; કેટલાક લેખકો ઐતિહાસિક ઉપન્યાસ લખવામાં નિષ્ણાત હોય છે તો સામાજિક નવલકથા તેમનાથી નથી લખી શકાતી અને ઉભય પ્રકારની નવલકથાઓ લખી શકતા હોય તો નાટકરચનાના પ્રદેશમાં તેમનાથી પ્રવેશ કરી શકાતો નથી. કેટલાક લેખકો સાંસારિક વિષયોના નિરૂપણમાં નિષ્ણાત હોય છે તો ધાર્મિક તથા આધ્યાત્મિક વિષયોથી સર્વથા અજ્ઞ હોય છે અને કેટલાક લેખકો ધાર્મિક તથા આધ્યાત્મિક વિષયનું જેટલું ઉત્તમ વિવેચન કરી શકે છે તેટલું જ વ્યાવહારિક વિષયોમાં તેમનું અજ્ઞાન પ્રબળ હોય છે. સારાંશ કે, જેવી રીતે નક્ષત્રો પોતાના મંદ પ્રકાશને અમુક સીમા પર્યન્ત વિસ્તારી શકે છે તેવી રીતે પોતાની વિષયનિરૂપણશક્તિ કિંવા લેખનશક્તિને અમુક વિશિષ્ટ વિષયની સીમા પર્યન્ત વિસ્તારી શકનારા નક્ષત્રરૂપ લેખકો તો વિપુલ સંખ્યામાં મળી આવે છે; પરંતુ જેવી રીતે સૂર્ય-

નારાયણ પોતાના વિશ્વવ્યાપક પ્રકાશને, વિશ્વના સર્વ સ્થાનોમાં વિસ્તાર કરી શકે છે તેવી રીતે સર્વ પ્રતિપાદ્ય વિષયોનું યથાક્રમ ઓજસ્વિની વાણીવડે યથેષ્ટ નિરૂપણ કરી શકનારા સૂર્યરૂપ લેખકોની સંખ્યા પ્રત્યેક યુગમાં તથા પ્રત્યેક દેશમાં અલ્પ કિંવા સ્વલ્પ જ હોય છે અને તેથી જ એવા સર્વદેશીય વિરલ વિદ્વાન્ લેખકોને પરમાત્મ-વિભૂતિરૂપ માનવામાં આવે છે. એક અલૌકિકપ્રતિભાસંપન્ન તથા અપૂર્વવિદ્વાન્ લેખક કિંવા ગ્રંથકાર તરીકે અરવિન્દ બાબૂ પરમાત્મ-વિભૂતિ જ છે; કારણ કે, અત્યાર સુધીમાં તેમણે જે જે રાજનૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, વ્યાવહારિક તથા પ્રેમ વિષયક લેખો લખ્યા છે તે લેખોમાં તેમની વિચારમૌલિકતા, સર્વત્રવ્યાપક બુદ્ધિ, વિષય-ગ્રાહકતા, ઓજસ્વિની વાણી, પ્રગલ્ભ શૈલી અને કલ્પનાના અમોઘ શક્તિશાળી વારિપ્રવાહ સમાન પ્રબળ વિષયનિરૂપણશક્તિનો આપણને એવો તો અશ્રુતપૂર્વ સાક્ષાત્કાર થાય છે કે તે સાક્ષાત્કારથી સાનન્દાશ્ચર્યમુગ્ધ થઇ જવાય છે! અરવિન્દ ઘોષની ગદ્યલેખનશક્તિ જેટલા પરિમાણમાં અપૂર્વ છે તેટલા જ પરિમાણમાં અંગ્રેજી જેવી વિદેશીય ભાષામાં કાવ્ય રચવાની તેમની શક્તિ પણ સર્વથા અદ્ભુત, આશ્ચર્યજનક તથા અવર્ણનીય છે એમ તેમના રચેલા 'Ahana and other Poems', 'Love and Death' તથા 'Songs of the Sea' આદિ કાવ્યગ્રંથોના પરિશીલનપૂર્વક પઠનથી તત્કાળ આપણા જાણવામાં આવી શકે છે. 'Ahana' નામક કાવ્યમાં અરવિન્દ ઘોષે રાધિકાના રોષનું એક સ્થળે આવા પ્રકારનું સ્નેહસુધાતરંગિણીમાં ઝીલાવનારું અતિશય રમ્ય તથા હૃદયંગમ વર્ણન કરેલું છે:—

રાધિકા કહે છે કે—"હે પ્રભો, હે પ્રાણજીવન, મારામાટે આપનો વિયોગ કેવો અને કેટલો અસહ્ય છે તે આપ જાણતા જ નથી. હું જ્યારે યૌવનમદોન્મત્ત તથા ક્રીડાકુશલ હતી તે વેળાયે

શ્રી

અરવિન્દ વિચારમાળા



પ્રથમ પુષ્પ—ધર્મવિચાર



પ્રથમ દલ—ગીતાની ભૂમિકા

દૃશ્ય સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતું નથી; તથાપિ જનસમાજના મતને પરિચાલિત કરવામાં તેમ જ જનસમાજના કાર્યસમૂહમાં રહેલા દોષોની ભયનિદર્શિની તથા તીવ્રતમ સમાલોચના કરવામાં તેઓ સિદ્ધહસ્ત હતા અને તેથી જો એ જ દૃષ્ટિથી તેમના રાજનૈતિક કાર્યને જોવામાં આવે, તો તેમના રાજનૈતિક કાર્યનું યથેષ્ટ નિદર્શન કરી શકાય તેમ છે.* ”

અરવિન્દ ઘોષની રાજનૈતિક યોગ્યતા, એક મહાપુરુષ તરીકેની યોગ્યતા તથા એક ઋષિ તરીકેની યોગ્યતાના સંબંધમાં જેમના યશઃસૌરભનો આજે અખિલ ભારતવર્ષ તથા યૂરોપમાં સર્વત્ર વિસ્તાર થયેલો છે તે વંગવાસી કવીશ્વર રવીન્દ્ર નાથ ટાગોરે પોતાના એક પત્રમાં નીચે પ્રમાણેના પૂજ્યભાવદર્શક ઉદ્ગારો કાઢેલા છેઃ—

“આપણી સમસામયિક રાજનીતિ સાથેનો મારો પરિચય આકસ્મિક કિંવા અનિયત તથા અસ્થિર કિંવા અનિયમિત હોવાથી આજની ઘડિકા (તા. ૩૦–૧૧–૧૯૧૯) પર્યન્ત અરવિન્દ ઘોષની રાજનૈતિક નિર્દિષ્ટ ભૂમિ કઈ છે અને શી છે તે હું જાણતો જ નથી; તથાપિ એ તો હું નિશ્ચયપૂર્વક જાણું છું કે તે એક મહાપુરુષ છે: માત્ર એટલું જ નહિ, પણ અત્યારે આપણા મધ્યમાં જે મહત્તમ પુરુષો અસ્તિત્વ ધરાવે છે તેમનામાંના એક મહત્તમ પુરુષ છે અને તેટલામાટે જો તેમના મિત્રો પણ તેમના આશય કિંવા ભાવોને યથાર્થ રૂપમાં ન સમજી શકે તો તે સ્વાભાવિક છે. મારા હૃદયમાં તેમનામાટે જે ભાવ વસી રહ્યો છે તે શ્રદ્ધા કિંવા પ્રશંસાનો ભાવ

---

* “ Aravinda's political work does not now exist in any visible shape. But if guidance of public opinion and the vigilant and trenchant criticism of public measures have any value he did valuable work. ”

આ અવતરણ શ્રી [illegible] ‘ શ્રી અરવિન્દ ’ નામક પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે. પૃ૦ ૨૭–૨૮

નથી, કિંતુ તેમની આધ્યાત્મિકતાની ગહનતા, તેમની દૃષ્ટિની વિશાળતા અને તેમની વિચારક કિંવા કલ્પક નિરીક્ષણતા તથા પ્રકાશનમાં અસાધારણ નૈસર્ગિક સાહિત્યશક્તિના આદરભાવથી ઉત્પન્ન થયેલો પૂજ્યભાવ છે. તેઓ એક વાસ્તવિક ઋષિ તથા સત્ય કવીશ્વર છે અને તેથી જે વખતે પ્રથમ તેમને દુઃખનો આઘાત થયો હતો અને તેના પરિણામે તેઓ બંગભૂમિને ત્યાગીને સર્વથા દેશાન્તરનિવાસી થયા હતા તે વખતે મેં તેમને જે નમસ્કાર કર્યો હતો તે જ નમસ્કારની અત્યારે પણ હું પુનરાવૃત્તિ કરું છું. *"

એ ઉપરાંત મહાશય દાસ વિગેરેના અરવિન્દ ઘોષના સંબંધમાં કેવા પૂજ્ય ભાવો છે એ તો પ્રસ્તુત મહર્ષિ અરવિન્દ ઘોષના કિંચિત્ પરિચયના પ્રારંભમાં જ દર્શાવેલા છે એટલે તેમના તે ભાવોની ફરીથી કિંવા પુનરુક્તિ કરવાની આવશ્યકતા નથી. કવીશ્વર રવીન્દ્રનાથ ટાગોરનું જીવન એક ઋષિ સમાન છે અને એ ઋષિ કવિએ જ જ્યારે અરવિન્દ

* "My acquaintance with the literature of our contemporary politics being casual and desultory, I do not, even to this day (30-11-1919) definitely know what is the political standpoint of Aurobindo Ghosh. But this I positively know that he is a great man, one of the greatest we have and therefore liable to be misunderstood even by his friends. What I myself feel for him is not mere admiration but reverence for his depth of spirituality, his largeness of vision and his literary gifts, extraordinary in imaginative insight and expression. He is a true Rishi and a Poet combined and I still repeat my Namaskar which I offered to him when he was first assailed by the trouble which ultimately made him an exile from the soil of Bengal."

"Modern Review" January, 1920.

ધર્મભૂમિ ને વીરભૂમિ આ ભારતનું જાગરવા માન;
વીરધારી ઉઠો વીર નરનારી ભારતનાં સન્તાન;
ઉન્નતિમાટે અંગ વધારી કરો ભેદપર શરસંધાન:
અહીં મેળવો યશઃ કીર્તિ ને અમરલોકમાં મુક્તિવિધાન.


અહમદાબાદ (અમદાવાદ)
વિક્રમાબ્દ ૧૯૭૮, માર્ગશીર્ષ,
કૃષ્ણપંચમી, તા. ૧૯ મી
ડિસેમ્બર ૧૯૨૧ સોમવાર.

ઠક્કુર નારાયણ



શ્રી

અરવિન્દ વિચારમાળા



પ્રથમ પુષ્પ—ધર્મવિચાર



પ્રથમ દલ—ગીતાની ભૂમિકા

ॐ तत्सत्परमात्मने नमः

ગીતાની ભૂમિકા

પ્રથમ કલ્પ

પ્રસ્તાવના

વિશ્વમાં જો કોઇ પણ શ્રેષ્ઠતમ ધર્મગ્રંથ હોય, તો તે કેવળ શ્રીમદ્ ભગવદ્ગીતા જ છે ગીતામાં સંક્ષિપ્ત સ્વરૂપમાં જે જ્ઞાનનું વ્યાખ્યાન કરાયલું છે, તે જ જ્ઞાન ચરમ અથવા અંતિમ અને ગુહ્યતમ છે, ગીતામાં જે ધર્મનીતિનો પ્રચાર કરાયલો છે તે જ ધર્મનીતિમાં અન્ય સર્વ ધર્મનીતિઓનો સમાવેશ થયેલો છે એટલે કે અન્ય સર્વ ધર્મનીતિઓ એ ધર્મનીતિમાં જ પ્રતિષ્ઠિત થયેલી છે અને ગીતામાં જે કર્મમાર્ગ દર્શાવવામાં આવ્યો છે તે જ કર્મમાર્ગ ઉન્નતિમુખી જગતનો સનાતન માર્ગ છે

ગીતા અમૂલ્યરત્નપ્રદ સમુદ્ર સમાન હોવાથી [illegible] પર્યન્ત એ સમુદ્રના નિમ્ન સ્તરમાં વારંવાર ડૂબકીઓ મારવા છતાં પણ તેની ગહનતા અથવા તેના ઉંડાણનું અનુમાન કરી શકાતું નથી અને તેનો તલપ્રદેશ જોવામાં આવી શકતો નથી. આપણે સો વર્ષ પર્યન્ત શોધતા અથવા ખોળતા રહીએ તો પણ તે અનન્ત રત્નભાંડારમાંના ધનના કણ મા [illegible] પણ ભાગ્યે જ પ્રાપ્ત કરી શકીએ કદાચિત્; એટલે કે, એ રત્નભાંડારના [illegible]

એક રીતે જોતાં તે ભગવાન્ કૃષ્ણ રૂપે પ્રગટેલા ભગવાનને શ્રી કૃષ્ણ ઓળખીને ઉપદેશ કર્યો હતો તેને તો વેદના ઋષિઓને 'ફુગ્ગોનું અને મુક્તિનિમિત્ત જાગનારું' કહેવામાં આવ્યું છે.' પરંતુ આથી એને ખાંડણીઆમાં ખાંડવામાં આવ્યાં છે. ભક્તજગતમાં દીન સ્થાન જેટલા પરિમાણમાં સનાતનને આપવામાં આવે છે, જેટલે કે, જેટલા પરિમાણમાં તેની અનિવાર્ય કનાનો અસ્વીકાર કરવામાં આવે છે, તેટલા જ પરિમાણમાં ગીતાની ગંભીરતા, કર્મ રીતેના જ્ઞાનમાં થનારી તેની ઉપયોગિતા અને તેમાં રહેલી ઉચ્ચ માનવજાતિની ઉન્નતિકારિણી શિક્ષા ન્યૂન તથા નષ્ટ થઈ જાય છે. એ કોઈ પણ જાણી શકે તેમ છે. કુરુક્ષેત્રનું યુદ્ધ તે ગીતાશિક્ષાની કેવળ ફ્રેમ નથી, કિન્તુ ગીતામાં અપાયેલી શિક્ષાનું મૂળ કારણ તેમ જ ગીતાનિર્દિષ્ટ ધર્મના સંપાદન અથવા ઉપાર્જનનું શ્રેષ્ઠતમ ક્ષેત્ર છે. એટલામાટે જો કુરુક્ષેત્રના યુદ્ધના કાલ્પનિક અર્થને જ સ્વીકારી લેવામાં આવે, તો ગીતાનો ધર્મ તે વીરનો ધર્મ તથા સંસારનો આચરણીય ધર્મ ન થતાં સંસારમાટે સર્વથા અનુપયોગી તથા નિરર્થક શાન્ત સંન્યાસધર્મમાં પરિણત થઈ જાય, એ સર્વથા સ્વાભાવિક છે; અને જો એમ થાય, તો ગીતાની અત્યારે જે મહત્તા છે તે તો અવિચળ ન જ રહી શકે એ સ્પષ્ટ છે

ગીતાના વક્તા શ્રી કૃષ્ણ છે અને શાસ્ત્રોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરાયેલો છે કે શ્રી કૃષ્ણ તે ભગવાન્ પોતે જ છે. ગીતામાં શ્રી કૃષ્ણે પોતે પણ પોતાને ભગવાન્ તરીકે જ ઓળખાવેલા છે. ગીતાના ચતુર્થ અધ્યાયમાં અવતારવાદ તથા દશમ અધ્યાયમાં વિભૂતિવાદનું અવલંબન કરીને ભગવાન્ સર્વ ભૂતો-જીવો-ના દેહોમાં પ્રચ્છન્ન-ગુપ્ત-ભાવથી અધિષ્ઠિત થયેલા છે, અમુક વિશિષ્ટ જનોમાં એટલે કે વિશિષ્ટ પુરુષોમાં શક્તિવિકાસના યોગે કેટલાક પરિમાણમાં વ્યક્ત થયેલા છે અને શ્રી કૃષ્ણના દેહમાં પૂર્ણાંગે અવતીર્ણ થયેલા છે એટલે કે શ્રી કૃષ્ણ ઇશ્વરના સંપૂર્ણ અવતાર છે એવા પ્રકારના સ્પષ્ટ વિધાન કરાયેલાં છે. કેટલાક પુરુષોની

એવી માન્યતા જોવામાં આવે છે કે શ્રી કૃષ્ણ, અર્જુન અને કુરુક્ષેત્ર આદિ સર્વ રૂપક હોવાથી એ રૂપકને ત્યાગી દઇને જ ગીતામાં સમાયલી શિક્ષાને તારવી કાઢવાની આવશ્યકતા છે; તથાપિ આશ્ચર્યનો વિષય એ જ છે કે આવા આક્ષેપકો પોતે જ તેમનાં પોતાનાં માનેલાં એ રૂપકોને ત્યાગીને ગીતામાં સમાયલી શિક્ષાના અંશને જૂદો તારવી શકતા નથી; એટલે કે, તેમનાથી શ્રી કૃષ્ણ, અર્જુન તથા કુરુક્ષેત્ર આદિનો ત્યાગ કરી શકાતો નથી; કારણ કે, જો અવતારવાદ સત્ય હોય, તો પછી શ્રી કૃષ્ણનો અસ્વીકાર કેવી રીતે અને કેમ કરીને કરી શકાય વારૂ? એટલામાટે ગીતામાં સમાયલાં જ્ઞાન તથા શિક્ષણના પ્રચારક સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ અને સર્વવ્યાપક પરમાત્મા પરમેશ્વર પોતે જ છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ.

શ્રી કૃષ્ણ પરમેશ્વરના અવતાર હોવાથી માનવ દેહમાં અવતરીને મનુષ્યના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ધર્મને સ્વીકારી તદનુસાર લીલા કરી ગયા છે. તેમની એ લીલાની દસ્ય તથા અદસ્ય અથવા પ્રકાસ્ય તથા ગૂઢ શિક્ષાને આપણે આપણા અધિકારમાં લાવી શકીએ, તો એ વિશ્વવ્યાપિની લીલાનાં અર્થ, ઉદ્દેશ તથા પ્રણાલી આદિ પોતાની મેળે જ આપણા જાણવામાં આવી શકે તેમ છે. પૂર્ણ જ્ઞાનપ્રવર્તિત કર્મ એ લીલાનું પ્રધાન અંગ છે અને તે કર્મના મધ્યમાં તથા એ લીલાના મૂળમાં કયું જ્ઞાન સમાયલું હતું, એનો જ ગીતામાં પ્રકાશ કરાયલો છે.

મહાભારતના શ્રી કૃષ્ણ કર્મવીર, મહાયોગી, મહાસંસારી, સામ્રાજ્યસ્થાપક, રાજનીતિજ્ઞ તથા યોદ્ધા હતા અને ક્ષત્રિયદેહમાં બ્રહ્મજ્ઞાની હતા. તેમના જીવનમાં મહાશક્તિનો અનુલનીય વિકાસ અને તેમની રહસ્યમયી ક્રીડા દૃષ્ટિગોચર થયા કરે છે અને તે રહસ્યની જે વ્યાખ્યા છે તેનું જ નામ ગીતા છે.

શ્રી કૃષ્ણ જગત્પ્રભુ તથા વિશ્વવ્યાપક વાસુદેવ હોવાથી તેમણે

પોતાના અભિમાનને ગુપ્ત રાખીને તથા પિતા, પુત્ર, ભ્રાતા, પતિ, સખા, મિત્ર અને શત્રુ ઇત્યાદિ સંબંધોને મનુષ્યો સાથે સ્થાપીને પોતાની લીલા કરેલી છે. શ્રી કૃષ્ણના જીવનમાં આખું જ્ઞાનનું જે શ્રેષ્ઠતમ રહસ્ય અને ભક્તિમાર્ગનું ઉત્તમ શિક્ષણ ગૂઢ ભાવથી ભરેલું છે, તેનું તત્ત્વ પણ ગીતામાં અપાયેલા ઉપદેશમાં જ સમાયેલું છે.

કલ્પકલ્પમાં અથવા તો યુગયુગમાં ભગવાન પૂર્ણાંશ રૂપથી અવતાર ધારે છે, એવો નિયમ હોવાથી શ્રી કૃષ્ણ ભગવાને પણ દ્વાપર તથા કલિયુગના સંધિકાળમાં જ અવતાર ધારેલો છે. કલિયુગ ચારે યુગમાં જેટલો સર્વથી અધમ છે તેટલો જ સર્વથી શ્રેષ્ઠ યુગ પણ છે; કારણ કે, એ યુગના એટલે કે માનવજાતિની ઉન્નતિના પ્રધાન શત્રુ અને પાપપ્રવર્તક કલિના રાજ્યકાળમાં જો કે માનવજાતિની અત્યન્ત અવનતિ તથા અધોગતિ થઇ જાય છે; તથાપિ એથી એટલો લાભ તો અવશ્ય થાય છે કે જેવી રીતે વિઘ્નો કિંવા બાધાઓ સાથે યુદ્ધ કરતાં કરતાં શક્તિની વૃદ્ધિ થતી જાય છે અને જીર્ણતાનો ધ્વંસ થતાં નવીનતાનો ઉદ્ભવ થતો દેખાય છે; તેવો જ પ્રકાર અને તેવો જ નિયમ કલિયુગમાં પણ દૃષ્ટિગોચર થાય છે; એટલે કે, વિશ્વના ક્રમવિકાસના યોગે જે અશુભતર અંશોનો વિનાશ થતો જાય છે, તે અશુભતર અંશો કલિયુગમાં અતિવિકાસના પરિણામે સર્વથા નષ્ટ થઇ જાય છે એટલે તેમના ખાલી પડેલા સ્થાનમાં શુભતર અંશોનાં બીજ રોપાય છે, અંકુરિત થાય છે અને ત્યાર પછી સત્યયુગમાં વૃક્ષના રૂપમાં પરિણત થઈ જાય છે. જેવી રીતે જ્યોતિર્વિદ્યાના નિયમ અનુસાર એક ગ્રહની દશામાં સર્વ ગ્રહોની અન્તર્દશાનો ભોગ આવી પડે છે, તેવી જ રીતે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચારે યુગો પોત પોતાની અન્તર્દશાને ક્રમાનુસાર વારંવાર ભોગવતા હોય છે. આવા પ્રકારની ચક્રગતિના કારણથી કલિયુગની સત્તાના સમયમાં એક વાર ઉન્નતિ થાય છે તો વળી પાછી ઘોર અધોગતિ થઇ જાય છે અને ઘોર અવનતિ અચાનક ઉન્નતિના રૂપમાં ફેરવાઈ જતાં તે

ઉન્નતિના યોગે સાક્ષાત્ ભગવાનના દર્શન તથા સાક્ષાત્કારનો અલભ્ય યોગ પણ આવી મળે છે. દ્વાપર અને કલિયુગના સંધિકાળમાં ભગવાને અવતાર ધારીને અશુભનો અતિવિકાસ, અશુભનો નાશ, શુભના બીજનું આરોપણ અને અંકુરનો વિકાસ કરવામાટે અનુકૂલ થઇ પડે તેવી પરિસ્થિતિની વ્યવસ્થા કર્યા પછી કલિયુગનો આરંભ થયેલો છે. શ્રી કૃષ્ણ સત્યયુગને લાવવામાટે ઉપયુક્ત થનારાં ગુહ્ય જ્ઞાન તથા કર્મપ્રણાલીને ગીતારૂપ ભંડારમાં રાખી ગયા છે અને તેથી કલિયુગની સત્ય અંતર્દશાના આગમનકાળમાં ગીતાધર્મના વિશ્વ-વ્યાપક પ્રચારની અત્યંત આવશ્યકતા છે, એનો તો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ છે જ નહિ; અને અત્યારે કલિયુગની સત્ય અન્તર્દશાનો સમય વર્તમાન હોવાથી એ ગીતાનો, કેવળ જ્ઞાની, અને પંડિતો જ નહિ, કિન્તુ સર્વ જાતિનાં અને સર્વ સ્થિતિનાં મનુષ્યો સમભાવથી આદર કરવા લાગ્યાં છે; માત્ર એટલું જ નહિ, પરંતુ જે દેશના લોકો સનાતન આર્ય ધર્મના અનુયાયી નથી તેવા વિધર્મિયોના દેશોમાં પણ ગીતાના આદરસત્કારયુક્ત પ્રચારનો આરંભ થઇ ગયો છે.

આ સર્વ કારણોથી વક્તા શ્રી કૃષ્ણથી તેમના ગીતારૂપ વાક્યને ભિન્ન કિંવા વિભક્ત કરી શકાય તેમ છે જ નહિ. શ્રી કૃષ્ણ ગીતામાં ગુપ્ત રહેલા હોવાથી ગીતા શ્રી કૃષ્ણની વાઙ્મયી મૂર્ત્તિ છે, એમ કહેવામાં અતિશયોક્તિનો લેશ માત્ર પણ સંભવ નથી.

પાત્ર

ગીતામાં ઉપદેશાયલા જ્ઞાનનું પાત્ર પાંડવશ્રેષ્ઠ મહાવીર ઇન્દ્રનન્દન અર્જુન છે. જેવી રીતે ગીતાથી તેના વક્તાને વિભક્ત કરતાં ગીતાના ઉદ્દેશ તથા નિગૂઢ અર્થના ઉદ્ધારનું કાર્ય કઠિન થવાનો સંભવ છે; તેવી જ રીતે ગીતાના પાત્રને કાઢી નાખવાથી પણ ગીતાના અર્થની

...નિ થવાની સંભાવના છે. એ સદા સર્વદા સ્મરણમાં રાખવા ...મ વિષય છે.

અર્જુન શ્રી કૃષ્ણનો સખા હતો. જેઓ શ્રી કૃષ્ણના સમ-સામયિક એટલે કે સમકાલિક હતા અને એક જ કર્મક્ષેત્રમાં અવતરેલા હતા, તેમણે માનવદેહધારી પુરુષોત્તમ સાથે પોતપોતાના અધિકાર અને પૂર્વકર્મના ભેદ અનુસાર નાના પ્રકારના સંબંધો સ્થાપ્યા હતા. ઉદ્ધવ શ્રી કૃષ્ણનો ભક્ત હતો, સાત્યકિ તેમનો અનુગત સહચર તથા અનુચર હતો અને રાજા યુધિષ્ઠિર તેમની મંત્રણાથી ચાલનો આત્મીય તથા બન્ધુ હતો; કિન્તુ એમનામાંની કોઇ પણ વ્યક્તિ શ્રી કૃષ્ણ સાથે અર્જુન સમાન ઘનિષ્ઠતમ સંબંધને સ્થાપી શકી નહોતી. સમવયસ્ક પુરુષોનો જેટલા પરિમાણમાં પરસ્પર મધુરતમ તથા નિકટતમ સંબંધ થઈ શકે છે; તેટલા પરિમાણમા શ્રી કૃષ્ણ તથા અર્જુનનો પરસ્પ... મધુરતમ તથા નિકટતમ સબંધ વિદ્યમાન હતો. અર્જુન શ્રી કૃષ્ણ... ભ્રાતા હતો, સખા હતો અને તેમની પ્રાણપ્રતિમ ભગિની સુભદ્રા... સ્વામી હતો. ગીતાના ચતુર્થ અધ્યાયમાં ભગવાન્ શ્રી કૃષ્ણે અર્જુ... ગીતાના પરમ રહસ્યના શ્રવણના પાત્ર તરીકે દર્શાવતાં પોતાના એ... સ્પર ઘનિષ્ઠ સંબંધનું પણ દર્શન કરાવ્યુ છે અને તે આ પ્રમાણે:—

"स एवाऽयं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम्॥"

"આ પુરાતન, ઉત્તમ અને ગુહ્ય યોગનો મે આજે તારા સમક્ષ એટલામાટે જ પ્રકાશ કર્યો છે કે તુ મારો ભક્ત અને સખા—મિત્ર-છે. જો જગત્‌નું કોઇ પણ ગુહ્ય તથા પરમ રહસ્ય હોય તો તે એ ...મ જ છે"

એ જ પ્રમાણે ગીતાના અષ્ટાદશ અધ્યાયમાં ગીતાના કેન્દ્રરૂપ ...ના મહામંત્રને વ્યક્ત કરતી વેળાએ શ્રી કૃષ્ણના મુખથી એ જ

ક્ષેપની પુનરુક્તિ થયેલી છે અને તે આવી રીતેઃ—

"सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥"

"હવે તું મારા સર્વથી ગુહ્યતમ તથા પરમ વચનને સાંભળી લે; કારણ કે, તું મને અત્યન્ત પ્રિય છે અને તેથી જ તારા સમક્ષ મારે એ શ્રેષ્ઠ માર્ગનો પ્રકાશ કરવાનો છે."

ઉપર આપેલા બન્ને શ્લોકોનું તાત્પર્ય શ્રુતિને અનુકૂલ છે; કારણ કે, 'કઠોપનિષદ' માં કહેવાયલું છે કેઃ—

"नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य
स्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥"

"એ પરમાત્મા દાર્શનિકોની વ્યાખ્યાદ્વારા નથી મળતો, મેધાશક્તિદ્વારા પણ નથી મળતો અને શાસ્ત્રોના વિશાળ જ્ઞાનદ્વારા પણ નથી મળતો; કિન્તુ પરમેશ્વર જેના પર પ્રસન્ન થાય છે તેને જ પરમાત્માની પ્રાપ્તિ થઇ શકે છે અને તેના સમક્ષ જ પરમાત્મા પોતાના શરીરનો પ્રકાશ કરે છે." એટલામાટે જે ભગવાન્ સાથે સખ્ય અથવા મૈત્રી આદિ મધુર સમ્બધને સ્થાપવા સમર્થ થયો હતો, તે અર્જુન જ જો ગીતામાં વ્યક્ત કરાયલા જ્ઞાનના ઉત્તમ પાત્ર તરીકે સ્વીકારાયો હોય, તો તે સર્વથા સ્વભાવિક જ છે.

આમાં વળી જે એક બીજી અત્યંત પ્રયોજનીય કથા ગુપ્ત રહેલી છે, તે એ કે, ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુન એકશરીરધારી હોવાં છતાં તેને ભક્ત તથા સખા એવાં સંબોધનોવડે સંબોધેલો છે અને તેનું કારણ એ છે કે ભક્તો નાનાવિધ હોવાથી કોઇને પણ 'ભક્ત'

સંબોધનથી બોલાવતાં સ્વાભાવિક જ ગુરુ તથા શિષ્યના સંબંધનું સ્મરણ થઈ આવે છે; અર્થાત્ ભક્તની ભક્તિના મૂળમાં પ્રેમ તો હોય છે જ, છતાં પણ સાધારણતઃ આરાધના, સન્માન અને અંધ-ભક્તિ અથવા અંધશ્રદ્ધા એનું વિશિષ્ટ લક્ષણ છે અને તેથી ભક્ત તથા સખા વચ્ચે મહદ્ અંતરાય રહેલો છે. જેઓ સખા અથવા મિત્ર હોય છે તેઓ એક બીજાનું સન્માન કરતા નથી, પરસ્પર ક્રીડાકૌતુક, આમોદ અને સ્નેહસંભાષણ કરતા રહે છે; ક્રીડામાટે તેઓ એક બીજાનો ઉપહાસ કરે છે અને ક્વચિત્ મારા પણ ખાઈ છે; માત્ર એટલું જ નહિ, પણ કોઈ વેળા તમાચામાચી અને ટીખ-બાજી પણ કરી બેસે છે; સારાંશ કે, એક સખા સદાસર્વકાળ પોતાના સખાનો દબાયેલો હોતો નથી. એક સખાની દાનગરિમા તથા કપટ-હીન વિનીતતાથી મુગ્ધ થઈને અન્ય મિત્ર કદાચિત્ તેના ઉપદેશ અનુસાર ચાલતો હોય, તો પણ ભક્ત પ્રમાણે તે અંધભાવથી નથી ચાલતો, કિન્તુ તેની સાથે તર્કવિતર્ક કરે છે, કરે પોતાના મતા અનુસાર ... કદાચિત્ છે અને કેટલીક વાર તેના વાદો પ્રબળ પ્રતિવાદ પણ કરે છે. ભયનો ત્યાગ એ મૈત્રીસંબંધની પ્રથમ ક્રિયા છે અને સન્માનના બાહ્ય આડંબરનું વિસર્જન એ તેની દ્વિતીય ક્રિયા છે; તેમ જ મૈત્રી-સંબંધની પ્રથમ તથા અંતિમ કથા એક માત્ર પ્રેમમાં જ સમાઈ જાય છે. સારાંશ કે, જે કોઈ પણ જગત્ પ્રિય સમાજને માધુર્યમય, રસમય, પ્રેમમય તથા આનંદમય ક્રીડા ભગીરે ભગવાનને ક્રીડાના સહચર રૂપે સ્વીકારી મૈત્રીના સંબંધથી બાંધી લે છે તે જ ગીતામાં પ્રશંસિત થયેલ જ્ઞાનને પાત્ર થઈ શકે છે. એ નિર્વિકાર છે. જે ભગવાનનું મહિમા, પ્રભુત્વ, ઐશ્વર્ય તથા ઔદાર્યને પણ હૃદયંગમ કરી લે છે, એટલે કે, તેનાથી અભિભૂત ન થતાં તેની સાથે નિર્ભયતા તથા હસિત મુખથી રમતો રહે છે, તે જ ગીતામાં વર્ણવેલ જ્ઞાનને પાત્ર થાય છે. ... છે જ નહિ. ... મૈત્રી-સંબંધમાં ક્રીડાનું ... સર્વ ...

સખાસંબંધ

સંબંધો અંતર્ભુક્ત થઇ શકે છે. જો વચ્ચે ગુરુશિષ્યસંબંધની પ્રતિષ્ઠા થાય, તો તે અતિશય મધુર થઇ પડે છે અને તેટલામાટે જ અર્જુને ગીતાના પ્રારંભમાં શ્રી કૃષ્ણ સાથે એ ગુરુશિષ્યના મધુર સંબંધની જ સ્થાપના કરેલી છે; એટલે કે, અર્જુને શ્રી કૃષ્ણને સંબોધીને કહેલું છે કે: "હે કૃષ્ણ, આપ મારા પરમ હિતૈષી બન્ધુ હોવાથી હું આપના વિના અન્ય કોના શરણને સ્વીકારું વારુ? કારણ કે, મારી બુદ્ધિ હણાઇ ગઇ છે, કર્તવ્યના ભયથી હું ભીત થયેલો છું; કર્તવ્યના સંબંધમાં મારા વિચારો સંદિગ્ધ રહ્યા કરે છે અને મારા અંતઃકરણમાં તીવ્ર શોક વ્યાપી રહ્યો છે. આપ મારી રક્ષા કરો, મને યોગ્ય ઉપદેશ આપો અને મને યોગ્ય માર્ગ દર્શાવો; કારણ કે, મારા ઐહિક તથા પારલૌકિક કલ્યાણનો સમસ્ત ભાર મેં આપના શિર-પર જ મુકી દીધો છે એટલે હવે મારા કલ્યાણની વ્યવસ્થા આપે જ કરવાની છે." અર્જુન આવા ભાવને હૃદયમાં ધારીને સમસ્ત માનવજાતિના સખા અને સહાયક શ્રી કૃષ્ણ સમક્ષ જ્ઞાનને મેળવવાની આકાંક્ષાથી આવ્યો હતો. આમાં કેટલેક અંશે માતૃસંબંધ અથવા વાત્સલ્યભાવનો પણ સમાવેશ થયેલો દેખાય છે; કારણ કે, વિશ્વનો એક એવો નિયમ જ છે કે જે વયમાં જ્યેષ્ઠ તથા જ્ઞાનમાં શ્રેષ્ઠ હોય છે તે પોતાથી વયમાં અલ્પ તથા અલ્પવિદ્ય સખાનું માતા સમાન કલ્યાણ ઇચ્છે છે, તેની રક્ષા કરે છે, તેનું યત્નપૂર્વક લાલનપાલન કરે છે અને તેને સદાસર્વદા પોતાના અંક-ખોળા-માં રાખીને વિપત્તિ તથા અજ્ઞાનથી તેનું પરિત્રાણ કર્યા કરે છે, અર્થાત્ જેણે શ્રી કૃષ્ણ સાથે સખા તરીકેનો સંબંધ બાંધેલો હતો, તે અર્જુન સમક્ષ શ્રી કૃષ્ણે પોતાના માતૃભાવનો પણ પ્રકાશ કર્યો હતો. વળી સખ્ય અથવા મૈત્રીમાં જેવી રીતે માતૃપ્રેમની ભાવના રહેલી હોય છે તેવી રીતે તેમાં દામ્પત્ય પ્રેમની તીવ્રતા તથા ઉત્કટ આનંદનો પણ નિવ[illegible] હોય છે. એક મિત્ર પોતાના અન્ય મિત્રના સાંનિધ્ય અથવા [illegible] [illegible] કહે છે, તેના [illegible] અથવા [illegible]

થઈ જાય છે, તેના શરીરના સ્પર્શથી પુલકિત થાય છે અને તેના માટે જો પોતાના પ્રાણોનું પણ વિસર્જન કરવું પડે, તો પ્રાણવિસર્જનમાં પણ તેને આનન્દનો જ સાક્ષાત્કાર થયા કરે છે. મૈત્રીની ક્રીડામાં જો દાસ્યસંબંધ અથવા દાસ્યભાવ પણ આવીને સમાવિષ્ટ થઇ જાય, તો તેથી વળી મૈત્રીસંબંધ વિશેષ મધુર થઇ જાય છે અને એટલામાટે જ કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ જેટલા પરિમાણમાં પુરુષોત્તમ સાથે મધુર સબંધ સાંધી શકે છે તેટલા વિશેષ પરિમાણમાં તેનો મૈત્રીભાવ અથવા સખ્યભાવ પ્રસ્ફુટિત થાય છે; એટલે કે, તેટલા વિશેષ પરિમાણમાં ગીતામાં વર્ણાયલા જ્ઞાનનું પાત્રત્વ તેનામાં આવી શકે છે.

કૃષ્ણનો મિત્ર અર્જુન મહાભારતના પ્રધાન કર્મી છે અને ગીતામાં કર્મયોગનું શિક્ષણ જ સર્વથી પ્રધાન શિક્ષણ છે, એ નવીનતાથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ. જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ઇશ્વરપ્રાપ્તિના ત્રણ માર્ગો લેશ માત્ર પણ પરસ્પર વિરોધી નથી, કારણ કે, કર્મમાર્ગમાં જ્ઞાનપ્રવર્તિત કર્મદ્વારે ભક્તિથી પ્રાપ્ત થયેલી શક્તિનો ઉપયોગ અથવા પ્રયોગ કરીને ભગવાનના ઉદ્દેશથી ભગવાન્ સાથે મળી જઇ તેના જ દેખાડેલાં એટલે કે તેની આજ્ઞા પ્રમાણેનાં કર્મ કરવાં, એ જ ગીતાના ઉપદેશ [illegible]

કરતાં તેમ જ કોઇ અહિંસાપરાયણ બ્રાહ્મણને પોતાના ઉપદેશને પાત્ર ન ગણતાં મહાપરાક્રમી, તેજસ્વી અને ક્ષત્રિય સુભટ અર્જુનને જ અતુલનીય જ્ઞાનલાભના ઉપર્યુક્ત પાત્ર તરીકે સ્વીકારી લીધો, તેનું કારણ પણ એ જ છે; કારણ કે, જે સંસારસમરાંગણમાં જય કિંવા પરાજયના પ્રસંગે અચલ અને એકરૂપ રહે છે તે પુરુષ જ આ ઉપદેશના ગૂઢતમ સ્તરમાં પ્રવેશવાને સમર્થ થઈ શકે છે. આ કારણથી જ એમ કહેવાયલું છે કે: "**નાઽયમાત્મા બલહીનેન લભ્યઃ**" જે પુરુષ મુમુક્ષા એટલે કે મુક્તિને મેળવવાની ઇચ્છા કરતાં ભગવાનને મેળવવાની આકાંક્ષાને જ પોતાના અંતઃકરણમાં વિશેષતાથી પોષે છે, તે જ પુરુષ ઇશ્વરસાક્ષાત્કારનો આસ્વાદ પામીને પોતાને નિત્યમુક્ત સ્વભાવવાન્ તરીકે ઓળખી શકે છે અને મુમુક્ષાને અજ્ઞાનના અંતિમ આશ્રય તરીકે ઓળખી તેને ત્યાગી દેવાને સમર્થ થાય છે. જે પુરુષ તામસ તથા રાજસ અહંકારને ત્યાગીને સાત્ત્વિક અહંકારમાં પણ બદ્ધ થવા નથી ઇચ્છતો, તે પુરુષ જ ગુણાતીત થઈ શકે છે. અર્જુને ક્ષાત્રધર્મને પાળવામાં રાજસ વૃત્તિની ચરિતાર્થતા કરી હતી અને તેવી જ રીતે સાત્ત્વિક આદર્શને સ્વીકારવામાં રજઃશક્તિને સત્ત્વમુખી કરી નાખી હતી એટલે એ પાત્ર જો ગીતામાં વર્ણવાયલા ઉપદેશનો ઉત્તમ આધાર થાય, તો તેમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે વારૂ?

અર્જુન તેના સમકાલિક મહાપુરુષોમાં કાંઈ સર્વથી શ્રેષ્ઠ પુરુષ ન હોતો; કારણ કે, આધ્યાત્મિક જ્ઞાનના વિષયમાં શ્રી વ્યાસજી તેનાથી શ્રેષ્ઠ હતા; તે યુગના સર્વ પ્રકારના સાંસારિક જ્ઞાનના વિષયમાં પિતામહ ભીષ્મ જેવી શ્રેષ્ઠતા અન્ય કોઇ પણ પુરુષની નહોતી; જ્ઞાનતૃષ્ણાના વિષયમાં રાજા ધૃતરાષ્ટ્ર તથા વિદુરજી સર્વશ્રેષ્ઠ હતા; ભક્તિના વિષયમાં ઉદ્ધવ તથા અક્રૂરની શ્રેષ્ઠતા અદ્વિતીય હતી; સાધુતા તથા સાત્ત્વિક ગુણના વિષયમાં ધર્મરાજ યુધિષ્ઠિર સર્વથી શ્રેષ્ઠ હતા અને સ્વાભાવિક શૌર્ય તથા પરાક્રમના વિષયમાં પાંડવોના જ્યેષ્ઠ ભ્રાતા અને મહારથી

કંઈની સ્વપ્ન. કિંવા સમાન ... તો અંશ અને કોઈ પણ ન
થી તે કાળમાં અસ્તિત્વ ધરાવતા જ નહોતા; ભલે પણ જગતમાં જ
અર્જુન પ્રતિ જ પોતાની પ્રગટતા કરી. અને તેના હસ્તમાં જ
અમર્ત્ય સ્વપ્ની તથા શાંતિ, ... આદિ દિવ્ય અંશો સમર્પિત
તેના હસ્તથી જ ભારતના સમસ્ત વિખ્યાત યોદ્ધાઓનો
નાશ કરાવી યુધિષ્ઠિરના નિષ્કંટક સામ્રાજ્યની અર્જુનના પરાક્રમથી
મૈત્રેયના દ્વારે સ્થાપના કરી દીધી; માત્ર એટલું જ નહિ, પણ
ગીતામાં વર્ણવાયેલા પરમ જ્ઞાનના પાત્ર તરીકે પણ અર્જુનને જ
ચૂંટી કાઢ્યો, એનું પણ કાંઈ કારણ તો હોવું જ જોઈએ. વળી
મહાભારતનો નાયક અને પ્રધાન કર્મવીર પણ અર્જુન છે અને તેથી
તે કાવ્યનો પ્રત્યેક અંશ તેની જ યશ પ્રતિની ઘોષણા કરી રહ્યો છે.
આ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ કિંવા મહાભારતના રચયિતા શ્રી વ્યાસજીનો
અન્યાય કે પક્ષપાત તો નથી જ, કારણ કે, એ ઉત્કર્ષમાં સંપૂર્ણ
શ્રદ્ધા રાખવાનું તથા આત્મસમર્પણનું જ એક પરિણામ કિંવા મધુર
ફળ છે, એ તત્કાળ આપણા જાણવામાં આવી શકે તેમ છે. અર્થાત્
જેણે પુરુષોત્તમ શ્રી કૃષ્ણમાં પરમ શ્રદ્ધા રાખી કોઈ પણ પ્રકારના
સ્વત્વને ન દર્શાવતાં પોતાના શુભ તથા અશુભ, મંગળ તથા અમંગળ
અને પુણ્ય તથા પાપ આદિનો સમસ્ત ભાર શ્રી કૃષ્ણને જ સમર્પી
દીધો હતો; પોતાના પ્રિય કર્મમાં આસક્તિ ન રાખતાં જે શ્રી કૃષ્ણની
આજ્ઞા અનુસાર કર્મ કરવાને તત્પર થયો હતો; જેણે પોતાની પ્રિય-
વૃત્તિઓની સાર્થકતા ન કરતાં શ્રી કૃષ્ણની પ્રેરેલી વૃત્તિઓને સ્વીકારી
લીધી હતી અને પોતાના પ્રચલિત ગુણોને આગ્રહ પૂર્વક વળગી ન
રહેતાં શ્રી કૃષ્ણના આપેલા ગુણ તથા તેની પ્રેરણાને તેના જ કાર્ય...
નિયુક્ત કર્યા હતા, તે શ્રદ્ધાવાન અને અહંકારરહિત કર્મયોગી...
પુરુષોત્તમ શ્રી કૃષ્ણના પ્રિયતમ સખા અને શક્તિના ઉત્તમ આ...
અર્જુન દ્વારા જો વિશ્વનું વિરાટ્ કાર્ય નિર્દોષ રૂપથી સં...
...સંપૂર્ણ થયું હોય તો તેમાં આશ્ચર્યનો અવકાશ છે જ ...

ઇસ્લામ ધર્મના પ્રવર્તક હજરત મહમ્મદ પયગંબર પણ એવા જ શ્રેષ્ઠ યોગીશ્વર હતા. અર્જુન પણ એવી જ રીતે આત્મસમર્પણના કાર્યમાં નિરંતર તત્પર રહ્યા કરતો હતો અને તેની એ તત્પરતા જ શ્રી કૃષ્ણની તેનાપરની પ્રસન્નતા તથા તેના માટેની શુભ ભાવનાનું મુખ્ય કારણ હતું, એ સર્વથા સ્પષ્ટ હોવાથી એના વિશેષ વિવરણની આવશ્યકતા નથી. સારાંશ કે, જે કોઇ પણ સંપૂર્ણ આત્મસમર્પણનો દૃઢ ઉદ્યોગ કરે છે, તે જ ગીતામાં વર્ણવાયલા જ્ઞાનનો ઉત્તમ અધિકારી થાય છે અને શ્રી કૃષ્ણ તેના ગુરુ તથા મિત્ર થઇને તેના આ લોક તથા પરલોકના સમસ્ત ભારને પોતાના શિરપર ધારી લે છે.

અવસ્થા અથવા પરિસ્થિતિ

મનુષ્યની પ્રત્યેક કૃતિ તથા ઉક્તિના ઉદ્દેશ તથા કારણને જાણવામાટે તે કાર્ય કઇ અને કેવી અવસ્થામાં કરાયલું છે તેમ જ તે ઉક્તિ કઇ અને કેવી પરિસ્થિતિમાં વ્યક્ત થયેલી છે, એ પ્રથમ જાણી લેવાની આવશ્યકતા છે. ત્યારે અહીં પ્રશ્ન એ થાય છે કે જ્યારે ગીતાનો પ્રકાશ થયો હતો તે વેળાયે અવસ્થા અથવા પરિસ્થિતિ કેવા પ્રકારની હતી? એનું ઉત્તર એ જ છે કે, કુરુક્ષેત્રના મહાયુદ્ધના આરંભકાળમાં જ્યારે શસ્ત્રપ્રયોગનો આરંભ થયો હતો–'**प्रवृत्ते शस्त्र-संपाते**–' તેજ વેળાયે ભગવાન્ શ્રી કૃષ્ણે ગીતાનો પ્રકાશ કર્યો હતો. ગીતાના પ્રકાશસમયની આવી વિલક્ષણ પરિસ્થિતિને જોઇને અનેક જનો આશ્ચર્યચકિત તથા સંશયશીલ થઇને પોતાનો એવો અભિપ્રાય દર્શાવે છે કે: 'આ અવશ્ય કવિની અસાવધાનતા કિંવા બુદ્ધિની વિકૃતિનું જ પરિણામ હોવું જોઇએ.' પરંતુ અમારો તો એવો જ દૃઢ નિશ્ચય છે કે તે સમય અને તે સ્થાનમાં, દેશ, કાળ તથા પાત્ર આદિનો વિચાર કરીને, અર્જુન જેવા ભાવાપન્ન અથવા શ્રદ્ધાળુ પાત્ર સમક્ષ શ્રી કૃષ્ણ ભગવાને ગીતોક્ત જ્ઞાનનો પ્રકાશ કરેલો છે અને કવિએ

યથાઘટિત ઘટના વર્ણવેલી હોવાથી એમાં કવિનો કાંઈ પણ હાથ છે જ નહિ.

કુરુક્ષેત્રના યુદ્ધનો આરંભકાળ તે જ ગીતાના પ્રકાશનો સમય છે. જેમણે પ્રબળ કર્મના પ્રવાહમાં પડીને પોતાના વીરત્વ તથા શક્તિ વિકાસની પરીક્ષા જ કરી નથી, તેઓ કદાપિ ગીતામાં વર્ણવાયલા જ્ઞાનના અધિકારી થઇ શકે તેમ નથી. એથી વિરુદ્ધ, જેમણે કોઈ કઠિન મહાવ્રતનો આરંભ કરેલો હોય છે કે જે મહાવ્રતમાં અનેક બાધાઓ, વિઘ્નો, શત્રુઓની વૃદ્ધિ તથા પરાજય આદિની આશંકા સ્વાભાવિક જ ઉત્પન્ન થાય છે અને એવા મહાવ્રતના આચરણથી જેમનામાં દિવ્ય શક્તિનો ઉદ્ભવ થયેલો હોય છે; તે વેળાએ તે મહાવ્રતની અવશિષ્ટ ઉદ્યાપના–પૂર્તિ–માટે અથવા તો ભગવાનના કાર્યની સિદ્ધિમાટે તે મહાવ્રતધારીઓ સમક્ષ આ જ્ઞાનનો પ્રકાશ થાય છે. ગીતા કર્મયોગગ્રંથ ભગવાનના સાક્ષાત્કારની ઘટનાનો પણ પોતાનામાં સમાવેશ કરી દે છે;—કારણ કે, શ્રદ્ધા તથા ભક્તિપૂર્ણ કર્મમાંથી જ જ્ઞાનનો જન્મ થાય છે, એટલામાટે ગીતામાં દર્શાવાયલા માર્ગનો પ્રવાસી પોતાના માર્ગને ત્યાગીને દૂરના શાન્તિમય આશ્રમમાં, પર્વતમાં કિંવા નિર્જન અરણ્યમાં પરમેશ્વરનો સાક્ષાત્કાર નથી કરતો; કિન્તુ પોતાના માર્ગના મધ્યભાગમાં અને કર્મના કોલાહલના મધ્યમાં જ તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યાં જ તે સ્વર્ગીય દીપ્તિ આવીને વિશ્વને પ્રકાશિત કરે છે અને પરમાત્માની મધુર તથા તેજોમયી વાણી તેના કર્ણકુહરમાં પ્રવેશ કરતી દેખાય છે.

આથી ઉપર જણાવ્યા પ્રમાણે ગીતાના પ્રકાશનું સ્થાન કુરુ-ક્ષેત્ર એટલે કે સમરાંગણ [illegible] અને તે સ્થળ ઉભય સૈન્યોના મધ્યમાં આવેલું હોવાથી ત્યાં [illegible] થતો હોય, તો તે સ્વાભાવિક જ છે. જેમાં બે [illegible] સારથી હોય છે અને આવા પ્રકારના કર્મમાં [illegible] થતા હોય છે, જેમને તે જ વેળાએ એટલે કે આવા કોઈ પણ [illegible] ઉત્પાદક સમયમાં કે જ્યારે કર્મયોગના કર્મ

અનુસાર તેમના અદૃષ્ટની ગતિ અ. ક્રિયાઓ કે ને ક્રિયામાં સંમિલિત થવાનો સંભવ હોય છે, તેવા સમયમાં જ અકસ્માત્ અને અજ્ઞાનતઃ તેમના યોગની સિદ્ધિ સાથે તેમને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; કારણ કે, તેમનું જ્ઞાન કર્મને અટકાવનારું હોતું નથી, કિન્તુ કર્મ સાથે સંબંધ મળી ગયેલું હોય છે. એ વાતો પણ સત્ય જ છે કે નિર્જન સ્થાનમાં નિવાસ કરીને ધ્યાનમગ્ન થવાથી પોતાના આત્માનો જ્ઞાન સાથે સંયોગ થાય છે અને તેથી જ બુદ્ધિમાન પુરુષો અરણ્યનિવાસને વિશેષ પરિમાણમાં ઇચ્છે છે; કિન્તુ ગીતામાં ઉપદેશાયેલા યોગમાર્ગના પ્રવાસીઓ મન, પ્રાણ તથા દેહરૂપ આધારને એવા ભાવ સહિત વિભક્ત કરી દે છે કે તેના યોગે તેઓ જનતામાં નિર્જનતા, કોલાહલમાં શાંતિ તથા ઘોર કર્મપ્રવૃત્તિમાં અત્યન્ત નિવૃત્તિનો ઉપભોગ અથવા સાક્ષાત્કાર કરી શકે છે. તેઓ આભ્યંતરને બાહ્ય દ્વારા નિયંત્રિત કરતા નથી, કિન્તુ બાહ્ય વસ્તુને આભ્યંતર વસ્તુદ્વારા જ નિયંત્રિત કરે છે. સાધારણ યોગી સંસારથી ભિપ્રભીત થઈ જાય છે અને તેથી સંસારમાંથી પલાયન કરી નિર્જન સ્થાનમાંના યોગાશ્રમનો આશ્રય લઇ ત્યાં જ પોતાના સ્વીકારેલા યોગમાં પ્રવૃત્ત થાય છે; પરંતુ કર્મયોગીના યોગનો આશ્રમ આ સસાર હોવાથી તે સંસારને ત્યાગીને અન્યત્ર ક્યાં જાય વારુ ? સાધારણ યોગી બાહ્ય શાન્તિ તથા નીરવતાનો અભિલાષ રાખે છે અને તેની બાહ્ય શાન્તિના ભંગથી તેના તપનો ભંગ થઇ જાય છે; પરંતુ કર્મયોગી અંતરમાં વિશાળ શાન્તિ તથા નીરવતાનો ઉપભોગ કરતો હોય છે, બાહ્ય કોલાહલના યોગે તેની એ અવસ્થા વળી વિશેષ ગંભીર થાય છે અને બાહ્ય તપોભંગથી તેના સ્થિર આંતરિક તપનો ભંગ થતો નથી; કિન્તુ તેનું તપ અવિચલ જ રહે છે. કેટલાક લોકો એવી શંકા દર્શાવે છે કે, ‘યુદ્ધમાટે ઉદ્યુક્ત થયેલી સેનાઓના મધ્યભાગમાં શ્રી કૃષ્ણ તથા અર્જુનનો આવા પ્રકારનો તાત્ત્વિક સંવાદ કેવી રીતે સંભવી શકે વારુ ?’ એના ઉત્તરમાં જે કહેવાનું છે તે એ જ કે, યોગના પ્રભાવથી

જે અસંભવનીય ઘટના પણ સંભવનીય થઇ જાય છે; અર્થાત્ એ યોગના જાગ્રત યુદ્ધના કોલાહલના મધ્યમાં હોવા છતાં શ્રી કૃષ્ણ તથા અર્જુનના આંતરિક તથા બાહ્ય પ્રદેશમાં અખંડ શાન્તિ વિરાજી રહી હતી અને તેથી યુદ્ધનો કોલાહલ તે ઉભય જનોને સ્પર્શ કરી શક્યો નહોતો. આમાં કર્મમાર્ગમાં ઉપયોગિની થઇ પડે તેવી એક શિક્ષાનો સમાવેશ થયેલો છે અને તે એ કે જેઓ ગીતામાં ઉપદેશેલા યોગનું અનુશીલન કરે છે, તેઓ શ્રેષ્ઠ કર્મી હોવાથી કર્મને આસક્ત હોતા નથી એટલે કે કર્મના મધ્યમાં જ આત્માના આભ્યન્તર આહ્વાનને સાંભળીને તેઓ કર્મથી વિરક્ત થઇ યોગમગ્ન તપસ્યામગ્ન થઇ જાય છે. તેઓ એ તત્ત્વને સારી રીતે જાણતા હોય છે કે: 'કર્મ ભગવાનનું છે, ફળ ભગવાનનું છે, આપણે મન્ત્ર સમાન છીએ અને તેથી ફળમાં આપણો કશો પણ અધિકાર નથી.' આવા પ્રકારના જ્ઞાનથી તેઓ કર્મના ફળને મેળવવામાટેની ઉત્કંઠાને કદાપિ પોતાના હૃદયમાં સ્થાન આપતા જ નથી. વળી તેઓ એ રહસ્યને પણ જાણે છે કે, કર્મયોગની સુવિધામાટે, કર્મની ઉન્નતિમાટે અને જ્ઞાન તથા શક્તિની વૃદ્ધિમાટે જ તે આહ્વાન થાય છે અને તેથી તેઓ કર્મથી વિરક્ત થતાં જરા પણ ડરતા નથી; કારણ કે, તપસ્યામાં વીતાવેલો સમય કદાપિ વ્યર્થ જતો નથી, એવો તેમનો દૃઢ નિશ્ચય થયેલો હોય છે.

પાર્થના ભાવ કર્મયોગીના જેવા નહિ હોવા છતાં જ થઇ પડે છે. વિશ્વસમસ્યા, સુખદુઃખસમસ્યા અને પાપ તથા પુણ્ય આદિની સમસ્યાથી વ્યાકુલ થઇને અનેક જનો સંસારમાંથી પલાયન કરી જવાને જ શ્રેયસ્કર માની નિવૃત્તિ, વૈરાગ્ય તથા કર્મત્યાગની જ પ્રશંસા કરતા રહે છે. બુદ્ધદેવે જગતને અનિત્ય તથા દુઃખમય દર્શાવીને નિર્વાણની પ્રાપ્તિનો માર્ગ દર્શાવેલો છે. જેરનુ કાર્ટર અને મહાત્મા ટોલ્સ્ટોય ઇત્યાદિ પુરુષો માનવ જાતિની સનાતનોપાદિષ્ટ વિવાહપદ્ધતિ તથા નગરના ચિન્તન નિયમાદિના ઘોર વિરોધી હોય એમ સ્પષ્ટ

દેખાઇ આવે છે; સંન્યાસીઓ કહે છે કે: 'કર્મનો જન્મ અજ્ઞાનમાંથી થયેલો હોવાથી કર્મને ત્યાગો, કર્મથી દૂર ભાગો અને સદા સર્વદા શાન્ત તથા નિષ્ક્રિય જ થઇ રહો!' અને અદ્વૈતવાદીઓ કહે છે કે: 'જગદ્ મિથ્યા હોવાથી આત્મ બ્રહ્મમાં લીન થઇ જાઓ!' જો આ સર્વ વિધાનો સત્ય હોય, તો એથી સ્વાભાવિક જ પ્રશ્ન ઉદ્ભવે છે કે: 'તો પછી આ જગતના અસ્તિત્વનું કારણ શું છે અને આ સંસાર શા કારણથી અસ્તિત્વમાં આવ્યો છે?' જો ભગવાનના અસ્તિત્વને સ્વીકારવામાં આવે, તો તેણે એક બુદ્ધિહીન અને મૂર્ખ અપરિપક્વ બાળક પ્રમાણે આ સર્વ નિષ્ફળ તથા વ્યર્થ પરિશ્રમયુક્ત નીરસ ઉપહાસનો આરંભ શામાટે કરેલો છે, એવી શંકાનો સ્વાભાવિક જ આવિર્ભાવ થાય છે. જો આત્માના અસ્તિત્વને સ્વીકારવામાં આવે અને જગતને માયા તરીકે જ માનવામાં આવે, તો એથી એ પ્રશ્ન આવીને ઊભો રહે છે કે આત્માના અસ્તિત્વનું પ્રયોજન શું છે અને તેણે આ ઘૃણાકારક કિંવા અધમ સ્વપ્નો પોતાના નિર્મળ અસ્તિત્વમાં અધ્યારોપ શા કારણથી કર્યો છે? નાસ્તિકોની એવી માન્યતા છે કે: 'ભગવાન્ પણ નથી અને આત્મા પણ નથી; અર્થાત્ જો કાંઈ પણ હોય, તો તે અન્ધ શક્તિની અન્ધ ક્રિયા માત્ર જ છે.' આ વળી કેવા પ્રકારની કથા વારૂ? શક્તિ કોની, તેનો ઉદ્ભવ ક્યાંથી થયો અને તે અંધ તથા ઉન્મત્ત શા કારણથી થઇ; આ સર્વ પ્રશ્નોની સંતોષજનક મીમાંસા કોઇ પણ કરી શકે તેમ નથી; એટલેકે, ક્રિશ્ચિયન્સ્, બૌદ્ધ, અદ્વૈતવાદી, નાસ્તિક, અને વૈજ્ઞાનિક ઇત્યાદિ સર્વ જનો આ વિષયમાં નિરુત્તર હોવાથી તેઓ આ સમસ્યાને ત્યાગીને પછી પોતાના પક્ષનું સમર્થન કર્યા કરે છે. માત્ર એક ઉપનિષદ્ અને તદનુકૂલ ગીતા એવી રીતે એ સમસ્યાને ત્યાગીને છલાંટ મારી જવાના કાર્યથી અલિપ્ત રહે છે અને તેટલામાટે જ કુરુક્ષેત્રના યુદ્ધમાં ગીતા ગીતા થયેલી છે એટલે કે ગીતા ગવાયલી છે. ઘોર સાંસારિક કર્મ, ગુરુહત્યા, ભ્રાતૃહત્યા અને આત્મીય જનોની હત્યા એ જ ગીતાનો પ્રધાન ઉદ્દેશ છે, એ

“ અસંખ્ય ક્ષત્રિયસંહારક યુદ્ધના આક્રમનો હેતુ છે અને તેથી ક્ષત્રિયશિરોમણિ અર્જુન હતાશ થતાં પોતાના ગાંડીવ ધનુષ્યને ફેંકી દઇને સમરક્ષેત્રમાં પ્રવેશતાં શ્રી કૃષ્ણને કાતર સ્વરથી આ પ્રમાણે પૂછતો દેખાય છે કે—

“ तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ?”

“હે કેશવ, તમો મને આ ઘોર કર્મમાં શામાટે યોજો છો વારુ?” અને એના ઉત્તરમાં યુદ્ધના કોલાહલના મધ્યમાં ભગવાન્ શ્રી કૃષ્ણના મુખમાંથી વજ્રસમાન ગંભીર સ્વરથી જે મહાગીતનો આલાપ થયો છે તે આ પ્રમાણે છે:—

कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ।

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनञ्जय ।

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥

असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः ।

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥

अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।

* * * *

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्व भूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥

* * * *

मया हतॉं स्त्वं जहि मा व्यथिष्ठा ।
युध्यस्व जेताऽसि रणे सपत्नान् ॥

* * * *

यस्य नाहंकृतो भावो बुद्धि र्यस्य न लिप्यते ।
हत्वापि स इमांल्लोकान्न हन्ति न निबध्यते ॥

"એટલામાટે તું કર્મ જ કરતો રહે; કારણ કે, તારા પૂર્વજો જે કર્મ પરાપૂર્વથી કરતા આવ્યા છે તે જ કર્મ તારે પણ કરવાનું છે અને કરવું જ પડશે......યોગીની અવસ્થામાં રહી આસક્તિનો પરિત્યાગ કરીને કર્મ કર......જેની બુદ્ધિ યોગસ્થ થયેલી છે તે આ કર્મક્ષેત્રમાં જ પાપ તથા પુણ્યનો અતિક્રમ કરી જાય છે એટલે યોગ-માટે સાધના કર; કારણ કે, જો કર્મનું કોઈ શ્રેષ્ઠ સાધન હોય, તો તે યોગ જ છે......મનુષ્ય જો અનાસક્ત ભાવથી કર્મ કરતો રહે, તો તે નિશ્ચયપૂર્વક પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે, એટલે કે, ભગવત્પ્રાપ્તિના લાભને મેળવી શકે છે......જ્ઞાનથી ભરેલા હૃદયવડે તું પોતાનાં સર્વ કર્મોના ભારને મારા શિરપર નાખી દે અને કામના, અહંકાર તથા દુઃખ આદિનો પરિત્યાગ કરી યુદ્ધકાર્યમાં અગ્રેસર થઈ જા......જે મુક્ત છે, આસક્તિથી રહિત છે અને જેનું ચિત્ત સદાસર્વદા જ્ઞાનના પ્રદેશમાં જ નિવાસ કરી રહેલું છે તેમ જ જે યજ્ઞને માટે જ કર્મ કરે છે તેનાં સર્વ કર્મો તેનાં બંધનનાં કારણ ન

થતાં તત્કાળ મારામાં સંપૂર્ણ રૂપથી વિલીન થઈ જાય છે........ સર્વ પ્રાણીઓનું આંતરિક જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયલું હોવાથી તે અજ્ઞાનના યોગે તે સુખદુઃખ તથા પાપ અને પુણ્ય આદિ દ્વંદ્વભાવની સૃષ્ટિનું નિર્માણ કરી અકારણ ભેદમાં પડી જાય છે........મને સર્વ લોકોનો મહેશ્વર, યજ્ઞ તથા તપસ્યા આદિ સર્વ કર્મોનો ભોક્તા તેમજ સર્વ ભૂતોનો સખા તથા બંધુ જાણવાથી પરમ શાન્તિનો લાભ થાય છે......મેં જ તારા સર્વ શત્રુઓને મારેલા છે એટલે તું નિમિત્ત થઈને તેમનો સંહાર કરી નાખ; હૃદયમાં વ્યથાને સ્થાન ન આપ અને યુદ્ધના કાર્યમાં લાગી જા એટલે તું રણમાં તારા શત્રુઓ-પર અવશ્ય વિજય મેળવીશ......જેનું અંતઃકરણ અજ્ઞાનથી રહિત છે અને જેની બુદ્ધિ લેપાયલી નથી, તે પુરુષ જો સકળ જગતનો સંહાર કરી નાખે, તો પણ તે હત્યા કરતો જ નથી, એમ જ માની લેવાનું છે અને તેથી તેને પાપરૂપ બંધનનો સ્પર્શ થતો જ નથી."

પ્રશ્નને ઉકેલી લેવાનું કે ગુંચાઈ મારીને આગળ વધવાનું આમાં કંઇ પણ બાકી નથી; છતાં આ પ્રશ્ન પરિસ્થિતિમાંથી જ અત્યારે ઉપસ્થિત કરાયેલો છે, કારણ કે, ભગવાન શું છે, જગત શું છે, સંસાર શું છે, ધર્મમાર્ગ શું છે અને પાપ શું છે એ સર્વ પ્રશ્નોનાં ગીતામાં સંક્ષિપ્ત ઉત્તરો આપવામાં છે; આરંભ કે, સંન્યાસમાર્ગ નહિ કિન્તુ કર્મમાર્ગ જ ગીતાનો પ્રધાન ઉદ્દેશ છે અને એમાં જ તેમની સાર્વત્રિક ઉપયોગિતા સમાયેલી છે.



દ્વિતીય કલ્પ

પ્રથમ અધ્યાય

धृतराष्ट्र उवाच

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय? ॥ १ ॥

ધૃતરાષ્ટ્રે કહ્યું કેઃ—

"હે સંજય, ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં યુદ્ધમાટે એટલેકે યુદ્ધની ઇચ્છાથી એકત્ર થયેલા મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું?"

सञ्जय उवाच

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचन मब्रवीत् ॥ २ ॥

સંજયે ઉત્તર આપ્યું કેઃ—

"ત્યાં પાંડવોની સેનાને (યુદ્ધમાટે) વ્યૂહબદ્ધ થયેલી જોઇને આચાર્ય (દ્રોણાચાર્ય) પાસે જઇ (દુર્યોધન) રાજા નીચે પ્રમાણે વચન બોલ્યોઃ—"

पश्यैतां पाण्डुपुत्राणा माचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण. तव शिष्येण धीमता ॥३॥

"હે આચાર્ય, તમારા બુદ્ધિશાળી શિષ્ય અને દ્રુપદ રાજાના પુત્ર જેની વ્યૂહરચના કરેલી છે તે પાંડવોની આ મહતી સેનાને જુઓ."

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥५॥

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥

"એ વિરાટ્ સૈન્યમાં ભીમ તથા અર્જુન જેવા મહાધનુર્ધર વીર પુરુષો દૃષ્ટિગોચર થાય છે; તેમ જ યુયુધાન, વિરાટ અને મહારથી દ્રુપદ રાજા; ધૃષ્ટકેતુ, ચેકિતાન તથા મહાપ્રતાપી કાશિરાજ, વળી પુરુજિત, કુન્તિભોજ [illegible]ને નરપુંગવ શૈબ્ય; માત્ર એટલું જ નહિ, પણ પરાક્રમશાળી યુધા[illegible]ન્યુ, પ્રતાપશાળી ઉત્તમૌજા, સુભદ્રાનો સુત અભિમન્યુ તેમ જ [illegible]પદીના પુત્રો પણ વિદ્યમાન છે અને એ મહારથી એટલે કે અ[illegible]તીય યોદ્ધાઓ છે."

अस्माकं तु वि[illegible] [illegible]निबोध द्विजोत्तम ।
नायका मम [illegible] संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥

[illegible] આચાર્ય, આપણા સૈન્યમાં પણ જે અસાધારણ [illegible] અને જેઓ આપણી સેનાના નાયકો છે તેમનાં નામોનો [illegible] સ્મરણાર્થે આપ સમક્ષ ઉચ્ચાર કરું છું, તો તે [illegible]

[illegible] कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिर्जयद्रथः ॥८॥

अन्येच बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥

"પ્રથમ તો આપ પોતે, દ્વિતીય પિતામહ ભીષ્મ, તૃતીય કર્ણ, ચતુર્થ કૃપાચાર્ય કે જેઓ સંગ્રામજેતાના નામથી ઓળખાય છે તે, પંચમ અશ્વત્થામા, ષષ્ઠ વિકર્ણ, સપ્તમ સોમદત્તિ એટલે ભૂરિશ્રવા અને સપ્તમ જયદ્રથ; માત્ર એટલું જ નહિ, પણ બીજા અનેક વીર પુરુષો મારામાટે પોતાના પ્રાણોની મમતાને ત્યાગીને યુદ્ધ કરવાને રણભૂમિમાં આવી લાગ્યા છે. એ સર્વ વીરો યુદ્ધવિદ્યાવિશારદ તથા નાનાવિધ શસ્ત્રાસ્ત્રવડે સુસજ્જિત છે."

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥

"ભીષ્મ પિતામહવડે રક્ષાયલી આપણી સેના અપરિમિત એટલે કે જેનો માપ ન કરી શકાય તેટલી પ્રચંડ છે અને ભીમવડે રક્ષાયલી પાંડવોની સેના પરિમિત એટલે કે તત્કાળ ગણી શકાય તેટલી અલ્પસંખ્યક છે."

अयनेषु च सर्वेषु यथा भागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु भवंतः सर्व एव हि ॥११॥

"એટલામાટે આપ સર્વ યુદ્ધનાં જેટલાં પ્રવેશસ્થળો હોય તે સર્વ માર્ગોમાં પોતપોતાને સ્થળે રહીને ભીષ્મ પિતામહની જ રક્ષા કરો."

तस्य संजनयन् हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ।१२॥

"(દુર્યોધનનાં આ વચનો સાંભળીને) કુરુકુળમાં સર્વથી વૃદ્ધ અને પ્રતાપવાન્ પિતામહ ભીષ્મે ઉચ્ચ સિંહનાદથી રણભૂમિને

કંપાવીને પોતાનો શંખ વગાડ્યો અને તેથી દુર્યોધનના હર્ષનો અતિરેક થવા લાગ્યો."

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥

"ત્યાર પછી શંખો, ભેરીઓ, પણવો, નગારાં તથા ગોમુખ આદિ વાદ્યો અકસ્માત્–એકદમ–વાગવા લાગ્યાં અને તેથી રણભૂમિમાં ભયંકર નાદ સંભળાવા લાગ્યો."

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः ॥१४॥

"પછીથી શ્વેત અશ્વો જેમાં જોડેલા હતા એવા વિશાળ રથમાં વિરાજેલા માધવ એટલે કે શ્રી કૃષ્ણ ભગવાન અને પાંડુપુત્ર અર્જુને પોતાના દિવ્ય શંખોને વગાડ્યા."

चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
ौण्ड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥१५॥

"હૃષીકેશ શ્રી કૃષ્ણે પોતાના પાંચજન્ય નામક શંખને, ને પોતાના દેવદત્ત નામક શંખને અને ભયંકર કર્મ કરનારા સેને પોતાના પૌંડ્ર નામક મહાશંખને વગાડ્યો."

अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥

---

* 'અમરકોષ'માં શ્રી કૃષ્ણના રથમાં જોડાતા ચાર અશ્વોનાં જે ા આપેલાં છે તે અનુક્રમે શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ તથા બલાહક છે.
" અશ્વાદ્ય શૈબ્યસુગ્રીવમેઘપુષ્પબલાહકાઃ " પ્રયોગ થાય છે.
કૃત ભાષામાં દ્વિવચનના પ્રત્યયો હોવા છતાં અહીં ાથી જ અશ્વો બેથી વધારે એટલે કે ચાર જ હોવા જો

"કુન્તીના પુત્ર રાજા યુધિષ્ઠિરે પોતાના અનન્તવિજય નામક શંખને, અને નકુલ તથા સહદેવે અનુક્રમે પોતાના સુઘોષ તથા મણિપુષ્પક નામક શંખોને વગાડ્યા."

काश्यश्चपरमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक् पृथक् ॥१८॥

"મહાધનુર્ધારી કાશિરાજ, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, જેને કોઇ પણ જીતી શકે તેમ નહોતું એવો રાજા સાત્યકિ, દ્રુપદ રાજા, દ્રૌપદીના પુત્રો અને સુભદ્રાનો પુત્ર મહાબાહુ અભિમન્યુ ઇત્યાદિ સર્વ વીરશ્રેષ્ઠોએ, હે પૃથ્વીપતિ (ધૃતરાષ્ટ્ર), પોતપોતાના શંખોને પૃથક્ પૃથક્ વગાડ્યા."

स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥

"તેમના શંખોનો તે ઘોર અથવા નાદ આકાશ તથા પૃથ્વીને તુમુલ રવથી પ્રતિધ્વનિત કરીને ધૃતરાષ્ટ્રના દુર્યોધન આદિ પુત્રોનાં હૃદયોને વિદારવા લાગ્યો."

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥२०॥
हृषीकेशं तदा वाक्य मिदमाह महीपते ।

"એટલામાં કપિના ચિન્હવાળો છે ધ્વજ જેનો એવા અર્જુને જ્યારે શસ્ત્રોના આપનો સમય આવી લાગ્યો ત્યારે ધનુષ્ય ઉંચકીને

વ્યવસ્થા પૂર્વક ગોઠવાયેલા જોઈને પોતાના ધનુષ્યને ઉંચું ઉપાડી, હે ભૂપાલ, ઇન્દ્રિયોના નિયામક ભગવાન્ શ્રી કૃષ્ણને સંબોધીને આ વાક્ય કહ્યું:—

अर्जुन उवाच

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कै र्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥२२॥
योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥

"હે અચ્યુત, આપ મારા રથને ઉભયપક્ષીય સૈન્યોના મધ્ય ભાગમાં લઈ જઈને ઊભો રાખો કે જેથી યુદ્ધની ઇચ્છાવાળા જે વિપક્ષીઓ રણભૂમિમાં આવેલા છે તેમનું મારાથી નિરીક્ષણ કરી શકાય અને કોની સાથે મારે આ રણોત્સવમાં યુદ્ધ કરવું પડશે એ મારાથી જાણી શકાય. સારાંશ કે, જેઓ દુષ્ટબુદ્ધિ દુર્યોધનને જય અપાવવાની આકાંક્ષાથી રણક્ષેત્રમાં આવેલા છે, તે સર્વને મારે ધ્યાનપૂર્વક જોઈ લેવા છે."

सञ्जय उवाच

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥२५॥

"સંજયે આમ ધૃતરાષ્ટ્રને કહ્યું કે: 'હે ભારત, ગુડાકેશ અર્જુનનું એ કથન સાંભળીને હૃષીકેશ શ્રી કૃષ્ણે રથને ઉભય સૈન્યોના

મધ્યમાં લઈ જઈને ઊભો રાખી દીધો અને ત્યાં ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય તથા અન્ય સર્વ રાજાઓ સમક્ષ ઉપસ્થિત થઈને પછી અર્જુનને સંબોધીને કહ્યું કે: 'હે અર્જુન, અહીં એકત્ર થયેલા સર્વ કૌરવોને નિહાળી લે.'"

तत्रापश्यत् स्थितान्पार्थः पितॄनथपितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥२६॥
श्वशुरान्सुहृदश्चैव सेनयो रुभयो रपि ।

"અર્જુને જોયું તો તેને ઉભય પક્ષનાં સૈન્યોમાં પિતા, પિતામહ, આચાર્ય, માતુલ (મામા), ભ્રાતા, પુત્ર, પૌત્ર, સખા, શ્વસુર અને સુહૃદ્ એટલે કે પોતાના હિતકારી આદિ સર્વ આત્મીય જનો જ ઊભેલા તેના જોવામાં આવ્યા."

तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बंधूनवस्थितान् ॥२७॥
कृपया परयाऽऽविष्टो विषीदन्निदमब्रवीत् ।

"તે સર્વ બંધુ બાંધવોને આવી રીતે સૈન્યોમાં ઊભેલા જોઈને કુન્તીનો પુત્ર અર્જુન અતિશય કૃપાવશ થઈને શોક તથા ખેદપૂર્વક કહેવા લાગ્યો કે:—

अर्जुन उवाच

दृष्ट्वेमान्स्वजनान्कृष्ण युयुत्सून्समवस्थितान् ॥२८॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥२९॥
गांडीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥३०॥

'હે કૃષ્ણ, આ સર્વ આત્મીય જનોને યુદ્ધાર્થે ઉત્સુક જોઈને

મારાં હાથ અને મારું ઇત્યાદિ મારાં શિથિલ થતાં જાય છે; મુખ સુકાય છે, આખા શરીરમાં કંપનો આવિર્ભાવ થાય છે, રોમાંચ ખડાં થતાં દેખાય છે; મારું ગાંડીવ ધનુષ મારા હાથમાંથી સરી જાય છે અને મારા શરીરની ત્વચામાં દાહ થતો અનુભવાય છે; એથી હું અહીં ઊભો રહી શકતો નથી; કારણ કે, મારું મન પણ ભ્રમિત થવા લાગ્યું છે."

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३१॥

"હે કેશવ, મને સર્વ લક્ષણો વિપરીત કિંવા અશુભ જ દેખાય છે; અર્થાત્ યુદ્ધમાં આત્મીય જનોને હણવામાં હું કોઈ પણ પ્રકારના શ્રેય અથવા કલ્યાણને જોઈ શકતો નથી."

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥३२॥

येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३३॥

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा ॥३४॥

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्य राज्यस्य हेतोः किं नु महीकृते ॥३५॥

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ ३६ ॥

तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥३७॥

"હે કૃષ્ણ, હું વિજયને કે સુખોને ઇચ્છતો જ નથી; કારણકે, હે ગોવિન્દ, જેમના માટે જીવન ધારવામાં આવે છે અને રાજ્ય તથા ભોગ આદિની ઇચ્છા રખાય છે; તે આચાર્યો, પિતા, પુત્રો, પૌત્રો, પિતામહ, માતુલ (મામા), શ્વસુર, શ્યાલક તથા અન્યાન્ય કૌટુમ્બિક કિંવા સંબંધિજનો પોતાનાં જીવન તથા ધન આદિને ત્યાગીને જ્યારે રણ-ક્ષેત્રમાં આવીને ઊભા રહ્યા છે, તો પછી મારા જીવનનું પ્રયોજન શું છે અને રાજ્ય તથા ભોગથી મને શો લાભ થવાનો છે વારુ? એટલા-માટે, હે મધુસૂદન, મારો પોતાનો ભલે તેમના હસ્તથી વધ થઇ જાય, તો પણ તેમનો વધ કરવાની મારી ઇચ્છા નથી. હું ત્રિલોકના રાજ્યના લોભથી પણ તેમને મારવા નથી ઇચ્છતો, તો પછી આ પૃથ્વીના રાજ્યમાટે તેમને મારવા હું તત્પર થાઉં, એ તો બની જ કેમ શકે વારુ? હે જનાર્દન, આ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવાથી આપણને શું સુખ મળી શકે તેમ છે વારુ? સારાંશ કે સુખ તો નથી જ મળવાનું પણ એ આતતાયીઓને+ હણવાથી આપણા શિરપર પાતકનો જ ભાર ચઢવાનો છે. આ સર્વ કારણોનો વિચાર કરતાં ધૃતરાષ્ટ્રના પુત્રો આપણા આત્મીય જન અથવા બાંધવ હોવાથી તેમના સંહારનો આપણને અધિકાર નથી એટલે કે તેમને મારવા એ આપણામાટે યોગ્ય નથી. હે માધવ, આપણે આત્મીય જનોની હત્યા કરીને કેવા રીતે અને ક્યાંથી સુખી થઇ શકીશું વારુ?"

+ આતતાયીનાં લક્ષણો આ પ્રમાણે કહેવામાં આવ્યાં છેઃ—.

"अग्निदो गरदश्चैव शस्त्रपाणि धनापहः ।
क्षेत्रदारापहर्ता च षडेते आततायिनः ।"

એટલે કેઃ અગ્નિથી બાળનાર; વિષ દેનાર; વસ્તુ, વસુંધરા તથા વનિતાને હરિ લેનાર અને શસ્ત્ર ઉગામી મારવા આવનાર; એ છ કર્મ કરનાર આતતાયી કહેવાય છે." આતતાયીને હણવામાં શાસ્ત્રકારોએ દોષ માન્યો નથી.

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥३८॥

"જો કે એઓ લોભથી બુદ્ધિભ્રષ્ટ થતાં કુળનો ક્ષય કરવામાં જે દોષ રહેલો છે અને મિત્રના દ્રોહમાં જે મહાપાપ સમાયલું છે, તે દોષ તથા પાપને જોઇ કે જાણી શકતા નથી;

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥३९॥

"પરંતુ આપણે તો કુળનો ક્ષય કરી નાખવાથી થતા દોષને જાણીએ છીએ; તો પછી હે જનાર્દન, આપણે જ્ઞાનનો આશ્રય શામાટે ન લેવો અને આ પાપથી નિવૃત્ત શામાટે ન થવું? (કારણ કે,)

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥४०॥

"કુળના ક્ષયથી સનાતન કુળધર્મોનો નાશ થાય છે અને ધર્મનો નાશ થવાથી તે કુળને અધર્મ ચારે દિશાથી ઘેરી લે છે એટલે કે તે કુળનાં મનુષ્યો ધર્મ તથા કર્તવ્યથી હીન થઇ જાય છે.

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥

"અધર્મના પ્રચાર થવાથી, હે કૃષ્ણ, કુળની સ્ત્રીઓ અથવા કુલીન કાન્તાઓ દુશ્ચરિત્રા અથવા વ્યભિચારિણી થઇ જાય છે અને હે વાર્ષ્ણેય, સ્ત્રીઓ વ્યભિચારિણી થતાં તેમનામાંથી વર્ણસંકર પ્રજા અથવા જાતિ ઉત્પન્ન થાય છે."

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥४२॥

"પ્રજા વર્ણસંકર થઇ જતાં કુળના ઘાતકો તથા તે કુળ પોતે પણ નરકવાસને પામે છે અને પિંડદાન તથા તર્પણ આદિ ક્રિયાઓ અટકી જવાથી ઉભયનાં પિતરો (પૂર્વજો) નરકમાં જ પડ્યાં રહે છે એટલે કે નરકવાસને ભોગવતાં રહે છે."

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४२॥

"કુલઘાતકોના વર્ણસંકર પ્રજાને ઉત્પન્ન કરવાના દોષના પરિણામે સમસ્ત સનાતન જાતિધર્મ તથા સમસ્ત કુળધર્મ નષ્ટ થઇ જાય છે."

उत्सन्न कुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥४४॥

"જેમના કુળધર્મનો નાશ થઈ ગયેલો હોય છે, તે મનુષ્યોનો હે જનાર્દન, અવશ્ય નરકમાં જ નિવાસ થાય છે, એમ જ પ્રાચીન કાળથી આપણે સાંભળતા આવ્યા છીએ."

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥४५॥

"હાય, મહાશોક! કે આપણે રાજ્યસુખના લોભથી પોતાના આત્મીય જનોને મારી નાખવામાટે ઊઠી ઊભા થઇ ઘોર પાપ કરવાને તૈયાર થયા છીએ."

यदि माम प्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्यु स्तन्मे क्षेमतरं भवेत् ॥४६॥

"એટલામાટે જો નિઃશસ્ત્ર થઇને હું તેમના આઘાતનો પ્રતિકાર એટલે કે પ્રાણરક્ષણનો કાંઈ પણ પ્રયત્ન ન કરું અને શસ્ત્રધારી કૌરવો રણક્ષેત્રમાં મારી હત્યા કરી નાખે, તો તેથી મારું અધિક 'કલ્યાણ થવાની સંભાવના છે."

सञ्जय उवाच

एवमुक्त्वार्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું : " જેના ચિત્તમાં ખિન્નતા વ્યાપી રહી હતી એવો અર્જુન શ્રી કૃષ્ણને આ પ્રમાણે કહીને પોતાનાં ધનુષ તથા બાણને ત્યાગીને રથને હોડાના સ્થાનમાં બેસી ગયો.

સંજયને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ

ગીતા મહાભારત નામક મહાયુદ્ધના આરંભમાં કથાયેલી હોવાથી ગીતાના પ્રથમ શ્લોકમાં જેને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ થયેલી છે એવા સંજયને રાજા એ યુદ્ધના સમાચાર આતુરતાથી પૂછે છે, એવું દૃશ્ય આપણા જોવામાં આવે છે; કારણ કે જે બે સૈન્યો રણભૂમિમાં ઉપસ્થિત થયાં હતાં તેમની પ્રથમ ચેષ્ટા શી હતી, એ જાણવામાટે ચાલ ધૃતરાષ્ટ્ર ઉત્સુક અથવા આતુર થયેલો હતો, અને તે કોઈના પણ જાણવામાં આવી શકે તેમ છે. પરંતુ સંજયને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ થવાની કથા વર્તમાન ભારતવર્ષના અંગ્રેજી વિદ્યાવિભૂષિત અથવા તો જેમને ' એજ્યુકેટેડ ' કહેવામા આવે છે તે લોકોની દૃષ્ટિમાં કેવળ કવિની કલ્પના સમાન મિથ્યા કથા તરીકે જ દેખાય છે. જો એમ કહેવામાં આવ્યુ હોત કે અમુક મનુષ્યોને દૂરદૃષ્ટિ (Clairvoyance) તેમજ દૂરશ્રવણશક્તિ (Clairaudience)ની પ્રાપ્તિ થયેલી હોવાથી તેઓ દૂરના રણક્ષેત્રમાંના લોમહર્ષક દૃશ્યને જોઇ શક્યા હતા અને યુદ્ધમાં લડતા મહાવીરોના સિંહનાદને સાંભળી શક્યા હતા; તો કદાચિત્ આ કથા આટલી સીમા પર્યન્ત અવિશ્વાસને પાત્ર થા

નહિ; અને તેમાં પણ વળી સંજયને એ દિવ્ય ચક્ષુ વ્યાસજીએ આપેલાં હોવાથી એ કથાને જો ગપ્પાષ્ટક ગણીને વાયુમાં ઉડાવી દેવાની પ્રવૃત્તિ થાય, તો તે સ્વાભાવિક જ છે; પરંતુ જો એને બદલે એમ કહેવામાં આવે કે એક વિખ્યાત યૂરોપીય વિજ્ઞાનવેત્તાએ અમુક મનુષ્યને સ્વપ્નાવસ્થામાં નાખી દઈને (તેને હિપ્નોટાઇઝ્-Hypnotised કરીને) તેના મુખથી તે દૂરના સ્થાનમાં થતી ઘટનાનું કેટલુંક વર્ણન કરાવ્યું હતું અને તેથી એ ઘટનાનો કેટલોક વૃત્તાન્ત જાણવામાં આવ્યો હતો; તો એથી જેમણે પાશ્ચાત્ય 'Hypnotism' ના ગ્રંથો મનન પૂર્વક વાંચેલા છે એવા લોકો એ કથનમાં કેટલેક અંશે વિશ્વાસ રાખી શકત. હવે જો વાસ્તવિક વિચારની દૃષ્ટિથી જોવામાં આવે, તો Hypnotism યોગશક્તિનું એક અત્યંત નિકૃષ્ટ અને ત્યાજ્ય અંગ માત્ર છે. મનુષ્યમાં એવી અનેક શક્તિઓ ગુપ્ત રહેલી છે કે જે શક્તિઓને પ્રાચીન કાળની સભ્ય માનવજાતિ સારી રીતે જાણતી હતી અને તેમનો વિકાસ પણ કરતી હતી; પરંતુ કલિયુગના પ્રભાવથી વ્યાપેલા અજ્ઞાનના પ્રવાહમાં તે વિદ્યા તણાઈ ગઈ છે અને તેથી કેવળ અંશરૂપે અલ્પસંખ્ય મનુષ્યોમાં જ ગુપ્ત તથા ગૂઢ જ્ઞાન તરીકે રક્ષાતી આવી છે. જેને સૂક્ષ્મ દૃષ્ટિ કહેવામાં આવે છે તે સ્થૂલ ઇન્દ્રિયોથી અતીત ભિન્ન સૂક્ષ્મ ઇન્દ્રિય છે અને એ સૂક્ષ્મ ઇન્દ્રિયદ્વારા જ જે પદાર્થોને આપણે સ્થૂલ ઇન્દ્રિયદ્વારા પ્રાપ્ત નથી કરી શકતા તે પદાર્થોને તેમ જ જ્ઞાનને સરળતાથી પ્રાપ્ત કરી શકીએ છીએ, એટલે કે, સૂક્ષ્મ વસ્તુનું દર્શન, સૂક્ષ્મ શબ્દનું શ્રવણ, સૂક્ષ્મ ગંધનું આઘ્રાણ, સૂક્ષ્મ પદાર્થનો સ્પર્શ અને સૂક્ષ્મ આહારનો આસ્વાદ, એ સર્વ કાર્યોને આપણે સૂક્ષ્મ ઇન્દ્રિયદ્વારા જ સિદ્ધ કરી શકીએ છીએ. સૂક્ષ્મ દૃષ્ટિના ચરમ અથવા અંતિમ પરિણામને દિવ્ય ચક્ષુ કહેવામાં આવે છે અને એ દિવ્ય ચક્ષુના પ્રભાવથી દૂરસ્થ, ગુપ્ત અથવા અન્ય લોક (સ્વર્ગ આદિ લોક)માંના સર્વ વિષયો આપણા જોવા તથા જાણવામાં આવી શકે છે અને જે તત્ત્વજ્ઞાનની પરિભાષામાં

ક્ષીએ તો તેમાં ફિતો આપણને સાક્ષાત્કાર થઈ શકે છે. અર્થાત્ પરમ
યોગશક્તિના આધારરૂપ મહામુનિ વ્યાસજી જો સંજયને એ દિવ્ય ચક્ષુ
આપવાને સમર્થ થયા હોય, તો એ રૂપમાં અવિશ્વાસ લાવવા
અને એ ઘટનાને અશક્ય કિંવા અસંભાવનીય માનવાનું કાંઈ પ
કારણ જોવામાં આવી શકતું નથી. જ્યારે આપણે સામાન્ય Hypno
ટિઝમ ની અદ્ભુત શક્તિમાં અવિશ્વાસ અથવા સંશય નથી રાખતા,
તો પછી અદ્વિતીય જ્ઞાની પુરુષ શ્રી વ્યાસજીની શક્તિમાં અવિશ્વાસ
રાખવાનું શું કારણ છે વારુ? શક્તિમાન્ પુરુષની શક્તિ અન્ય મનુ
ષ્યના શરીરમાં સંક્રાન્ત થઈ શકે છે એટલે કે અન્ય મનુષ્યના દેહમાં
પ્રવેશ કરી શકે છે અને એનાં જેટલાં જોઈએ તેટલાં અસંખ્ય પ્રમાણો
ઇતિહાસના પ્રત્યેક યુગમાં અને માનવજીવનના પ્રત્યેક કાર્યમાં દૃષ્ટિ
ગોચર થઈ શકે છે. નેપોલિયન બોનાપાર્ટ અને ક્રોમવેલ આદિ મહા
પુરુષોએ અને કર્મવીરોએ પોતાને ઉપયોગી દેખાતા અને યોગ્ય પાત્ર
રૂપ મનુષ્યોના શરીરમાં પોતાની એ શક્તિનું સંક્રમણ કરીને એ
શક્તિદ્વારા જ પોતાના સ્વીકૃત કાર્યના સહકારીઓના સમુદાયને
ઉત્પન્ન કર્યો હતો. એક અત્યંત સાધારણ યોગી પણ કોઈ એક
સિદ્ધિની પ્રાપ્તિ થતાં અમુક સમય પર્યન્ત અથવા તો કોઈ વિશિ[ષ્ટ]
કાર્યનો પ્રયોગ કરી જોવામાટે પોતાની સિદ્ધિ અન્ય મનુષ્યને આ[પી]
શકે છે; તો પછી શ્રી વ્યાસજી જેવા એક વિશ્વવંદ્ય વિદ્વાન અ[ને]
અસાધારણ યોગસિદ્ધ પુરુષ જો સંજયને દિવ્ય ચક્ષુ આપી શકે,
તેમાં આશ્ચર્ય જેવું શું હોઈ શકે વારુ! એટલામાટે જો વાસ્તવિક
કહીએ, તો દિવ્ય ચક્ષુનું અસ્તિત્વ સર્વથા કાલ્પનિક નથી, કિન્તુ એક
શાશ્વત વૈજ્ઞાનિક સત્ય છે, એમાં સંશયનો લેશ માત્ર પણ સંભવ
નથી. આપણે એ તો સારી રીતે જાણીએ છીએ કે, કોઈ પણ વસ્તુને
આપણાં નેત્રો જોઈ શકતાં નથી, કોઈ પણ શબ્દને આપણાં શ્રવણો
સાંભળી શકતાં નથી, આપણી નાસિકા કોઈ પણ પદાર્થને સૂંઘી
શકતી નથી, આપણી ત્વચા કોઈ પણ વસ્તુના સ્પર્શજ્ઞાનને મેળવી

શક્તી નથી અને આપણી રસના અથવા જિહ્વા કોઇ પણ વસ્તુનો આસ્વાદ લઈ શક્તી નથી; કિન્તુ મન જુએ છે, મન સાંભળે છે, મન સૂંઘે છે, મન સ્પર્શના જ્ઞાનને મેળવે છે અને મન જ આસ્વાદ લે છે. દર્શનશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનશાસ્ત્રમાં આ સત્યનો દીર્ઘ કાળથી સ્વીકાર કરાયલો છે અને 'હિપ્નોટિઝ્મ' માં વૈજ્ઞાનિક પ્રયોગદ્વારા પરીક્ષા કર્યા પછી એ પ્રમાણપૂર્વક સિદ્ધ થયું છે કે ચક્ષુ બંધ હોવા છતાં પણ દર્શનેન્દ્રિયનું કાર્ય કોઇ નાળિદ્વારા ચાલ્યા કરે છે અને એથી એમ જ સિદ્ધ થાય છે કે ચક્ષુ ઇત્યાદિ સ્થૂલ ઇન્દ્રિયો જ્ઞાનપ્રાપ્તિના કેવળ સુવિધાજનક ઉપાય છે અને સ્થૂલ શરીરના દીર્ઘકાલિક અભ્યાસના બંધનમાં જકડાઇ આપણે તે ઉપાયોના દાસ બની ગયા છીએ; એટલે વાસ્તવિકતાથી જોતાં તો એમ જ જણાય છે કે જેવી રીતે અંધ મનુષ્ય સ્પર્શદ્વારા પદાર્થના આકાર તથા સ્વભાવની પ્રમાદરહિત ધારણા કરી શકે છે; તેવી જ રીતે મનુષ્ય કોઇ એક વિશિષ્ટ શારીરિક પ્રણાલીદ્વારા તે જ જ્ઞાનને મન પર્યન્ત પહોંચાડી શકે છે એટલે કે જે કાર્ય સ્થૂલ ઇન્દ્રિય પાસેથી લેવાતું હોય છે તે કાર્ય તે મન પાસેથી લઈ શકે છે; પરન્તુ અંધ મનુષ્યની દૃષ્ટિ અને સ્વમાવસ્થાને પ્રાપ્ત થયેલી વ્યક્તિની દૃષ્ટિમાં એટલો ભેદ અવશ્ય જણાઇ આવે છે કે સ્વમાવસ્થામાં પડેલી વ્યક્તિ પોતાના મનમાં પદાર્થની પ્રતિમૂર્તિને સ્પષ્ટ રૂપમાં જોઈ શકે છે અને એને જ વસ્તુદર્શન કહેવામાં આવે છે; પરંતુ આવા પ્રકારના વસ્તુદર્શનનો લાભ અંધ વ્યક્તિને મળી શકતો નથી. સારાંશકે, આપણે આપણાં નેત્રો સમક્ષ પડેલા પુસ્તકને જોઇ શકતા નથી, કિન્તુ તે પુસ્તકની જે પ્રતિમૂર્તિ અથવા પ્રતિમા આપણાં ચક્ષુ અથવા નેત્રોમાં ચિત્રિત થાય છે, તેને જોઇને મન બોલી ઊઠે છે કેઃ 'મેં પુસ્તક જોયું' અથવા તો 'હું પુસ્તકને જોઉં છું.' પરંતુ સ્વમાવસ્થાને પ્રાપ્ત થયેલી વ્યક્તિ દૂરના પદાર્થોને દેખી શકે છે અને દૂર-દૂરના નાદને સાંભળી શકે છે, એથી તો વળી એમ જ સિદ્ધ થાય છે કે પદાર્થના જ્ઞાનની પ્રાપ્તિમાટે કોઇ પણ શારીરિક પ્રણાલીની આવ-

સકતા છે જ નહિ; કારણ કે, સૂક્ષ્મ દૃષ્ટિદ્વારા કોઇ પણ પદાર્થનું કોઈ પણ પ્રકારના પ્રતિબંધ વિના દર્શન કરી શકાય છે. એક મનુષ્ય લંડનમાંના પોતાના ગૃહમાં હોવા જ્યાં તે જ વેળાયે એડિનબરોમાં થતી સર્વ ઘટનાઓને તેમના યથાર્થ સ્વરૂપમાં મનદ્વારા જોઇ શકે છે અને આવા પ્રકારના દૃષ્ટાન્તોની સંખ્યા દિવસાનુદિવસ વધતી જાય છે. જેને સૂક્ષ્મ દૃષ્ટિ કહેવામાં આવે છે તે એ જ છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિમાં અને દિવ્ય ચક્ષુમાં જે એક ભેદ રહેલો છે તે એ છે કે સૂક્ષ્મદર્શી મનુષ્ય પોતાની સૂક્ષ્મ દૃષ્ટિદ્વારા પોતાના મનમાં જ અદૃષ્ટ પદાર્થોની પ્રતિમાનું દર્શન કરે છે અને દિવ્ય ચક્ષુદ્વારા આપણે અદૃષ્ટ પદાર્થોનું મનમાં જ દર્શન ન કરતાં આપણાં શારીરિક ચક્ષુ સમક્ષ તે અદૃષ્ટ પદાર્થોને ઉપસ્થિત થયેલા જોઈ શકીએ છીએ અને દૂરના નાદને ચિન્તનદ્વારા ન સાંભળતાં શારીરિક શ્રવણોદ્વારા જ સાંભળી શકીએ છીએ. એનો એક સામાન્ય દૃષ્ટાન્ત crystal અથવા સ્ફટિકીમાં સમકાલિક ઘટના તરીકે જોવામાં આવી શકે તેમ છે; પરંતુ જેને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ થયેલી હોય છે તેવા યોગીને એવાં ઉપકરણોની કશી પણ આવશ્યકતા હોતી નથી; કારણ કે, તે તો એ શક્તિના વિકાસથી એવાં ઉપકરણો વિના જ દેશ તથા કાળ ઇત્યાદિના બંધનને છેદીને અન્ય દેશ તથા અન્ય કાળની સર્વ ઘટનાઓને જોઈ તથા જાણી શકે છે. દેશબંધનથી મુક્ત થવાનાં પ્રમાણો તો આપણને જોઇએ તેટલાં મળી ચૂક્યાં છે પરંતુ કાળના બંધનને પણ છેદી શકાય છે; કારણ કે મનુષ્ય ત્રિકાલદર્શી થઇ શકે છે, એ સત્ય છે; જ્યાં એનાં સંતોષજનક પ્રમાણો વિશેષ સંખ્યામાં અદ્યાપિ જનસમક્ષ રજૂ કરવામાં નથી, એ પણ સર્વથા સત્ય છે. વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં પણ જ્યારે દેશની બાધાનું નિવારણ કરી શકાય છે એટલે કે એક દેશની ઘટના એકસમયાવચ્છેદે અન્ય દેશના મનુષ્યના જોવામાં આવી શકે છે; તો પછી કાળની બાધાનું નિવારણ સર્વથા અશક્ય કિંવા અસંભવનીય છે, એમ તો ન જ કહી શકાય. અનુ:

અભિપ્રાયને ન સ્વીકારીને તે અન્યાય તથા અકલ્યાણના માર્ગને જ સ્વીકારી લે છે, એટલે પછી પોતાના અભિપ્રાયને તિલાંજલિ આપી અધર્મયુદ્ધ, સ્વજનતિરસ્કાર અને શત્રુનો સંહાર ઇત્યાદિ કાર્યો નિરુપાય-વશાત્ કરવાં જ પડે છે; તેવી રીતે અનિચ્છા પૂર્વક ભીષ્મને પણ કૌરવોના પક્ષનું અવલંબન કરવું પડયું હતું; પરંતુ ભીષ્મ પિતામહના હૃદયનો આ ભાવ પણ દુર્યોધનના જાણવામાં આવી શકે તેમ ન હોવાથી જો તેણે ભીષ્મ સમક્ષ ઉપસ્થિત થવાને બદલે દ્રોણ સમક્ષ ઉપસ્થિત થવાનું વિશેષ ઉચિત ધાર્યું હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ માની શકાય તેમ છે; કારણ કે, એ માર્ગને સ્વીકારવામાં પણ તેનો એક ગુપ્ત આશય સમાયલો હતો અને તે એ કે દ્રોણનું પાંચાલ દેશના રાજાએ એક વાર ભયંકર અપમાન કરેલું હોવાથી દ્રોણ વ્યક્તિગત ભાવથી પાંચાલ દેશના રાજાનો ઘોર શત્રુ હતો અને અધૂરામાં પૂરું પાંચાલ દેશના રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ને ગુરુ દ્રોણને સંહારવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી એટલે દુર્યોધને પોતાના મનમાં વિચાર કર્યો કે: 'જો હું દ્રોણાચાર્યને અત્યારે તેમના પાંચાલરાજ સાથેના ગુપ્ત વૈર-ભાવનું સ્મરણ કરાવીશ, તો તેઓ શાન્તિના પક્ષપાતને પરિત્યાગીને પૂર્ણ ઉત્સાહથી શત્રુ સાથે લડશે.' છતાં પણ એ વાર્તા દુર્યોધને દ્રોણાચાર્યને સ્પષ્ટ શબ્દોમાં ન દર્શાવતાં પોતાના ભાષણમાં કેવળ 'ધૃષ્ટદ્યુમ્ન' નામનો જ ઉલ્લેખ કર્યો અને ત્યાર પછી ભીષ્મ પિતામહને પણ સંતુષ્ટ રાખવામાટે તેમને કુરુરાજ્યના રક્ષક તથા વિજયના આધારસ્તંભ તરીકે ઓળખાવીને તેમના ગૌરવને વધારી દીધું. પ્રથમ દુર્યોધને પોતાના શત્રુપક્ષના મુખ્ય મુખ્ય યોદ્ધાઓનાં નામોને ઉચ્ચાર્યાં અને ત્યાર પછી પોતાના સૈન્યમાંના સર્વ નેતાઓનાં નહિ, કિન્તુ કેટલાક નેતાઓનાં નામોનો ઉચ્ચાર કર્યો; કારણ કે, તેના પોતાના આશયની સિદ્ધિમાટે તો કેવળ ભીષ્મ પિતામહ તથા દ્રોણાચાર્યનાં નામોની જ આવશ્યકતા હતી, તથાપિ તેમનાં નામો વિશિષ્ટ ઉદ્દેશથી જ ઉચ્ચારવામાં આવ્યાં છે એવા સંશયનો તેમના હૃદયમાં ઉદય ન થાય એટલામાટે—એટલે કે પોતાના આશયને અંત પર્યન્ત ગુપ્ત રાખવામાટે—તેણે બીજાં

કારણો, ભીષ્મ પિતામહ પાંડવોના પક્ષપાતી હતા અને હસ્તિના-પુરના શાન્તિપ્રિય જનસમુદાયના એક મુખ્ય નેતા હતા; એટલે કે, પાંડવોઆપોના યુદ્ધમાટે તેમની અનુમતિ હતી જ નહિ અને તેથી જો પાંડવો તથા કૌરવોનું જ પરસ્પર યુદ્ધ થયું હોત, તો ભીષ્મ પિતા-મહ શસ્ત્રને યુદ્ધમાટે કદાપિ હસ્તમાં ધારત નહિ; પરંતુ કુરુવંશના પ્રાચીન શત્રુ અને સમસ્તસામ્રાજ્યેચ્છુ પાંચાલજાતિદ્વારા કુરુજાતિને આક્રાન્ત થતું જોઇને કુરુજાતિના પ્રધાન પુરુષ, અદ્વિતીય યોદ્ધા અને અનુપમ રાજનીતિવિશારદ ભીષ્મ પિતામહ સેનાપતિના પદપર આરૂઢ થઇને પોતાના બાહુબળવડે દીર્ઘ કાળથી રક્ષાના આવેલા પોતાના જાતિગૌરવ તથા પોતાની જાતિના પ્રધાનત્વને રક્ષવામાટે જ શસ્ત્ર ધારીને રણભૂમિમાં ઝંઝવાને તૈયાર થયા હતા. અસ્તુ: દુર્યોધન પોતે અસુર, દાનવ તથા રાક્ષસ સમાન પ્રકૃતિનો હોવાથી જો તેનાં સર્વ કાર્યોના ઉદ્દેશ કિંવા હેતુને જોઇએ, તો કેવળ રાગ અને દ્વેષ વિના તેનો અન્ય કોઇ પણ ઉદ્દેશ કિંવા હેતુ ભાગ્યે જ જોવામાં આવી શકતો હતો; એટલેકે, તેનું અંતઃકરણ ઓતપ્રોત રાગ અને દ્વેષથી જ ભરેલું હતું. એમ કહેવામાં અતિશયોક્તિ કિંવા એકપક્ષીયતાનો લેશ માત્ર પણ સંભવ નથી. સારાંશ કે, 'પિંડે તેવું બ્રહ્માંડે' એ કિંવદંતી અનુસાર દ્વેષપરાયણ દુર્યોધનમાં કર્તવ્યપરાયણ મહાપુરુષ ભીષ્મના આભ્યંતર ભાવ અથવા મનોભાવને તેના યથાર્થ સ્વરૂપમાં જાણવાની શક્તિ હતી જ નહિ અને તેથી ભીષ્મ પિતામહનો પાંડવોમાં ભલે પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્રેમ હોય ત્યાં પણ પોતાના કર્તવ્યના પાલન માટે તે પ્રાણપ્રિય પાંડવોને પણ સમરભૂમિમાં સંહારી નાખવા જેટલું આત્મબળ એ ઉચ્ચતપસ્વી ભીષ્મ પિતામહમાં વિદ્યમાન છે, એમ તે વિશ્વાસ પૂર્વક માની શકતો ન હોતો. ભીષ્મ પિતામહની સ્થિતિ એવી હતી કે જેવી રીતે કોઇ દેશહિતૈષી પુરુષને, દેશોદ્ધારના ઉપાયોના પરામર્શની વેળાએ પોતાના સત્ય અભિપ્રાયને વ્યક્ત કરી પોતાની જાતિ અથવા પોતાના પક્ષને અન્યાય તથા અકલ્યાણના માર્ગમાંથી નિવૃત્ત ... પોતાથી કરી શકાય તેટલા પ્રયત્નો કરવા છતાં લોકો તેના

ભિપ્રાયને ન સ્વીકારીને તે અન્યાય તથા અકલ્યાણના માર્ગને જ કારી લે છે, એટલે પછી પોતાના અભિપ્રાયને તિલાંજલિ આપી ધર્મયુદ્ધ, સ્વજાતિરક્ષા અને શત્રુનો સંહાર ઇત્યાદિ કાર્યો નિરુપાય-શાત્ કરવાં જ પડે છે; તેવી રીતે અનિચ્છા પૂર્વક ભીષ્મને પણ રવોના પક્ષનું અવલંબન કરવું પડયું હતું; પરંતુ ભીષ્મ પિતામહના દયનો આ ભાવ પણ દુર્યોધનના જાણવામાં આવી શકે તેમ ન હોવાથી જો તેણે ભીષ્મ સમક્ષ ઉપસ્થિત થવાને બદલે દ્રોણ સમક્ષ ઉપસ્થિત થવાનું વિશેષ ઉચિત ધાર્યું હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ માની શકાય તેમ છે; કારણ કે, એ માર્ગને સ્વીકારવામાં પણ તેનો એક શુભ આશય સમાયલો હતો અને તે એ કે દ્રોણનું પાંચાલ દેશના રાજાએ એક વાર ભયંકર અપમાન કરેલું હોવાથી દ્રોણ વ્યક્તિગત ભાવથી પાંચાલ દેશના રાજાનો ઘોર શત્રુ હતો અને અધૂરામાં પૂરે પાંચાલ દેશના રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ને ગુરુ દ્રોણને સંહારવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી એટલે દુર્યોધને પોતાના મનમાં વિચાર કર્યો કે: 'જો હું દ્રોણાચાર્યને અત્યારે તેમના પાંચાલરાજ સાથેના ગુપ્ત વૈરભાવનું સ્મરણ કરાવીશ, તો તેઓ શાન્તિના પક્ષપાતને પરિત્યાગીને પૂર્ણ ઉત્સાહથી શત્રુ સાથે લડશે.' છતાં પણ એ વાર્તા દુર્યોધને દ્રોણાચાર્યને સ્પષ્ટ શબ્દોમાં ન દર્શાવતાં પોતાના ભાષણમાં કેવળ 'ધૃષ્ટદ્યુમ્ન' નામનો જ ઉલ્લેખ કર્યો અને ત્યાર પછી ભીષ્મ પિતામહને પણ સંતુષ્ટ રાખવામાટે તેમને કુરુરાજ્યના રક્ષક તથા વિજયના આધારસ્તંભ તરીકે ઓળખાવીને તેમના ગૌરવને વધારી દીધું. પ્રથમ દુર્યોધને પોતાના શત્રુપક્ષના મુખ્ય મુખ્ય યોદ્ધાઓનાં નામોને ઉચ્ચાર્યાં અને ત્યાર પછી પોતાના સૈન્યમાંના સર્વ નેતાઓનાં નહિ, કિન્તુ કેટલાંક નેતાઓનાં નામોનો ઉચ્ચાર કર્યો; કારણ કે, તેના પોતાના આશયની સિદ્ધિમાટે તો કેવળ ભીષ્મ પિતામહ તથા દ્રોણાચાર્યનાં નામોની જ આવશ્યકતા હતી, તથાપિ તેમનાં નામો વિશિષ્ટ ઉદ્દેશથી જ ઉચ્ચારવામાં આવ્યાં છે એવા સંશયનો તેમના હૃદયમાં ઉદય ન થાય એટલામાટે-એટલે કે પોતાના આશયને અંત પર્યન્ત ગુપ્ત રાખવામાટે-તેણે બીજાં

પણ ચાર પાંચ નેતાઓનાં નામો ઉચ્ચાર્યાં. ત્યાર પછી તેણે કહ્યું કેઃ "આપણી સેના અત્યંત વિશાળ તથા પ્રચંડ છે અને ભીષ્મ પિતામહ આપણા સેનાનાયક છે; અને પાંડવોની સેના આપણી સેના સાથે સરખાવતાં ક્ષુદ્ર અથવા અલ્પસંખ્ય છે અને કેવળ ભીમનું બાહુબળ જ તેમની આશાનું એક માત્ર સ્થાન છે એટલે પછી આપણો જ વિજય કેમ અને શા કારણથી ન થાય વારૂ? સારાંશ કે, ભીષ્મ પિતામહ જ આપણી આશાની સફળતાના પ્રધાન આધારસ્તંભ હોવાથી શત્રુના આક્રમણ તથા આઘાતથી એમની રક્ષા કરવી, એ જ આપણું પ્રધાન કર્તવ્ય છે; કારણ કે, જો એમનું જીવન છે, તો આપણો વિજય અવશ્યંભાવી છે." કેટલાક લોકો 'અપર્યાપ્ત' શબ્દનો જો વિપરીત અર્થ કરે છે, તે બુદ્ધિપુરઃસર કિંવા યુક્તિસંગત નથી; કારણ કે, દુર્યોધનની સેના હોતી જોઈએ તેથી વધારે વિશાળ હતી અને તેની સેનાના નેતાઓ પણ શૌર્ય તથા વીરતા આદિ ગુણોમાં અન્ય કોઈ પણ સેનાનેતાથી ઊતરે તેવા નહોતા, તો પછી આત્મશ્લાઘી દુર્યોધન પોતાના બળની નિન્દા કરીને પોતાના તેમ જ પોતાના સૈનિકોના મનમાં નિરાશાને ઉપજાવવાનો પોતે જ પ્રબલ કરે, એ કદાપિ સંભવી શકે તેમ છે ખરૂં કે? ભીષ્મે દુર્યોધનના મનોભાવને એટલે કે પોતાવિશે તેના હૃદયમાં ઉત્પન્ન થયેલા સંશય કિંવા અવિશ્વાસને જાણી લઈને તેમ જ તેના આશયને ઓળખી લઈને તેના સન્દેહના નિવારણમાટે સિંહનાદ તથા શંખનાદનો આરંભ કરી દીધો. ભીષ્મ પિતામહના એ ઉત્સાહથી પોતાના શુભ આશયને સિદ્ધ થયેલો જોઈને દુર્યોધનના અંતઃકરણરૂપ અર્ણવમાં આનન્દની ઉત્તુંગ લહરીઓ ઉછળવા લાગી અને તે મનોગત કહેવા લાગ્યો કેઃ "દ્રોણાચાર્ય તથા ભીષ્મ પિતામહ દ્વૈતભાવને ત્યાગી એક ભાવથી યુદ્ધ કરશે એમ સ્પષ્ટ દેખાય છે એટલે મારો ઉદ્દેશ સર્વાંશે સિદ્ધ થઈ ચૂક્યો છે."

થયેલા આ સર્વે કૌરવોને જોઈ લે." અહીં વિશિષ્ટતાથી સ્મરણમાં રાખી લેવા યોગ્ય વાર્તા એ છે કે અર્જુન પોતે પણ કુરુવંશમાં ઉત્પન્ન થયેલો હોવાથી કૌરવ હતો, કુરુવંશ અથવા કુરુજાતિના ગૌરવરૂપ હતો અને તેથી કૌરવ સૈન્યમાં જે મનુષ્યો હતા તે સર્વે કુરુજાતિના હોવાથી તેના આત્મીય, પ્રિયજન તથા બાલ્યકાળના સહચર ઈત્યાદિ જ હતા. આ પરિસ્થિતિનો વિચાર કરતાં શ્રી કૃષ્ણના મુખમાંથી નીકળેલા "જોઈ લે, રણભૂમિમાં એકત્ર થયેલા આ સર્વે કૌરવોને જોઈ લે." આ સામાન્ય શબ્દોમાં કેટલો અને કેવો ગહન ભાવ સમાયેલો હતો એની સહજ કલ્પના કરી શકાય તેમ હોવાથી એના અધિક ઊહાપોહની આવશ્યકતા છે જ નહિ. અર્જુને કૌરવ-સૈન્યમાં દૃષ્ટિપાત કરતાં જ તેના જોવામાં આવી ગયું કે જેમનો સંહાર કરીને યુધિષ્ઠિરના સ્વતંત્ર તથા નિષ્કંટક સામ્રાજ્યની સ્થાપના કરવાની હતી તેઓ કોઈ બીજા ન હોતા, કિન્તુ તેના પોતાના પ્રિય આત્મીય જનો, ગુરુ તથા બંધુ બાંધવો જ હતા અને તેથી તેઓ સંહારને પાત્ર નહિ, કિન્તુ ભક્તિ તથા પ્રેમને જ પાત્ર હતા. સારાંશ કે, ભારતવર્ષના બહુધા સર્વે ક્ષત્રિયવંશો એક બીજા સાથે પ્રિય સંબંધદ્વારા બંધાઈને એક બીજાને સંહારવામાટે એ કુરુક્ષેત્ર નામક મહાભીષણ રણભૂમિમાં આવીને ઉપસ્થિત થયા હતા.

વિષાદનું મૂળ કારણ

અહીં હવે સ્વાભાવિક જ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અર્જુનના વિષાદનું મૂળ કારણ શું હતું? અનેક જનો અર્જુનના એ વિષાદની પ્રશંસા કરીને શ્રી કૃષ્ણને કુમાર્ગદર્શક તથા અધર્મના અનુમોદક ઠરાવી વ્યાખ્યાનોમાં તેમની નિન્દા કરતાં પણ નથી અચકાતા; એટલે કે, ક્રિશ્ચિયન ધર્મમાં જે દયાના ભાવનો, બૌદ્ધ ધર્મમાં અહિંસાના ભાવનો અને વૈષ્ણવ ધર્મમાં પ્રેમભાવનો ઉપદેશ અપાયેલો છે તે જ ખાસ સિદ્ધ ધર્મ છે અને યુદ્ધ તથા નરસંહાર પાપ છે અને આનંદના તથા

ગુરુહત્યા. એ મહાપાતક છે. આવા પ્રકારની માન્યતાના પ્રતાપે ન્યાયને તેઓ ગીતામાં વર્ણવેલી ક્રમાને સર્વથા અયોગ્ય તથા વિરુદ્ધ કથા નીતિ શિક્ષણવાળાની બુદ્ધિના લક્ષણ છે. એ નવીનતાથી કહેવા કે જગતની અવસ્થા છે જ નહિ કિન્તુ એ સર્વ આધુનિક માન્ય-ન.એ: અથવા ધારણાઓ ઉપર યુગના મહાવીર પાંડવના મનમાં કાંઈ ઉપજી ન શકી: એટલે કે. ભક્તિમાનો ભાવ એક છે કિંવા પુ. ન્યાયત્વ. માતૃહત્યા તથા ગુરુહત્યા મહાપાપ છે. એમ ધારીને જ ગુરુ મુક્તિ પરાઙ્મુખ થવાનું ઉચિત માન્યું હતું. એવા આપણને ઉચ્ચભાવો એક પણ ચિહ્ન અર્જુનની કથામાં દૃષ્ટિગોચર થઈ શકતું નહિ. તે કે અર્જુન એમ અવશ્ય બોલ્યો હતો કે: "ગુરુજનોની હત્યા કરી નાખવા કરતાં ભિક્ષાવૃત્તિનું અવલંબન કરવું એ અધિક હિતકર છે અને જો આપણે બંધુ તથા બાંધવોની હત્યા કરીશું, તો તેના પાપનો ભાર અવશ્ય આપણા શિરપર આવી જ પડવાનો!" પરંતુ અર્જુને આ વાક્યો કર્મના સ્વભાવને અનુસરીને નહિ, કિન્તુ કર્મના ફળના વિચારથી જ ઉચ્ચાર્યાં હતાં. એ અહીં વિશિષ્ટતા પૂર્વક લક્ષમાં રાખી લેવાનું છે અને અર્જુને કર્મના ફળના વિચારથી જ આવાં વાક્યો ઉચ્ચારેલાં હોવાથી શ્રી કૃષ્ણે તેના એ વિષાદને નિવારવામાટે એવા પ્રકારનો ઉપદેશ આપ્યો હતો કે કોઈ પણ કર્મ કરતી વેળાએ કર્મનાં ફળનો નહિ કિન્તુ કર્મના સ્વભાવનો વિચાર કરીને જ તે કર્મ ઉચિત છે કે અનુચિત છે, એના નિશ્ચય કિંવા અંતિમ નિર્ણયપર આવવું, એજ ઉચિત માર્ગ છે. અર્જુનના હૃદયનો પ્રથમ ભાવ એવા હતો કે 'આ સર્વ મારા આત્મીયજનો, ગુરુજનો, બંધુ-જનો તથા બાહ્ય સહચરો હોવાથી એ સર્વ મારા સ્નેહ, ભક્તિભાવ તથા શુભેચ્છાને જ પાત્ર છે. એટલે જો એ સર્વની હત્યા કરીને સ્વતંત્ર તથા નિષ્કંટક રાજ્યનો ઉપભોગ કદાપિ સુખદાયક થઈ શકશે નહિ અને અમારે યાવજ્જીવન દુઃખ તથા પશ્ચાત્તાપના પાવકથી દગ્ધ થવું પડશે; કારણ કે બંધુ બાંધવાથી વિહીન સમસ્ત સૃષ્ટિનું સામ્રાજ્ય હોય, તો પણ તે વાંચ્છનીય મનાતું નથી.'[1] અર્જુનના અંતઃકરણનો અન્ય

૧

અથવા દ્વિતીય ભાવ એ હતો કે: 'પોતાના પ્રિય જનોની અથવા આત્મીય જનોની હત્યા કરવી, એ કાર્ય ધર્મથી સર્વથા વિરુદ્ધ છે; કારણ કે, જેઓ દ્વેષને પાત્ર હોય તેવા શત્રુઓને જ સંગ્રામમાં સંહારવા, એ જ ક્ષત્રિયોનો ધર્મ છે.' અર્જુનના ચિત્તનો તૃતીય ભાવ એ હતો કે: 'સ્વાર્થની સિદ્ધિમાટે આવા પ્રકારનું ઘોર કર્મ કરવું એ સર્વથા ધર્મવિરુદ્ધ છે અને ક્ષત્રિયોમાટે સર્વથા અનુચિત છે.' અને અર્જુનના અંતરનો ચતુર્થ ભાવ એ હતો કે: 'જે ભ્રાતૃવિરોધ તથા ભ્રાતૃહત્યાના પરિણામે કુળનો નાશ તથા જાતિનો ધ્વંસ થવાનો સંભવ છે, તે બંધુવિરોધ તથા બંધુહત્યાના ઘોર કર્મમાં પ્રવૃત્ત થવું એ કુલ-રક્ષક તથા જાતિરક્ષક ક્ષત્રિયવીરમાટે એક મહાપાપ છે એમાં કોઇ પણ પ્રકારનો સંશય છે જ નહિ.' આ ચાર ભાવો ઉપરાંત અર્જુનના વિષાદના કારણરૂપ અન્ય કોઈ ભાવ હતો જ નહિ અર્થાત્ જ્યાં સુધી આપણે અર્જુનના એ ભાવોને અથવા તો તેના વિષાદનાં મૂળ કારણોને યથાર્થ સ્વરૂપમાં ન જાણી લઇએ ત્યાં સુધી શ્રી કૃષ્ણ ભગવાનના ઉપદેશનો અથવા બોધનો ગૂઢ અર્થ અથવા આશય પણ આપણા જાણવામાં આવી શકે તેમ નથી. ક્રિશ્ચિયન્ ધર્મ, બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવ ધર્મ સાથે ગીતાના વિરોધ તથા સામંજસ્યનું આગળ ચાલતાં યથાપ્રસંગ નિરૂપણ થવાનું જ છે એટલે તે વેળાએ અર્જુનની કૃપાના ભાવનું સૂક્ષ્મ વિચારપૂર્વક નિરીક્ષણ કરીને તેના મનોભાવનું અમો અમારાં પાઠક તથા પાઠિકાઓને પ્રદર્શન કરાવીશું.

વૈષ્ણવી માયાનું આક્રમણ

અર્જુને પ્રથમ પોતાના વિષાદનું વર્ણન કરી સંભળાવ્યું તેનું કારણ એ હતું કે, તેના હૃદયરાજ્યમાં સ્નેહ તથા કૃપાનો જે અકસ્માત્ વિદ્રોહ થયો હતો તેના પરિણામે તે વ્યાકુલ તથા પરાસ્ત થઈ ગયો હતો, તેના શરીરનું સમસ્ત બળ એક મુહૂર્તમાત્રમાં જ નષ્ટ થયું હતું. તેનાં સર્વે અંગો અસ્વસ્થ થઈ ગયાં હતાં; તેનામાં એક

[illegible] સાધનાથી હાનિ રહી નહોતી. તેના ભક્તિ ભાવે [illegible] થયા હતા. તેના [illegible] માંડ્યા હતાં. તેના [illegible] આવિર્ભાવ થતો હતો, [illegible] ભક્તિ [illegible] હતો. તેનું મુખ [illegible] થઈ ગયું હતું. અર્જુનના [illegible] પ્રથમ તો આપણે [illegible] આધ્યાત્મિકનું વિશ્વ તરીકે [illegible] આનંદ પામીએ [illegible] ક્ષત્રિયોચિત [illegible] એ ભાવ અથવા વિચારનું [illegible] આપણે અર્જુનના [illegible] એ વર્ણના એક છીએ, પરંતુ એ [illegible] નિરીક્ષણ કરીએ, તો એ અર્જુને મહા- [illegible] ઉદય થાય છે. અર્જુને યુદ્ધ કર્યું હતું [illegible] આપણા મનમાં [illegible] પણ [illegible] સાથે [illegible] આવિર્ભાવ થતો ન [illegible] પૂર્વેની [illegible] કદાચિ આવા ભાવનો આવિર્ભાવ [illegible] અકસ્માત તેનામાં [illegible] શ્રી કૃષ્ણની ઇચ્છાથી જ [illegible] માનવજાતિની અનેક અત્યંત [illegible] ઉત્પાત થતો હતો. માનવજાતિની ઉચ્ચ આશાઓ પરાજિત [illegible] આનન્દિક ઉત્પાત [illegible] તથા ઉચ્ચ [illegible] શુભ ભાવની [illegible] સાત્ત્વિક [illegible] તથા [illegible] અર્જુનના [illegible] શુદ્ધિ થતી નથી; કિન્તુ તથા [illegible] ચિત્તની શુદ્ધિ થતી નથી; કિન્તુ રહેલી હતી, કારણ કે, [illegible] ચિત્તની [illegible] જ ચિત્તની શુદ્ધિ [illegible] વિવેક તથા વિશુદ્ધ બુદ્ધિની સહાયતાથી [illegible] આ જન્મમાં જ રહેલી [illegible] નિગૃહીત વૃત્તિ અને સર્વ ભાવો આ જન્મમાં [illegible] એવી જે કોઈની માન્યતા [illegible] છે એટલે કે આ જન્મ પૂરતા જ છે [illegible] અન્ય જન્મમાં પણ [illegible] તે માન્યતા અયોગ્ય છે, કારણ કે, [illegible] ઉછળીને બુદ્ધિપર આક્રમણ [illegible] વૃત્તિ તથા ભાવો ચિત્તમાંથી અચાનક [illegible] સમસ્ત કર્મોને પોતાના વિ[illegible] એમ છે અને બુદ્ધિપર વિજય મેળવીને [illegible] થવામાં હેતુ છે. આ કારણથી [illegible] માટે અનુકૂળ થતા તે માર્ગમાં [illegible]

જે મનુષ્યો આ જન્મમાં દયાળુ હોય છે તેઓ અન્ય જન્મમાં નિર્દય તથા નિષ્ઠુર થઈ જાય છે અને જેઓ આ જન્મમાં ક્રમી તથા દુશ્ચરિત્ર હોય છે તેઓ અન્ય જન્મમાં સાધુ તથા પવિત્રચરિત્ર થઈ જાય છે. નિગ્રહ ન કરવા છતાં પણ કેવળ વિવેક તથા વિશુદ્ધ બુદ્ધિની સહાયતાથી વૃત્તિઓનો પરિત્યાગ એટલે કે વૃત્તિઓનું નિવારણ કરીને ચિત્તને નિર્મલ અથવા શુદ્ધ કરી શકાય છે અને એને જ 'સંયમ' કહેવામાં આવે છે. જો જ્ઞાનના પ્રભાવથી અજ્ઞાનનું અથવા પ્રકાશના પ્રભાવથી અંધકારનું નિવારણ ન થઈ જાય, તો એ સંયમ સાધી શકાતો નથી અને એટલામાટે જ શ્રી કૃષ્ણે અર્જુનના અજ્ઞાનરૂપ અંધકારને દૂર હટાવીને તેનામાંના સુપ્ત વિવેકને જાગ્રત કરી તેના ચિત્તનું શોધન કરવાની એટલે કે તેના ચિત્તને શુદ્ધ કરવાની ઇચ્છા કરી હતી; પરંતુ સર્વ પરિહાર્ય એટલે કે ત્યાગી દેવા યોગ્ય વૃત્તિઓને જ્યાં સુધી ચિત્તમાંથી ઉપાડીને બુદ્ધિ સમક્ષ રજૂ કરવામાં ન આવે, ત્યાં સુધી બુદ્ધિને તેના ત્યાગ અથવા નિવારણનો અવસર મળી શકતો નથી એટલે કે જ્યારે યુદ્ધમાં પરાજિત થાય છે ત્યારે જ અંતસ્થ દૈત્ય અથવા રાક્ષસ વિવેકબુદ્ધિને પોતાના બંધનથી મુક્ત કરે છે. યોગની પ્રથમ અવસ્થામાં જે કેટલીક અનિષ્ટ પ્રવૃત્તિઓ ચિત્તમાં પોતાનાં મૂળને ઉંડાં ઉતારીને બેઠેલી હોય છે, તે અનિષ્ટ પ્રવૃત્તિઓ અચાનક પ્રબળ વેગથી બુદ્ધિપર આક્રમણ કરે છે અને અનભ્યસ્ત સાધકને ભીતિ તથા શોકવડે વિહ્વલ કરી નાખે છે. આને જ પાશ્ચાત્યદેશવાસીઓ શયતાનના બળના નામથી ઓળખે છે અને બૌદ્ધધર્મીઓ આને જ મારના આક્રમણ તરીકે વ્યક્ત કરે છે; પરંતુ વાસ્તવિકતાથી જોતાં તો એમ જ જણાય છે કે એ ભીતિ તથા શોક અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલાં હોય છે અને એ બળ શયતાનનું નહિ, કિન્તુ ભગવાનનું જ છે. અન્તર્યામી જગદીશ્વર જ એ સર્વ પ્રવૃત્તિઓને સાધકની બુદ્ધિપર આક્રમણ કરવામાટે બોલાવે છે; પરંતુ એમાં તેનો સાધકનું અકલ્યાણ કરવાનો નહિ, કિન્તુ સાધકના ચિત્તને શુદ્ધ

કરવાનો જ ગુપ્ત ઉદ્દેશ સમાયેલો હોય છે, એ આપણે કદાપિ ભૂલી જવાનું નથી. શ્રી કૃષ્ણ જેવી રીતે પોતાના દૃશ્ય શરીરથી તથા બાહ્ય જગતમાં અર્જુનના સખા તથા સારથી હતા તેવી જ રીતે અંતરમાં તેઓ અશરીરી ઈશ્વર તથા અન્તર્યામી પુરુષોત્તમ હોવાથી તેમણે જ અર્જુનની એ ગુપ્ત રહેલી વૃત્તિઓ તથા તેના ગુપ્ત રહેલા ભાવોને પ્રબળ વેગથી તેની બુદ્ધિ ઉપર ફેંક્યા હતા; સારાંશ કે, એ ગુપ્ત વૃત્તિઓ તથા ભાવોના બીજાણુ આઘાતથી અર્જુનની બુદ્ધિ ભ્રમિષ્ટ થવા લાગી અને તેના સ્થૂલ શરીરમાં તેના પ્રબળ મનોવિકારનાં સર્વ લક્ષણો કવિના વર્ણન અનુસાર વ્યક્ત થવા લાગ્યાં. અચાનક આવી પડેલા પ્રબળ શોક તથા દારુણ દુઃખનો શરીરમાં આવા પ્રકારનો વિકાર થઈ જાય છે, એ તો આપણે પણ સારી રીતે જાણીએ છીએ; કારણ કે, એ માનવજાતિના સર્વથા સાધારણ અને નિત્યના અનુભવની ઘટના છે. પરંતુ અર્જુનની બુદ્ધિમાં જે અચાનક આવો પ્રબળ વિકાર થઇ ગયો હતો અને તે વિકારવડે તેના શરીરમાં જે ભયંકર પરિણામ થયું હતું, તેનું કારણ એ હતું કે ભગવાનની વૈષ્ણવી માયાએ અર્જુનને પોતાના અખંડ બળથી નિમેષમાત્રમાં જ અતિશય વ્યાકુલ તથા ભ્રમિષ્ટ કરી નાખ્યો હતો અને તેથી જો તેનામાં વિકારની આટલી બાધા થઇ હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ હતું. અર્થાત જ્યારે પણ કોઈ પાપાત્મા મનુષ્ય દયા તથા પ્રેમ ઈત્યાદિ ધર્મના કોમળ આકારને ધારણ કરીને, અસત્ તથા જ્ઞાનહીન જન જ્ઞાનનો વેશ ધારી છદ્મવેશી થઇને અને ગાઢ અંધકાર સમાન તમોગુણથી વ્યા મનુષ્ય ઉજ્જ્વલ તથા વિશદ પવિત્રતા તથા સાત્ત્વિકતાને દર્શાવી એમ બોલવા માંડે કે: 'અમે જ ધર્માત્મા છીએ, અમે જ જ્ઞાની છીએ, અમે જ સાત્ત્વિક છીએ, અમે જ ભગવાનના પ્રિય છીએ પુણ્યરૂપ છીએ અને પુણ્યપ્રવર્તક છીએ:' એટલે એથી તમ નિશ્ચય પૂર્વક જાણી લેવું કે અવશ્ય તે મનુષ્યની બુદ્ધિમાં વૈષ્ માયાનો પ્રકાશ થયેલો છે.

શબ્દ તથા પ્રત્યેક વાક્યમાં ભરી આવે છે અને તે આપણે જોઈ ચૂક્યા છીએ.

એ ભાવની ક્ષુદ્રતા

અર્જુનનો પ્રથમ વાદ એ હતો કે: 'આ સર્વ આપણા સ્વજન, આત્મીય તથા આપણી શુભેચ્છાને પાત્ર હોવાથી યુદ્ધમાં એ સર્વને મારી નાખવાથી આપણું શું હિત થવાનું છે વારુ! યુદ્ધમાં એ સર્વને મારી નાખવાથી વિજય, રાજ્ય તથા ધનની પ્રાપ્તિ થતાં વિજેતાનો ગર્વ, રાજાનું ગૌરવ અને ધનાઢ્યનું સુખ એ વસ્તુઓ પ્રાપ્ત થવાનો સંભવ છે ખરો, પરંતુ હું એ સર્વ શલ્ય સ્વાર્થોની સિદ્ધિને ઇચ્છતો નથી; કારણ કે, લોકોને રાજ્ય, ભોગ અને જીવન આદિ શાથી પ્રિય થાય છે? પત્ની, પુત્ર અને પુત્રી તથા આત્મીય જનોને સુખમાં રાખી શકવાથી અને બંધુ બાંધવો સાથે ઐશ્વર્યજન્ય સુખને ભોગવવાથી આપણે આપણા આયુષ્યના દિવસો આનંદમાં વીતાડી શકીએ છીએ તેથી જ એ સર્વ સુખોનું મહત્ત્વ છે અને તેથી જ મનુષ્યને એ સુખોને મેળવવાનો લોભ થાય છે; પરંતુ જેમનામાટે આપણે રાજ્ય, ભોગવિલાસ તથા સુખ આદિને ઇચ્છીએ છીએ, તેઓ આપણા શત્રુ થઇને રણભૂમિમાં ઉપસ્થિત થયેલા છે; માત્ર એટલું જ નહિ, પણ આપણી સાથે મળીને રાજ્ય તથા સુખનો એકત્ર ભોગ કરવાને સંમત ન થતાં આપણી હત્યા કરી નાખવાને જ તૈયાર થઈ ઊભા છે, એટલે પછી રાજ્ય તથા સુખને મેળવવાથી શું ફળ ફળવાનું છે વારુ? એમની ઇચ્છા હોય તો એઓ ભલે મારો વધ કરી નાખે; પરંતુ મારાથી એમનો વધ કરી શકાય તેમ નથી જો એમની હત્યાથી ત્રિલોકના રાજ્યનો અધિકાર મને મળી જાય તેમ હોય, તો પણ મારાથી એમના પર શસ્ત્ર ચલાવી શકાય તેમ નથી; તો પછી આ પૃથ્વીના સ્વતંત્ર સામ્રાજ્યના અધિકારની તો ગણના જ શી છે વારુ?' સ્થૂલ દૃષ્ટિ ધરાવનારા લોકો અર્જુનની

નિર્મળ આનંદભાવથી વંચિત થઈ પોતાની એકતાને આધાર એટલે કે શરીર સાથે ભેળવી દઈને 'હું દેહ છું, હું પ્રાણ છું, હું ચિત્ત છું ને હું બુદ્ધિ છું' એવી ભ્રાન્તિવડે શારીરિક તથા માનસિક સુખ તથા દુઃખથી સુખી તથા દુઃખી થતો રહે છે. આ સર્વ ભ્રાન્તિ અથવા ભ્રમણાનું મૂળ કારણ અશુદ્ધ ચિત્તની અશુદ્ધતા જ છે અને તેથી ચિત્તની શુદ્ધિ ઉન્નતિનું પ્રથમ સોપાન મનાય છે. એ અશુદ્ધતા કેવળ તામસ તથા રાજસ વૃત્તિને જ કલુષિત કિંવા વિકૃત કરીને સંતુષ્ટ થતી નથી; કિન્તુ સાત્ત્વિક વૃત્તિને પણ કલુષિત કરી નાખે છે. 'અમુક વસ્તુ ઓ મારા શારીરિક તથા માનસિક ભોગની સામગ્રી છે, મને તેઓ જ ગમે છે અને તેમના વિયોગથી મને અતિશય ક્લેશ તથા કષ્ટ થઈ પડે છે,' આવો જે અશુદ્ધ પ્રેમ તે શરીર, પ્રાણ તથા ચિત્તને કલુષિત અથવા વિકૃત કરીને શુદ્ધ તથા નિર્મળ પ્રેમને પણ કલુષિત કરી નાખે છે. બુદ્ધિ પણ એ અશુદ્ધતાના પરિણામે ભ્રાન્ત થઈને એમ કહેવા મંડી જાય છે કે: 'આ મારી પત્ની છે, આ મારો ભ્રાતા છે, આ મારી ભગિની છે, આ મારો સખા છે, આ મારો આત્મીય છે, આ મારો મિત્ર છે અને તેથી એ સર્વનું કલ્યાણ મારે ઇચ્છવું જોઈએ; કારણ કે એ પ્રેમ જ પુણ્યમય હોવાથી જો હું એ પ્રેમથી પ્રતિકૂળ કાર્ય કરું, તો તે પાપ, ક્રૂરતા તથા અધર્મ જ કહેવાય!' આવા પ્રકારના અશુદ્ધ પ્રેમના પરિણામે એવી અને એટલી બળવતી કૃપાનો ઉદ્ભવ થાય છે કે તેના યોગે પોતાનાં માનેલાં પ્રિયજનોને કષ્ટ આપવા કરતાં અને તેમનું અનિષ્ટ કરવા કરતાં સાક્ષાત્ ધર્મને જ જલાંજલિ આપી દેવાનું વિશેષ શ્રેયસ્કર જણાય છે; માત્ર એટલું જ નહિ, પણ અંતે એ અશુદ્ધ પ્રેમ અથવા કૃપાના પ્રવાહમાં તે એટલી સીમા પર્યન્ત તણાઈ જાય છે કે જો તેની એ કૃપાપર આઘાત કરવામાં આવે, તો તે ધર્મને અધર્મ તરીકે ઓળખાવીને પોતાની …નાનું સમર્થન કરવા મંડી જાય છે. આવા સ્વરૂપની વૈષ્ણવી … પ્રમાણ અર્જુનના મુખવડે પ્રારંભમાં ઉચ્ચારાયેલા પ્રત્યે…

શબ્દ તથા શ્લોક વાક્યમાં મળી આવે છે અને તે આપણે જોઈ ચૂક્યા છીએ.

એ ભાવની ક્ષુદ્રતા

અર્જુનનો પ્રથમ વાદ એ હતો કે: 'આ સર્વ આપણાં સ્વજન, આત્મીય તથા આપણી શુભેચ્છાને પાત્ર હોવાથી યુદ્ધમાં એ સર્વને મારી નાખવાથી આપણું શું હિત થવાનું છે વારુ! યુદ્ધમાં એ સર્વને મારી નાખવાથી વિજય, રાજ્ય તથા ધનની પ્રાપ્તિ થતાં વિજેતાનો ગર્વ, રાજાનું ગૌરવ અને ધનાઢ્યનું સુખ એ વસ્તુઓ પ્રાપ્ત થવાનો સંભવ છે ખરો, પરંતુ હું એ સર્વ અન્ય સ્વાર્થોની સિદ્ધિને ઇચ્છતો નથી; કારણ કે, લોકોને રાજ્ય, ભોગ અને જીવન આદિ શાથી પ્રિય થાય છે? પત્ની, પુત્ર અને પુત્રી તથા આત્મીય જનોને સુખમાં રાખી શકવાથી અને બંધુ બાંધવો સાથે ઐશ્વર્યજન્ય સુખને ભોગવવાથી આપણે આપણા આયુષ્યના દિવસો આનંદમાં વીતાડી શકીએ છીએ તેથી જ એ સર્વ સુખોનું મહત્ત્વ છે અને તેથી જ મનુષ્યને એ સુખોને મેળવવાનો લોભ થાય છે; પરંતુ જેમનામાટે આપણે રાજ્ય, ભોગવિલાસ તથા સુખ આદિને ઇચ્છીએ છીએ, તેઓ આપણા શત્રુ થઇને રણભૂમિમાં ઉપસ્થિત થયેલા છે; માત્ર એટલું જ નહિ, પણ આપણી સાથે મળીને રાજ્ય તથા સુખનો એકત્ર ભોગ કરવાને સંમત ન થતાં આપણી હત્યા કરી નાખવાને જ તૈયાર થઈ ઊભા છે, એટલે પછી રાજ્ય તથા સુખને મેળવવાથી શું ફળ ફળવાનું છે વારુ? એમની ઇચ્છા હોય તો એઓ ભલે મારો વધ કરી નાખે; પરંતુ મારાથી એમનો વધ કરી શકાય તેમ નથી જો એમની હત્યાથી ત્રિલોકના રાજ્યનો અધિકાર મને મળી જાય તેમ હોય, તો પણ મારાથી એમના પર શસ્ત્ર ચલાવી શકાય તેમ નથી; તો પછી આ પૃથ્વીના સ્વતંત્ર સામ્રાજ્યના અધિકારની તો ગણના જ શી છે વારુ?' સ્થૂલ દૃષ્ટિ ધરાવનારા લોકો અર્જુનની

ગાઇ

" न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च " ।

તેમજ

" एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्य राज्यस्य हेतोः किंनु महीकृते " ॥ "

આ ઉક્તિઓથી મુગ્ધ થઇને તત્કાળ એમ કહેવાને પ્રેરિ
થઈ જાય છે કે: 'અહો, અર્જુનનો કેવો મહાન, ઉ
અને નિસ્વાર્થ પ્રેમમય ભાવ! રુધિરથી લેપાયલા ભોગ તથા સ
કરતાં તેને પરાજય, મરણ તથા ચિરકાલિક દુઃખ આદિ જ અ
આદરણીય દેખાયલાં છે!" પરંતુ વસ્તુતઃ અર્જુનના મનોભ
સંયમ બુદ્ધિથી પરિક્ષણ કરતાં તત્કાળ આપણા જાણવામાં આવે
છે કે અર્જુનનો એ મનોભાવ સર્વથા શુદ્ધ, દુર્બળતાદર્શક તથા
એક નપુંસકને શોભા[ ]િ જેવા પ્રકારનો જ હતો. કુળના હિતમાટે
પ્રિયજનોના પ્રેમથી [ ] કૃપાને વશ થવાથી તેમ જ રક્તપાતના
સ્વાર્થનો સર્વથા ત્[ ]ાગ કરી દેવો, એ કદાચિત્ અનાર્ય જનમાટે
ઉદારતાને દર્શાવનાર[ ]ો ભાવ થઈ શકે તેમ છે. પરંતુ એક
પુરુષમાટે તો એ [ ]સર્વથા મધ્યમ ભાવ જ મનાય છે; કારણ
માટે તો કેવળ ધ[ ]ર્મ તથા ભગવત્પ્રીત્યર્થ સ્વાર્થનો ત્યાગ કરવે
ઉત્તમ ભાવ છે. એ[ ]જ હવે અન્ય રીતિથી પ્રતિપાદન કરવ
તો એમ પણ નિર્વિવા[ ]દ કરી શકાય તેમ છે કે કુળના
અથવા પ્રિયજનોના પ્રેમથ[ ]ી, કૃપાને વશ થવાથી તેમ જ
ભયથી જો ધર્મનો પરિત્યાગ[ ] કરી દેવાય, તો તે સર્વથા
છે, એમાં કોઈ પણ પ્રકારનો [ ]સંશય છે જ નહિ; કારણ
ધર્મ તથા ભગવત્પ્રીતિમાટે સ્નેહ, [ ] કૃપા તથા ભય આદિ
. જ પ્રકૃત અથવા વાસ્તવિક [ ]દર્પભાવ છે. એ શુદ્ધ
ધનમાટે જ અર્જુને સ્વજનોની હત્[ ]યાથી લાગતા પાપને

હેતુ કે: "ધૃતરાષ્ટ્રના પુત્રોને એટલે કે કૌરવોને મારી નાખવાથી આપણને કયા સુખ તથા માનસિક સંતોષની પ્રાપ્તિ થવાની હતી વારુ! કારણ કે, તેઓ આપણા બંધુબાંધવ તથા આત્મીય સ્વજન હોવાથી જો તેઓ અન્યાય કરે, આપણી સાથે શત્રુતા કરે, આપણા રાજ્યને હરી લે અને સત્યનો ભંગ કરી નાખે, તો પણ તેમને મારવાથી આપણે તો પાપી જ થવાના છીએ; સુખી થવાના નથી." પરંતુ આ શબ્દો ઉચ્ચારતી વેળાએ અર્જુન એ સત્ય તત્ત્વને ભૂલી ગયો હતો કે તે એ વેળાએ ધર્મયુદ્ધ કરવામાટે રણભૂમિમાં આવ્યો હતો; કોઈ પોતાના સુખ કિંવા યુધિષ્ઠિરના સુખ અથવા સ્વાર્થની સિદ્ધિમાટે શ્રી કૃષ્ણના ઉપદેશથી કૌરવોની હત્યાના કાર્યમાં પ્રેરાયો નહોતો; કારણ કે, ધર્મની સ્થાપના, અધર્મનો નાશ, ક્ષત્રિયધર્મનું પાલન અને ભારતવર્ષમાં ધર્મપ્રતિષ્ઠિત એક મહત્સામ્રાજ્યની સ્થાપના એ જ કુરુક્ષેત્રના મહાભારત નામક મહાયુદ્ધનો દિવ્ય ઉદ્દેશ હતો અને તેથી પોતાના સમસ્ત સુખોને જલાંજલિ આપીને તેમ જ જીવનવ્યાપક દુઃખ તથા મંત્રણાઓને સહન કરીને પણ એ દિવ્ય ઉદ્દેશની સિદ્ધિ કરવી, એ એક ક્ષત્રિય વીરપુરુષ તરીકે અર્જુનનું સર્વથી પ્રથમ અને પરમ કર્તવ્ય હતું, એનો કોઈથી પણ અસ્વીકાર કરી શકાય તેમ છે ખરું કે? કદાપિ નહિ.

કુળનાશની કથા

કિન્તુ પોતાની દુર્બળતાના સમર્થનમાટે અથવા તો પોતાની દુર્બલતાને છુપાવવામાટે અર્જુને એક બીજી ઉચ્ચતર યુક્તિ શોધી કાઢી અને તે એ કે: 'આ યુદ્ધમાં કુળ તથા જાતિના નાશનો સંપૂર્ણ સંભવ હોવાથી આ યુદ્ધ ધર્મયુદ્ધ નહિ, પણ અધર્મયુદ્ધ જ છે; કારણ કે, આ યુદ્ધમાં ભ્રાતૃહત્યા તથા મિત્રદ્રોહ જ આપણા હસ્તથી થવાના છે; અર્થાત્ જેઓ સ્વાભાવિક જ આપણને અનુકૂળ છે અને આ

જણા મહાપાતકો છે તેમનું જ આપણે આપણા કરતાંથી અનિષ્ટ કરવું થાય: માત્ર એટલું જ નહિ, પણ જે કુળમાં એટલે કે જે કુરુ નામક ક્ષત્રિયવંશ તથા જાતિમાં પાંડવ તથા કૌરવ એ ઉભય પક્ષોનો જન્મ થયેલો છે, તે કુળનો નાશ પણ આ યુદ્ધથી અનાયાસ સિદ્ધ થવાનો છે." પ્રાચીન કાળમાં જાતિનો બહુધા રક્તના સંબંધપર જ આધાર રહેતો હતો; કારણ કે, એક કુળ-મહાન્ કુળ-વિસ્તાર પામીને જાતિના રૂપમાં પરિણત થઈ જતું હતું: જેમ કે ભોજવંશ તથા કુરુવંશ ઇત્યા-દિ ભારતજાતિના વિવિધ વંશો પછીથી એક એક બળશાલિની જાતિ-ના રૂપમાં ફેરવાઈ ગયા હતા અને તેથી જ કુળમાં જે અન્તર્વિરોધ ઉત્પન્ન થયો અને એક બીજાનું અનિષ્ટ અથવા અકલ્યાણ કરવું એ પ્રવૃત્તિને જ અર્જુને 'મિત્રદ્રોહ' ના નામથી ઓળખાવી હતી. હવે જો કેવળ નૈતિક દૃષ્ટિથી જ અવલોકન કરવામાં આવે, તો તો એ મિત્રદ્રોહને એક મહાપાપ તરીકે સ્વીકારવા વિના અન્ય કોઈ માર્ગ મળી શકે તેમ છે જ નહિ અને અર્થનીતિથી એ 'મિત્રદ્રોહ' નામક દોષમાં જે કુળ અથવા જાતિનો ક્ષય સમાયેલો હતો તે તેનું-'મિત્રદ્રોહ' નામક દોષનું—અવશ્યંભાવિ ફળ હતું. એ પણ નિર્વિવાદ છે. સનાતન કુળધર્મના યથોચિત પાલનથી જ કુળની ઉન્નતિ તથા અવસ્થિતિ થઈ શકે છે અને તેથી આપણા પૂજ્ય પૂર્વજો ગૃહસ્થજીવન તથા રાજ-નૈતિક ક્ષેત્રમાં જે મહાન્ આદર્શ તથા મહતી કર્મશૃંખલાને સ્થાપી ગયા છે તે આદર્શની હાનિ અને તે શૃંખલાનો વિચ્છેદ થતાં કુળનો અધઃપાત થાય, એમાં શંકાનો અંશ માત્ર પણ નથી. સારાંશ કે, જ્યાં સુધી કુળનું સદ્ભાગ્ય પ્રબળ હોય છે અને બળ અવિચ્છિન્ન હોય છે ત્યાં સુધી જ તેનો તે આદર્શ અને તેની તે કર્મશૃંખલા રક્ષાયલાં રહી શકે છે; પરંતુ જ્યારે તે કુળ ક્ષીણ તથા દુર્બળ થઈ જાય છે, ત્યાર પછી તમોભાવ અથવા દુર્બળતાના પરિમાણ અનુસાર તેના મહાન્ ધર્મમાં શિથિલતા આવતી જાય છે અને તેના પરિણામે કુળમાં અ-નીતિ તથા અસત્ય આદિ દોષોનો પ્રવેશ થાય છે; કુળની

કામિનીઓ દુશ્ચરિત્ર અથવા વ્યભિચારિણી થઇ જાય છે અને તેથી કુળની પવિત્રતાનો સર્વથા નાશ થઇ જાય છે; કારણ કે, કુલકામિનીઓ અથવા કુળની સ્ત્રીઓ વ્યભિચારિણી થતાં નીચ જાતિના અથવા નીચ ચરિત્રવાળા લોકોના વીર્યથી તે કુળમાં પ્રજાની ઉત્પત્તિ થાય છે કે જે પ્રજા અથવા સંતતિ સર્વત્ર વર્ણસંકરના નિંદ્ય નામથી જ ઓળખાય છે. આ સર્વ કારણોનો વિચાર કરતાં જો પૂર્વપુરુષોના શુદ્ધ વીર્યથી ઉત્પન્ન થયેલા સંતાનો અથવા વંશધરોની હત્યા કરવામાં આવે, તો તે હત્યા કરનારા નરકના અધિકારી થાય, તેમ જ અધર્મના વિસ્તાર, વર્ણસંકર પ્રજાના યોગે થનારી નૈતિક અધોગતિ તથા નીચ ગુણોના પ્રસાર અને અરાજકતા આદિ દોષોવડે સમસ્ત કુળનો જો વિનાશ થઈ જાય; માત્ર એટલું જ નહિ, પણ તે સમસ્ત કુળ નરકપ્રાપ્તિને યોગ્ય થાય, તો તે સર્વથા સ્વાભાવિક જ કહી શકાય. કુળના નાશથી જાતિધર્મ તથા કુળધર્મ એ ઉભય ધર્મોનો નાશ થઇ જાય છે. સમસ્ત કુલસમષ્ટિથી જે જાતિ બંધાયલી હોય છે તે મહતી જાતિની પુરુષપરંપરાથી ચાલતો આવેલો જે સનાતન આદર્શ અને ચાલતી આવેલી જે કર્મશૃંખલા તે જ તે જાતિનો ધર્મ એટલે કે જાતિના મનુષ્યોનો જાતિધર્મ કહેવાય છે, આ વ્યાખ્યાને અહીં વિશિષ્ટતાની લક્ષમાં રાખી લેવાની છે. અર્થાત્ એ પછી અર્જુને પોતાના પ્રથમ સિદ્ધાન્ત તથા કર્તવ્યકર્મ વિષયક નિશ્ચયને દર્શાવીને યુદ્ધની વેળાએ જ પોતાના ગાંડીવ નામક ધનુષ્યનો ત્યાગ કરી દીધો અને તે રથમાં બેસી ગયો. કવિએ આ પ્રથમ અધ્યાયના અંતિમ શ્લોકમાં એવો જ સાંકેતિક ભાવ દર્શાવેલો છે કે શોકથી અર્જુનની બુદ્ધિનો ભ્રંશ થયેલો હોવાથી જ તે આવી રીતે ક્ષત્રિયધર્મથી સર્વથા વિપરીત અને અનાર્ય આચરણને આચરવાના નિશ્ચયપર આવી લાગ્યો હતો.

વિદ્યા અને અવિદ્યા

અર્જુનના કુળનાશવિષયક કથનમાં એક અત્યંત મહાન્ તથા ઉન્નત ભાવની છાયા આપણા જોવામાં આવી શકે છે અને તે ભાવ

સાથે જે એક ગુરુતર અથવા ગંભીર પ્રશ્ન જોડાયેલો છે, તે પ્રશ્નની આલોચના કરવી એ ગીતાના વ્યાખ્યાતામાટે એક અત્યંત આવશ્યક કાર્ય છે. તે પ્રશ્ન એ છે કે જો આપણે ગીતાના કેવળ આધ્યાત્મિક અર્થનું જ અન્વેષણ કરીએ, તો આપણને આપણાં જાતીય, ગાર્હસ્થ્ય તથા વ્યક્તિગત સાંસારિક કર્મ તથા આદર્શથી ગીતામાં ઉપદેશાયેલા ધર્મનો સંપૂર્ણ વિચ્છેદ કરવો પડે છે અને જો એ ભાવ તથા એ પ્રશ્નની મહત્તા તથા પ્રયોજનીયતાનો આપણે અસ્વીકાર કરીએ, તો તેથી ગીતામાં કથાયેલા ધર્મના સર્વવ્યાપક વિસ્તારને સંકુચિત કર્યા જેવું થાય છે. શ્રી શંકરાચાર્ય આદિ જે જે મહાપુરુષોએ ગીતાની વ્યાખ્યાઓ અથવા ટીકાઓ કરેલી છે તે મહાપુરુષો સંસારથી સર્વથા પરાઙ્મુખ થયેલા દાર્શનિક તથા અધ્યાત્મવિદ્યાપરાયણ જ્ઞાની હોવાથી તેમ જ ભક્ત હોવાથી ગીતામાં પોતાની આવશ્યકતા અનુસાર જ્ઞાન તથા ભાવને શોધીને જે કાંઇ પણ તેમને પ્રયોજનીય લાગ્યું તેટલા વિભાગને મેળવીને જ સંતુષ્ટ થયેલા છે. પરંતુ વસ્તુતઃ જોઈએ તો એકસમયાવચ્છેદે જ્ઞાની, ભક્ત તથા કર્મી હોય છે, તેઓ જ ગીતામાં અપાયેલા ગુહ્યતમ ઉપદેશના અધિકારી છે; કારણ કે, ગીતાના વક્તા શ્રી કૃષ્ણ પોતે મહાજ્ઞાની તથા કર્મી હતા અને ગીતામૃત ઉપ[illegible] અધિકારી અર્જુન એક મહાન ભક્ત તથા કર્મવીર હતો અને તેના જ્ઞાનચક્ષુને ઉઘાડવામાટે જ શ્રી કૃષ્ણ ભગવાને કુરુક્ષેત્રમાં તેને ગીતારૂપ જ્ઞાનામૃતનું પાન કરાવ્યું હતું. અર્થાત્ એક મહાન રાજનૈતિક સંઘર્ષ એ જ ગીતાના પ્રચારનું કારણ હતું. તે સંઘર્ષમાં મહાન રાજનૈતિક ઉદ્દેશની સિદ્ધિમાટે અર્જુનને યન્ત્ર તેમ જ નિમિત્તરૂપે યુદ્ધમાં પ્રવૃત્ત કર્યો, એ જ ગીતાનો ઉદ્દેશ હતો અને એથી કુરુક્ષેત્ર જ ગીતાના ઉપદેશનું યોગ્યતમ સ્થાન હતું. શ્રી કૃષ્ણ એક અદ્વિતીય રાજનીતિનિપુણ તથા યોદ્ધા હતા, ધર્મરાજ્યની સ્થાપના કરવી એ તેમના જીવનનો પ્રધાન ઉદ્દેશ હતો અને અર્જુન પણ અદ્વિતીય રાજપુરુષ, રાજનીતિ તથા યુદ્ધનો પ્રચાર કરવું એ

તેમનું સ્વભાવનિયત અથવા સ્વાભાવિક કર્મ હતું. સારાંશ કે, ગીતાના ઉદ્દેશને તેમ જ ગીતાના વક્તા, પાત્ર તથા પ્રચારના કારણને બાદ કરીને એટલે કે ત્યાગી દઈને ગીતાની વ્યાખ્યા કદાપિ કરી શકાય તેમ છે ખરું કે? ન જ કરી શકાય.

માનવસંસારની ચિરકાલ રહેનારી કોઈ પણ પ્રતિષ્ઠાઓ હોય, તો તે કેવળ પાંચ પ્રતિષ્ઠાઓ છે અને તેઓ વ્યક્તિ, પરિવાર, વંશ, જાતિ તથા માનવસમષ્ટિ એ પાંચ નામોવડે વિશ્વમાં વિખ્યાત છે. એ પાંચ પ્રતિષ્ઠાઓ ઉપર જ ધર્મની પ્રતિષ્ઠાનો આધાર રહેલો છે. ભગવત્પ્રાપ્તિ અથવા પરમાત્માનો સાક્ષાત્કાર એ ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે અને ભગવત્પ્રાપ્તિના જે બે માર્ગ તે એ કે વિદ્યાનો અધિકાર મેળવી લેવો અથવા અવિદ્યાનો અધિકાર મેળવી લેવો; કારણ કે, એ વિદ્યા તથા અવિદ્યા જ આત્મજ્ઞાન તથા ભગવત્દર્શનના મુખ્ય ઉપાયરૂપ છે. બ્રહ્મનો સાક્ષાત્કાર અથવા તો અવિદ્યામય પ્રપંચનો પરિત્યાગ કરીને સચ્ચિદાનન્દની અનુભૂતિ કરવી કિંવા પરબ્રહ્મમાં વિલીન થવું, એ વિદ્યાનો માર્ગ છે અને સર્વત્ર આત્મા તથા ભગવાનનો સાક્ષાત્કાર કરીને જ્ઞાનમય, મંગળમય તથા શક્તિમય પરમેશ્વરને બંધુ, પ્રભુ, ગુરુ, પિતા, માતા, પુત્ર, કન્યા, પ્રેમિક, પતિ તથા પત્નીરૂપે પ્રાપ્ત થવું; એ અવિદ્યાનો માર્ગ છે. વિદ્યાનો ઉદ્દેશ શાન્તિ છે અને અવિદ્યાનો ઉદ્દેશ પ્રેમ છે; કિન્તુ ભગવાનની પ્રકૃતિ વિદ્યામયી પણ છે અને અવિદ્યામયી પણ છે. આ કારણથી જો આપણે કેવળ વિદ્યાના માર્ગમા જ ચાલીએ, તો તેથી આપણને વિદ્યામય બ્રહ્મનો લાભ થાય છે અને કેવળ અવિદ્યાના માર્ગમાં જ ચાલતા રહીએ તો તેથી અવિદ્યામય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે; પરંતુ જેઓ વિદ્યા તથા અવિદ્યા ઉભયના અધિકારને મેળવી લે છે તેઓ જ સંપૂર્ણ ભાવથી વાસુદેવને પ્રાપ્ત કરી શકે છે; એટલું જ નહિ, પણ તેઓ વિદ્યા તથા અવિદ્યા ઉભયથી અતીત થઈ જાય છે. જેઓ વિદ્યાના અંતિમ લક્ષ્ય પર્યન્ત પહોંચી જાય છે તેઓ વિદ્યાની સહા-

અવસ્થા છે; કારણ કે, પશુ, યક્ષ, રાક્ષસ, પિશાચ અને અસુર પર્યંત સર્વ મનુષ્યનાં મન, કર્મ તથા ચરિત્રમાં પોતાની લીલા કરે છે અને વિકાસને પ્રાપ્ત થાય છે. ત્યાર પછી મનુષ્ય આત્મજ્ઞાનને વિસ્તારીને પરને અથવા અન્યને પોતાસમાન—આત્મવત્ જોવાનો આરંભ કરે છે અને પરાર્થ અથવા પરોપકારમાટે પોતાના અર્થ એટલે સ્વાર્થનું બલિદાન આપતાં શીખે છે. તે પ્રથમ પોતાના પરિવારને જ આત્મવત્ જુએ છે અને તેથી પોતાની પત્ની તથા પોતાનાં સંતાનોના પ્રાણની રક્ષામાટે પોતાના પ્રાણને ત્યાગી દે છે તેમ જ પોતાની અર્ધાંગના તથા પોતાનાં સંતાનોના સુખમાટે પોતાનાં સુખોને આનંદથી જલાંજલિ આપી દે છે. એ પછી તે પોતાના કુળ અથવા વંશને આત્મવત્ જોવા માંડે છે અને તેથી કુળ અથવા વંશની રક્ષામાટે પોતાના પ્રાણોનું બલિદાન આપી દે છે; માત્ર એટલું જ નહિ, પણ પોતાની પત્ની તથા પુત્ર પુત્રીના પ્રાણોનું પણ, જો આવશ્યકતા આવી પડે, તો વંશરક્ષામાટે હર્ષપૂર્વક બલિદાન આપતાં જરા પણ નથી અચકાતો તેમ જ કુળના સુખ તથા ગૌરવની વૃદ્ધિ માટે તે પોતાનાં તેમ જ પોતાનાં સ્ત્રીસંતાન આદિકનાં સુખોને પણ તત્કાળ જલાંજલિ આપી દેવાને તત્પર રહ્યા કરે છે. ત્યાર પછી તે જાતિને આત્મવત્ દેખે છે અને તેથી જાતિની રક્ષામાટે તે પોતાના પ્રાણોનું, પોતાનાં સ્ત્રીપુત્રાદિકના જીવનનું તેમ જ કુળનું પણ બલિદાન આપી દે છે, જેમ કે, ચિતોડના સર્વ રાજપૂત વંશોએ સમસ્ત રાજપૂત જાતિની રક્ષામાટે અનેક વાર રણયજ્ઞમાં પોતાના પ્રાણોની આહુતિ પોતાની ઇચ્છાથી જ આપી હતી; અર્થાત્ તે જાતિના સુખ તથા ગૌરવની વૃદ્ધિમાટે પોતાના, પોતાના પરિવારના તથા પોતાના કુળના સુખ તથા ગૌરવની વૃદ્ધિને સર્વથા જલાંજલિ આપી દેતાં જરા પણ મંઝાતો નથી. ત્યાર પછી તે સમસ્ત માનવજાતિને આત્મવત્ નિહાળવા માંડે છે અને તેથી સમસ્ત માનવજાતિની ઉન્નતિમાટે પોતાના પ્રાણને ત્યાગી દે છે અને પોતાનું, પોતાનાં સ્ત્રી

પુત્રાદિકનું, પોતાના કુળનું તથા પોતાની જાતિનું ઉત્સાહપૂર્વક બલિદાન આપી દે છે; માત્ર એટલું જ નહિ, પણ સમસ્ત માનવજાતિના સુખ તથા સમસ્ત માનવજાતિની ઉન્નતિમાટે પોતાના, પોતાનાં સ્ત્રી-સંતાન આદિના, પોતાના કુળના તેમ જ પોતાની જાતિના સુખ તથા ગૌરવની વૃદ્ધિને સર્વાંશે જલાંજલિ આપી દેતાં તેના હૃદયમાં શોકનો લેશ માત્ર પણ આઘાત નથી થતો. એવી રીતે અન્યને આત્મવત્ જોવું અને પરોપકાર અથવા અન્ય જનના કલ્યાણમાટે પોતાનું તથા પોતાનાં સુખોનું બલિદાન આપી દેવું એ બૌદ્ધ ધર્મ તથા બૌદ્ધ ધર્મમાંથી ઉત્પન્ન થયેલા ખ્રિસ્ત ધર્મનો પ્રધાન ઉપદેશ છે અને યૂરોપની નૈતિક ઉન્નતિ એ ઉપદેશ અથવા માર્ગને અનુસરીને જ આગળ વધેલી છે. પ્રાચીન યૂરોપવાસીઓ પોતાના વ્યક્તિત્વનો પરિવારના હિતમાટે ભોગ આપી દેતા હતા તેમ જ કુળ અથવા વંશની રક્ષામાટે પરિવારનું બલિદાન આપતાં શીખ્યા હતા અને આધુનિક યૂરોપિયન્સ્ જાતિના કલ્યાણમાટે એટલે કે કેવળ પોતાની સમસ્ત જાતિના કલ્યાણમાટે કુળનું બલિદાન આપતાં શીખ્યા છે; કિન્તુ સમસ્ત માનવજાતિના કલ્યાણમાટે પોતાની જાતિનું પણ બલિદાન આપી દેવું, એ અદ્યાપિ ત્યાં એક કઠિન આદર્શ તરીકે મનાય છે અને તેથી યૂરોપમાં એ આદર્શનો અધિક આદર કિંવા પ્રસાર ન હોવાથી ટૉલ્સ્ટૉય ઈત્યાદિ વિચારશીલ વિદ્વાનો તેમ જ સોશિયા-લિસ્ટ તથા અનાર્કિસ્ટો—સામ્યવાદી તથા અરાજકવાદીઓ—આદિ એ નવ આદર્શનાં અનુમોદક મંડળો એ આદર્શને વ્યવહારમાં યોજવાના અથવા તો કાર્યના રૂપમાં પરિણત કરવાના ઉદ્યોગમાં ઉત્સુકતાપૂર્વક પ્રવૃત્ત થયેલા છે. યૂરોપની દોડ અહીં આવીને અટકી ગઈ છે; કારણ કે, યૂરોપવાસીઓ અવિદ્યાના ઉપાસક હોવાથી સત્ય વિદ્યા તેમને અવગત અથવા પ્રાપ્ત થયેલી જ નથી અને તેથી 'अंधं तमः प्रविशन्ति ये अविद्यामुपासते' એવી જ તેમની અવદશા થયેલી છે એટલે કે તેમનો અંધકારરૂપ અજ્ઞાનમાં જ દિવ-સાનુદિવસ અધિકાધિક પ્રવેશ થતો જાય છે.

ભારતવર્ષમાં વિચારશીલ પુરુષોએ વિદ્યા તથા અવિદ્યા ઉભ-
યની પ્રાપ્તિ કરેલી છે; કારણ કે, તેઓ એ તત્ત્વને સારી રીતે જાણી
ચૂક્યા છે કે, અવિદ્યાની પૂર્ણપ્રતિષ્ઠા વિના વિદ્યાની પ્રતિષ્ઠાનો
સંભવ નથી; કારણ કે, ભગવાનના અસ્તિત્વને પ્રથમ અવિદ્યાના
યોગે જ જાણી શકાય છે અને તેથી ભગવાનના અસ્તિત્વને જાણ્યા
વિના વિદ્યાની પ્રાપ્તિ થઇ શકે તેમ છે જ નહિ; એટલામાટે કેવળ
પરને એટલે કે અન્યને જ આત્મવત્ ન જોતાં તેમણે 'आत्मवत्
परदेवेषु' અર્થાત્ પોતાનામાં તેમ જ અન્યમાં સમાન ભાવથી ભગ-
વાનનો સાક્ષાત્કાર કરેલો છે. પોતાના ઉત્કર્ષની સર્વથી પ્રથમ આવ-
શ્યકતા છે અને તે એટલામાટે કે પોતાના ઉત્કર્ષથી પરિવારના
ઉત્કર્ષ સિદ્ધ થાય છે; ત્યાર પછી પરિવારના ઉત્કર્ષની એ કારણથી
આવશ્યકતા છે કે પરિવારના ઉત્કર્ષવડે કુળ અથવા વંશનો ઉત્કર્ષ
સિદ્ધ થાય છે; વંશના ઉત્કર્ષની એટલામાટે આવશ્યકતા
કે વંશના ઉત્કર્ષથી પોતાની વિશિષ્ટ જાતિનો ઉત્કર્ષ સિ[illegible]
થાય છે અને અંતે જાતિના ઉત્કર્ષના યોગે સમસ્ત માન[illegible]
જાતિના ઉત્કર્ષને નિર્વિવાદ સિદ્ધ કરી શકાય છે. આવા પ્રક[illegible]
જ્ઞાન આર્યોના સામાજિક વ્યવહાર તથા આર્યોના શિક્ષણના [illegible]
માં જ ઓતપ્રોત ભરેલું છે અને તેનું ફળ એ થયું છે કે પો[illegible]
વ્યક્તિત્વનો ત્યાગ કરી દેવા એ તો આર્ય જનોનો જાણે નિ[illegible]
અભ્યાસ જ થઇ પડ્યો છે; એટલે કે, પરિવારમાટે, કુળ [illegible]
વંશમાટે, સમાજમાટે, સમસ્ત માનવજાતિમાટે અને અંતે પ[illegible]
પ્રીત્યર્થે પોતાના વ્યક્તિત્વને ત્યાગી દેવું અને મહાસર્વદા પ[illegible]
કિંવા પરમાર્થમાટે સ્વાર્થને જલાંજલિ આપી દેવી, એ [illegible]
જન્મજાત સ્વભાવ જ થઇ ગયો છે. જો કે આપણા શિક્ષણમાં
[illegible] હોય અથવા ન્યૂનતા દૃષ્ટિગોચર થાય છે, તે હોય અથવ[illegible]
કેટલાંક ઐતિહાસિક કારણોનું જ ફળ કિંવા પરિણામ છે; [illegible]
આપણે સમાજમાં જાતિના સ્વાર્થને પૂર્ણપણે જોઇ શકીએ [illegible]

તેથી સમાજના કલ્યાણમાટે વ્યક્તિત્વ તથા પરિવારના હિતનું આપણે બલિદાન આપી દઇએ છીએ; પરંતુ જાતિનો રાજનૈતિક વિકાસ આપણા ધર્મના એક મુખ્ય અંગ તરીકે સ્વીકારાયલો ન હોવાથી જાતિના રાજનૈતિક વિકાસના શિક્ષણને આપણે પાશ્ચાત્યો પાસેથી લાવવું પડયું છે. જો કે આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિમાં, મહાભારતમાં, ગીતામાં, રાજસ્થાનના ઇતિહાસમાં તેમ જ સમર્થ શ્રી રામદાસ સ્વામીકૃત 'દાસબોધ' આદિ ગ્રંથોમાં એ રાજનૈતિક વિકાસનું શિક્ષણ આપણા દેશમાં પણ હતું અને અદ્યાપિ છે; તથાપિ વિદ્યાની ઉપાસનામાં જ સર્વથૈવ નિમગ્ન થવાથી અને અવિદ્યાના ભયથી આપણે જાતિના એ રાજનૈતિક વિકાસના શિક્ષણની ઉન્નતિ કરી શકયા નહોતા અને આપણા એ દોષ કિંવા પ્રમાદનું આપણને એ પરિણામ ભોગવવું પડયું કે એ દોષના કારણથી તમોવિભૂત થઇને આપણે આપણા જાતિધર્મથી ચ્યુત કિંવા પતિત થઇને ઘોરતમ દાસત્વ, દુઃખ તથા અજ્ઞાનની ગહનતમ ગર્તામાં પડ્યા પડયા, આપણાથી અવિદ્યાની પ્રાપ્તિ પણ ન કરી શકાઇ અને તે સાથે આપણે વિદ્યાને પણ ખોઇ બેઠા. **"ततो भूय इव ते तमो य उ विद्यायां रताः"** ॥ એવી જ આપણી અવસ્થા થઇ પડી.

શ્રી કૃષ્ણનો રાજનૈતિક ઉદ્દેશ

માનવસમાજનો યથાક્રમ જેમ જેમ વિશેષ અને વિશેષ વિકાસ થતો જાય છે, તેમ તેમ કુળ અને જાતિની અધિકાધિક ભિન્નતા થતી જાય છે, એવો જો કે નિયમ છે, તથાપિ પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં કિંવા અન્ય દેશોમાં કુળ તથા જાતિની એ ભિન્નતાનો એટલો પરિસ્ફોટ થયો નહોતો કે જેને ભિન્નતા તરીકે ઓળખી શકાય; કારણ કે, તે વેળાએ અનેક મોટાં મોટાં કુળોની એકત્રતાથી એક જાતિ નિર્માણ થતી હતી અને એ ભિન્નભિન્ન કુળો એક જ પૂર્વપુરુષના વંશમાંથી ઊતરી આવેલાં ન હોવા છતાં પણ, એટલે કે એ સર્વ કુળોના

પૂર્વજ ભિન્નભિન્ન હોવા છતાં પણ પ્રીતિ કિંવા પ્રેમની સંસ્થાપનાના કાર્યમાં તે બંનેને એક જ વંશના વંશજો તરીકે સ્વીકારવામાં આવતા હતા. ભારત નામની જાતે કે એક અત્યંત વિશાળ કિંવા બૃહદ્ જાતિ અસ્તિત્વમાં નહોતી, તથાપિ સમસ્ત ભારતવર્ષમાં જે મોટી મોટી જાતિઓ તે સમયમાં અસ્તિત્વ ધરાવતી હતી તે સર્વ જાતિઓમાં એક જ સભ્યતા, એક જ ધર્મ, એક જ સંસ્કૃત ભાષા તથા વિવાહ ઇત્યાદિ સંબંધો પ્રચલિત હતાં, એમાં તો કોઈ પણ પ્રકારનો સંદેહ છે જ નહિ. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં એકતાને સ્થાપવામાટેની ચેષ્ટાઓ પ્રાચીન કાળથી થતી આવી છે, એ પણ નિર્વિવાદ છે; એટલે કે, પ્રાચીન કાળમાં કોઇ વાર કુરુજાતિ, કોઈ વાર પાંચાલજાતિ, કોઇ વાર કોશલજાતિ તો કોઈ વાર મગધજાતિ દેશના નેતૃત્વ કિંવા સાર્વભૌમત્વને મેળવીને સામ્રાજ્ય કરતી હતી; પરંતુ કુળધર્મ તથા કુળની સ્વાતંત્ર્યપ્રિયતા એ એકત્વપ્રસારના કાર્યમાં અચાનક એવી પ્રબળ બાધા નાખી દેતાં હતાં કે તેથી એ એકતાને પ્રસારવાની ચેષ્ટા દીર્ઘકાળ પર્યન્ત ટકી શકતી જ નહોતી. ભારતવર્ષમાં એ એકત્વને સ્થાપવાની ચેષ્ટા એટલે કે અસપત્ન કિંવા નિષ્કંટક સામ્રાજ્યને સ્થાપવાની ચેષ્ટા પુણ્યકર્મ કિંવા રાજાના એક પ્રધાન કર્તવ્યકર્મ તરીકે ગણાતી હતી અને એ એકતાનો પ્રવાહ એટલો તો પ્રબળ થઇ ગયો હતો કે તે પ્રવાહમાં તણાઇને ચેદિ દેશના અત્યંત તેજસ્વી, પરાક્રમી અને દુર્જય રાજા શિશુપાલે પણ યુધિષ્ઠિરના સામ્રાજ્યને સ્થાપવાના પ્રયત્નને પુણ્યકર્મ તરીકે પ્રમાણીને પોતાની આપી શકાય તેટલી તે કાર્યમાં સહાયતા આપવાની સંમતિ દર્શાવી હતી. સારાંશ કે, આવા પ્રકારના ઐક્ય, સામ્રાજ્ય કિંવા ધર્મરાજ્યની ભારતવર્ષમાં સ્થાપના કરવી એ જ શ્રી કૃષ્ણનો એકમાત્ર રાજનૈતિક ઉદ્દેશ હતો. એથી પૂર્વે મગધ દેશના રાજા જરાસંધે એવા પ્રકારના સામ્રાજ્યને સ્થાપવાની ચેષ્ટા કરી હતી, પરંતુ તેની શક્તિનો સર્વથા અધર્મ તથા અનાચારપર જ આધાર હોવાથી એટલે કે તે એક પાપાત્મા તો

અત્યાચારી રાજા હોવાથી શ્રી કૃષ્ણે ભીમના હસ્તથી તેનો વધ કરાવીને તેની એ ચેષ્ટાને સર્વથા વિફળ કરી નાખી હતી. શ્રી કૃષ્ણના એ કાર્યના માર્ગમાં મહાગવિઘ્ન તથા તેજસ્વી કુરુવંશ એક અત્યંત પ્રબળ તથા અનિવાર્ય બાધારૂપ હતો; કારણ કે, કુરુજાતિ દીર્ઘકાળથી ભારતવર્ષની નેતૃસ્થાનીય અથવા પ્રમુખ અગ્રેસર જાતિ હતી એટલે કે જેને અંગ્રેજી ભાષામાં 'Hegemony' કહેવામાં આવે છે તેવા પ્રકારનું એ કુરુજાતિનું નેતૃત્વ હતું. અનેક પરસ્પર સમાન તથા સ્વાધીન જાતિઓ મધ્યે જે એક જાતિનું પ્રમુખત્વ તથા નેતૃત્વ હોય છે તેને અંગ્રેજી ભાષામાં 'Hegemony' કહેવામાં આવે છે; અર્થાત્ ભારતવર્ષની સર્વ જાતિઓના નાયકત્વ કિંવા નેતૃત્વના અધિકારને કુરુજાતિ વંશપરંપરાથી ભોગવતી આવતી હતી અને તેથી 'જો એ જ જાતિ બળ તથા ગર્વપૂર્વક એ અધિકારને અખંડ ભાવથી ભોગવતી રહેશે અને તેના બળ તથા ગર્વનો નાશ નહિ થાય, તો ભારતવર્ષમાં ઐક્યની સ્થાપના કદાપિ થઈ શકવાની નથી;' એ શ્રી કૃષ્ણ સારી રીતે જાણતા હતા અને તે સાથે ભારતના સામ્રાજ્યમાં કુરુજાતિનો પુરુષપરંપરાગત અધિકાર હતો, એ વાર્તાને પણ તેઓ ભૂલી ગયા નહોતા. જે વસ્તુપર ધર્મપૂર્વક જે વ્યક્તિ કિંવા જાતિનો અધિકાર પહોંચતો હોય, તે વસ્તુ તે વ્યક્તિ કિંવા જાતિપાસેથી સદાનેમાટે છીનવી લઇને તે વ્યક્તિ કિંવા જાતિને તે વસ્તુથી સદાનેમાટે વંચિત કરી નાખવી, એ સર્વથા અધર્મ કિંવા પાપ છે એમ ધારીને જે પુરુષ ન્યાયની દૃષ્ટિથી કુરુજાતિનો રાજા તથા પ્રધાન પુરુષ હતો તે યુધિષ્ઠિરને જ ભાવિ સમ્રાટ્પદપર નિયુક્ત કરવાનો શ્રી કૃષ્ણે પોતાના મનમાં નિશ્ચય કરી લીધો. શ્રી કૃષ્ણ પરમધાર્મિક હોવાથી પોતામાં સર્વ પ્રકારનું સામર્થ્ય હોવા છતાં પણ સ્નેહને વશ થઇને કુરુજાતિના સ્થાનમાં પોતાના પ્રિય યાદવ કુળને સ્થાપવાની તેમણે લેશ માત્ર પણ ચેષ્ટા કરી નહોતી તેમજ પાંડવોમાંના જ્યેષ્ટ ભ્રાતા યુધિષ્ઠિરના અધિકારને મારી નાખીને પોતાના પ્રિયતમ સખા અર્જુનને તેના પદપર નિયુક્ત કર્યો નહોતો, એ શ્રી કૃષ્ણની નિષ્પક્ષપાત બુદ્ધિ

[illegible] કિંવા પૂર્ણ રીતે
[illegible] સમયમાં રાજાના યોગ્ય છે, કિન્તુ તેના [illegible] પરિસ્થિતિમાં
[illegible] આપત્તિ [illegible] અનિષ્ટ [illegible]
[illegible] ગુણ તથા સામર્થ્યને જ [illegible] રાજા યુધિષ્ઠિર
[illegible] પડે છે. એ નીતિ હોવાથી [illegible] શ્રી કૃષ્ણને વિશેષ
[illegible], [illegible] અશક્ત હોત, તો શ્રી કૃષ્ણને વિશ્વ
[illegible] ભારતના [illegible] કોઈ અન્ય યોગ્ય પુરુષને [illegible]
[illegible] પરંતુ યુધિષ્ઠિર [illegible] સમ્રાટ્ પદ
[illegible] નિયમથી [illegible]
[illegible] અધિકારના [illegible] પૂર્ણપ્રમાણિત [illegible] તેનામાં સર્વ
સર્વથા યોગ્ય હોવાથી; માત્ર એટલું જ નહિ, પણ તેનામાં સર્વ ગુ
ગુણોનો પણ સંપૂર્ણ વિકાસ હોવાથી એ પદ કોઈ અન્ય પુરુષને
આપવાનું શ્રી કૃષ્ણને કાંઇ પણ કારણ હતું જ નહિ. જો કે
સમયમાં ભારતવર્ષમાં યુધિષ્ઠિર કરતાં પણ વિશેષ તેજસ્વી તથ
પ્રતિભાસંપન્ન અનેક મોટા મોટા ભૂપાળો વિદ્યમાન હતા; કિ
કેવળ બળ તથા પ્રતિભા એ બે ગુણો જ રાજ્યાધિકારમાટે સંપૂ
મનાતા નથી, કારણ કે, એ ગુણો ઉપરાંત ધર્મની રક્ષા કરવ
પ્રજાના ચિત્તનું રંજન કરવું અને દેશની રક્ષા કરવી, એ ગુણો
પણ રાજામાં આવશ્યકતા હોય છે. એમાંના ધર્મરક્ષા તથા પ્ર
રંજન એ ગુણોમાં તો યુધિષ્ઠિર સર્વથા અદ્વિતીય અને અનુક
હતો; કારણ કે, તે ધર્મપુત્ર, દયાશીલ, ન્યાયપરાયણ, સત્યવા
સત્યપ્રતિજ્ઞ તથા સત્કર્મા હતો અને તેથી પ્રજાને તે અત્યન્ત પ્રિ
હતો. એથી ઉપરાંત અન્ય જે આવશ્યક ગુણોની તેનામાં ન્યૂન
હતી તે ગુણોને પૂર્ણ કરવાને તેના બે વીર ભ્રાતા ભીમ તથા અર્જુન
સંપૂર્ણ સમર્થ હતા; સારાંશ કે, તે સમયમાં પાંચ પાંડવો સમાન કોઈ
પરાક્રમી રાજા કિંવા વીર પુરુષો ભારતવર્ષમાં અસ્તિત્વ ધરાવતો નહોતો;
એટલામાટે જરાસન્ધના વધવડે સામ્રાજ્ય સ્થાપનાના માર્ગને નિષ્કંટક
કરી શ્રી કૃષ્ણના પરામર્શથી રાજા યુધિષ્ઠિરે દેશની પ્રાચીન પ્રણાલિકાને
અનુસરીને રાજસૂય યજ્ઞ કર્યો અને તે ભારતવર્ષનો સમ્રાટ્ બન્યો.

શ્રી કૃષ્ણ પરમધાર્મિક અને રાજનીતિવિશારદ હોવાથી જો દેશના ધર્મ, દેશની પ્રણાલી તથા દેશના સામાજિક નિયમોની સીમામાં રહીને જ કર્મ કરવાથી તેમનો મહાન્ ઉદ્દેશ સિદ્ધ થવાનો સંભવ હોય, તો પછી તેઓ ધર્મની હાનિ, તે પ્રણાલીથી વિરુદ્ધ આચરણ તથા તે નિયમોનો ભંગ કરે જ શામાટે વારુ? કારણ કે, કોઈ પણ પ્રબળ કારણ વિના આવા પ્રકારના ધર્મવિપ્લવ તથા સમાજવિપ્લવને [illegible]થી દેશનું સર્વથા અકલ્યાણ જ થાય છે, એ નિર્વિવાદ છે અને એટલામાટે જ પ્રથમ પુરાતન પ્રણાલીનું રક્ષણ કરીને પછી જ શ્રી કૃષ્ણે પોતાના ઉદ્દેશની સિદ્ધિનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે કાળમાં દેશની પ્રાચીન પ્રણાલીમાં એ જ દોષ હતો કે તેના યોગે એ પ્રયત્ન સફળ થવા છતાં પણ તે ફળ સ્થાયિ થવાનો અત્યંત અલ્પ સંભવ હતો; એટલે કે, જેનું બુદ્ધિબળ અધિક હોય તે ગણપુરુષ [illegible] બળ કરીને સમ્રાટ્ થઈ શકતો હતો; પરંતુ તેના વંશજનો નિરંતર તથા [illegible] થવાનો ભાગી જ તેના વંશજના [illegible] [illegible] પોતાની મેળે જ લોપ પામી જતો હતો. જો [illegible] [illegible] તેના વિના અથવા [illegible] વશ થયેલ હોય તે [illegible] તે [illegible] પુત્ર અથવા પૌત્રની [illegible] [illegible] શાના? [illegible] [illegible] [illegible] નહિ, કિન્તુ [illegible] બળ એટલે કે [illegible] [illegible] જ હોવું [illegible] જે પુરુષ અધિક [illegible] હોય તે જ પુરુષ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] Hegemony [illegible] [illegible]

થતો હતો અને તેથી 'એની આટલી બધી મહત્તા કેમ થાય અને આપણે સર્વપ્રધાન તથા મહાન્ શામાટે ન થઈએ?' આવા પ્રકારના વિચારો સહજ તેમના મનમાં ઉત્પન્ન થવાનો સંભવ હતો. અર્થાત્ યુધિષ્ઠિરના પોતાના જુના ક્ષત્રિયો જ એ કારણે વશ થઇ તેના વિરોધી થઇ ગયા અને એ જ કારણનો આશ્રય લઇને તેના વિપક્ષીઓએ અત્યંત બુદ્ધિકૌશલ્ય દર્શાવીને તેને પદભ્રષ્ટ તથા વનવાસી કરી દીધો. દોષયુક્ત પ્રણાલીનો દોષ અલ્પ કાળમાં જ વ્યક્ત થઈ ગયો.

શ્રી કૃષ્ણ જેવા ધાર્મિક હતા તેવા જ રાજનીતિવિશારદ હોવાથી તેઓ અમુક દોષયુક્ત, અકલ્યાણકારિણી અને સમયને અનુપયોગિની થઈ પડે તેવી કોઈ પણ પ્રણાલી, તેવા કોઇ પણ ઉપાય અથવા તેવા કોઈ પણ નિયમને બદલી નાખવામાં પાછી પાની કરે, એ કદાપિ સંભવે જ નહિ; કારણ કે, તેઓ તેમના યુગના એક મુખ્ય વિપ્લવકારી હતા. રાજા ભૂરિશ્રવા, શ્રી કૃષ્ણની નિર્ભર્ત્સના કરતી વેળાએ તે સમયના પુરાતન મતાભિલાષી અનેક ભારતવાસીઓના આક્રોશને વ્યક્ત કરતાં, બોલ્યો હતો કે: "કૃષ્ણે તેમ જ તેને અનુસરીને યાદવ કુળે ધર્મને ભ્રષ્ટ કરવામાં તેમ જ ધર્મથી વિરુદ્ધ આચરણ કરવામાં આગળ પાછળનો કદાપિ કાંઇ વિચાર કર્યો જ નથી અને તેથી મારો દૃઢ નિશ્ચય છે કે જેઓ કૃષ્ણના પગમાર્ગે તથા ઉપદેશ પ્રમાણે વર્તશે, તેઓ અવશ્ય પાપની ગર્તામાં પછડાઇ પડશે." ભૂરિશ્રવાના આ ઉદ્ગારોથી લેશ માત્ર પણ આશ્ચર્ય થવાનો સંભવ નથી; કારણ કે, જેમની પુરાતન રીતિઓમાં દૃઢ આસક્તિ બંધાયેલી હોય છે અને તેથી જેઓ તે પુરાતન રીતિઓને રક્ષવાના કાર્યમાં જ તત્પર રહ્યા કરે છે તેમને કોઇ પણ પ્રકારનો નવીન પ્રયાસ સર્વથા પ્રચંડ પાપ તરીકે જ દેખાયા કરે છે. શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરના પતનથી જાણી લીધું,–જાણી શું લીધું, તેઓ ભગવાન હોવાથી પ્રથમથી જ જાણી લીધું હતું–કે જે પ્રણાલી દ્વાપરયુગમાં જ ઉપયુક્ત મનાતી છે તે-

પ્રણાલીને રક્ષીને કલિયુગમાં પણ પ્રચલિત રાખવી, એ કદાપિ યોગ્ય નથી; અને એટલામાટે જ તેમણે તે પ્રણાલીને અનુસરીને કાંઇ પણ પ્રયત્ન ન કરતાં કલિયુગમાં ઉપયુક્ત થઇ પડે તેવી ભેદ તથા દંડપ્રધાન રાજનીતિને અનુસરીને ગર્વિષ્ઠ ક્ષત્રિયજાતિના બળનો નાશ કરી ભાવિ સામ્રાજ્યને નિષ્કંટક કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એ કાર્યના મંગળાચરણ તરીકે શ્રી કૃષ્ણે કૌરવોના પુરાતન અને સમબળશાળી પાંચાળજાતિના લોકોને કુરુવંશના ધ્વંસના કાર્યમાં પ્રવૃત્ત કરી દીધા અને ત્યાર પછી જેટલી જાતિઓને કૌરવોના દ્વેષથી, યુધિષ્ઠિરમાંના પ્રેમથી તેમ જ ધર્મરાજ્ય તથા ઐક્યની આકાંક્ષાથી આકર્ષી શકાય તેમ હતું તેટલી જાતિઓને તે પક્ષમાં આકર્ષીને તેમને યુદ્ધના ઉદ્યોગમાં લગાડી દીધી. જે સંધિનો પ્રયત્ન થયો તેમાં શ્રી કૃષ્ણની તો પ્રથમથી જ આસ્થા નહોતી; કારણ કે, તેઓ સારી રીતે જાણતાં હતા કે: 'સંધિ થાય એવી સંભાવના છે જ નહિ અને કદાચિત્ એક વાર સંધિ થઈ જાય, તો પણ તે ચિરસ્થાયિની થઇ શકે તેમ નથી.' તેમનો આવો દૃઢ નિશ્ચય હોવા છતાં પણ તેઓ એ સંધિના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા તે કેવળ ધર્મ અને રાજનીતિના કારણથી જ. એમાં તો કોઇ પણ પ્રકારનો સંદેહ છે જ નહિ કે કુરુક્ષેત્રનું જે યુદ્ધ તે શ્રી કૃષ્ણની રાજનીતિનું જ ફળ હતું અને કુરુવંશનો ધ્વંસ, ક્ષત્રિયોનો નાશ તથા ભારતવર્ષમાં નિષ્કંટક સામ્રાજ્ય તથા ઐક્યની સ્થાપના એ શ્રી કૃષ્ણનો ઉદ્દેશ હતો. જે યુદ્ધ ધર્મરાજ્યની સ્થાપનામાટે કરાય છે તે જ ધર્મયુદ્ધ કહેવાય છે અને તે ધર્મયુદ્ધનો ઇશ્વરનિર્દિષ્ટ વિજેતા દિવ્યશક્તિસંચાલિત મહાવીર અને મહારથી અર્જુન હતો. અર્થાત્ જો અર્જુન શસ્ત્રને ત્યાગીને યુદ્ધમાં ભાગ ન લે, તો શ્રી કૃષ્ણનો રાજનૈતિક સર્વ પરિશ્રમ વ્યર્થ થતાં આર્યાવર્તમાં ઐક્યની સિદ્ધિ થાય તેમ હતું જ નહિ અને જો તેમ થાય તો ભારતના અત્યંત નિકટના ભવિષ્યમાં તેનું અત્યંત અકલ્યાણકર અને ઘોર પરિણામ થવાનો સંભવ હતો.

ભ્રાતૃહત્યા અને કુળનાશ

અર્જુનની સર્વ યુક્તિઓ કેવળ કુળના હિત અથવા કલ્યાણના વિચારથી જ યોજાયલી હતી; એટલે કે સ્નેહને વશ થવાથી જાતિના હિતનો વિચાર તેના મનમાંથી સર્વથા લોપાઈ ગયો હતો. તે કેવળ કુટુંબના કલ્યાણની ચિન્તામાં પડીને સમસ્ત ભારતવર્ષના કલ્યાણને સર્વથા ભૂલી ગયો હતો અને અધર્મના ભયથી ધર્મને જલાંજલિ આપવાને કટિબદ્ધ અથવા તત્પર થયો હતો. સ્વાર્થની સિદ્ધિમાટે બંધુજનોની હત્યા કરવી એ મહાપાપ છે એ તો સર્વ મનુષ્યો જાણે જ છે; પરન્તુ આત્મીય અથવા બંધુપ્રેમને વશ થઈ જાતીય અનર્થને [illegible] જાતિના કલ્યાણને [illegible] ઉપજાવનારા કાર્યમાં સહાયતા આપવી એ તેથી પણ ગુરુતર અને ભયાનક પાપ છે. અર્થાત્ જો અર્જુન કાર્યથી વિમુખ થયું, [illegible] ના પાડી શકાય તેમ છે [illegible] [illegible] [illegible] તો તેથી પરિણામ એ જ આવત કે અધર્મનો જય થાત. દુર્યોધન [illegible] સમસ્ત દેશનો નેતા બની પોતાના [illegible] ભારતવર્ષનો સર્વશ્રેષ્ઠ [illegible] તથા સમસ્ત [illegible] ભારતવર્ષનાં [illegible] [illegible]

સામાન્યના નાશમાટે ત્યાર પછી બે હજાર વર્ષે ભાગવતમાં જે રાજનૈતિક ઉત્થાનનો આરંભ થયો હતો તે રાજનૈતિક ઉત્થાનનો તે વેળાયે જ આરંભ થઈ જાત, એ સર્વથા નિઃસંશય વાત છે.

કોઈ કહે છે કે અર્જુને જે અનિષ્ટ પરિણામના ભયથી યુદ્ધને ત્યાગવાની ઇચ્છા દર્શાવી હતી તે પ્રમાણે જ કુરુક્ષેત્રના યુદ્ધનું સર્વથા અનિષ્ટ પરિણામ આવ્યું હતું: કારણ કે એ કુરુક્ષેત્રના યુદ્ધના યોગે ભ્રાતૃવધ થયો હતો, કુળનો નાશ થયો હતો; એટલું જ નહિ, પણ જાતિનાશ પર્યન્તનો પ્રસંગ પણ આવી લાગ્યો હતો. અર્થાત્ કલિની સત્તાના વિસ્તારનું જો કોઈ મૂળ કારણ હોય તો તે કુરુક્ષેત્રનું એ યુદ્ધ જ હતું. હવે એ યુદ્ધમાં ભીષણ ભ્રાતૃહત્યા થઈ હતી, એ કથા સર્વથા સત્ય છે; પરન્તુ પ્રશ્ન માત્ર એટલો જ છે કે શ્રી કૃષ્ણનો મહાન્ ઉદ્દેશ એથી ભિન્ન બીજા કયા ઉપાયવડે સિદ્ધ થાય તેમ હતું વારુ ? જો યુદ્ધ થશે, તો તેનું ભયંકર પરિણામ આવશે એ રહસ્યને શ્રી કૃષ્ણ નહોતા જાણતા એમ તો નહોતું જ અને તેટલામાટે સન્ધિમાટેની પ્રાર્થના સર્વથા નિષ્ફળ થવાની છે એવો નિશ્ચય હોવા છતાં પણ શ્રી કૃષ્ણે કૌરવસભામાં જઈને સન્ધિને સ્થાપવામાટેની પ્રચંડ ચેષ્ટા કરી હતી અને અતિ વધારે નહિ તો પાંડવોને માત્ર પાંચ ગામો આપવાનું જ દુર્યોધનને કહ્યું હતું; કારણ કે, એમ કરવામાં તેમની એવી ધારણા હતી કે 'જો અત્યારે પાંચ ગામો પણ પાછાં મળશે, તો યુધિષ્ઠિર હાલ તરત સંતુષ્ટ તથા શાન્ત થઈ જશે અને જો અત્યારે ચરણને સ્થાપવાં જેટલું સ્થળ મળશે, તો આગળ જતાં મારાથી ધર્મરાજ્યની સ્થાપના કરી શકાશે.' પરંતુ દુર્યોધનનો તો 'યુદ્ધવિના સૂચિના અગ્રભાગ–સૂચીની અણી–જેટલી પણ ભૂમિ ન આપવી' એવો દૃઢ નિશ્ચય થયેલો હતો અને તેથી ધર્મરાજ્યની સ્થાપનામાટેનો યુદ્ધ વિના બીજો કોઈ માર્ગ રહ્યો જ નહોતો. જ્યાં સમસ્ત દેશના ભાવિ કલ્યાણનો કેવળ યુદ્ધનાં પરિણામ ઉપર જ આધાર રહેલો હોય, ત્યાં યુદ્ધમાં થનારા ભ્રાતૃવધ

:

અથવા બંધુઘાતના ભયથી એ મહત્કાર્યથી વિમુખ થવું એ જ વસ્તુતઃ ભયાનક અધર્મ છે, એમ કહેવામાં લેશ માત્ર પણ મિથ્યાવાદ કિંવા અસત્યવાદનો સંભવ નથી. સારાંશ કે, પરિવારના હિતનો જાતિના હિતમાટે કિંવા વિશ્વના હિતમાટે ભોગ આપવો જ પડે છે; કારણ કે, ભ્રાતૃસ્નેહ તથા પારિવારિક કલ્યાણના મોહને વશ થઇ કોટિઅન્ય-કરોડો-લોકોનો સર્વનાશ કરી શકાતો નથી અને કરોડો લોકોના ભાવિ સુખનો સંહાર કરીને તેમના દુઃખમુક્ત થવાના માર્ગને બંધ કરી શકાતો નથી; કારણ કે, એમ કરવાથી વ્યક્તિને તથા કુળને અવશ્ય મહાભયાનક રૌરવ નરકની જ પ્રાપ્તિ થાય છે.

કુરુક્ષેત્રના યુદ્ધથી કુળનો નાશ થયો હતો, એ કથા પણ સર્વાંશે સત્ય છે; કારણ કે, એ યુદ્ધના પરિણામે જ મહાપ્રતાપાન્વિત કુરુ-વંશનો સર્વથા લોપ થઇ ગયો હતો; કિન્તુ કેવળ કુરુજાતિના લોપથી સમસ્ત ભારતવર્ષની રક્ષા થવાનો જ્યાં સંભવ હોય, ત્યાં કુરુવંશનો એ સંહાર નથી થયો પણ ઉદ્ધાર થયો છે, એમ જ માનવાની આવ-શ્યક્તા છે. જેવી રીતે પરિવારની શુભેચ્છકતામાં માયાનો સમાવેશ થયેલો હોય છે તેવી જ રીતે કુળનું કલ્યાણ ઇચ્છવામાં પણ માયાની મોહની રહેલી હોય છે. "અમો અમારા દેશબંધુઓને કાંઇ પણ કહીશું નહિ; અમો અમારા દેશવાસીઓ સાથે કોઇ પણ પ્રકારનો વિરોધ કરીશું નહિ; જો અમારા દેશબાંધવો અમારૂં અનિષ્ટ કરશે અને આ-તતાયી થઇ જશે એટલે કે અમને અગ્નિવડે બાળવાને, વિષપ્રયોગથી મારી નાખવાને, અમારી લક્ષ્મી, વસુન્ધરા તથા વનિતાને હરી લેવાને કિંવા શસ્ત્રવડે અમારી હત્યા કરવાને તત્પર થશે અને દેશનો સર્વ-નાશ કરી નાખશે, તો પણ તેઓ અમારા બન્ધુ તથા સ્નેહપાત્ર હોવાથી અમો તેમના એ સર્વ અન્યાયાચારો તથા અનાચારોને સહન કરી લઇશું અને તેમને મારવાનો કદાપિ પ્રયત્ન કરીશું નહિ!" આવા પ્રકારના જે ઉદ્ગારો કેટલાક લોકોના મુખમાંથી નીકળતા સંભળાય છે, તે

વૈષ્ણવી માયામાંથી ઉત્પન્ન થયેલા અધર્મનું જ પરિણામ છે; કારણ કે, વૈષ્ણવીમાયાપ્રસૂત જે અધર્મ ધર્મનું રૂપ ધારીને અનેક મનુષ્યોની બુદ્ધિનો ભ્રંશ કરી નાખે છે તે અધર્મનો એ ફળ વિપાક માયાના મોહમાંથી જ ઉદ્ભવ થયેલો હોય છે. કોઈ પણ પ્રકારના કારણ વિના કિંવા કેવળ સ્વાર્થની સિદ્ધિમાટે એટલે કે કોઈ પણ પ્રકારનું પ્રયોજન કિંવા કોઈ પણ પ્રકારની આવશ્યકતા ન હોવા છતાં પોતાના દેશબંધુઓ સાથે વિરોધ અથવા કલહ કરવો, એ અધર્મ છે, એમાં લેશ માત્ર પણ સંદેહનો સંભવ નથી; પરંતુ જે દેશબાંધવો પોતાની જનની જન્મભૂમિના પ્રાણનો ઘાત કરવાને કિંવા તેનું સર્વથા અનિષ્ટ કરવાને જ તત્પર થયા હોય, તે દેશબાંધવોના દૌરાત્મ્ય કિંવા દુષ્ટત્વને મૂક મુખથી સહન કરી લઇને માતૃહત્યા કિંવા અનિષ્ટ આચરણ થવા દેવું અને તેને અટકાવવાનો પ્રયત્ન ન કરવો, એ તો વળી તેના કરતાં પણ ગુરુતર અને ભયંકર પાતક છે, એમાં કોઈ પ્રકારનો સંશય છે જ નહિ. જે વેળાએ આર્યપ્રતિપાલક શિવાજી મુસલ્માનોના સહાયક કિંવા પૃષ્ઠપોષક દેશબાંધવોને સંહારવામાટે ગયો હતો તે વેળાએ જો કોઇએ તેને એમ કહ્યું હોત કે: "અરે, આ તમો શું કરો છો! કારણ કે, આ આપણા દેશબાંધવો હોવાથી મૌન પૂર્વક એમના જાતિદ્રોહ તથા દેશદ્રોહરૂપ અનાચારને સહન કરી લ્યો; મુગલો મહારાષ્ટ્ર દેશમાં ભલે પોતાનો અધિકાર કરી લે; પણ મરાઠાએ મરાઠામાં પ્રેમ રાખવો જ જોઇએ!" તો તેનો ઉપદેશ હાસ્યજનક કિંવા ઉપહાસ તથા તિરસ્કારને પાત્ર ન જણાત કે શું? અમેરિકનોએ દાસત્વપ્રણાલી અથવા અન્ય શબ્દોમાં કહીએ તો ગુલામીના જંજાળને સર્વથા કાઢી નાખવામાટે પોતાના દેશમાં વિરોધ તથા અંતઃસ્થ યુદ્ધને પ્રસારી સહસ્રાવધિ દેશબાંધવોના પ્રાણોને સંહારી નાખ્યા હતા, એ તેમનું કુકર્મ કિંવા પાતક હતું કે શું! આવા પ્રસંગોમાં તો જ્યારે દેશબાંધવો સાથે વિરોધ થાય છે અને દેશબાંધવોનો યુદ્ધમાં વધ કરી નાખવામાં આવે છે, ત્યારે જ જાતિના હિત તથા વિશ્વના

કલ્યાણની સિદ્ધ કરી શકાય છે; કારણ કે, જાતિહિત તથા કલ્યાણની સિદ્ધિનો એ જ એક માત્ર ઉપાય છે. આ ઉપાયને યોજતાં જો કે કુલનાશની આશંકા થાય એ સ્વાભાવિક છે; તથાપિ જાતિના હિત તથા વિશ્વના કલ્યાણના વિચારથી વિમુખ થઈ શકાય તેમ ન હોવાથી એ ઉપાયને અંતે યોજવો જ પડે છે. હવે જો જાતિના કલ્યાણમાટે કુળને રક્ષવાની આવશ્યકતા અનિવાર્ય હોય, તો એવા પ્રસંગમાં આ સમસ્યા કાંઈક જટિલ થઈ પડે છે. મહાભારતના સમયમાં-યુગમાં-જાતિ પ્રતિષ્ઠાના પાયેની નહોતી અને સર્વ જનો કેવળ કુળને જ માનવજાતિના કેન્દ્ર તરીકે માનતા હતા, અને એ કારણથી જ ભીષ્મ તથા દ્રોણ આદિ પુરાતન વિદ્યાના ભંડારરૂપ પુરુષોએ પાંડવો વિરુદ્ધ યુદ્ધ કર્યું હતું જો કે એ તત્ત્વને તેઓ સારી રીતે જાણતા હતા કે ધર્મ પાંડવોના પક્ષમાં હતો અને મહત્ સામ્રાજ્યની સંસ્થાપનાદ્વારે સમસ્ત ભારતવર્ષને એક કેન્દ્રમાં આબદ્ધ કરવાની આવશ્યકતા અનિવાર્ય હતી; તથાપિ [illegible] એની સાથે તેઓ એ પણ સારી રીતે સમજતા હતા કે જો ધર્મની [illegible] કોઈ પણ પ્રતિષ્ઠા અને જાતિનું કોઈ પણ કેન્દ્રસ્થાન હોય તો તે [illegible] કેવળ કુળ જ છે અને તેથી કુળના નાશથી ધર્મની રક્ષા તથા જાતિની [illegible] સંસ્થાપના સર્વથા અસંભવનીય છે. અર્જુન પણ એ જ ભ્રમની ગ[illegible]દેશમાં પછડાયો હતો. અત્યારના યુગમાં ધર્મની પ્રતિષ્ઠા જાતિ જ [illegible] અને માનવસમાજનું કેન્દ્રસ્થાન પણ જાતિ જ છે અને તેથી જાતિરક્ષ[illegible] આ યુગનો પ્રધાન ધર્મ છે અને જાતિનો નાશ ને આ યુગનું એક [illegible] અક્ષમ્ય તથા સર્વથા અમાર્જનીય પાતક મનાય છે. અર્થાત્ ભવિષ્યમ[illegible] એવો યુગ પણ આવી લાગશે કે જે યુગમાં વિશ્વના મોટા મોટા સા[illegible]ની તથા કર્મવીર પુરુષો જાતિની રક્ષામાટે યુદ્ધ કરવાને રણભૂમિમાં પા[illegible] આવશે અને અન્ય પક્ષમાં શ્રી કૃષ્ણ વિપ્લવકારી-વિદ્રોહી-થઈને નવીન [illegible] કુરુક્ષેત્રમાં યુદ્ધ કરાવી વિશ્વના કલ્યાણને સિદ્ધ કરી બતાવશે.

શ્રી કૃષ્ણની રાજનીતિનું રૂપ

પ્રથમ કૃપાના આવેશથી અર્જુને કુળના નાશ વિષયક વિચારોને વિશેષ મહત્ત્વ આપ્યું હતું: કારણ કે, પિતા ગુરુ સગાંસંબંધીઓના દર્શનથી કુળ વિનાશક ચિન્તા તથા જાતિ વિનાશક ચિન્તાનો પોતાની મેળે જ અચાનક ઉદ્ભવ થાય એ સર્વથા સ્વાભાવિક છે. એ તો ઉપર દર્શાવવામાં આવ્યું છે કે કુળના કલ્યાણની ચિન્તાનો ઉદ્ભવ તેવી જ રીતે તે સમયના ભારતવાસીઓમાટે સ્વાભાવિક હતો કે જેવી રીતે અત્યારની એટલે કે આધુનિક માનવજાતિમાટે જાતિના કલ્યાણની ચિન્તાનો ઉદ્ભવ સ્વાભાવિક થઈ પડ્યો છે. પરંતુ કુળના નાશથી જાતિની પ્રતિષ્ઠાનો પણ નાશ થશે, એ આશંકા શું સર્વથા નિર્મૂલ અથવા આધાર વિનાની જ હતી? અનેક મનુષ્યોનું એવું કથન છે કે: 'અર્જુને પોતાના હૃદયમાં જે ભયને સ્થાન આપ્યું હતું તે પ્રમાણે જ સર્વ ઘટના ઘટી હતી; એટલે કે, કુરુક્ષેત્રનું યુદ્ધ ભારતવર્ષની અવનતિ તથા દીર્ઘકાલવ્યાપિની પરાધીનતાનું મૂળ કારણ થઈ પડ્યું હતું. તેજસ્વી ક્ષત્રિયવંશના લોપ અને ક્ષાત્રતેજના નાશથી ભારતવર્ષનું જેવું વિષમ અકલ્યાણ થયું છે તેવું અન્ય કોઈ કારણથી થયું નથી અને થવાનું પણ નથી;' માત્ર એટલું જ નહિ, પરંતુ જેનાં શ્રીચરણોમાં અનેક હિન્દુઓ અત્યારે શિષ્યભાવથી પોતાનાં ઉન્નત મસ્તકોને નમાવે છે અને સાષ્ટાંગ દંડવત્ પ્રણિપાત કરે છે તેવી એક વિખ્યાત વિદેશિની મહિલાને તો એમ બોલતાં પણ સંકોચ નથી થયો કે: 'ભારતવર્ષમાં ક્ષત્રિયવંશનો નાશ કરીને અંગ્રેજોના સામ્રાજ્યસ્થાપનાના માર્ગને સુગમ તથા નિષ્કંટક કરવો એ જ સ્વયં ભગવાનના અવતીર્ણ થવાનો કિંવા અવતારધારણનો પ્રધાન ઉદ્દેશ હતો; એટલે કે, ભગવાને માત્ર અંગ્રેજોના સામ્રાજ્ય-સ્થાપનાના માર્ગને નિષ્કંટક કરવામાટે જ અવતાર ધાર્યો હતો!', પરંતુ અમારી માન્યતા એવા પ્રકારની છે કે જેઓ આવા પ્રકારનાં અનુ-

સમ વિધાનો કરતાં રહે છે તેઓ એ વિષયના તત્ત્વપ્રદેશમાં પ્રવેશ ન કરતાં એટલે કે એ વિષયના સમસ્ત રહસ્યને જાણી લેવાનો પ્રયત્ન ન કરતાં નગણ્ય કિંવા તુચ્છ રાજનૈતિક તત્ત્વના વશવર્તી થઈને શ્રી કૃષ્ણની રાજનીતિના દોષને દર્શાવવા મંડી જાય છે. એ રાજનૈતિક તત્ત્વનો મ્લેચ્છવિદ્યા તથા અનાર્ય વિચારપ્રણાલીમાંથી ઉદ્ભવ થયેલો છે; કારણ કે, અનાર્યો સર્વદા આ ... થી ... ની બળવાન હોવાથી તે આસુરિક બળને જ સ્વાધીન મહત્તાની એક માત્ર ભિત્તિ તરીકે ઓળખે છે.

... વગ ...

જાતીય મહત્તા—જાતિની મહ... આધાર હોઈ શકતો નથી, કારણ કે, ... તત્પર તે મહત્તાની પ્રતિષ્ઠાનો ... સાત્ત્વિક બ્રહ્મતેજ રાજસ ક્ષાત્રતેજને ... ચિન્તારૂપ મધુર તથા સંજીવની સુધાવડે ... ક્ષાત્રતેજ શાન્ત બ્રહ્મતેજની રક્ષા કરે છે ... તમોભાવદ્વારા આક્રાન્ત થઈને શૂદ્રતાના ર... આશ્રય આપે છે અને તેથી જ ... હોય છે તે દેશમાં આજના નિવાસનો ... આવ્યો છે. આ કારણથી જે દેશમાંથી ... થઈ ગયો હોય, તો નવીન દ્વિજોને ઉપજ ... છે. એવી ... એક ... સર્વથી પ્રથમ ... સાથે ... દૃષ્ટાન્ત, ... અન્યના હિતને ... પોતે ... ... છે કે ...

[illegible] અને સર્વત્ર [illegible] છે. [illegible] નાશ થતાં [illegible] થાય છે અને [illegible] કે ધનના લોભથી [illegible] વિઘ્ન [illegible] છે, [illegible] ભાવ નિર્બળતાનું [illegible] છે [illegible] અને તેથી પોતે [illegible] થતાં ધર્મની અવનતિનું [illegible] પડે છે, શાસ્ત્રોના [illegible] દૃષ્ટાંતોના આધારે [illegible] થાય એ અવશ્યંભાવિ ઘટના છે અને ભારતવર્ષના [illegible] એ જ અવસ્થા થયેલી છે. હવે એથી વિરુદ્ધ પક્ષનું નિરીક્ષણ કરતાં આસુર બળના પ્રભાવથી ઐહિક ઉત્કર્ષ થતાં શક્તિસંચાર તથા મહત્ત્વનો આવિર્ભાવ થતો આપણા જોવામાં આવી શકે છે, પરન્તુ અલ્પ સમયમાં જ પાછો દુર્બળતા તથા ગ્લાનિનો આવિર્ભાવ થાય અને તેના યોગે શક્તિનો ક્ષય થતાં દેશ સર્વથા અવસન્ન થઇ છે; માત્ર એટલું જ નહિ, પણ રાજસ વિલાસો, દંભ તથા ઈ આદિની વૃદ્ધિ થતાં જાતિ સર્વથા અનુપયુક્ત થઇને મહત્ત્વના સામર્થ્યને ખોઈ બેસે છે તેમ જ આંતરિક વિરોધ, દુર્નીતિ તથા અત્યાચારવડે દેશ બરબસાત થઇને શત્રુઓના મુખનો ગરળ ગ્રાસ થઈ જાય છે. ભારતવર્ષ તથા યૂરોપના ઇતિહાસમાં આ સર્વ પરિણામોના સહસ્રાવધિ દૃષ્ટાન્તો આપણા જોવામાં આવી શકે છે.

મહાભારતના સમયમાં આસુરીય બળના ભારથી પૃથ્વી કંપાયમાન એટલે કે અસ્થિર થયેલી હતી. ભારતવર્ષમાં તે સમય જેટલો

સ્વી, પરાક્રમશાલી અને પ્રચણ્ડ ક્ષત્રિય તેજનો વિસ્તાર ... ય પણ થયો નહોતો અને ત્યાર પછી પણ થયો નહોતો; પરંતુ ાકનો વિષય એ જ કે એ બીલણુ બળનો સદુપયોગ થવાની સંભાવ- ા બહુ જ અલ્પ હતી; કારણ કે, જેઓ એ બળના આધારસ્તંભો હતા તેઓ સર્વ આસુર પ્રકૃતિના હતા એટલે કે તેમના અસ્થિ, માંસ તથા મજ્જા આદિમાં અહંકાર, દર્પ, સ્વાર્થ અને સ્વેચ્છાચારનો જ ભંડાર ભરેલો હતો અને તેથી જો શ્રી કૃષ્ણે એ બળનો વિનાશ કરીને ધર્મરાજ્યની સ્થાપના ન કરી હોત, તો જે ત્રણ પ્રકારનાં પરિણામો કહેલાં છે તેમાંથી કોઈ પણ એક પરિણામ થયા વિના રહે તેમ હતું જ નહિ. સારાંશ કે, જો શ્રી કૃષ્ણે તેમના આસુર બળનો વિનાશ કરીને ધર્મરાજ્યની સ્થાપના ન કરી હોત, તો આપણી આ ભારતભૂમિ તે સમયે જ મ્લેચ્છોના હસ્તમાં જઈ પડી હોત. અહીં એ વાર્તાને સ્મ- રણમાં રાખવાની આવશ્યકતા છે કે કુરુક્ષેત્રમાંના મહાભારત નામક યુદ્ધની ઘટના આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે થઇ હતી અને ત્યાર પછી અઢી હજાર વર્ષ એટલે કે આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ગ્રી- કો–ગ્રીકો– નું સર્વથી પ્રથમ અને સબળ આક્રમણ સિન્ધુ નદના પરતીરપ્રાન્ત પર્યન્ત પહોંચી શક્યું હતું. એથી એ તો તત્કાળ જણાઈ આવે છે કે અર્જુનના હસ્તથી સ્થપાયલા ધર્મરાજ્યે જેમાં બ્રહ્મતેજનું સંમેલન થયેલું હતું તેવા ક્ષાત્રતેજના પ્રભાવથી દેશને અઢી હજાર વર્ષ પર્યન્ત સુરક્ષિત અવસ્થામાં રાખ્યો હતો અને ત્યાર પછી પણ તે સમયમાં સંચાયલું ક્ષાત્ર તેજ એટલા પરિમાણમાં અવશિષ્ટ રહ્યું હતું કે તેના બળે આગે પણ આજે બે હજાર વર્ષો દેશને સુરક્ષિત રાખ્યો છે. ચન્દ્રગુપ્ત, પુષ્યમિત્ર, સમુદ્રગુપ્ત, વિક્રમ, સંગ્રામસિંહ, પ્રતાપ, રાજસિંહ, પ્રતાપાદિત્ય અને શિવાજી ઈત્યાદિ મહાપુરુષોએ એ ક્ષાત્રતેજના બળથી જ દેશના દુર્ભાગ્ય સાથે સંગ્રામો કર્યા હતા. જે દિવસે ગુજરાતના યુદ્ધમાં અને મહારાણી લક્ષ્મીબાઈની ચિતામાં તે ક્ષાત્રતેજના અવશિષ્ટ સ્ફુલિંગો બુઝાઈ ગયા તે જ દિવસે શ્રી કૃષ્ણ

ના રાજનૈતિક કાર્યના મધુર ફળ તથા પુણ્યનો ક્ષય થઇ ગયો અને તેથી ભારતવર્ષને વિશ્વની રક્ષા કરવામાટે પૂર્ણાવતારની આવશ્યકતા સ્વાભાવિક જ દેખાવા લાગી. તે અવતાર અત્યારે લોપાયલા બ્રહ્મતેજને જાગ્રત કરી ગયો છે અને તે જાગ્રત થયેલું બ્રહ્મતેજ પુનઃ ક્ષાત્રતેજને સજીવન કરી બનાવશે, એમાં લેશ માત્ર પણ સંશય નથી. શ્રી કૃષ્ણે ભારતવર્ષના ક્ષાત્રતેજને કુરુક્ષેત્રના શોણિતસમુદ્રમાં ડૂબાવી દીધું નહોતું; કિન્તુ આસુરીય બળનો વિનાશ કરીને બ્રહ્મતેજ તથા ક્ષાત્રતેજ નામક ઉભય તેજોની રક્ષા જ કરી હતી. શ્રી કૃષ્ણે આસુરીય બળથી મદોન્મત્ત થયેલા ક્ષત્રિયવંશના સંહારથી ઉદ્દામ રજઃશક્તિને સર્વથા છિન્નભિન્ન કરી નાખી હતી, એ જો કે સત્ય છે; તથાપિ એવા પ્રકારના મહાવિપ્લવને જગાવી ઉત્કટ ભોગદ્વારા આન્તરિક વિરોધનો ક્ષય કરી નાખવો અને ઉદ્દામ ક્ષત્રિયકુળનો સંહાર કરવો, એ અનિષ્ટ પરિણામને ઉપજાવનારૂં કાર્ય છે, એમ તો કહી શકાય તેમ નથી જ, કારણ કે, આંતરિક વિરોધના કારણથી ઉપસ્થિત થયેલી રોમન ક્ષત્રિયકુળના નાશની અને રાજતંત્રસ્થાપનાની ઘટનાથી વિરાટ્ રોમન સામ્રાજ્ય અકાળ વિનાશના મુખમાં જતું અથી ગયું હતું તેમ જ ઇંગ્લૅંડમાં શ્વેત તથા રક્ત ગુલાબના આન્તરિક વિરોધના પરિણામે થયેલા ક્ષત્રિયકુળનાશથી ચતુર્થ એડવર્ડ, અષ્ટમ હેન્રી અને રાણી એલિઝાબેથ અત્યારના સુરક્ષિત, પરાક્રમશાલી તથા વિશ્વવિજયી ઇંગ્લૅંડની ભિત્તિને ચણી શક્યાં હતાં. સારાંશ કે, કુરુક્ષેત્રના યુદ્ધથી ભારતવર્ષની રક્ષા પણ એ જ પ્રકારે થઇ હતી.

અસ્તુઃ કલિયુગમાં ભારતવર્ષની અવનતિ અથવા અધોગતિ થયેલી છે, એ તથ્યનો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ નથી; કિન્તુ અવનતિ અથવા અધોગતિને ખેંચી લાવવામાટે ક્યાંય ભગવાનનો અવતાર થતો નથી; કારણ કે, ભગવાનનો અવતાર તો ધર્મની રક્ષા, વિશ્વની રક્ષા તથા લોકોની રક્ષામાટે જ થાય છે; કારણ કે, અત્યાર સુધીમાં ભગવાનના જે જે અવતારો થયેલા છે તે સર્વ

ર્મ આદિની રક્ષામાટે જ થયેલા છે. વિશેષતઃ ભગવાન્ પૂર્ણભાવથી
કલિયુગમાં જ અવતર્યા હતા એનું કારણ એ હતું કે કલિયુગમાં મનુ-
ષ્યની અવનતિ કિંવા અધોગતિનો અધિક સંભવ હોય છે, સ્વાભા-
વિક જ અધર્મની વૃદ્ધિ થાય છે અને ધર્મના અધિકારની ન્યૂનતા
થતી જાય છે એટલે માનવજાતિની રક્ષામાટે, અધર્મના નાશમાટે,
ધર્મની સ્થાપનામાટે અને કલિની ગતિને અટકાવવામાટે એ યુગ-
માં જ ભગવાનનો વારંવાર અવતાર થાય છે. જ્યારે શ્રી કૃષ્ણ
અવતર્યા હતા, તે વેળાયે કલિના રાજ્યના આરંભનો સમય થઈ
ચૂક્યો હતો; તથાપિ શ્રી કૃષ્ણના આવિર્ભાવથી ભયભીત થઈને કલિ
પોતાના રાજ્યમાં પદસ્થાપન કરી શક્યો નહોતો અને શ્રી કૃષ્ણના
પ્રસાદ અથવા શ્રી કૃષ્ણની કૃપાથી જ પરીક્ષિત રાજાએ કલિને પાંચ
ગામો દાન તરીકે આપીને તેના રાજત્વકાળમાં જ તેના એકાધિપત્યને
એટલે કે તેની એકાધિકારી સત્તાને સ્થગિત કિંવા પરિણામહીન કરી
રાખી હતી. જો કલિયુગમાં આદિથી અંત પર્યંત કલિ સાથે માનવ-
જાતિનો ઘોર સંગ્રામ ચાલ્યા કરે છે અને ચાલતો રહેવાનો છે તે
સંગ્રામમાં માનવજાતિના સહાયક તથા નાયકરૂપે ભગવાનનો અવતાર
થયો હતો અને એ વિભૂતિ કલિયુગમાં માનવજાતિમાટે અમૂલ્ય
ઐશ્વર્ય સમાન થઈ પડી હોય તો તે સ્વાભાવિક જ હતું; કારણ કે,
એ સંગ્રામમાં ઉપયુક્ત થનારાં બ્રહ્મતેજ, જ્ઞાન, ભક્તિ તથા નિષ્કામ
કર્મની શિક્ષા આપવામાટે અને રક્ષા કરવામાટે કલિના આરંભમાં જ
ભગવાને માનવશરીર ધારણ કર્યું હતું. ભારતવર્ષની રક્ષા એ જ માનવ-
જાતિના કલ્યાણની સ્થિતિ તથા માનવજાતિની આશાનું સ્થાન હોવાથી
કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણે ભારતવર્ષની હિંદના સમસ્ત માનવજાતિની
રક્ષા કરી હતી અને તે માનવરક્તના સમુદ્રમાં, નૂતન જગતના
દીક્ષાંકાળ તે કાલરૂપ વિરાટ પુરુષે વિનાશનો આરંભ કરી દીધો.

તૃતીય

તૃતીય કલ્પ

દ્વિતીય અધ્યાય

संजय उवाच

तं तथा कृपयाविष्ट मश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्त मिदं वाक्य मुवाच मधुसूदनः ॥१॥

સંજયે કહ્યું કેઃ "મધુસૂદન શ્રી કૃષ્ણે અર્જુનની કૃપાના આવેશને, તેનાં અશ્રુપૂર્ણ નેત્રોને તેમ જ તેના નિરાશાયુક્ત ભાવને જોઇને તેને સંબોધીને કહેવા માંડ્યું કેઃ"—

श्री भगवानुवाच

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्य जुष्टमस्वर्ग्य मकीर्त्तिकर मर्जुन ॥२॥

શ્રી ભગવાને કહ્યું કેઃ "હે અર્જુન, આવા સંકટના સમયમાં અનાર્યોચિત એટલે કે આર્યજનોમાટે અયોગ્ય, સ્વર્ગના માર્ગનો અવરોધક અને અપકીર્તિને પ્રાપ્ત કરાવનાર આવો મોહ–ભ્રમ–તારામાં ક્યાંથી આવી ભરાયો વારૂ ?"

क्लैब्यं मास्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥३॥

"હે પૃથાપુત્ર, તું ક્લીબ–પંઢ–ન થા; કારણ કે, એ પંઢતા તારામાટે યોગ્ય નથી. હે શત્રુઓને દમનારા અર્જુન, તું પોતાના ક્ષુદ્ર મનની દુર્બળતાને ત્યાગી દે અને યુદ્ધ કરવામાટે ઊભો થઇ જા."

શ્રી કૃષ્ણનું ઉત્તર

અર્જુન કૃપાના [illegible] અને તેના હૃદયમાં અન્તિમ વિચાર [illegible] કરી દીધો [illegible]! એવી તેની દયાજનક અવસ્થા [illegible] પછી હતી એટલે તેની આવી અવસ્થાને [illegible] નિવારી નાખવાના [illegible] મિત્ર રાખ્યા અર્જુનનો આત્મની અન્તર્યામી [illegible] તત્ત્વ અવિવેકમિત નિરસ્કાર [illegible] મારીને દૂર થાય અને તે [illegible] અર્જુનને સંબોધીને કહ્યું કે: દશાથી ? આવા આશાથી [illegible] અને તેથી હું આવા સંકટના " [illegible], આ તારા [illegible] અને યુદ્ધથી વિમુખ થઈશ, સમયમાં તું પોતાના [illegible] વિપત્તિમાં આવી તો તેથી તારા [illegible] અનિવાર્ય છે, પડવાનો અને તેમનો [illegible] ત્યાગ એનો વિચાર કર. રણભૂમિમાં પોતાના [illegible] [illegible] અને આવી દુર્મતિનો કરી દેવો એ તારા જેવા ક્ષત્રિય [illegible] તારામાં [illegible] રહી રહીને મારા શોભાવે તેવું કાર્ય નથી અને તેટલામાટે [illegible] એનો જ [illegible] ભાવ દુર્બળતાથી આવિર્ભાવ કેમ અને ક્યાંથી થયો છે. [illegible] આવા ભાવની પ્રશંસા કરે મનમાં નિવાર થયા કરે છે. અનાર્યજનો આવા ભાવ આર્ય-ભરેલો તથા પાપપૂર્ણ છે. અનાર્યજનો [illegible] છે; પરંતુ આવા ભાવ આર્ય-છે અને આવા ભાવને વશ થઈ જાય છે: પરંતુ એટલામાટે છે કે એથી સ્વર્ગ-જનમાટે સર્વથા અયોગ્ય અને [illegible] આ લોકમાનાં યશ તથા કીર્તિ પ્રાપ્તિના માર્ગમાં વિઘ્ન આવે છે અને આ [illegible] એથી પણ આગળ વધીને આદિનો સર્વથા લોપ થઈ જાય છે." એથી પણ આગળ વધીને શ્રી કૃષ્ણે અર્જુનનો [illegible] મર્માભેદક નિરસ્કાર કરતાં કહ્યું કે: " આવા પ્રકારની ભાવના તે [illegible] એટલે કે નપુંસકને જ શોભા આપનારી છે અને તું [illegible], વિજેતા તથા કુન્તીનો પુત્ર હોવા

છતાં આવાં વાક્યો ઉચ્ચારે છે એથી મને સખેદ આશ્ચર્ય થાય છે. અર્થાત્ હૃદયની આ દુર્બળતાને ત્યાગી દે, ઊઠીને ઊભો થઈ જા અને પોતાના વીરોચિત કર્તવ્ય કર્મમાં પ્રવૃત્ત થા."

કૃપા અને દયા

કૃપા અને દયા એ બે ભાવનાઓ તે એકબીજાથી સર્વથા સ્વતંત્ર ભાવનાઓ છે અને તે એટલી સીમા પર્યન્ત કે કેટલીક વાર કૃપા દયાની વિરોધિની ભાવના પણ થઇ શકે છે. આપણે દયાભાવને આધીન થઇને વિશ્વનું કલ્યાણ કરીએ છીએ એટલે કે, મનુષ્યના દુઃખ, જાતિના દુઃખ તેમ જ અન્યના દુઃખનું મોચન કરીએ છીએ; પરંતુ જો આપણે પોતાના દુઃખ અથવા તો કોઈ એક વિશિષ્ટ વ્યક્તિના દુઃખને સહન ન કરી શકવાથી એ વિશ્વકલ્યાણને સાધવાના કાર્યથી વિમુખ થઈ જઇએ અને કેવળ પોતાના દુઃખને કિંવા અમુક એક વિશિષ્ટ વ્યક્તિના દુઃખને નિવારવાના ઉદ્યોગમાં જ લાગી જઇએ; તો એ આપણો દયાભાવ નથી, કિન્તુ આપણામાં કૃપાનો જ આવેશ થયેલો છે એમ જ આપણે સમજવાનું છે. જો આપણે સમસ્ત માનવજાતિ કિંવા સમસ્ત દેશના દુઃખને નિવારવામાટે ઊભા થઈ જઇએ, તો જ તે આપણો દયાભાવ કહેવાય છે. રક્તપાતના ભયથી તેમ જ પ્રાણહિંસાના ભયથી જો આપણે તે પુણ્યકાર્યથી વિરત અથવા વિમુખ થઈ જઇએ અને જગત્ કિંવા જાતિના દુઃખની ચિરસ્થાપનાના કાર્યમાં સહાયતા આપીએ, તો આપણો તે ભાવ સંસારમાં કૃપાભાવના નામથી જ ઓળખાય છે. લોકોના દુઃખથી દુઃખી થઇને તે દુઃખના નિવારણમાટે જે પ્રબળ પ્રવૃત્તિ કરવામાં આવે છે તે ભાવને જ દયા નામથી ઓળખી શકાય છે. કાતરતા તે દયા નહિ, પણ કૃપા છે. દયા બળવાનનો ધર્મ છે અને કૃપા દુર્બળનો ધર્મ છે. ભગવાન્ બુદ્ધે દયાના આવેશથી પોતાનાં પુત્રકલત્ર, માતાપિતા તથા બંધુબાંધવ

આદિને દુઃખી તથા હતસર્વસ્વ—જેમનું સર્વસ્વ હરાઈ ગયું હોય તેવાં નિરાધાર—કરીને વિશ્વના દુઃખનું નિવારણ કરવામાટે જ ગૃહનો ત્યાગ કર્યો હતો તેમ જ તીવ્ર દયાના આવેશથી ઉન્મત્ત થયેલી જગદંબા કાલીએ વિશ્વમાંના સર્વ અસુરોને સંહારી પૃથ્વીને રક્તપ્લાવિત કરીને સર્વ જનોના દુઃખનું સર્વથા નિવારણ કરી નાખ્યું હતું; પરંતુ અર્જુને તો કેવળ કૃપાના આવેશથી જ શસ્ત્રોનો પરિત્યાગ કર્યો હતો.

એ ભાવને-કૃપાના ભાવને-કેવળ અનાર્યો જ વખાણે છે અને કેવળ અનાર્યો જ આચરે છે; કારણ કે, આર્યશિક્ષા અતિશય ઉદાર, વીરોચિત તથા દેવતાની શિક્ષાની પ્રતિસ્પર્ધા કરનારી હોય છે. અનાર્ય જનો મોહ અથવા ભ્રમમાં પડીને અનુદાર ભાવને ધર્મ તરીકે ઓળખી ઉદાર ધર્મને ત્યાગી દે છે એટલે કે અનાર્ય જનો રાજસ-ભાવને જ સર્વથા આધીન થઈને સર્વથી પ્રથમ કેવળ પોતાના, પોતાનાં પ્રિય જનોના, પોતાના પરિવારના તથા પોતાના કુળના કલ્યાણમાં જ દૃષ્ટિપાત કરે છે, વિશ્વવ્યાપક વિરાટ્ કલ્યાણને દેખતા નથી, કૃપાના યોગે ધર્મથી પરાઙ્મુખ થઈને પોતાને પુણ્યશીલ તરીકે ઓળખાવી ગર્વ દર્શાવે છે અને કઠોરવ્રતધારી આર્ય જનોને નિષ્ઠુર તથા અધાર્મિક કિંવા પાપિષ્ઠ તરીકે ઓળખાવતાં તેમને લેશ માત્ર પણ સંકોચ થતો નથી. અનાર્ય જનો તામસ મોહમાં મુગ્ધ થઈને અપ્રવૃત્તિને નિવૃત્તિના નામથી ઓળખે છે અને સકામ પુણ્યપ્રિયતાને ધર્મનીતિનું ઉચ્ચતમ આસન આપી દે છે. દયા આર્યનો ભાવ છે અને કૃપા અનાર્યનો ભાવ છે.

જે પુરુષ દયાવશ થઈને વીરભાવથી અન્યના અકલ્યાણ તથા દુઃખનો વિનાશ કરવામાટે અકલ્યાણ સાથેના યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે; અને જે નારી દયાવશ થઈને અન્યના દુઃખને ઘટાડવામાટે શુશ્રૂષા આદિમાં પોતાની સર્વ શક્તિઓનો વ્યય કરી નાખે છે, તે સત્ય પુરુષ છે અને તે સત્ય નારી છે. એમાં કોઈ પણ પ્રકારનો સંશય

છે જ નહિ; પરંતુ જે પુરુષ કૃપાવશ થઇને પોતાના શત્રુઓનો પરિત્યાગ કરે છે, ધર્મથી વિમુખ થાય છે અને રડતો બેસી પોતાના મનમાં એમ જ માની લે છે કે: 'હું મારું કર્તવ્ય કરું છું અને તેથી હું જ પુણ્યવાન્ છું!' તો તે પુરુષ પુરુષ નહિ, પણ ક્લીબ, પંઢ અથવા નપુંસક છે, એમ જ માનવાનું છે; કારણ કે, એ ભાવ ક્ષુદ્ર છે અને કેવળ દુર્બળતાને જ દર્શાવનારો છે. વિષાદ કદાપિ ધર્મ થઈ શકતો નથી. જે પુરુષ પોતાના હૃદયમાં વિષાદને આશ્રય આપે છે તે પાપને જ આશ્રય આપે છે, એ નિઃસંશય છે. ચિત્તની એ મલિનતાને કિંવા એ અશુદ્ધ તથા દુર્બળ ભાવને ત્યાગી દઇને યુદ્ધમાં આગળ વધી કર્તવ્યના પાલનવડે વિશ્વની રક્ષા કરવી, ધર્મની રક્ષા કરવી અને પૃથ્વીપરના પાપભારને ઘટાડી દેવો, એ જ શ્રેયસ્કર છે અને શ્રી કૃષ્ણના ઉપદેશનો એ જ મર્મ છે.

अर्जुन उवाच

कथं भीष्ममहं संख्ये द्रोणञ्चमधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥४॥

અર્જુને કહ્યું કે: "હે મધુસૂદન, હે શત્રુસંહારક, ભીષ્મ તથા દ્રોણ આદિ પૂજ્ય ગુરુજન હોવાથી તેમની સાથે મારાથી બાણોવડે કેવી રીતે યુદ્ધ કરી શકાશે વારુ?" કારણ કે,

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरू निहैव
भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥५॥

"એ ઉદારચેતા ભીષ્મ તથા દ્રોણ ઇત્યાદિ ગુરુજનોના વધનો પ્રસંગ ટળી જતો હોય, તો પૃથ્વીમાં ગુરુહના થવા કરતાં ભિક્ષા માગીને ઉદરનિર્વાહ કરવો, એ વિશેષ શ્રેયસ્કર છે. જો હું ગુરુજનોની હત્યા કરીશ, તો તેથી મારા ધર્મ તથા મોક્ષને હું ખોઈ બેસીશ અને માગ્યથી કેવળ અર્થ તથા કામનો જ ભોગ કરી શકાશે; માત્ર એટલું જ નહિ, પણ તે વિષયભોગ રુધિરવડે રંગાયેલો અને કેવળ આ પૃથ્વીમાં જ ભોગવી શકાય તેવો હોવાથી પ્રાણત્યાગના સમય પર્યન્ત જ રહેવાનો છે એટલે એ સુખભોગ પણ શાશ્વત તો નથી જ."

न चैतद्विद्मः कतरन्नो गरीयो
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषामः
तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥६॥

"આ કારણથી આ યુદ્ધમાં મારો વિજય ઇચ્છવાયોગ્ય છે કે પરાજય ઇચ્છવાયોગ્ય છે, એ હું જાણી શકતો નથી. જેમનો વધ કરવાથી આપણી જીવવાની ઇચ્છાનો પણ સર્વથા લોપ થઈ જવાનો છે તેઓ પોતે જ વિપક્ષીય સૈન્યના અગ્રભાગમાં યુદ્ધમાટે તૈયાર થઈને ઊભેલા છે; તેઓ કૌરવોના સેનાનાયકો છે."

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥

"દીનતાના દોષથી મારો ક્ષત્રિયસ્વભાવ મચાયમાન થઈ ગયો છે અને ધર્મ તથા અધર્મને ઓળખવાની મારી બુદ્ધિમાં ભ્રાન્તિ રહી

નથી; એટલામાટે હું આપને પૂછું છું કે મારું શ્રેય શાથી થવાનું છે એ આપ નિશ્ચયપૂર્વક મને જણાવો; કારણ કે, હું આપનો શિષ્ય છું અને અત્યારે આપનો શરણાગત છું એટલે મને જે યોગ્ય માર્ગ હોય તે દર્શાવો."

नहि प्रपश्यामि ममापनुद्यात्
यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्न मृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥८॥

"ભલે મને પૃથ્વીના નિષ્કંટક રાજ્યની પ્રાપ્તિ થાય તેમ જ દેવોનું રાજ્ય પણ મને મળી જાય એટલે કે ઇન્દ્રપદની પ્રાપ્તિ થતાં દેવોપર આધિપત્ય ચલાવવાનો અધિકાર મારા હસ્તમાં આવી જાય, તો પણ આ શોક મારી સર્વ ઇન્દ્રિયોના તેજનું શોષણ કરી લેશે એમ મને જણાય છે અને એ શોકના નિવારણનો કોઇ પણ ઉપાય મારા જોવામાં આવી શકતો નથી."

અર્જુનની શિક્ષાપ્રાર્થના

શ્રી કૃષ્ણની ઉક્તિના ઉદ્દેશને અર્જુન યથાર્થ સ્વરૂપમાં સમજી શક્યો નહિ અને રાજનૈતિક આપત્તિને જણાવવાના કારણથી વિરક્ત થઇ ગયો; પરંતુ એથી ઉપરાંત બીજી જે જે આપત્તિઓ હતી તે આપત્તિઓના સંબંધમાં કોઇ પણ ઉત્તર ન મળવાથી નિશ્ચયાત્મક શિક્ષાને મેળવવાના આશયથી તે શ્રી કૃષ્ણને પ્રાર્થનાના સ્વરૂપમાં અને શરણાગતના ભાવથી કહેવા લાગ્યો કે "આપ એમ [illegible] તો હું [illegible] જાણું છું કે ક્ષત્રિય હોવા છતાં [illegible] હું અત્યારે [illegible] વિરક્ત થઇ ગયો [illegible] [illegible]

છે, છતાં અત્યારે માટે મન એ કાર્ય કરવાની ના પાડે છે અને આગ્રહ પણ એ કાર્યમાટે અનુમતિ નથી આપતા. મન કહે છે કે: [illegible]

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥

"એમ કદાપિ હતું જ નહિ કે હું પૂર્વે નહોતો, તું પણ પૂર્વે નહોતો અને આ સર્વ રાજાઓ પણ પૂર્વે અસ્તિત્વ ધરાવતા નહોતા તેમ જ એમ પણ થવાનું નથી કે આપણે સર્વ આ દેહને ત્યાગી દીધા પછી ક્યાંય હઈશું જ નહિ (અર્થાત્ શરીરને ત્યાગી દીધા પછી આપણે અન્યત્ર ક્યાંય પણ જન્મ નહિ જ ધારીએ, એમ કદાપિ બનવાનું નથી)."

देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥१३॥

"જેવી રીતે દેહમાં રહેલા આત્માને દેહદ્વારા બાલ્ય, યૌવન અને વાર્ધક્ય–વૃદ્ધાવસ્થા– એ પ્રમાણે ત્રણ અવસ્થાઓ પ્રાપ્ત થાય છે અને ચાલી જાય છે; તેવી જ રીતે આત્માને અન્ય દેહ પણ પ્રાપ્ત થાય છે એમ જાણીને જ્ઞાની જનો દેહાન્તરપ્રાપ્તિની એટલે કે મૃત્યુની વેળાએ મોહમાં પડતો નથી; અર્થાત્ મૃત્યુના કારણથી અશ્રુપાત નથી કરતો."

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥१४॥

"મૃત્યુ જેવો કોઈ પદાર્થ છે જ નહિ; જે વિષયોના સ્પર્શથી ઢ, ઉષ્ણ, સુખ અને દુઃખ ઇત્યાદિ સંસ્કારો ઉત્પન્ન થાય છે, તે સ્પર્શો અનિત્ય છે, એટલે કે આવે છે અને પાછા ચાલ્યા ય છે; એટલામાટે એ સર્વ સંસ્કારોને અવિચલિત થઈને સહન લેવાનો અભ્યાસ કર."

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥

"જે સ્થિરબુદ્ધિ પુરુષ એ સર્વ સ્પર્શોને ભોગવવા છતાં પણ અધિર નથી થતો એટલે કે જે ધૈર્યશીલ પુરુષને એ વિષયો વ્યથા આપી શકતા નથી અને જે સુખ તથા દુઃખને સમભાવથી સ્વીકારી લે છે; તે જ પુરુષ મૃત્યુપર વિજય મેળવીને મોક્ષપ્રાપ્તિનો અધિકારી થઈ શકે છે."

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥

"જે અસત્ છે તેનું અસ્તિત્વ હોતું જ નથી અને જે સત્ છે તેનો વિનાશ હોતો નથી; તથાપિ સત્ તથા અસત્ ઉભયનો અન્ત તો થાય છે જ, એ તત્વજ્ઞોના જાણવામાં આવી ચૂક્યું છે."*

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हसि ॥१७॥

"કિન્તુ જેણે આ સમસ્ત દૃશ્ય જગતનો પોતામાં જ વિસ્તાર કરેલો છે તે આત્માનો કદાપિ ક્ષય થતો નથી એટલે કે તેનો નાશ કિંવા ધ્વંસ કોઈથી પણ કરી શકાતો નથી."

---

* આ શ્લોકનો સ્વ. લોકમાન્ય તિલકે એવો અર્થ આપેલો છે: "જે નથી, તેનામાટે તુ [illegible] છે એમ [illegible] અને જે છે (સત્ છે) તે નથી એમ જ્ઞાની પુરુષ પ્રમાણે તાત્વિકજ્ઞાને સ્વીકારીને (સત્ અને અસત્) એ ઉભયનો [illegible] કરી રહ્યો છે; પરંતુ જેઓ વાસ્તવિક [illegible] અંતને જોઈને તેના [illegible] તેઓ મત કે [illegible] નથી કરતા."

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व भारत ॥१८॥

"નિત્ય દેહાશ્રિત આત્માના આ સર્વ દેહોનો તો અન્ત
થવાનો જ છે; પરંતુ આત્મા પોતે અગમ્ય તથા અનશ્વર હોવાથી,
હે ભારત (અર્જુન), તું ઊઠ અને યુદ્ધમાં પ્રવૃત્ત થા."

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥१९॥

"જેઓ આત્માને હન્તા–હણનારો–કહે છે તેમ જ જેઓ
દેહના નાશથી આત્માને હણાયલો માને છે, તેઓ ઉભય ભ્રાન્ત તજ્ઞ
અજ્ઞ છે, એમ જ માનવાનું છે; કારણ કે, આત્મા કોઈને
પણ નથી અને કોઈથી હણાતો પણ નથી."

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा नभूयः ।
अजो ˆ :
।णो

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णा
न्यन्यानि संयाति नवानि देही ॥२२॥

"જેવી રીતે મનુષ્ય જીર્ણ વસ્ત્રોને ત્યાગીને અન્ય નવીન વસ્ત્રો પરિધાન કરે છે; તેવી જ રીતે જીવ (આત્મા) જીર્ણ દેહોને ત્યજીને અન્ય નવીન દેહોને ધારણ કરી લે છે."

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥२३॥

"એ—આત્મા—ને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જળ ભીંજવી શકતું નથી અને વાયુ શુષ્ક કરી શકતો નહિ."

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

"આ [illegible] [illegible] [છેદાય નહિ તેવો], અદાહ્ય [બળે નહિ તેવો], [illegible] [નહિ તેવો] અને અશોષ્ય [સુકાય નહિ તેવો] [illegible] સર્વવ્યાપક, સ્થિર, અચલ તથા સનાતન છે."

[illegible]ऽव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

"[illegible] અવ્યક્ત (રૂપ અથવા આકૃતિ ન હોવાથી દેખાય નહિ [illegible] ધ્યાનમાં ન આવી શકે તેવો) અને અવિકાર્ય (વિકાર [illegible] [illegible]ને પ્રાપ્ત ન થનારો) કહેવાય છે; એટલે તું આ[illegible] [illegible] જાણીને શોકનો સર્વથા પરિત્યાગ કરી દે."

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥२६॥

"અને હે મહાબાહો, તું કદાચિત એમ માનતો હોય કે (આત્મા) વારંવાર જન્મને પામે છે અને મરતો રહે છે; તો પણ તે માટે શોક કરવો સર્વથા વ્યર્થ તથા અયોગ્ય છે."

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

"જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ પણ અવશ્ય થાય છે અને જેનું મૃત્યુ થાય છે તેનો પુનઃ જન્મ થયા વિના રહેતો જ નથી; અર્થાત્ મૃત્યુ દેહનું અપરિહાર્ય પરિણામ હોવાથી તેનો શોક કરવો એ સર્વથા અનુચિત છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ."

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८॥

"હે ભારત, સર્વ પ્રાણીઓ આદિ અથવા આરંભમાં અવ્યક્ત–અસ્પષ્ટ–હોય છે; મધ્યકાળમાં તેઓ વ્યક્ત–સ્પષ્ટ–થાય છે અને વળી પાછા અંતકાળમાં પણ તેઓ અવ્યક્ત થઈ જાય છે; આવો સ્વાભાવિક ક્રમ હોવાથી એ વિષયના શોકનું કાંઈ પણ કારણ છે જ નહિ."

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥२९॥

'કોઈ આત્માને આશ્ચર્યમાન નિહાળે છે, કોઈ આ

મનુષ્યો તદનુસાર તેનું વર્ણન કરે છે; કોઈ આશ્ચર્યપૂર્ણ રીતે તેનું શ્રવણ કરે છે અને કોઈ તો વળી સાંભળ્યા છતાં પણ આત્માને જાણી શકતા નથી."

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥

"આત્મા સદા સર્વના દેહમાં અવધ્ય જ હોય છે, એટલે કે આત્માનો કોઈથી પણ વધ કરી શકાતો જ નથી એટલામાટે સર્વ પ્રાણીઓમાટે કોઈ પણ પ્રકારનો શોક કરવો, એ સર્વથા અનુચિત તથા અયોગ્ય કાર્ય છે."

મૃત્યુની અસત્યતા

અર્જુનનું કથન સાંભળીને શ્રી કૃષ્ણના મુખમંડળમાં હાસ્યના ભાવનો પ્રકાશ થયો અને તેમનું એ હાસ્ય રહસ્યમય એટલે કે પ્રસન્નતા દર્શક હતું; કારણ કે, અર્જુનના ભ્રમને માનવજાતિનો પુરાતન ભ્રમ જાણીને જ અન્તર્યામી શ્રી કૃષ્ણ પરમાત્મા હસ્યા હતા. પરંતુ એ ભ્રમનો પણ શ્રી કૃષ્ણની માયાના પરિણામે જ ઉદ્ભવ થયો હતો એટલે કે એ શ્રી કૃષ્ણની પોતાની માયાનું જ પરિણામ હતું; કારણ કે, દુઃખ તથા દુર્બળતાના ભોગ તથા સંયમદ્વારા વિશ્વના અશુભ કિંવા અકલ્યાણનો ક્ષય કરવામાટે ભગવાને મનુષ્ય માત્રને એ માયાનાં વશીભૂત દાસ બનાવી દીધા છે. પ્રાણની મમતા, મૃત્યુનો ભય, સુખ તથા દુઃખની આધીનતા અને પ્રિય તથા અપ્રિયનો ભેદ ઇત્યાદિ અજ્ઞાનનો અર્જુનના ઉદ્ગારમાં સ્પષ્ટ પ્રકાશ થયો હતો; અર્થાત્ એ અજ્ઞાનને માનવ બુદ્ધિમાંથી દૂર હટાવીને જગતને અશુભના બંધનથી મુક્ત કરવાની અત્યન્ત આવશ્યકતા હોવાથી એ શુભ કાર્યને સર્વથા અનુકૂળ પડે તેવી આવશ્યક કિંવા પરિસ્થિતિ પ્રસ્તુત કરવામાટે જ

શ્રી કૃષ્ણ અવતર્યા હતા અને તેમણે ગીતાનો પ્રકાશ કર્યો હતો. કિન્તુ પ્રથમ અર્જુનના મનમાં જે ભ્રમનો ઉદ્ભવ થયો હતો તે ભ્રમનો ભોગ હાલ દૂર કરવાની અધિક આવશ્યકતા હતી; કારણ કે, અર્જુન શ્રી કૃષ્ણનો સખા હતો અને સમગ્ર માનવજાતિનો પ્રતિનિધિ હતો એટલે કે તે શ્રેષ્ઠ પાત્ર હોવાથી સર્વથી પ્રથમ તેના સમક્ષ ગીતાનો પ્રકાશ કરવાનું શ્રી કૃષ્ણે ઉચિત ધાર્યું હતું: તથાપિ શોકનો વિષય છે કે અદ્યાપિ મૂઢ માનવજાતિ ગીતાના સત્ય અર્થને સમજી લેવામાટે યોગ્ય થઈ નથી; માત્ર એટલું જ નહિ, પણ અર્જુન પોતે પણ ગીતાના સંપૂર્ણ અર્થને સમજી શક્યો નહોતો. જે શોક, દુઃખ તથા કાતરતાનો અર્જુનના મનમાં ઉદ્ભવ થયો હતો, તે જ શોક, દુઃખ તથા કાતરતાને માનવજાતિ અત્યારસુધી કલિયુગમાં સંપૂર્ણ ભાવથી ભોગવતી આવી છે અને ક્રિશ્ચિયન ધર્મે પ્રેમદ્વારા, બૌદ્ધ ધર્મે દયાદ્વારા તથા ઇસ્લામ ધર્મે શક્તિદ્વારા માનવજાતિના એ દુઃખભોગને ઘટાડવામાટેના પ્રયત્નો કરેલા છે અને અદ્યાપિ એ સર્વ ધર્મો માનવજાતિના એ દુઃખભોગને ઘટાડવામાટેના પ્રયત્નો કરે જાય છે. જે દિવસે મહાભારત નામક ભયાનક યુદ્ધનો આરંભ થયો તે દિવસે કલિયુગાન્તર્ગત પ્રથમ ખંડનો એટલે કે સત્યયુગનો* આરંભ થવાનો હતો અને ભગવાન્ ભારતને કિંવા કુરુજાતિના વંશધરોને ગીતાનું દાન આપવાના હતા એટલે જો તેઓ ગીતાના સત્ય અર્થને સ્વી-

---

* કલિયુગના પ્રથમ ખંડ તરીકે સત્યયુગના આરંભનો એવો અર્થ સ્વીકારવાનો છે કે, સત્યયુગ આદિ યુગ હોવાથી સત્યયુગના અધિકારકાળમાં અન્ય કોઈ યુગની સત્તા હોતી નથી; પરંતુ ત્યાર પછીના ત્રેતાયુગમાં પ્રથમના અર્ધકાળમાં સત્યયુગની સત્તા હોય છે; દ્વાપરયુગના એક તૃતીયાંશ કાળમાં સત્યયુગની, ત્યાર પછીના તૃતીયાંશ કાળમાં ત્રેતાયુગની અને અંતિમ ભાગમાં દ્વાપરની પોતાની સત્તા હોય છે અને કલિયુગના આરંભમાં સત્યયુગની, ત્યાર પછી ત્રેતાયુગની, પછી દ્વાપરની અને અંતમાં કલિની પોતાની સંપૂર્ણ સત્તા વિસ્તરે છે.

[illegible] વિનામાં માર્ગ થાય, તો તેના પોતે આચરણનું [illegible] પણ તેથી સમસ્ત [illegible] સ્થિતિ જ છે. [illegible] એટલું જ નહિ, [illegible] વિષના [illegible] પણ [illegible] હતો.

શ્રી કૃષ્ણ અર્જુનને સંબોધીને કહેતા જાય છે કે "હે અર્જુન, તું જો કે એક [illegible] પંડિત પ્રમાણે પાપ તથા પુણ્યના વિચારોને પ્રતિપાદન કરે છે તેમજ પ્રતિજ્ઞા કરે છે, જ્ઞાન તથા અજ્ઞાનના [illegible] કારણોને દર્શાવવાની ચેષ્ટા પણ [illegible] તથા અજ્ઞાનના [illegible] પણ [illegible] સત્ય જ્ઞાનનો [illegible] કરે છે; પરન્તુ તારા કથનમાં [illegible] પણ [illegible] એટલું જ નહિ, પણ [illegible] આવી શકતો નથી. [illegible] અજાણ્યો જ બનેલો છે. અર્થાત્ તું સ્પષ્ટ તારો અનેક ઉદ્ગાર [illegible] મારું હૃદય દુર્બળ છે અને તે શોક શબ્દોમાં એમ જણાતી દે કે [illegible] મારી બુદ્ધિ કર્તવ્યથી પરાઙ્મુખ થયેલી વડે કાયર થયેલું છે તેમજ [illegible] મનુષ્ય પ્રમાણેના તર્ક છે; કારણ કે, જ્ઞાની જનોની ભાષામાં [illegible] પોતાની દુર્બળતાનું સમર્થન કરી વિતર્ક કરવાનું અને તેમ કરીને [illegible] મનુષ્ય માત્રના હૃદયમાં શોક બનાવવાનું કોઈ પણ પ્રયોજન નથી. મનુષ્ય માત્રને મૃત્યુ તથા વિચ્છેદની ઘટના તો ઉત્પન્ન થાય છે જ. મનુષ્ય માત્રને [illegible] સર્વ મનુષ્યોને જીવન મૂલ્યવાન દેખાય અત્યન્ત ભયંકર જણાય છે, કર્તવ્ય કઠોર જણાય છે અને છે, શોક અસહ્ય દૃષ્ટિગોચર થાય છે, સારાંશ કે, એ સર્વ વિકારોને સ્વાર્થસિદ્ધિ અત્યન્ત મધુર લાગે છે. [illegible] દુઃખ દર્શાવે છે, હર્ષ વશ થઈને મનુષ્યો યથાપ્રસંગ હર્ષ દર્શાવે છે, [illegible] કોઈ જ્ઞાનમાંથી છે અને અશ્રુપાત કરે છે; તથાપિ એ સર્વ વૃત્તિઓને [illegible] શોક કરવો સર્વથા ઉત્પન્ન થયેલી તરીકે ઓળખાવવું નથી. જેનામાટે શોક [illegible] અનુચિત તથા અનાવશ્યક છે જેનામાટે તું શોકના સમુદ્રમાં ડૂબી ગયો છે; પરન્તુ જેઓ વાસ્તવિક જ્ઞાની હોય છે તેઓ મૃત વ્યક્તિ કિંવા જીવિત વ્યક્તિ અહિ કોઈ [illegible] પણ શોક કરતા જ નથી; કારણ કે, તેઓ એ તત્ત્વને સારી રીતે જાણતા હોય છે કે, મૃત્યુ નથી, વિચ્છેદ નથી અને દુઃખ પણ નથી; આપણે સર્વ અમર

છીએ, આપણે ચિદાકાશ એક છીએ, આપણે આનંદનાં સંતાન છીએ, અમૃતનાં સંતાન છીએ અને જીવન તથા મરણ સાથે આપણે આ પૃથ્વીમાં આંખમીચામણીની રમત રમતા આવ્યા છીએ; પ્રકૃતિની વિશાળ નાટકશાળામાં આપણે હાસ્ય તથા રોદનનો અભિનય કરીએ છીએ અને શત્રુ તથા મિત્ર આદિને મળવી યુદ્ધ તથા શાન્તિ અને પ્રેમ તથા કલહના રસનો આસ્વાદ લઇએ છીએ. આપણે અત્યારે તો અલ્પ કાળ પર્યન્ત અહીં છીએ, પણ આવતી કાલે કે પરમ-દિવસે આ દેહનો ત્યાગ કરીને આપણે ક્યાં જઇશું, એ આપણે જાણતા નથી; અર્થાત્ એ કારણથી આ સર્વ આપણી અનન્ત ક્રીડાઓમાંના એક મુહૂર્ત માત્રના કિંવા ક્ષણિક ખેલો જ છે; માત્ર કેટલાંક ક્ષણોના જ ભાવો છે. આપણે હતા, આપણે છીએ, અને આપણે હઇશું એટલે કે અન્ય શબ્દોમાં કહીએ તો આપણે સનાતન, નિત્ય તથા અનશ્વર હોવાથી કોઈ પણ કાળમાં આપણો અભાવ છે જ નહિ. પ્રકૃતિના ઇશ્વર આપણે જ છીએ, જીવન તથા મરણના કર્તા આપણે જ છીએ, આપણે ભગવાનના અંશ છીએ અને ભૂત, વર્તમાન તથા ભવિષ્યકાળના અધિકારી પણ આપણે જ છીએ. જેવી રીતે દેહને બાલ્ય, યૌવન તથા વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે તેવી જ રીતે દેહાન્તરની એટલે કે અન્ય દેહની પણ પ્રાપ્તિ થાય છે. મરણ તો એક નામ માત્ર જ છે અને તે મરણનું નામ સાંભળીને જ આપણે ભયભીત તથા દુઃખી થઇએ છીએ; કારણ કે, મૃત્યુની વાસ્તવિકતા જો આપણા જાણવામાં આવી જાય, તો પછી ભયભીત કે દુઃખી થવાનું કાંઈ પણ કારણ રહેતું જ નથી. આપણે જો બાળ-કની બાલ્યાવસ્થાના લોપને તથા યૌવનકાળમાંના પ્રવેશને મૃત્યુના નામથી ઓળખીને રોતા રોતા એવા ઉદ્ગારો કાઢીએ કેઃ 'હાય રે અમારો તે પ્રિય બાળક ક્યાં ગયો; કારણ કે, આ યુવક અમારો તે પ્રિય બાળક નથી; અમારો તે સુવર્ણનો ચન્દ્ર ક્યાં ચાલ્યો ગયો?' તો આપણા એ વ્યવહારને સર્વ જનો હાસ્યજનક તથા ઘોર અજ્ઞાન-

મૃત્યુ નહિ કહે કે શું? કારણ કે, એ અવસ્થાન્તરપ્રાપ્તિ પ્રકૃતિનો નિયમ છે અને તેથી વસ્તુતઃ બાળકના દેહમાં તેમજ યુવકના દેહમાં એક જ પુરુષ બાહ્ય પરિવર્તનથી અતીત થઈને સ્થિરભાવથી રહેલો છે. સારાંશ કે, જ્ઞાની જનો સાધારણ સ્થિતિના મનુષ્યોના મરણ-વિષયક ભય તથા દુઃખ આદિને જોઈને તેમના એ વ્યવહારને ઉપર જણાવ્યા પ્રમાણે જ હાસ્યજનક તથા ઘોર અજ્ઞાનમૂલક પ્રમાણી લે છે; કારણ કે, તેમનો તો એવો દૃઢ નિશ્ચય થયેલો હોય છે કે: 'દેહાન્તરપ્રાપ્તિ પ્રકૃતિનો નિયમ છે અને તેથી સ્થૂલ દેહમાં તથા સૂક્ષ્મ દેહમાં એક જ પુરુષ બાહ્ય પરિવર્તનથી અતીત થઈને સ્થિર ભાવથી રહેલો છે. આપણે અમૃતનાં સંતાન હોવાથી મરનાર કોણ છે અને મારનાર કોણ છે? મૃત્યુ આપણને સ્પર્શ માત્ર પણ કરી શકે તેમ નથી; કારણ કે, મૃત્યુ એક પ્રકારનો મિથ્યા ધ્વનિ માત્ર છે, મૃત્યુ એક ભ્રમ છે અને વસ્તુતઃ મૃત્યુ જેવો કોઈ પદાર્થ અસ્તિત્વ ધરાવતો જ નથી.

આત્મા

પુરુષ અમર છે અને પ્રકૃતિ ચળ છે. અને ચળ પ્રકૃતિમાં અચળ પુરુષ અવસ્થિત છે. આ કારણથી પ્રકૃતિસ્થ–પ્રકૃતિમાં રહેલો–પુરુષ પાંચ ઇન્દ્રિયોદ્વારા જે કાંઈ પણ દેખે છે, સાંભળે છે, સૂંઘે છે, સ્વાદ લે છે અને સ્પર્શથી અનુભવે છે તેના ઉપભોગમાટે પ્રકૃતિનો આશ્રય લે છે. આપણે રૂપને જોઈએ છીએ, શબ્દને સાંભળીએ છીએ, ગંધને સૂંઘીએ છીએ, રસનો સ્વાદ લઈએ છીએ અને સ્પર્શને અનુભવીએ છીએ એટલે કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સમસ્ત તન્માત્રા જ ઇન્દ્રિયોના વિષયો છે. પંચ ઇન્દ્રિય [illegible] સંસ્કાર છે અને બુદ્ધિનો વિષય જે મન તે મનનો વિશિષ્ટ વિષય [illegible] પંચ તન્માત્રા, સંસ્કાર તથા ચિન્તા અથવા વિચાર છે. [illegible] કરવામાટે પુરુષ તથા પ્રકૃતિનો ચિન્તાનો અનુભવ [illegible]

પરસ્પર સંયોગ તથા તેમની અનન્ત ક્રિયા થાય છે. એ યોગ કિંવા ઉપભોગ શુદ્ધ અને અશુદ્ધ એવા બે રીતે દ્વિધા હોઈ શકે છે તે પ્રકારે છે. શુદ્ધ ભોગમાં સુખ તથા દુઃખનું અસ્તિત્વ હોતું નથી અને પુરુષનો ચિરંતન સ્વભાવસિદ્ધ પરમ આનંદ જ હોય છે, પરંતુ અશુદ્ધ ભોગમાં સુખ તથા દુઃખનું અસ્તિત્વ રહેલું હોવાથી શીતળતા તથા ઉષ્ણતા, ક્ષુધા તથા પિપાસા અને હર્ષ તથા શોક ઇત્યાદિ દ્વંદ્વો અશુદ્ધ ભોગીને વિચલિત તથા વિક્ષુબ્ધ કરી નાખે છે. અશુદ્ધતાનું જો કોઈ કારણ હોય, તો તે ફક્ત કામના જ છે અને તેથી સર્વ કામી–કામના ધરાવનારા–અશુદ્ધ હોય છે અને જેઓ સર્વથા નિષ્કામ છે તેઓ જ માત્ર શુદ્ધ હોય છે. કામનાના યોગે રાગ તથા દ્વેષ ઉત્પન્ન થાય છે, રાગ તથા દ્વેષને વશ થતાં પુરુષ વિષયમાં આસક્ત થાય છે, અને આસક્તિનું પરિણામ બંધન વિના બીજું કાંઈ પણ હોતું જ નથી. પુરુષ એક વાર જ્યાં વિચલિત તથા અશુદ્ધ થઈ જાય છે એટલે પછી વ્યથા અને યંત્રણાવડે અત્યંત ક્લેશ પામવા છતાં પણ આસક્તિ વિષયક અધ્યાસના દોષના પરિણામે તેનાથી, ક્ષોભ, વ્યથા તથા યંત્રણાના કારણનો પરિત્યાગ નથી કરી શકાતો તે નથી જ કરી શકાતો.

સમભાવ

શ્રી કૃષ્ણે આત્માની નિત્યતાનો ઉલ્લેખ કરીને પછી અજ્ઞાનના બંધનને શિથિલ કરવાનો ઉપાય દર્શાવ્યો હતો. માત્રા એટલે કે વિષયોનો જે નાનાવિધ સ્પર્શ તે જ સુખ તથા દુઃખ ઇત્યાદિ દ્વંદ્વનું કારણ થઈ પડે છે અને એ સર્વ સ્પર્શો અનિત્ય હોવાથી તેમનો આરંભ પણ છે અને અન્ત પણ છે એટલે તેમને અનિત્ય જાણીને તેમનામાંની આસક્તિનો પરિત્યાગ કરવો જ જોઈએ; કારણ કે, અનિત્ય વસ્તુમાં આસક્ત થઈને તેની પ્રાપ્તિથી હર્ષ દર્શાવવો અને તેના નાશ કિંવા અભાવથી દુઃખ તથા વ્યથાને આધીન થવું, એ

અવસ્થાને જ અજ્ઞાનના નામથી ઓળખવામાં આવે છે. અજ્ઞાનવડે અનશ્વર આત્માનો સનાતન ભાવ તથા અનન્ય આનંદ આચ્છાદિત કિંવા આચ્છન્ન થઈ જાય છે અને કેવળ ક્ષણસ્થાયીભાવ તથા વસ્તુમાં સંલગ્ન થતાં તેના નાશ કિંવા અભાવથી મનુષ્ય દુઃખ તથા શોકના સમુદ્રમાં ડૂબી જાય છે. અર્થાત્ વ્યથિત ન થતાં જે પુરુષ વિષયોના સર્વ સ્પર્શોને સહન કરી શકે છે એટલે કે દ્વંદ્વના મધ્યમાં હોવા છતાં પણ સુખ તથા દુઃખ, શીતલતા તથા ઉષ્ણતા, પ્રિય તથા અપ્રિય, કલ્યાણ તથા અકલ્યાણ અને સિદ્ધિ તથા અસિદ્ધિમાં હર્ષ કિંવા શોકનો અનુભવ ન કરીને સમાનભાવથી પ્રફુલ્લ ચિત્ત તથા હસિત મુખવડે એ સ્પર્શોને સ્વીકારી શકે છે, તે પુરુષ રાગ તથા દ્વેષ આદિના બંધનથી મુક્ત થઈ જાય છે અને અજ્ઞાનના બન્ધને તોડીને સનાતન ભાવ તથા આનંદની પ્રાપ્તિના સામર્થ્યને મેળવી શકે છે,— 'अमृतत्वाय कल्पते'॥

સમતાનો ગુણ

શ્રીમદ્ ભગવદ્ગીતાની સર્વથી પ્રથમ જો કોઈ પણ શિક્ષા હોય, તો તે શિક્ષા સમતા જ છે. સમતા જ ગીતોક્ત સાધનોની પ્રતિષ્ઠા છે. ગ્રીક સ્ટૉઇક્ સંપ્રદાયે ભારતવર્ષમાંથી એ સમતા કિંવા અભાવનુ શિક્ષણ લઇને યુરોપમાં સમતાવાદ કિંવા સામ્યવાદનો પ્રચાર કર્યો હતો અને ગ્રીક દાર્શનિક એપિક્યુરસે શ્રી કૃષ્ણના ઉપદેશની એક દિશાને વળગીને શાન્તભોગવાદ કિંવા શાન્તભોગના શિક્ષણ-Epucureanism-નો પ્રચાર કર્યો હતો. એ બન્ને મતો એટલે કે સામ્યવાદ અને ભોગવાદ પ્રાચીન યુરોપના શ્રેષ્ઠ નૈતિક મતો તરીકે વિખ્યાત હતા અને તેથી વર્તમાન યુરોપમા પણ તેમણે નવીન આકાર ધારણ કરીને Puritanism અને Paganism નામક ચિર દ્વંદ્વભાવને ઉત્પન્ન કરી દીધો છે. પરંતુ ગીતોક્ત સાધનમાં સમતા તથા શાન્ત કિંવા શુદ્ધ ભોગ એ ઉભય એક જ અર્થને

દર્શાવનારા શબ્દો છે; કારણ કે, સમતા કારણ છે અને શુદ્ધ ભોગ કાર્ય છે. સમતાના યોગે આસક્તિ મરી જાય છે અને રાગ તથા દ્વેષ આદિ શમી જાય છે એટલે એ આસક્તિના નાશ તથા રાગદ્વેષ આદિના શમનથી સ્વાભાવિક જ શુદ્ધતાનો જન્મ અથવા આવિર્ભાવ થાય છે. શુદ્ધ પુરુષનો ભોગ કામના તથા આસક્તિથી રહિત હોવાથી સર્વથા શુદ્ધ હોય છે. સમતાનો પ્રધાન ગુણ એ જ છે કે આસક્તિ તથા રાગદ્વેષ સમતા સાથે એક જ સ્થાનમાં કદાપિ રહી શકતાં નથી અને તેથી સમતા જ શુદ્ધિનું બીજ છે.

દુઃખનિવારણનો ઉપાય

ગ્રીક સ્ટૅાઇક સંપ્રદાયનો મોટામાં મોટો પ્રમાદ એ થયો હતો હતો કે દુઃખપર વિજય મેળવવાના એટલે કે દુઃખનિવારણના યોગ્ય ઉપાયને તે જાણી શક્યો નહોતો. આ કારણથી સ્ટૅાઇક સંપ્રદાયના પ્રવર્તકો તથા અનુયાયીઓ દુઃખનો નિગ્રહ કરીને, દુઃખને છુપાવીને તથા ચરણ તળે ચગદીને દુઃખપર વિજય મેળવવાની ચેષ્ટા કરતા હતા. પરંતુ ગીતામાં એક સ્થળે કહેલું છે કે: "**प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति !**" "જ્યાં સર્વ પ્રાણીઓ પોતાની પ્રકૃતિને જ અનુસરતાં હોય, ત્યાં નિગ્રહ શું કરી શકે તેમ હતું વારુ? અર્થાત્ દુઃખના નિગ્રહથી મનુષ્યનું હૃદય શુષ્ક, કઠોર તથા પ્રેમશૂન્ય થઈ [illegible] અશ્રુપાત કરીશ નહિ, શરીરને [illegible] નહિ, 'આ

દુઃખાર વિજય મેળવવાનો કિંવા દુઃખના નિવારણનો એ યોગ્ય ઉપાય નથી. દુઃખને પરાજિત કરવામાટેની એ સમ્યગ્ ક્રિયા નથી. સારાંશ કે, દુઃખાર વિજય મેળવવાનો જો કોઈ પણ યોગ્ય ઉપાય હોય, તો તે કેવળ જ્ઞાન, શાન્તિ તથા સમતા જ છે. સર્વથા શાન્ત ભાવથી સુખ તથા દુઃખનો સ્વીકાર કરી લેવો એ જ દુઃખનિવારણનો યોગ્ય માર્ગ છે. પ્રાણમાં થતા સુખ તથા દુઃખના સંચારને અટકાવવો નહિ અને બુદ્ધિને અસર થવા દેવી નહિ, એના જેવો દુઃખનિવારણનો અન્ય કોઈ માર્ગ જ નથી. બુદ્ધિ, ચિત્ત કિંવા પ્રાણ એમાંનું કોઈ પણ સમતાનું સ્થાન નથી; બુદ્ધિ સમ થાય છે અથવા સમતાને ધારણ કરી લે છે એટલે ચિત્ત તથા પ્રાણ પોતાની મેળે જ સમભાવને સ્વીકારી લે છે; અર્થાત્ પ્રેમ ઇત્યાદિ પ્રકૃતિગત કિંવા નૈસર્ગિક પ્રવૃત્તિઓ સર્વથા સુકાઈ જતી નથી, મનુષ્ય પાષાણના રૂપમાં ફેરવાઈ જતું નથી કિંવા જડ અને ચેતન રહિત થઈ જતું નથી; કારણ કે, 'प्रकृतिं यान्ति भूतानि'—અર્થાત્ પ્રેમ ઇત્યાદિ પ્રવૃત્તિ તે પ્રકૃતિની ચિરંતન પ્રવૃત્તિ હોવાથી તેના બન્ધમાંથી મુક્ત થવાનો, પરબ્રહ્મમાં લીન થઈ જવું, એ જ એક માત્ર ઉપાય છે. પ્રકૃતિના મધ્યમાં રહીને પ્રકૃતિનો સર્વથા ત્યાગ કરી શકાય, એ સર્વથા અશક્ય તથા અસંભવનીય છે. જો આપણે કોમળતાનો પરિત્યાગ કરીશું, તો તે દુઃખ અંતરમાં એકત્ર થઈ રહેશે અને અલક્ષ્ય ભાવથી પ્રાણોને શુષ્ક કરી નાખશે. સારાંશ કે, આવા પ્રકારનાં કષ્ટયુક્ત સાધનોથી ઉન્નતિની સંભાવના છે જ નહિ. તપસ્યાના યોગે શક્તિના આવિર્ભાવનો સંભવ હોય છે ખરો; પરન્તુ આ જન્મમાં એવી તપસ્યાના બળથી જે વસ્તુને આપણે બળાત્કારે દબાવી રાખીએ, તે વસ્તુ અન્ય જન્મમાં સર્વ અવરોધોનો ભંગ કરીને બમણા વેગથી ઉછળીને બહાર નીકળી આવે છે, એ આપણે કદાપિ ભૂલી જવાનું નથી.

અસંપૂર્ણ

શ્રી

અરવિન્દ વિચારમાળા



પ્રથમ પુષ્પ—ધર્મવિચાર



દ્વિતીય દલ—ધર્મ

ક્ષુદ્ર તથા મહત્ એવી રીતે બે રૂપ રહેલાં છે એટલે મહાન્ ધર્મ સાથે ક્ષુદ્ર ધર્મને મેળવીને તથા તેમનું સંશોધન કરીને જો તેમનું અનુષ્ઠાન કરવામાં આવે, તો તે અધિક શ્રેયસ્કર થઇ પડે છે. જો વ્યક્તિગત ધર્મને જાતિધર્મ સાથે મેળવીને આચરણ ન કરવામાં આવે, તો તેથી જાતિનો ભંગ થાય છે અને જો જાતિધર્મનો લોપ થઈ જાય, તો વ્યક્તિગત ધર્મના ક્ષેત્ર તથા સુયોગનો પણ નાશ થઇ જાય છે; કારણ કે, એ પણ ધર્મસંકર છે અને ધર્મસંકરના પ્રભાવથી જાતિ તથા તે સંકરના કરનાર એવી રીતે ઉભયનો નરકની ગહનતમ ગર્તામાં પાત થાય છે, એ સર્વવિશ્રુત હોવાથી એના વિશેષ વિવેચનની આવશ્યકતા છે જ નહિ. અર્થાત્ પ્રથમ જ્યારે જાતિની રક્ષા કરાય છે ત્યારે જ વ્યક્તિની આધ્યાત્મિક, નૈતિક તથા આર્થિક ઉન્નતિ કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના કરી શકાય છે, વર્ણાશ્રિતધર્મ તથા યુગધર્મને એક જ સૂત્રમાં લાવીને સમાકાર કરવામાં ન આવે, તો મહાન્ યુગધર્મની ગતિ પ્રતિકૂલ થતાં તે પ્રતિકૂલ ગતિના યોગે વર્ણાશ્રિત ધર્મના ચૂરેચૂરા થઈ જાય છે અને વર્ણાશ્રિત ધર્મનો નાશ થતાં સમાજનો પણ અવશ્ય વિનાશ થઇ જાય છે, એ નિર્વિવાદ છે. ક્ષુદ્ર સદા સર્વદા મહતના અંશરૂપ અથવા સહાયસ્વરૂપ હોય છે એટલે એ સંબંધની વિપરીત અવસ્થા થતાં ધર્મસંકર ઉત્પન્ન થાય છે અને તે ધર્મસંકરના પરિણામે જે અનિષ્ટ ઘટનાઓ બને છે તે સર્વથા ભયંકર જ હોય છે. વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં જ્યાં ક્ષુદ્ર ધર્મ તથા મહાન્ ધર્મનો પરસ્પર વિરોધ જોવામાં આવતો હોય, ત્યાં ક્ષુદ્ર ધર્મનો પરિત્યાગ કરીને મહાન્ ધર્મનું અનુષ્ઠાન કરવું, એ જ અધિક કલ્યાણકારક છે.

સનાતન ધર્મનો પ્રચાર અને સનાતન ધર્માશ્રિત જાતિધર્મ તથા યુગધર્મનું અનુષ્ઠાન એ જ આપણો ઉદ્દેશ હોવો જોઇએ અને છે; કારણ કે, આપણે ભારતવાસી છીએ, આર્યજાતિના વંશધર છીએ અને આર્યશિક્ષપ્રણાલી તથા આર્યનીતિના સંપૂર્ણ અધિ-

[illegible]

[illegible] તેવા પ્રકારનાં ઉપયુક્ત [illegible]
પરિપક્વ ધર્મપ્રચારકો [illegible] તેમને મદદ કરવાં [illegible]
[illegible] ઉછેર [illegible] એ કાર્યમાં [illegible]
[illegible] સનાતન ધર્મનો પ્રચાર
[illegible] ભૂમિમાં [illegible] આરોપણ કરીને [illegible]
[illegible] છે.

જાતિધર્મના અનુષ્ઠાનથી યુગધર્મની સેવા સહજ સાધ્ય થઈ પડે છે; કારણ કે, આ યુગ તે શક્તિ તથા પ્રેમનો જ યુગ છે. જ્યારે કલિનો આરંભ થાય છે ત્યારે જ્ઞાન તથા કર્મ ભક્તિને આધીન તથા ભક્તિનાં સહાયક થઈને પોતપોતાની પ્રવૃત્તિને ચરિતાર્થ કિંવા સાર્થક કરી લે છે અને સત્ય તથા શક્તિ પ્રેમના આશ્રયને સ્વીકારીને માનવ-જાતિમાં પ્રેમનો વિકાસ કરવાના ઉદ્યોગમાં લાગી જાય છે. બૌદ્ધ ધર્માંની મૈત્રી તથા દયા, ક્રિશ્ચિયન્ ધર્મમાંની પ્રેમશિક્ષા, મુસલમાન ધર્મમાંનાં સામ્ય તથા ભ્રાતૃભાવ અને પૌરાણિક ધર્મમાંનાં ભક્તિ તથા પ્રેમભાવ આદિ એ જ ઉદ્યોગનાં ફળરૂપ છે, એ સર્વથા નિઃસંશય છે. અર્થાત્ કલિયુગમાં સનાતન ધર્મ મૈત્રી, કર્મ, ભક્તિ, પ્રેમ, સામ્ય તથા ભ્રાતૃભાવ આદિની સહાયતાથી માનવ કલ્યાણને સિદ્ધ કરે છે. જ્ઞાન, ભક્તિ તથા નિષ્કામ કર્મવડે બંધાયલા–ગઠિત થયેલા–આર્ય–સનાતન–ધર્મમાં એ સર્વ શક્તિઓ પ્રવિષ્ટ તથા વિકસિત થઈને વિસ્તાર તથા પોતાની પ્રવૃત્તિને પૂર્ણ કરવાના માર્ગને શોધે છે. કઠિન તપસ્યા, ઉચ્ચ આકાંક્ષા અને મહત્ કર્મ એ શક્તિસ્ફુરણનાં લક્ષણો છે અને તેથી જ્યારે એ જાતિ તપસ્વિની, ઉચ્ચાકાંક્ષિણી તથા મહત્કર્મપ્રયાસિની થશે ત્યારે જ એમ જાણી શકાશે કે વિશ્વની ઉન્નતિના દિવસનો ઉદય કિંવા આરંભ થઈ ચૂક્યો છે અને હવે ધર્મવિરોધિની આસુરીય શક્તિનો સંકોચ તથા દેવશક્તિનું પુનરુત્થાન અવશ્યંભાવિ છે. સારાંશ કે, આવા પ્રકારની શિક્ષા પણ વર્તમાન સમયમાં અત્યન્ત પ્રયોજનીય છે એ વારંવાર કહેવાની આવશ્યકતા નથી.

યુગધર્મ તથા જાતિધર્મ સાધ્ય થતાં વિશ્વમય કિંવા વિશ્વવ્યાપક સનાતન ધર્મનો કોઈ પણ પ્રકારની બાધા વિના અનુષ્ઠાન સહિત પ્રચાર થઈ જશે અને પૂર્વકાલથી–પ્રથમથી–જ વિધાતાએ જે નિર્દિષ્ટ કરેલું છે તથા જેના સંબંધમાં શાસ્ત્રમાં પણ ભવિષ્યવાણી

લખાયલી છે તેનો પણ કાર્યના સ્વરૂપમાં અનુભવ કિંવા સાક્ષાત્કાર થવા માંડશે. સમસ્ત વિશ્વ આર્યદેશમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મજ્ઞાની સમક્ષ જ્ઞાન તથા ધર્મની ભિક્ષા માગતું ઊભું રહેશે અને ભારત-ભૂમિને તીર્થક્ષેત્ર માનીને અવનત મસ્તકવડે ભારતવર્ષની સર્વશ્રેષ્ઠતા કિંવા પ્રધાનતાનો સ્વીકાર કરી લેશે. એ દિવસને શીઘ્ર એવી લાવવા-માટે જ અત્યારે ભારતવાસી જાગ્રત થયેલા છે અને આર્યભાવનું નવીન ઉત્થાન થયેલું છે, એના પુનઃસ્મરણની આવશ્યકતા છે ખરી કે!

---

૨ ગીતાનો ધર્મ

જેમણે શ્રીમદ્ ભગવદ્ગીતાનું મનનપૂર્વક વાંચન કરેલું છે તેમના મનમાં એક એવો પ્રશ્ન ઉદ્ભવી શકે તેમ છે કે: "ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને જે યોગ શબ્દનો વારંવાર વ્યવહાર કરેલો છે અને જે યુક્તાવસ્થાનું વર્ણન કરેલું છે, તેનો કેટલાક સાધારણ મનુષ્યો જેને યોગ નામથી ઓળખે છે તે યોગ સાથે મેળ મળતો નથી, એનું શું કારણ હશે વારુ?" શ્રી કૃષ્ણે સ્થળે સ્થળે સંન્યાસની પ્રશંસા કરેલી છે તેમ જ અનિર્દેશ્ય કિંવા અનિર્વચનીય પરબ્રહ્મની ઉપાસ-નાથી પરમ ગતિ થાય છે એવો નિર્દેશ પણ કરેલો છે; કિન્તુ એ સર્વ વિષયોનું સંક્ષેપમાં જ નિરૂપણ કરીને ગીતાના એક ભાગમાં ત્યાગનું મહત્ત્વ તથા વાસુદેવમાં શ્રદ્ધા રાખવાથી તેમ જ આત્મસમ-ર્પણથી થતી પરમાત્માની પ્રાપ્તિ એ વિષયો વિવિધ ઉપાયોવડે અર્જુનને વિસ્તારપૂર્વક સમજાવ્યા છે. છઠ્ઠા અધ્યાયમાં 'રાજયોગ'નું કિંચિદ્ વર્ણન આવેલું છે, તથાપિ એટલાથી ગીતાને 'રાજયોગ' બોધક અથવા 'હઠયોગ' પ્રતિપાદક ગ્રંથ તરીકે ઓળખી શકાય તેમ નથી. સમતા, અનાસક્તિ, કર્મફળનો ત્યાગ, શ્રી કૃષ્ણમાં સંપૂર્ણ આત્મસમર્પણ, નિષ્કામ કર્મ, ગુણાતીત તથા સ્થિતપ્રજ્ઞ એ જ

ગીતાનાં મૂળ તત્ત્વો છે; અને એ શિક્ષાને જ ભગવાને પરમ જ્ઞાન તથા ગૂઢતમ રહસ્ય તરીકે ઓળખાવીને તેનું અન્ત પર્યન્ત કીર્તન કરેલું છે. અમારો એવો દૃઢ વિશ્વાસ છે કે વિશ્વના ભાવિધર્મનું એ ગીતા જ સર્વલોકમાન્ય શાસ્ત્ર થઈ પડશે; પરન્તુ ગીતાનો સત્ય અર્થ સર્વ જનોના સમજવામાં આવી શકતો નથી; કારણ કે, મોટા મોટા પંડિતો અને એકમેવાદી તથા તીક્ષ્ણબુદ્ધિ લેખકો પણ જ્યારે ગીતાના ગૂઢ અર્થને સમજી શકતા નથી, તો પછી સાધારણ બુદ્ધિના મનુષ્યો તો ગીતાના ગૂઢ અર્થને કેમ કરીને સમજી શકે વારુ? એક બાજૂ મોક્ષપરાયણ વ્યાખ્યાતાઓએ ગીતામાં કેવળ અદ્વૈતવાદ તથા સંન્યાસધર્મની પ્રતિષ્ઠાનું નિરીક્ષણ કરેલું છે તો બીજી બાજૂએ આંગ્લવિદ્યાવિભૂષિત અને આંગ્લદર્શનસિદ્ધ સ્વર્ગીય બાબૂ બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે ગીતામાં કેવળ વીરભાવથી કર્તવ્યપાલનનો ઉપદેશ અપાયલો છે એમ જાણીને તરુણોના હૃદયમાં એ અર્થને જ ઠસાવવાની ચેષ્ટા કરેલી છે. સંન્યાસધર્મ જો કે ઉત્કૃષ્ટ ધર્મ છે એમાં તો કોઇ પણ પ્રકારનો સંદેહ છે જ નહિ; પરન્તુ એ સંન્યાસધર્મનું બહુ જ અલ્પસંખ્ય લોકો યથાર્થ પાલન કરી શકે છે, એ કદાપિ કોઇએ ભૂલી જવાનું નથી. અર્થાત્ સર્વલોકમાન્ય ધર્મમાં એવા આદર્શ તથા એવી તત્ત્વશિક્ષાના અસ્તિત્વની આવશ્યકતા હોય છે કે જેનો સાધારણ મનુષ્યોથી પોતપોતાના જીવનમાં તથા પોતપોતાના કર્મક્ષેત્રમાં સાક્ષાત્કાર કિંવા અનુભવ કરી શકાય એટલે કે જે આદર્શને વ્યવહારમાં યોજવાથી જે પરમગતિ થોડાક મનુષ્યોવડે જ મેળવી શકાય છે તે પરમ ગતિ અલ્પ પરિશ્રમવડે સર્વ જનોને મળી શકે છે. વીરભાવથી કર્તવ્યનું પાલન કરવું એ જો કે ઉત્કૃષ્ટ ધર્મ જણાય છે; પરંતુ એમાંથી એક એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે મનુષ્યનું કર્તવ્ય શું છે? અને એ પ્રશ્ન કિંવા જટિલ સમસ્યાથી જ ધર્મ તથા નીતિનો આટલો બધો ગોટાળો થઇ ગયેલો છે, ભગવાને એક સ્થળે કહ્યું છે કે: "गहना कर्मणो गतिः"

('કર્મોની ગતિ ગહન છે:') એટલે કે, "કર્તવ્ય શું છે. અકર્તવ્ય શું છે? તેમ જ કર્મ શું છે, અકર્મ શું છે અને વિકર્મ શું છે, એનો નિર્ણય કરતાં જ્ઞાની જનોની બુદ્ધિ પણ કુંઠિત થઈ જાય છે; પરંતુ હું તને એવા પ્રકારનું જ્ઞાન આપીશ કે જેથી પોતાના ગન્તવ્ય માર્ગનો નિશ્ચય કરી લેવામાટે તારે વધારે વિચાર નહિ કરવો પડે; એટલે કે, હું કર્મજીવનના લક્ષ્ય તથા સર્વદા અનુષ્ઠાન કરવા યોગ્ય-નિયમનું એક સાથે જ તને વિસ્તૃત વ્યાખ્યાન કરી સંભળાવીશ." ત્યારે હવે એ જ્ઞાન કયું છે અને એ ખાસ કથાની એક કથા આપણને ક્યાં મળી શકે તેમ છે? અમારો દૃઢ વિશ્વાસ છે કે ગીતાના અંતિમ અધ્યાયમાં જે સ્થળે ભગવાન પોતાના સર્વથી ગુહ્યતમ પરમ વચનનો અર્જુન સમક્ષ પ્રકાશ કરવાને તત્પર થયા હતા, તે સ્થાનમાં અન્વેષણ કિંવા શોધ કરતાં એ દુર્લભ તથા અમૂલ્ય વસ્તુ આપણને મળી શકે તેમ છે. ત્યારે તે સર્વથી ગુહ્યતમ તથા પરમ કથા કઈ છે વારુ? તે સર્વથી ગુહ્યતમ તથા પરમ કથા આ છે:—

"मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः" ॥६६॥

એ ઉભય શ્લોકોનો અર્થ એક જ સમાસાન્ત શબ્દમાં આવી જાય છે અને તે સમાસાન્ત શબ્દ 'આત્મસમર્પણ' છે. જે પુરુષ જેટલા પરિમાણમાં શ્રી કૃષ્ણના ચરણોમાં આત્મસમર્પણ કરી શકે છે તે પુરુષના શરીરમાં તેટલા પરિમાણમાં ભગવાન-ભગવાનની દૈવી-શક્તિ અવતીર્ણ થઈને તેને પરમ મંગલમય પરમાત્માનું ... પાપથી મુક્ત કરીને ... મુક્તિ કિંવા અર્પણ

કરી દે છે. ઉપર્યુક્ત પ્રથમ શ્લોકના અર્ધ ભાગમાં એ આત્મસમર્પણનું વર્ણન કરાયલું છે અને તદનુસાર તે દુર્લભ તથા પરમપદની પ્રાપ્તિમાટે **તન્મના**, **તદ્દભક્ત** તથા **તદ્યાજી** થવાની આવશ્યકતા છે, એ સ્પષ્ટ છે. સર્વ પ્રાણીઓમાં તે–પરમાત્મા–નું દર્શન કરવું તેમ જ સર્વ કાર્યો તથા સર્વ ઘટનાઓમાં તેની શક્તિને જ્ઞાન તથા પ્રેમની લીલા તરીકે ઓળખીને પરમાનન્દમાં લીન રહેવું, એ **તન્મના** થવું કહેવાય છે; પરમાત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા તથા પ્રીતિ સ્થાપીને સદા-સર્વદા તેની સાથે યુક્ત રહેવું એ **તદ્દભક્ત**–તેના ભક્ત–થવાનાં લક્ષણો મનાય છે અને ક્ષુદ્ર તથા મહત્ સર્વ કર્મો શ્રી કૃષ્ણના ઉદ્દેશથી યજ્ઞરૂપે સમર્પી દેવાં તેમ જ સ્વાર્થ તથા કર્મફળની આસક્તિનો ત્યાગ કરી શ્રી કૃષ્ણના ઉદ્દેશથી જ કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત થવું એ **તદ્યાજી** થવું કહ્યાય છે. અર્થાત્ સંપૂર્ણ ભાવથી આત્મસમર્પણ કરી દેવું એ જો કે મનુષ્યમાટે એક અત્યન્ત કઠિન કાર્ય છે; તથાપિ મનુષ્ય જો આત્મસમર્પણની અલ્પ માત્ર પણ ચેષ્ટા કરે, તો ભગવાન્ પોતે તેને અભયદાન આપીને તેનો ગુરુ, રક્ષક તથા સુહૃદ્ થઇને તેને યોગના માર્ગમાં અગ્રેસર કરી દે છે. ગીતામાં ભગવાને કહેલું છે કેઃ "**સ્વલ્પ મપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્**" એટલે કે, "ધર્મનું સ્વલ્પ આચરણ પણ મહાભયથી ઉગારીને સુખ આપનાર થઇ પડે છે;" અને વાસ્તવિક એમ જ છે. અર્થાત્ જો ધર્મના સ્વલ્પ આચરણમાં જ મહાભયને ટાળી દેવાની આટલી શક્તિ રહેલી છેઃ તો પછી ધર્મના સંપૂર્ણ આચરણથી અનિર્વચનીય આનન્દ, શુદ્ધિ તથા શક્તિરૂપ ફળની પ્રાપ્તિ થાય એ સર્વથા સ્વાભાવિક જ છે. "**મામેવૈષ્યસિ**" એટલે કેઃ 'તું મને પ્રાપ્ત થઇશ !' ('હું મારી સાથે નિવાસ કરીશ અને મારી પ્રકૃતિને પામીશ !' આ વચનમાં સાદૃશ્ય, સાલોક્ય તથા સાયુજ્ય ફલપ્રાપ્તિ વ્યક્ત થયેલી છે. જેઓ ગુણાતીત થયેલા હોય છે તેઓ જ ભગવાનના સાદૃશ્યને પ્રાપ્ત કરી શકે છે; અર્થાત્ તેમનામાં કોઇ પણ પ્રકારની

આસક્તિનો વિનાશ હોતો નથી. તેઓ કર્મ કરે છે, પાપમુક્ત થઈને મહાશક્તિના આધાર થાય છે અને તે શક્તિનાં સર્વ કાર્યોમાં આનંદનો ઉપભોગ કરતા રહે છે. સાલોક્ય પણ કેવળ દેહનો પાત થતા પછી પ્રાપ્ત થનારી બ્રહ્મલોકની ગતિ નથી; કારણ કે, આ શરીરમાં પણ સાલોક્યની પ્રાપ્તિ થઈ શકે છે. દેહયુક્ત જીવ જ્યારે પોતાના અંતરમાં પરમેશ્વરની સાથે ક્રીડા કરે છે, મન જ્યારે પરમેશ્વરના આપેલા જ્ઞાનવડે પુલકિત થાય છે, હૃદય પરમેશ્વરના પ્રેમના સ્પર્શથી આનંદમય થઈ જાય છે, બુદ્ધિ વારંવાર પરમેશ્વરની વાણીને સાંભળે છે અને પ્રત્યેક ચિન્તા કિંવા વિચારણામાં પરમેશ્વરની પ્રેરણા જ દેખાયા કરે છે, ત્યારે માનવશરીરમાં જ ભગવાન્ સાથેના સાલોક્યને પ્રાપ્ત કરી શકાય છે. સાયુજ્ય પણ આ શરીરમાં જ અથવા આ અવતારમાં જ મેળવી શકાય છે; કારણ કે, ગીતામાં ભગવાન્માં થતા માનવના નિવાસની કથા નિરૂપાયલી છે; એટલે કે જ્યારે દેહયુક્ત જીવનો એવો જ સ્થાયી નિશ્ચય થઈ જાય છે કે સર્વ જીવોમાં કેવળ પરમાત્માનો જ નિવાસ છે અને એવા સ્થાયી નિશ્ચયથી તેની સર્વ ઇન્દ્રિયો કેવળ પરમેશ્વરને જ જુએ છે; પરમેશ્વરનું શ્રવણ કરે છે; પરમેશ્વરનો જ ગંધ લે છે, પરમેશ્વરના સ્વાદનો જ ઉપભોગ કરે છે અને સ્પર્શ પણ પરમેશ્વરને જ કરે છે; અર્થાત્ જીવ સદાસર્વદા પરમેશ્વરમાં જ લીન રહેવાના અને અંશભાવથી પરમેશ્વરમાં જ સ્થિર થવાના કાર્યમાં અભ્યસ્ત થઈ જાય છે, તે વેળાએ આ શરીરમાં જ તેને સાયુજ્યની પ્રાપ્તિ થાય છે, એ નવેસરથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ. એ પરમ ગતિ સંપૂર્ણ અનુશીલન કિંવા સતત અભ્યાસનું જ ફળ છે. અહીં એક વિશેષતાથી લક્ષમાં રાખવા યોગ્ય અન્ય કથા એ છે કે એ ધર્મના આચ- આચરણથી પણ મળતી શક્તિ, વિમળ આનંદ, પૂર્ણ સુખ તથા [illegible] થાય છે. આ ધર્મ અમુક વિશિષ્ટ ગુણસંપન્ન [illegible] જ ઉત્પન્ન થયેલા નથી, કારણ કે, શ્રી કૃષ્ણ ભગવાને

પોતે જ ગીતામાં કહેલું છે કે: 'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, એ તેમ જ પાપયોનિને પ્રાપ્ત થયેલા સર્વ જીવો પણ મારું શરણ લઈને પરમ ગતિને પ્રાપ્ત કરી શકે છે.' એટલે કે, પ્રત્યેક વ્યક્તિ પરમાત્માના શરણને સ્વીકારી તેનાથી અલગ હતાં જ [illegible] થઈ જાય છે અને તેટલામાટે એ ધર્મ સર્વ જનોમાટે આચરણીય છે. જગન્નાથના મંદિરમાં જાતિભેદનો વિચાર કરવાનો જ નથી [illegible] જ રીતે આ પરમ ગતિ પણ કોઈ એક વિશિષ્ટ વ્યક્તિને જ [illegible] બનારી ન હોવાથી કોઈ પણ ધર્મમાં કથાયેલી પરમ [illegible] આ પરમ ગતિ ન્યૂન તો નથી જ; પરંતુ કિંચિત્ અધિક જ છે એમ કહેવામાં અમને કોઈ પણ પ્રકારનો સંકોચ નથી થતો.

---

૩ સંન્યાસ અને ત્યાગ

'ગીતાનો ધર્મ' શીર્ષક પ્રબંધમાં એ તો કહેવાયલું જ છે કે, 'ગીતામાં ઉપદેશાયલો ધર્મ સર્વ જનોમાટે આચરણીય [illegible] યોગ્ય—છે; ગીતામાં ઉપદેશાયલા યોગનો સર્વને અધિકાર છે [illegible] તામાં ઉપદેશાયલા ધર્મની પરમાવસ્થા અન્ય કોઈ પણ [illegible] પરમાવસ્થા કરતાં ન્યૂન કિંવા ઉતરતા પ્રકારની તો [illegible] તે સાથે એ પણ સ્મરણમાં રાખવાનું છે કે ગીતા[illegible] ધર્મ સર્વથા નિષ્કામકર્મીય ધર્મ છે. આપણા દેશમાં [illegible] ધર્મના પુનરુત્થાન સાથે એક સંન્યાસઅભિમુખ [illegible] પ્રવાહ સમસ્ત દેશમાં વ્યાપતો જાય છે અને તેટલા [illegible] ચિત્ત રાજયોગ આદિ યોગસાધનામાં પરો[illegible] યોગ આદિ યોગને સાધવાના કાર્યમાં [illegible] ગૃહકર્મ તથા ગૃહનિવાસથી અસન્તુષ્ટ [illegible]

એ છે કે યોગના [illegible]

પરિશ્રમપૂર્ણ પ્રયત્ન [illegible]

રહીને ભાગ્યે જ કરી શકાય છે; કારણ કે, મનના અલ્પ સ્વલ્પ ક્ષોભથી કિંવા કોઇ પણ પ્રકારના બાહ્ય સ્પર્શથી ધ્યાન તથા ધારણા આદિની સ્થિરતાનો ભંગ થાય છે કિંવા સંપૂર્ણ વિનાશ પણ થઇ જાય છે અને ગૃહમાં એવી બાધાઓ વિપુલ પરિમાણમાં વર્તમાન હોય છે, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા છે જ નહિ. એટલામાટે જેઓ પૂર્વ જન્મમાં પ્રાપ્ત થયેલી યોગને સાધવાની ઇચ્છા સાથે જ જન્મને ધારણ કરે છે તે યોગેચ્છુ પુરુષોનાં ચિત્તો જો તરુણ વયમાં જ સંન્યાસની દિશા પ્રતિ આકર્ષાય, તો તે સર્વથા સ્વાભાવિક જ છે. જો વેગાયે એવા જન્મગત યોગેચ્છુ પુરુષોની સંખ્યા અધિક થઇને સમસ્ત દેશમાં એ શક્તિની સંક્રાન્તિના યોગે પુત્રોના સંપ્રદાયમાં સંન્યાસમુખી પ્રવાહ કિંવા સ્રોત અતિશય પ્રબળ થઇ જાય છે, તે વેગાયે દેશના કલ્યાણ-માર્ગનો દ્વાર પણ ઉઘડી જાય છે; પરંતુ તે કલ્યાણ સાથે જે વિપત્તિઓ વણાયલી હોય છે તે વિપત્તિઓની આશંકા પણ અવશ્ય થાય છે, એ પણ અવશ્ય સ્મરણમાં રાખી લેવાનું છે. એ તો કહેવાપણું જ છે કે, સંન્યાસધર્મ તે એક અત્યન્ત ઉત્કૃષ્ટ ધર્મ છે; પરંતુ એ ધર્મને સ્વીકારી શકે તેવા અધિકારી પુરુષો સ્વલ્પ સંખ્યામાં જ મળી શકે છે અને તેથી જેઓ અધિકાર અથવા યોગ્યતા વિના એ સંન્યાસના માર્ગમાં પ્રવેશ કરે છે તેઓ અમુક અન્તર પર્યન્ત ચાલીને અર્ધમાર્ગમાં તામસ અપ્રવૃત્તિજનક આનન્દને આધીન થઇ સર્વથા નિવૃત્ત થઇ જાય છે. અર્થાત્ અપ્રવૃત્તિ અથવા કર્મહીનતાને જ તેઓ આનન્દ માની લે છે અને એવી અવસ્થામાં વીતતું પોતાનું જીવન તેમને સુખમય ભાસે છે; પરન્તુ વાસ્તવિકતાથી વિચાર કરીને જોવામાં આવે, તો એમ જ જણાય છે કે એવી અવસ્થામાં પોતાના જીવનને વીતાડવાથી તેઓ વિશ્વના કલ્યાણને પણ સિદ્ધ કરી શકતા નથી અને યોગના ઉર્ધ્વતમ સોપાનપર આરોહણ કરવાનું કાર્ય પણ તેમનામાટે સર્વથા દુ:સાધ્ય થઇ પડે છે. આપણી પણ અત્યારે એવી જ વેળા અને એવી જ અવસ્થા આવી લાગી છે અને તેટલામાટે રજ તથા સત્ત્વ એટલે કે

પ્રવૃત્તિ તથા જ્ઞાનને જાગ્રત કરી તમોગુણને સર્વથા ત્યાગી દઈને દેશ-ની સેવા તેમ જ વિશ્વની સેવાવડે જાતિની આધ્યાત્મિક શક્તિ તથા જાતિના નૈતિક બળને પુનઃ સજીવન કરવાં, એ અત્યારના સમયમાં આપણું પ્રધાન કર્તવ્ય છે. આ જીર્ણ તથા શીર્ણ થયેલી, તમોગુણ કિંવા કર્તવ્યહીનતાના આઘાતથી ઘવાયલી અને સ્વાર્થસિદ્ધિની સીમા-પર્યન્ત આવીને અટકી ગયેલી આપણી જાતિ કિંવા આપણા રાષ્ટ્રનાં ઔરસો-શુદ્ધ સંતાનો-વડે જ્ઞાનશીલ, સશક્ત તથા ઉદાર ... જાતિની પુનઃ નવીનતાથી ઉત્પત્તિ કરવાની અત્યંત આ...] એ ઉદ્દેશની સિદ્ધિમાટે જ બંગ દેશમાં અનેક ... બળશાળી જીવોનો જન્મ થવા માંડયો છે. અર્થાત્ ... પન તથા યોગબળશાળી જીવો સંન્યાસની મોહિની ... પોઈને પોતાના ધર્મને ત્યાગી દેશે અને ઇશ્વરદત્ત ક્રમ ... અસ્વીકાર કરશે, તો તેથી ધર્મનો નાશ થતાં જાતિ ... સર્વથા ધ્વંસ કિંવા વિનાશ થઇ જશે, એમાં શંકા ... નહિ. સારાંશ કે, અત્યારના તરુણોનો સમુદાય ... એમ જાણી લેશે કે, 'બ્રહ્મચર્યાશ્રમ શિક્ષા-વિ... સંગઠન માટે નિર્માયલો છે એટલામાટે બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમ હોવાથી ગૃહસ્થાશ્રમને સ્વીકારવાની પણ અ... શ્યકતાં છે; કારણ કે, ગૃહસ્થાશ્રમના સ્વીકારથી કુળની રક્ષા આર્યજાતિના સંગઠનને સાધી શકાય તેમ હોવાથી કુળરક્ષા ... આર્યજાતિના સંગ... ...ની અનાયાસ શકાશે, સત્કર્મ તથા ... ઋણથી શકાશે અને જ્ઞાન, દયા, પ્રેમ ... વિશ્વના સર્વથા મુક્ત થઇ શકાશે.' અર્થા... કલ્યાણમાટે કરાવશો ઉદાર તથા ... ત્યારે જ વાનપ્રસ્થ તથા સંન્યાસનું ... નિરાંતે કરી શકશે. એથી વિપરીત આ...

જ અધર્મની વૃદ્ધિ થવાનો સંભવ છે, એ બુદ્ધિમાનોને વારંવાર દર્શાવવાની આવશ્યકતા છે ખરી કે? પ્રત્યેક નિયમનો જેમ એક અપવાદ હોય છે તેમ પૂર્વજન્મમાં જ ગુણમુક્ત થઈ ગયેલો કોઈ પુરુષ જો ત્યારે સંન્યાસને સ્વીકારી લે, તો તે બાલસંન્યાસીની કથા અપવાદરૂપ છે અને તેથી નિયમ તો એજ છે કે જો કોઈ અનધિકારી પુરુષ એટલે કે જેણે ગૃહસ્થાશ્રમી તરીકેના પોતાના કર્તવ્યની પૂર્તિ કરેલી નથી તેવો પુરુષ સંન્યાસને સ્વીકારી લે, તો તેનું એ કાર્ય અત્યંત નિંદ્ય ગણાય છે. અયોગ્ય વૈરાગ્યના બાહુલ્ય કિંવા અતિરેક તથા ક્ષત્રિયોની સ્વધર્મત્યાગવિષયક ઉદારતાવડે મહાન તથા ઉદાર બૌદ્ધધર્મે દેશનાં અનેક પ્રકારનાં કલ્યાણ કરવા છતાં પણ દેશનું અકલ્યાણ જ કર્યું હતું અને તેથી જ અંતે બૌદ્ધ ધર્મને ભારતવર્ષમાંથી વિતાડિત થઈને સદાને માટે પ્રયાણ કરી જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. અર્થાત્ આ નવીન યુગના નવીન ધર્મમાં એ દોષનો સંચાર ન થાય, એની આપણે સંપૂર્ણ સંભાળ રાખવાની છે.

ગીતામાં શ્રી કૃષ્ણે વારવાર અર્જુનને સંન્યાસ આચરવાની ના પાડેલી છે, તે શા કારણથી વારુ? શ્રી કૃષ્ણે સંન્યાસધર્મના ગુણોને સ્વીકારેલા છે; તથાપિ વૈરાગ્ય તથા કૃપાને વશ થયેલા અર્જુને વારંવાર જિજ્ઞાસા દર્શાવવા છતાં પણ શ્રી કૃષ્ણે કર્મમાર્ગના આદેશને પાછો ખેંચી લીધો નથી. અર્જુને એવી જિજ્ઞાસા કરી હતી કે: "જો કામના રહિત ને યોગયુક્ત બુદ્ધિ કર્મ કરતાં શ્રેષ્ઠ હોય, તો, હે શ્રી કૃષ્ણ, આપ મને [illegible] આવા ભીષણ કર્મમાં શામાટે કરો છો વારુ?" અર્જુનના આ પ્રશ્નનું અનેક જનોએ પુનરુચ્ચારણ કર્યું છે અને એક મહાપુરુષે(?) તો શ્રી કૃષ્ણને નિરુત્તર [illegible] આ પ્રશ્નનો [illegible] નહિ [illegible] કોઈ પણ પ્ર[illegible] [illegible], [illegible] છે. અસ્તુ: અર્જુનના [illegible] પ્રશ્નના ઉત્તરમાં શ્રી કૃષ્ણે અર્જુનને જણાવ્યું હતું કે:

પૂર્ણ ગ્રહણ સત્ત્વ-રજોગુણ-ને ત્યાગીને ભગવાન્ સાથે મળી જવું, ગુણોથી અતીત થવું અને ભગવાનની શક્તિવડે ચાલના યંત્ર પ્રમાણે કર્મ કરવાં, એટલો જ એનો ભાવાર્થ સમજવાનો છે. એ અવસ્થામાં જીવને એવું સ્થાયિ જ્ઞાન થઈ જાય છે કે: 'હું કર્તા નથી, હું દાસ છું, હું ભગવાનનો અંશ છું અને મારા સ્વભાવથી રચાયેલા આ દેહરૂપ કર્મમય આધારથી ભગવાનની શક્તિ જ લીલારૂપ કાર્યો કરી રહી છે. જીવ સાક્ષી તથા ભોક્તા છે; પ્રકૃતિ કર્ત્રી-કર્તા-છે અને પરમેશ્વર અનુમન્તા કિંવા આજ્ઞાકારક છે.' આવા જ્ઞાનને પ્રાપ્ત થયેલો પુરુષ શક્તિના કોઈ પણ કાર્યના આરંભમાં કામનારૂપ સાહાય્ય કિંવા બાધા નાખવાની ઇચ્છા રાખતો જ નથી; કિન્તુ તે શક્તિને આધીન થઈને દેહ, મન તથા બુદ્ધિવડે ઈશ્વરાદિષ્ટ કર્મમાં પ્રવૃત્ત થતો રહે છે. અર્થાત્ કુરુક્ષેત્રના ભીષણ હત્યાકાણ્ડમાટે પણ જો ભગવાનની આજ્ઞા તથા અનુમતિ હોય, તેમ જ ધર્મના માર્ગમાં જો એવો જ પ્રસંગ આવી પડ્યો હોય, તો એ હત્યાકાણ્ડથી પણ અલિપ્તબુદ્ધિ, કામનારહિત તથા જ્ઞાનને પ્રાપ્ત થયેલા જીવને પાપનો લેશ માત્ર પણ સ્પર્શ નથી થતો. આ જ્ઞાન તથા આદર્શ બહુ થોડા મનુષ્યોને પ્રાપ્ત થઈ શકે તેવાં હોવાથી લોકોના સાધારણ ધર્મરૂપ થઈ શકે તેમ નથી અને તેથી સ્વાભાવિક જ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, 'ત્યારે એ માર્ગના સાધારણ પ્રવાસીનું કર્તવ્ય કર્મ શું છે વારુ? એટલે કે ભગવાન્ યંત્રચાલક છે અને આપણે યંત્ર છીએ, એ જ્ઞાન સાધારણ જનોને કેટલાક પરિમાણમાં પ્રાપ્ત થઈ શકે તેમ છે?' તો એનો ઉત્તર એ જ છે કે, એ જ્ઞાનના બળથી ભગવાનનું સ્મરણ કરીને પોતાના ધર્મની સેવામાં નિમગ્ન રહેવું, એ જ તેમના માટે ઈશ્વરની આજ્ઞા છે ને તે આ પ્રમાણે:—

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं [illegible]

+ 'જો પોતાનો ધ[illegible]

વામાં સુલભ હોય, તો પણ તે ઉત્તમ અનુષ્ઠાનવાળા પરધર્મ કરતાં ઉત્તમ

સ્વધર્મ સ્વભાવનિયત કર્મ છે. કાળની ગતિથી સ્વભાવનો પ્રકાશ તથા પરિણામ થયાં કરે છે. કાળની ગતિથી મનુષ્યનો જે સાધારણ સ્વભાવ બંધાય છે તે સ્વભાવનિયત યુગધર્મ છે. જાતિની કર્મગતિથી જાતિનો જે સ્વભાવ બંધાઈ જાય છે તે જ સ્વભાવનિયત કર્મ જાતિનો ધર્મ છે. વ્યક્તિની કર્મગતિથી જે સ્વભાવ બંધાય છે તે સ્વભાવનિયત કર્મ વ્યક્તિનો ધર્મ છે. એ નાનાવિધ ધર્મો સનાતન ધર્મના સર્વસાધારણ આદર્શદ્વારા પરસ્પર સંયુક્ત થાય છે કિંવા એક જ શૃંખલામાં બંધાઈ કે જોડાઈ જાય છે. સાધારણ ધાર્મિક મનુષ્યમાટે એ ધર્મ જ સ્વધર્મ મનાય છે. અર્થાત્ બ્રહ્મચારી અવસ્થામાં એ ધર્મની સેવામાટે જ્ઞાન તથા શક્તિનો સંચય થાય છે; ગૃહસ્થાશ્રમમાં એ ધર્મનું અનુષ્ઠાન થાય છે અને એ ધર્મના સંપૂર્ણ અનુષ્ઠાનના યોગે જ વાનપ્રસ્થ કિંવા સંન્યાસના અધિકારને પ્રાપ્ત કરી શકાય છે. ધર્મની જો કોઈ પણ સનાતન ગતિ હોય તો તે એ જ છે.

૪ માયા

આપણા પુરાતન દાર્શનિકો જે વેળાયે જગત્ અથવા સૃષ્ટિનાં [illegible] તત્ત્વોનાં અનુસંધાનમાં એટલે કે વિશ્વનાં મૂળતત્ત્વોને શોધી [illegible]વાના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા, તે વેળાયે તેમને આ સર્વ પ્રપં[illegible] [illegible] મૂળમાં એક અનશ્વર અને વ્યાપક વસ્તુનું અસ્તિત્વ દષ્ટિગોચર

[illegible]ન વિનાશે પોતાનો ધર્મ જ હેય છે; કારણ કે, જન્મથી જ જે કર્મ [illegible] ચરેલ છે તે કર્મને કરનાર પુરુષ પાપ કિંવા દોષને પાત્ર થતો [illegible] આ રીતની સ્વધર્મના હેતુનું દર્શન કરી શ્રીકૃષ્ણે વ્યાવહા- [illegible]પર થયેલ અર્જુનને શ્રી કૃષ્ણ ભગવાને પુનઃ સ્વધર્મનિષ્ઠ [illegible]ર્ય કરવાનું કહેલું છે.

અનુવાદક

થયું હતું અને આધુનિક પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો કિંવા તત્ત્વજ્ઞાનીઓ પણ દીર્ઘકાળ પર્યન્ત એ મૂળતત્ત્વોનું અનુસંધાન કર્યા પછી એવા દૃઢ નિશ્ચય થઈ ચૂક્યો છે કે આખા જગતમાં પણ એક જ અનન્ય અને સર્વવ્યાપક એકના કિંવા એકપણું અસ્તિત્વ રહેલું છે. અર્થાત્ તેમણે આકાશને જ આ સમસ્ત ભૌતિક પ્રપંચના મૂળ તરીકે સ્થિર કરેલું છે એટલે કે આકાશને જ તેમણે આ સમસ્ત ભૌતિક પ્રપંચના મૂળ તત્ત્વ તરીકે માની અથવા સ્વીકારી લીધું છે. ભારતવર્ષના દાર્શનિકો પણ કેટલાક હજાર વર્ષ પૂર્વે એ જ સિદ્ધાન્તમણી ઠેરાઈ ગયા હતા કે સર્વ ભૌતિક પ્રપંચોનું મૂળ આકાશ જ છે અને તેથી આકાશમાંથી જ અન્ય સર્વ ભૌતિક અવસ્થાઓ પ્રાકૃતિક પરિણામ-દ્વારા ઉદ્ભૂત કિંવા ઉત્પન્ન થાય છે. તેમની આવી માન્યતા હોવા છતાં પણ એ વાર્તાને અહીં સ્મરણમાં રાખી લેવાની આવશ્યકતા છે કે ભારતવર્ષના તે પુરાતન દાર્શનિકો એ જ સિદ્ધાન્તને અંતિમ કિંવા ચરમ સિદ્ધાન્ત માની સંતુષ્ટ થઈને બેસી રહ્યા નહોતા; કિન્તુ તેઓ યોગના બળથી સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરીને જાણી શક્યા હતા કે સ્થૂલ ભૌતિક પ્રપંચના પશ્ચાદ્ ભાગમાં એક સૂક્ષ્મ પ્રપંચ પણ રહેલો છે અને તે પ્રપંચનું મૂળ ભૌતિક સૂક્ષ્મ આકાશ છે. પરંતુ એ સૂક્ષ્મ આકાશને પણ ભારતવર્ષીય દાર્શનિકો અંતિમ વસ્તુ માનતા નહોતા; કારણ કે, તેઓ અંતિમ વસ્તુને 'પ્રધાન' નામથી ઓળખતા હતા. એ પ્રધાન વસ્તુના સંબંધમાં તેમની એવી માન્યતા હતી કે, પ્રકૃતિ કિંવા વિશ્વમયી ક્રિયાશક્તિ પોતાના સર્વવ્યાપક સ્પન્દનવડે એ પ્રધાન વસ્તુને ઉત્પન્ન કરે છે અને તે અણુઓદ્વારા સૂક્ષ્મભૂતનું સંગઠન થાય છે. પરંતુ એ પ્રકૃતિ કિંવા વિશ્વવ્યાપિની ક્રિયાશક્તિ પોતામાટે કંઈ પણ કરતી નથી એટલે કે જેની તે શક્તિ છે તેની જ તુષ્ટિમાટે આ સર્વ પ્રપંચોની ઉત્પત્તિ તથા નાનાવિધ ગતિનો વ્યાપાર ચાલ્યા કરે છે. અર્થાત્ આત્મા અથવા પુરુષ જ એ પ્રકૃતિની ક્રીડાનો અધ્યક્ષ કિંવા સાક્ષી છે; સારાંશ કે, પુરુષ તથા પ્રકૃતિ જેનાં

શ્રેય તથા ક્રિયા છે તે અનિર્વચનીય પરબ્રહ્મ જ જગત્ કિંવા વિશ્વ અનન્ય તથા અદ્વિતીય મૂળ તત્ત્વ છે. મુખ્ય મુખ્ય ઉપનિષદોમાં આર્ય ઋષિઓના તત્ત્વાનુસંધાનના પરિણામે જે સત્યોનો આવિષ્કાર થયેલ છે તે સત્યના કેન્દ્રસ્થાન એ અદ્વૈત કિંવા પૂર્ણપ્રકૃતિવાદની જે પ્રતિષ્ઠા થયેલી છે તે અદ્યાપિ અવિચળ છે અને અનેક તત્ત્વદર્શી પુરુષોએ એ જ સત્યોનો આધાર લઈને નાનાપ્રકારના તર્કવિતર્ક તથા વાદવિવાદરૂપે ભિન્નભિન્ન વિચારપ્રણાલીઓને ઉત્પન્ન કરેલી છે. એટલે કે, જેઓ અદ્વૈતવાદી છે તેઓ વેદાન્ત દર્શનના પ્રવર્તક છે. અને જેઓ પ્રકૃતિવાદી કિંવા પ્રકૃતિવાદના પક્ષપાતી છે તેમણે સાંખ્ય દર્શનનો પ્રચાર કરેલો છે. એથી ભિન્ન વળી કેટલાક કેવળ પરમાણુને જ ભૌતિક પ્રપંચના મૂળ તત્ત્વ તરીકે સ્વીકારીને એક સર્વથા સ્વતંત્ર માર્ગના પ્રવર્તક થયેલા છે. અર્થાત્ આવી રીતે નાનાવિધ માર્ગોનો આવિષ્કાર થતા પછી શ્રી કૃષ્ણે ગીતામાં એ સર્વ વિચારપ્રણાલીઓના સમન્વય તથા સામંજસ્યની સ્થાપના કરીને વ્યાસદેવના મુખથી ઉપનિષદોમાં વર્ણવાયેલાં સત્યોનો પુનઃ પ્રચાર કરેલો છે. પુરાણોના કર્તાઓએ પણ વ્યાસદેવના રચેલા પુરાણને આધાર તરીકે સ્વીકારીને તે જ સત્યોને નાનાવિધ વ્યાખ્યાઓ, ઉપન્યાસ વા કથાઓ તેમ જ રૂપક આદિના રૂપમાં સાધારણ મનુષ્યોના હૃદય સમક્ષ ઉ... તત્ત્વોના અનુસંધાનમાં એટલે કે પરંતુ સત્યનિરૂપણના આ સર્વ દવાના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા, તે વેળાયે તેમને નહિ અને તેથી ના મૂળમાં એક અનશ્વર અને વ્યાપક વસ્તુનું રૂપથી દર્શનશાસ્ત્રની

તર્કવિતર્કદ્વારા પ્રતિ-

અનુષ્ઠાન વિનાનો પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે; કારણ કે, સ્વભાવ જે આધુનિક નિયત થયેલાં છે તે કર્મોને કરનાર પુરુષ પાપ કિંવા તેનું જ ફળ છે. એ નથી.' આ શ્લોકથી સ્વધર્મમાં દોષનું દર્શન કરી ... માટે તૈયાર થયેલા અર્જુનને શ્રી કૃષ્ણ ભગવાને પુ... 'યુદ્ધ કરવાનું' દૃઢીકરણ કરાવેલું છે.

... દેશમાં એટલે કે

અને વેદાન્ત એ છ
ગણાય છે.

સમસ્ત ભારતવર્ષમાં વેદાન્તના પ્રચારની અપૂર્વ તથા સ્થાયી વ્યવસ્થા કરીને સાધારણ લોકોનાં હૃદયોમાં વેદાન્તના આધિપત્યરૂપ મૂળને એટલાં તો ઊંડાં ઉતારી દીધાં છે કે શંકરાચાર્ય પછી સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક અને મીમાંસા એ પાંચ દર્શનો જો કે અલ્પસંખ્યક વિદ્વાનોના સમુદાયમાં અદ્યાપિ પોતાની કાંઇક પ્રતિષ્ઠાને જાળવી રહ્યાં છે; તથાપિ તેમના આધિપત્ય તથા પ્રભાવને બહુધા લોકાન્તર્ગત કિંવા વિચારદૃષ્ટિમાંથી તો સર્વથા લોપ જ થઈ ગયો છે. સર્વજનમાન્ય વેદાન્ત દર્શન મધ્યે મતભેદ થતાં તેની મુખ્ય શાખાઓ તથા અનેક ગૌણ શાખાઓની સ્થાપના થયેલી છે. જ્ઞાનપ્રધાન અદ્વૈતવાદ અને ભક્તિપ્રધાન વિશિષ્ટાદ્વૈતવાદ તથા દ્વૈતવાદનો પરસ્પર વિરોધ અત્યારે પણ હિન્દુધર્મમાં વર્તમાન છે. જ્ઞાનમાર્ગીઓ ભક્તના ઉદ્દામ પ્રેમ તથા ભાવપ્રવણતાને ઉન્માદના લક્ષણ તરીકે ઓળખાવીને હાસ્યમાં જ ઉડાવી દે છે અને ભક્તજનો જ્ઞાનમાર્ગીઓની તત્ત્વજ્ઞાનવિષયક સ્પૃહા કિંવા આકાંક્ષાને સર્વથા શુષ્ક તર્ક તરીકે વ્યક્ત કરીને તેની સંપૂર્ણ ઉપેક્ષા કરતા દૃષ્ટિગોચર થાય છે. પરંતુ જો તેમની એ કૃતિનો શાંતિથી વિચાર કરવામાં આવે, તો તે ઉભયની એ માન્યતા ભ્રાન્તિમૂલક તથા સંકીર્ણ છે, એમ જ આપણા જોવામાં આવી શકે છે; કારણ કે, જેમાં ભક્તિનો નિવાસ ન હોય તેવા તત્ત્વજ્ઞાનવડે અહંકારની વૃદ્ધિ થવાનો સંભવ હોય છે અને એ અહંકાર મુક્તિ અથવા મોક્ષના માર્ગને અવરુદ્ધ અથવા બંધ કરી નાખે છે; તેમજ જેમાં જ્ઞાનનો નિવાસ ન હોય તેવી ભક્તિ સર્વથા અંધવિશ્વાસ કિંવા અંધશ્રદ્ધા અને ભ્રમસંકૂલ તામસિકતાને ઉત્પન્ન કરનારી થઈ પડે છે. સારાંશ કે, ઉપનિષદોના દર્શાવેલા સત્યમાર્ગમાં જ્ઞાન, ભક્તિ તથા કર્મ એ ત્રણેનાં સામંજસ્ય તથા પરસ્પર સહાયકતા સંપૂર્ણ રૂપથી રક્ષાયલાં છે અને તેથી ઉપનિષદોએ દર્શાવેલો માર્ગ જ ઈશ્વરપ્રાપ્તિનો સર્વથી શ્રેષ્ઠ માર્ગ છે.

જો વિશ્વમાં સર્વવ્યાપક તથા સર્વલોકમાન્ય સનાતન આર્ય

ધર્મને પ્રચારવાની આપણી ઇચ્છા હોય, તો પ્રથમ આપણા સનાતન આર્ય ધર્મને સનાતન આર્ય જ્ઞાનના આધારપર સુસ્થાપિત કરવાની આવશ્યકતા છે, એ નવીનતાથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ; કારણ કે, દર્શનશાસ્ત્ર ચિરકાલ એકપક્ષપ્રકાશક તથા અસંપૂર્ણ હોવાથી જો સમસ્ત જગતને એક જ સંકીર્ણ મતના અનુયાયી તર્કદ્વારા સીમાબદ્ધ કરવા જઇએ, તો તેથી સત્યની એક દિશાનું વિશદ રૂપથી નિરૂપણ કરી શકાય છે; પરંતુ તેથી સત્યની અન્ય દિશા અથવા બીજી બાજૂ તો સર્વથા અજ્ઞાત અથવા ઢંકાયલી જ રહી જાય છે. અદ્વૈતવાદીઓનો માયાવાદ એવા પ્રકારના અપલાપના દૃષ્ટાન્ત રૂપ છે, એટલે કે, બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે, એ જ માયાવાદનો મૂલમંત્ર છે. અર્થાત્ એ મંત્ર જે જાતિની વિચારપ્રણાલીના મૂલમંત્ર તરીકે પ્રતિષ્ઠિત થાય છે, તે જાતિમાં જ્ઞાનલિપ્સા, વૈરાગ્ય તથા સંન્યાસ વિષયક પ્રિયતાની વૃદ્ધિ થતી જાય છે અને તેથી રજઃશક્તિનો લોપ થતાં સત્ત્વ ગુણ તથા તમોગુણની પ્રબળતા થતી અનુભવાય છે. આનું પરિણામ એ થાય છે કે એક બાજૂ જ્ઞાનમંડિત સંન્યાસીઓ, આ સંસારમાંની જેમની સર્વ તૃષ્ણાઓનો લોપ થયેલો છે તેવા પ્રેમિક ભક્તો તથા શાન્તિને ઇચ્છનારા વૈરાગીઓની સંખ્યા વધતી જાય છે અને બીજી બાજૂ તામસિક, અજ્ઞ, અપ્રતિયુગ્મ તથા અકર્મણ્ય કિંવા કર્મહીન સાધારણ પ્રજાની દુર્દશા સંઘટિત થતી જાય છે. ભારતવર્ષમાં પણ માયાવાદના પ્રચારથી એ જ પરિણામ થયેલું છે. હવે, જો જગત્ સર્વથા મિથ્યા જ હોય, તો તો કેવળ જ્ઞાનની તૃષ્ણા વિના અન્ય સર્વ ચેષ્ટાઓને સર્વથા નિરર્થક તથા અનિષ્ટોત્પાદક જ માનવી જોઇએ; પરન્તુ મનુષ્યના જીવનમાં જ્ઞાનતૃષ્ણા ઉપરાંત બીજી પણ એવી અનેક પ્રબળ તથા ઉપયુક્ત વૃત્તિઓ [illegible] થાય છે કે જે સર્વ વૃત્તિઓનો ઉચ્છેદ કરવાથી કોઈ પણ જાતિ એક ક્ષણમાત્રને માટે પણ પોતાના અસ્તિત્વને ભાગ્યે જ ટકાવી શકે છે. આ અનર્થના ભાગી એટલે કે આવો અનર્થ ન થાય એટલામાટે?

ભગવાન્ શ્રી શંકરાચાર્યે જ્ઞાનના પારમાર્થિક તથા વ્યાવહારિક એવી રીતે બે અંગો દર્શાવીને મનુષ્યમાટે તેના અધિકારના ભેદ અનુસાર જ્ઞાન તથા કર્મની વ્યવસ્થા કરેલી છે. પરંતુ તેમણે પોતાના યુગ અથવા સમયમાં ચાલતા ક્રિયાસંકુલ–અમુક પ્રકારની ક્રિયાઓથી સીમાબદ્ધ થયેલા–કર્મમાર્ગનો જે તીવ્ર પ્રતિવાદ કર્યો હતો, તેનું વિપરીત ફળ ફળ્યા વિના રહી શક્યું નથી; કારણ કે, શ્રી શંકરાચાર્યના પ્રભાવથી જ તે કર્મમાર્ગ લુપ્તપ્રાય થઈ ગયો છે અને સર્વ વૈદિક ક્રિયાઓનો પણ લોપ થયો છે; તથાપિ સાધારણ લોકોના મનમાં જગત્ માયામાંથી ઉદ્ભવેલું છે, કર્મ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી મુક્તિનું વિરોધી છે અને કેવળ અદૃષ્ટ અથવા ભાગ્ય જ સુખ તથા દુઃખનું મૂળ કારણ છે ઇત્યાદિ તમોગુણને પ્રસારનારી માન્યતાઓ એવી તો દૃઢ ઠસી ગઈ છે કે તેના યોગે રજોગુણ કિંવા રજઃશક્તિના પુનઃ પ્રકાશની ઘટના સર્વથા અસંભવનીય જેવી જ થઈ પડી છે. આર્ય જાતિની રક્ષામાટે ભગવાને પુરાણ તથા તંત્રના પ્રચારવડે માયાવાદનો પ્રતિરોધ–અટકાવ–કર્યો હતો; કારણ કે, પુરાણોમાં ઉપનિષત્પ્રસૂત આર્યધર્મની નાનાવિધ દિશાઓને કેટલાક પરિમાણમાં સુરક્ષિત રાખવામાં આવી હતી અને તંત્રશાસ્ત્રે શક્તિની ઉપાસનાના યોગે મુક્તિ તથા ભુક્તિરૂપ બે પ્રકારનાં ફળોની પ્રાપ્તિની આકાંક્ષાથી લોકોને કર્મના માર્ગમાં પ્રવૃત્ત કર્યા હતા. સારાંશ કે, જે પુરુષોએ અત્યાર સુધીમાં જાતિના રક્ષણમાટે યુદ્ધો કરેલાં છે તે મેવાડનો પ્રતાપસિંહ, દક્ષિણનો સિંહ શિવાજી, બંગાળી વીર પ્રતાપાદિત્ય તથા ચન્દરાજ–ચાંદરાય–આદિ પુરુષો કાં તો શક્તિના ઉપાસકો હતા અને કાં તો તાંત્રિક ગુરુના શિષ્યો હતા; એટલે કે, એમાંનો કોઈ પણ પુરો કેવળ સંન્યાસ કિંવા વૈરાગ્યનો ઉપાસક હતો જ નહિ. તમોગુણથી ઘવાયલ અનર્થનો નિષેધ કરવામાટે ગીતામાં શ્રી કૃષ્ણે પણ કર્મસંન્યાસ એટલે કે કર્મત્યાગનો વિરોધી ઉપદેશ જ આપેલો છે. એ નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા છે ખરી કે?

માયાવાદ પણ અસત્ય તો નથી જ; કારણ કે, માયાવાદની પ્રતિજ્ઞા સત્યના આધારે જ થયેલી છે. ઉપનિષદોમાં પણ એમ કહેવામાં આવ્યું છે કે: 'ઇશ્વર પરમ માયાવી છે અને તેણે પોતાની માયાદ્વારા જ અદૃશ્ય જગતને ઉત્પન્ન કરેલું છે.' ગીતામાં શ્રી કૃષ્ણે પણ એમ જ દર્શાવેલું છે કે 'ત્રૈગુણ્યમયી માયા જ સમસ્ત જગતમાં વ્યાપી રહી છે. કેવળ એક અનિર્વચનીય બ્રહ્મ જ જગતનું મૂળ સત્ય છે અને અન્ય સર્વ પ્રપંચો તેના દૃશ્ય પ્રકટીકરણ હોવાથી પરિણામશીલ તથા નશ્વર છે.' હવે જો કેવળ એક બ્રહ્મ જ સનાતન સત્ય હોય, તો પછી નાનાવિધ ભેદો તથા બહુત્વનો ઉદ્ભવ ક્યાંથી થયેલો છે, એ ભેદો તથા બહુત્વની પ્રતિષ્ઠા શામાં છે તેમ જ એ ભેદો તથા બહુત્વનો નાશ અથવા લોપ કેવા પ્રકારે થવાનો સંભવ છે, એ પ્રશ્ન અનિવાર્ય થઈ પડે છે અને તેથી ઉપનિષદોએ એ પ્રશ્નનું એ જ ઉત્તર આપેલું છે કે: 'જ્યારે કેવળ એક બ્રહ્મ જ સનાતન સત્ય છે, તો પછી ભેદ તથા બહુત્વનો પણ બ્રહ્મમાંથી જ ઉદ્ભવ થયેલો છે, તેમની પ્રતિષ્ઠા પણ બ્રહ્મમાં જ છે અને બ્રહ્મની કોઈ એક અનિર્વચનીય શક્તિદ્વારા જ તેમનો નાશ થાય છે, એમ જ સમજી લેવાનું છે.' અર્થાત્ બ્રહ્મની એ અનિર્વચનીય શક્તિને કોઈ સ્થળે માયાવીની માયાના નામથી, કોઈ સ્થાનમાં પુરુષાધિષ્ઠિત પ્રકૃતિના નામથી અને ક્વચિત્ ઇશ્વરની વિદ્યા-અવિદ્યામયી ઇચ્છાશક્તિના નામથી ઓળખાવવામાં આવી છે. પરંતુ આટલી વ્યાખ્યાથી તાર્કિક કિંવા તર્કવાદીઓનું મન સંતુષ્ટ થઈ શક્યું નથી; કારણ કે, એક કેવી રીતે બહુ થાય છે તેમ જ અભેદમાંથી ભેદનો ઉદ્ભવ કેવી રીતે થાય છે, એનો એ વ્યાખ્યામાં સંતોષજનક અર્થ પડે તેવો કંઈ પણ નિર્ણય કરાયેલો નથી. આ કારણથી અંતે મનમાં એ પ્રશ્નનું એક એવું સહજ જ ઉત્તર મળ્યું કે: 'એક બહુ નથી થતું અને સનાતન અભેદમાં ભેદ ઉત્પન્ન થઈ શકતો જ નથી; અર્થાત્ બહુ મિથ્યા છે અને ભેદ અલીક એટલે કે અસત્ય છે; છતાં જે બહુત્વ તથા ભેદભાવ દૃષ્ટિગોચર થાય છે તે સનાતન

અદ્વિતીય આત્મામાં સ્વપ્ન સમાન અજ્ઞાનાદિ ભાસ્યા કરે છે, અજ્ઞાન કે, આત્મા જ સત્ય છે અને આત્મા જ અજ્ઞાન છે.' આનું સમર્થન પણ વળી એવા પ્રશ્નો ઉદ્ભવ થાય છે કે: 'જો આત્મા જ સત્ય છે, આત્મા આત્માથી ઉત્પન્ન થયો છે, આત્મા ક્યાં અથવા કોનામાં પ્રતિબિંબિત થયેલી છે અને આત્મા કેવી રીતે ઉત્પન્ન થાય છે?' આ પ્રશ્નનું શ્રી શંકરાચાર્યે એવા પ્રકારનું ઉત્તર આપેલું છે કે: "આત્મા સત્ય છે ને તેનું કારણ જેમ નથી એટલે કે આત્મા અનિર્વચનીય છે તેમ જ માયાનો ઉદ્ભવ પણ થતો નથી; કારણ કે, તે અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે અને તેથી તે કેવી રીતે ઉત્પન્ન થાય છે, એ પ્રશ્નનો અવકાશ રહેતો જ નથી.' પરંતુ શ્રી શંકરાચાર્યનું એ ઉત્તર પણ સંપૂર્ણ સંતોષકારક તથા બુદ્ધિગ્રાહ્ય થઈ પડે તેવું તો નથી જ; કારણ કે, શ્રી શંકરાચાર્યના આ તર્ક કિંવા અનુમાનના યોગે એકમેવાદ્વિતીય બ્રહ્મમાં એક અન્ય સનાતન તથા અનિર્વચનીય વસ્તુ પ્રતિષ્ઠિત થઈ ગયેલી છે અને તેથી એકલાનો સર્વથા ભંગ થઈ જાય છે, એ કોઈના પણ જોવા તથા જાણવામાં આવી શકે તેમ છે.

આ ઉત્તરોની જો આપણે તુલનાત્મક સમાલોચના કરીએ, તો શ્રી શંકરાચાર્યની યુક્તિ કરતાં ઉપનિષદોની યુક્તિ આપણને અધિક ઉત્કૃષ્ટ દેખાય છે અને તે યુક્તિ એ છે કે: ભગવાનની પ્રકૃતિ જ આ જગત્ કિંવા સૃષ્ટિનું મૂળ છે, ભગવાનની તે જ પ્રકૃતિ શક્તિ છે અને સચ્ચિદાનંદની જો કોઈ સચ્ચિદાનંદમયી શક્તિ હોય, તો તે પણ તે પ્રકૃતિ જ છે. આત્માના પક્ષથી ભગવાન્ પરમાત્મા છે અને જગતના પક્ષથી પરમેશ્વર છે. પરમેશ્વરની ઇચ્છા શક્તિમયી હોવાથી પરમેશ્વરની તે ઇચ્છાશક્તિદ્વારા જ એકમાંથી બહુ થાય છે અને અભેદમાંથી ભેદ ઉત્પન્ન થતો દેખાય છે. પરમાર્થની દૃષ્ટિથી જોતાં બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા તથા પરાભાસપ્રયત છે; કારણ કે, તે બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે અને પુનઃ બ્રહ્મમાં જ વિલીન થઈ જાય છે, પ્રપંચનું અસ્તિત્વ કેવળ દેશ તથા કાળમાં જ હોય છે

[illegible]

અનુભવ અનુભવમાં ન આવી—એક [illegible] નથી, કિન્તુ સત્યની
અવસ્થામાં જગત્ મિથ્યા છે, [illegible] છે [illegible] ઉન્નતિનાથી
હોવાથી જગતને મિથ્યા કહેવાનો આપણો અધિકાર નથી; કારણ કે,
દેશકાળની અવસ્થામાં જગત મિથ્યા નથી, કિન્તુ [illegible] સત્ય જ છે.
સારાંશ કે, જ્યારે દેશ તથા કાળની અતીત થઈને બ્રહ્મમાં વિલીન
થવાનો આપણો સમય આવી લાગે, તે વેળાએ આપણે જગતને
કહી શકીએ. અર્થાત્ તે સમય આવ્યા પૂર્વે અને તેથી
આવિર્ભાવ થયા પૂર્વે અનધિકારી અવસ્થામાં જ જો આપણે
ન મિથ્યા કહીએ તો તે આપણો મિથ્યાચાર થયો જ કહેવાય
છે અને એવી ધર્મની [illegible] ગતિ થવાનો જ સંભવ છે.
અર્થાત્ આપણા પક્ષે તો બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે એમ

વૃત્તિઓનો પરિત્યાગ કરીને ત્રૈગુણ્યમયી માયાનો અતિક્રમ કરી જાય છે એટલે કે માયાની સીમાને ઓળંગી જાય છે, તેઓ ભગવાનની વિશ્વમયી શક્તિ તેમના મન તથા પ્રાણરૂપ આધારમાં જે ભાવો પ્રેરે છે તે ભાવોને સ્વીકારીને જ સંતુષ્ટ તથા અનાસક્ત રહ્યા કરે છે અને શાન્તિ તથા આનન્દને સર્વાંશે પ્રાપ્ત કરી લે છે. આ સર્વે પરિણામોનો વિચાર કરતાં તામસિક અહંકાર સર્વથા વર્જનીય કિંવા ત્યાજ્ય હોવાથી રાજસ અહંકારને જાગ્રત કરી સત્ત્વગુણપ્રસંત જ્ઞાનનાં સાહાય્યવડે તેને નિર્મૂલ કરી નાખવો એ ઉન્નતિનું પ્રથમ સોપાન છે; કારણ કે, રાજસ અહંકારના હસ્તે મુક્તિના ઉપાયરૂપ જ્ઞાન, શ્રદ્ધા તથા ભક્તિનો વિકાસ થાય છે. સત્ત્વપ્રધાન—જેનામાં સત્ત્વગુણ પ્રધાન હોય તેવા—મનુષ્યના મુખમાંથી એવો ઉદ્ગાર કદાપિ નથી નીકળતો કે: ‘હું સુખી છું’ કિન્તુ તેના મુખમાંથી એવા જ શબ્દો નીકળે છે કે: ‘મારા પ્રાણમાં સુખનો વિકાસ થાય છે;’ તેમ જ તેના મુખમાંથી એવું વાક્ય પણ નથી નીકળતું કે: ‘હું જ્ઞાની છું;’ કિન્તુ તે તો એમ જ બોલે છે કે: ‘મારામાં ધીમે ધીમે જ્ઞાનનો સંચાર થતો જાય છે;’ કારણ કે, તેને જે સુખ તથા જ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોય છે તે સુખ તથા જ્ઞાન તેનું પોતાનું નથી, કિન્તુ જગન્માતાનું જ છે, એ તત્ત્વને તે સારી રીતે જાણતો હોય છે. આ કથનનો આશય એ જ છે કે જો જ્ઞાનીમાં પણ સર્વ પ્રકારના અનુભવ સહિત આનંદ તથા સંતોષમાટેની લિપ્તતા કિંવા આસક્તિ રહેલી હોય, તો તે જ્ઞાની કિંવા ભક્તનો ભાવ પણ અહંકૃત છે, એમ જ સમજવાનું છે. અર્થાત્ ‘આ હું જ કરું છું’ એવો ઉદ્ગાર જ્યાં સુધી મુખમાંથી નીકળતો રહે, ત્યાં સુધી અહંબુદ્ધિનો પરિત્યાગ થયો નથી, એ નિઃસંશય છે. ગુણાતીત મનુષ્ય જ અહંકારનો પૂર્ણ વિજેતા થઈ શકે છે; કારણ કે, જીવ સાક્ષી અને ભોક્તા છે; પુરુષોત્તમ ભગવાન્ અનુમન્તા અને પ્રકૃતિ કર્તા છે એટલે એમાં ‘અહમ્’–‘હું’–જેવું કોઈ છે જ નહિ; કારણ કે, આ સર્વ એકમેવા-

દ્વિતીય બ્રહ્મની વિદ્યા—અવિદ્યામયી શક્તિની જ લીલા છે, એ રહસ્યને તે સારી રીતે જાણતો હોય છે. અહંજ્ઞાન જીવાધિષ્ઠિત પ્રકૃતિનો એક માયાપ્રસૂત ભાવ માત્ર છે અને સચ્ચિદાનંદમાં લીન થઈ જવું એ જ અહંજ્ઞાનરહિત ભાવની અંતિમ અવસ્થા છે. કિન્તુ જેઓ ગુણાતીત થવા છતાં પણ પુરુષોત્તમ ભગવાનની ઇચ્છાથી લીલામાં અવસ્થાન કરે છે એટલે કે લીલામાં સંલગ્ન રહે છે તેઓ પુરુષોત્તમ ભગવાન્ તથા જીવના અસ્તિત્વને સુરક્ષિત રાખીને પોતાને પ્રકૃતિવિશિષ્ટ ભગવાનના અંશ માની લીલાના કાર્યને સંપન્ન કર્યા કરે છે અને તેથી તેમના એ ભાવને અહંકાર એ નામથી ઓળખી શકાતો નથી; કારણ કે, એ ભાવ તો પરમેશ્વરમાં પણ રહેલો છે; એટલે કે, પરમેશ્વરમાં અજ્ઞાન કિવા લિપ્તતા—આસક્તિ—તો નથી જ; પરંતુ તેની આનંદમયી અવસ્થા સ્વસ્થ ન રહેતાં વિશ્વમુખી કિંવા વિશ્વવ્યાપક થતી રહે છે. અર્થાત્ જેમનો આવો ભાવ હોય છે તેઓ જ જીવન્મુક્ત છે; કારણ કે, લયરૂપ મુક્તિ દેહનો પાત થવા પછી મેળવી શકાય છે અને જીવન્મુક્ત દશાનો આ દેહમાં જ અનુભવ કિવા સાક્ષાત્કાર કરી શકાય છે.

---

૬ નિવૃત્તિ

આપણા દેશમાં એટલે કે ભારતવર્ષમાં કદાપિ બુદ્ધિમાન્ અને વિચારશીલ પુરુષોએ ધર્મની સંકીર્ણ અને જીવનના મહત્ કર્મની વિરોધિની વ્યાખ્યાનો સ્વીકાર કરેલો નથી; અર્થાત્ હિન્દુઓના જ્ઞાન તથા શિક્ષણમાં એ જ મહત્ તથા ગંભીર તત્ત્વ સ્વીકાર્યું છે કે સમસ્ત જીવન ધર્મક્ષેત્ર છે. [illegible] શિક્ષણના સ્પર્શથી કલુષિત થતાં આપણા જ્ઞાન તથા [illegible] તથા અસ્વાભાવિક અવસ્થા વ્યાપેલી છે અને તેથી [illegible] એવી જ ભ્રાન્તિમૂલક ધારણા

કિંવા માન્યતાને આધીન થઈ ગયા છીએ કે જેવી સંન્યાસ, ભક્તિ તથા સાત્ત્વિક ભાવ વિના અન્ય કોઈ પણ પદાર્થ ધર્મનું અંગ થઈ શકે તેમ છે જ નહિ; એટલે કે સંન્યાસ, ભક્તિ તથા સાત્ત્વિક ભાવ એ ત્રણ જ ધર્મનાં અંગો છે; કારણ કે, પાશ્ચાત્ય લોકો એ ધારણા કિંવા માન્યતાને જ સ્વીકારીને ધર્મની આલોચના કરે છે. જેવી રીતે હિન્દુઓએ જીવનના ધર્મ અને અધર્મ નામક બે ભાગો કરેલા છે તેવી રીતે પાશ્ચાત્ય જગતમાં ધર્મ, અધર્મ અને ધર્માધર્મથી બહિર્ભૂત કિંવા બાહ્ય જીવનની અધિકાંશ ક્રિયા તથા વૃત્તિનું અનુશીલન એ પ્રમાણે જીવનના ત્રણ ભાગ કરાયલા છે. ભગવાનની પ્રશંસા, પ્રાર્થના, સંકીર્તન તથા દેવાલય-ચર્ચ-માં પુરોહિત-પાદરી-ના વ્યાખ્યાનનું શ્રવણ ઇત્યાદિ કર્મોને તેઓ ધર્મ કિંવા Religion ના નામથી ઓળખે છે અનેMorality કિંવા સત્કાર્ય-નૈતિકતા-ને ધર્મના અંગ તરીકે નહિ, કિન્તુ એક સ્વતંત્ર વસ્તુ તરીકે સ્વીકારે છે; તથાપિ અનેક જનો Religion અને Morality એ વસ્તુઓને અને ધર્મનાં ગૌણ અંગ તરીકે સ્વીકારે છે. દેવાલય-ચર્ચ-માં ન જવું અને નાસ્તિકવાદી કિંવા સંશયવાદી થઈને Religion ની નિન્દા કરવી કિંવા Religion ના સંબંધમાં ઉદાસીનતા દર્શાવવી એ સર્વે કર્મોને પાશ્ચાત્ય વિશ્વમાં અધર્મ કિંવા Irreligion ના નામથી અને કુકાર્ય કિંવા અનૈતિકતાને Immorality ના નામથી ઓળખવામાં આવે છે એટલે કે તેઓ પૂર્વોક્ત મત અનુસાર Immorality ને અધર્મના એક અંગ તરીકે જ માને છે. સારાંશ કે, પાશ્ચાત્ય લોકોની માન્યતા અનુસાર Religion અને Life એટલે કે ધર્મ અને કર્મનો પરસ્પર કશો પણ સંબંધ નથી અને તેઓ એક બીજાથી સર્વથા સ્વતંત્ર છે. અર્થાત્ આપણામાંના પણ અનેક લોકો 'ધર્મ' શબ્દનો આવા પ્રકારનો જ વિકૃત અર્થ કરતા દૃષ્ટિગોચર થાય છે અને તેથી તેઓ સાધુસંન્યાસીની કથા, દેવદેવીની કથા તથા સંસારત્યાગની કથાને જ ધર્મના નામથી ઓળખતા હોવાથી જો કોઈ

અન્ય વિષયની ચર્ચા કરે છે, તો તેઓ એમ જ બોલી ઊઠે છે કેઃ 'આ સર્વ સાંસારિક વિષયની ચર્ચા છે; એમાં ધર્મનો વિષય નથી;' કારણ કે, તેમનાં મનોમાં પાશ્ચાત્ય Religion ના ભાવનો જ સમાવેશ થયેલો હોય છે એટલે 'ધર્મ' શબ્દ સાંભળતાંની સાથે જ તેમના મનમાં 'Religion શબ્દની વ્યાખ્યા તરી આવે છે અને તેના યોગે અજ્ઞાત ભાવથી તેઓ એ જ અર્થમાં 'ધર્મ' શબ્દનો વ્યવહાર કરવા માંડી જાય છે. પરંતુ આવી રીતે આપણા સ્વદેશીય વિષયમાં વિદેશીય ભાવનો પ્રવેશ કરાવવાથી આપણે આપણા ઉદાર તથા સનાતન આર્યભાવ અને આર્યશિક્ષણથી ભ્રષ્ટ થતા જઈએ છીએ, એ તેમના લક્ષમાં આવતું નથી. અસ્તુ; વસ્તુતઃ આપણું સમસ્ત જીવન ધર્મક્ષેત્ર હોવાથી સંસાર પણ ધર્મ જ છે એટલે કે કેવળ આધ્યાત્મિક જ્ઞાનની આલોચના અને ભક્તિનો ભાવ એ જ ધર્મ નથી; કિન્તુ કર્મ પણ ધર્મ જ છે. આ મહતી શિક્ષા આપણા સમસ્ત સાહિત્યમાં સનાતન ભાવથી વ્યાપેલી છે અને '**एष धर्मः सनातनः**' એ વાક્યથી તે વ્યક્ત થાય છે.

કેટલાકોની એવી માન્યતા છે કે કર્મ ધર્મનું અંગ છે ખરું, કિન્તુ સર્વવિધ કર્મ નહિ, પણ જે કર્મો સાત્ત્વિક ભાવયુક્ત અને નિવૃત્તિને અનુકૂલ બનાવે તેવાં ને કર્મો જ ધર્મના અંગ તરીકે સ્વીકારવાયોગ્ય છે. પરંતુ તેમની આ માન્યતા પણ સર્વથા ભ્રાન્તિજનક છે, કારણ કે, જેવી રીતે સાત્ત્વિક કર્મ ધર્મ છે તેવી રીતે રાજસિક કર્મ પણ ધર્મ જ છે, જેવી રીતે જ્ઞાનાદિ કર્મ કરવાની એ ધર્મ છે તેવી જ રીતે ધર્મયુદ્ધમાં હથિયાર લઈને લડવું તે પણ ધર્મ જ છે. જેવી રીતે પરોપકારને માટે બલિદાન આપવું, ધન તથા પ્રાણ [illegible] ધર્મ છે તેવી જ રીતે ધર્મના [illegible] પણ ધર્મ જ છે. [illegible] પણ ધર્મ છે, [illegible] પણ ધર્મ છે, નિવૃત્તિમાર્ગ પણ

:શાખ—જેનું મૂળ ઊંચું હોય અને જેની શાખાઓ નીચે હોય તેવું—છે, તેવી જ રીતે આપણો ધર્મ જ્ઞાનપ્રતિષ્ઠિત-પર જેની પ્રતિષ્ઠા કિંવા સ્થાપના થયેલી છે તેવો—અને એટલે કે કર્મના માર્ગમાં પ્રેરનારો છે. નિવૃત્તિ આપણા ભિત્તિ છે, આપણા ધર્મનાં ગૃહ, છાપરૂં અને દીવાલ આદિ છે અને આપણા તે ધર્મના ગૃહનું જે ઉચ્ચતમ શિખર છે ત મુક્તિ નામથી ઓળખાય છે. સારાંશ કે, માનવજાતિનું જીવન એ જ વિશાળ હિન્દુધર્મરૂપ વૃક્ષનું આશ્રિત છે, એ તાથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ.

જો કે સર્વ જનો એમ બોલતા દેખાય છે કે, 'હિન્દુધર્મની કોઈ પ્રતિષ્ઠા હોય તો તે વેદો જ છે;' પરંતુ હિન્દુધર્મની એ ઠાના એટલે કે વેદોના સત્ય સ્વરૂપ તથા મર્મને જાણનારા કોની સંખ્યા બહુ જ અલ્પ જોવામાં આવે છે; કારણ કે, આપણે ધા શાખાના અગ્રભાગમાં બેસીને એકાદ બે સ્વાદિષ્ટ પરંતુ નશ્વર ળોના આસ્વાદમાં તલ્લીન થઈ જઈએ છીએ અને મૂળનું લેશ માત્ર પણ અનુસંધાન નથી કરતા. આપણે એમ સાંભળેલું છે ખરૂં કે વેદના બે ભાગો છે અને તે બે ભાગો કર્મકાંડ તથા જ્ઞાનકાંડના નામથી ઓળખાય છે; પરંતુ વાસ્તવિક કર્મકાંડ શી વસ્તુ છે અને જ્ઞાનકાંડ શો પદાર્થ છે એ આપણે જાણતા નથી. આપણે મૅક્સમૂલર-કૃત ઋગ્વેદની વ્યાખ્યાને વાંચી શકીએ છીએ અને તેના રમેશચન્દ્ર બંગાળી અનુવાદનું વાંચન પણ કરી શકીએ છીએ; પરંતુ શું છે તે તો નથી જ જાણતા. મૅક્સમૂલર તથા દત્ત મહાશય આપણને જે વેદવિષયક જ્ઞાન મળ્યું છે તે એ જ કે ઋગ્વેદ-ષિઓ પ્રકૃતિના બાહ્ય પદાર્થો કિંવા સર્વ ભૂતોની પૂજા કરતા , ચન્દ્ર વાયુ તથા અગ્નિ ઇત્યાદિનાં સ્તવસ્તોત્રમાં જ ધર્મના તે અનાદ્યનન્ત અપૌરુષેય મૂળ જ્ઞાનનો અંત

ઇન્દ્રિયો પ્રવૃત્તિનાં હેતુઓ છે. અર્થાત્ બુદ્ધિને પ્રવૃત્તિનો સ્પર્શ કિંવા વિકાર થવાથી જ આટલો બધો ગોટાળો થયેલો દેખાય છે અને તેટલામાટે જો બુદ્ધિ નિર્લેપ ભાવથી સાક્ષીરૂપ તેમ જ ભગવાનના Prophet કિંવા Spokesman રૂપ થઈ રહે અને પોતે નિષ્કામ થઈને ઈશ્વર-અનુમોદિત પ્રેરણા પ્રાણ તથા ઈન્દ્રિયને જણાવતી રહે, તો પ્રાણ તથા ઇન્દ્રિયો પોતપોતાનાં કર્મો તદનુસાર કરતાં રહે, એ સર્વથા નિઃસંશય છે. સારાંશ કે, કર્મનો ત્યાગ તે એક અત્યંત ક્ષુદ્ર પ્રકારનો ત્યાગ છે અને કામનાનો જે ત્યાગ તે જ સત્ય ત્યાગ છે; એટલે કે શારીરિક નિવૃત્તિ તે સત્ય નિવૃત્તિ નથી કિન્તુ બુદ્ધિની જે નિર્લિપ્તતા તે જ સત્ય નિવૃત્તિ છે.



૭ ઉપનિષદ્

આપણો ધર્મ અતિશય વિશાળ અને નાનાવિધ શાખા તથા પ્રશાખાઓવડે વિરાજમાન છે, તેનું મૂળ નિગમ સ્થાનપર આરૂઢ થયેલું છે અને તેની શાખાઓ કર્મના અનન્ત ફળના પ્રાન્ત પર્યન્ત વિસ્તરેલી છે. જેવી રીતે ગીતામાં વર્ણવેલ અશ્વત્થવૃક્ષ ઊર્ધ્વમૂલ

---

* અહીં શ્રી અરવિન્દ આપણે અશ્વત્થને ઊર્ધ્વમૂલ તથા 'અવાક્શાખ' તરીકે વર્ણવ્યું છે; પરંતુ કઠોપનિષદમાં "ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः" એ પ્રમાણેનું વાક્ય આવેલું હોવાથી એ વૃક્ષ [illegible] નહિ કિન્તુ [illegible] હોવું જોઈએ; પરંતુ, એમાં [illegible] ગીતામાં પણ 'ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम्' કિન્તુ જ એ [illegible] સંબંધમાં વિધાન કરેલું છે; અને [illegible] [illegible] ગીતાના [illegible] [illegible] 'अवाक्शाखः' ના [illegible] 'अधःशाखम्' ના [illegible] [illegible] છે

અને અવાક્શાખ—જેનું મૂળ ઊંચું હોય અને જેની શાખાઓ નીચે વિસ્તરેલી હોય તેવું—છે, તેવી જ રીતે આપણો ધર્મ જ્ઞાનપ્રતિષ્ઠિત—જ્ઞાનની ઉપર જેની પ્રતિષ્ઠા કિંવા સ્થાપના થયેલી છે તેવો—અને કર્મપ્રેરક એટલે કે કર્મના માર્ગમાં પ્રેરનારો છે. નિવૃત્તિ આપણા ધર્મની ભિત્તિ છે, આપણા ધર્મનાં ગૃહ, છાપરું અને દીવાલ આદિ નિવૃત્તિ છે અને આપણા તે ધર્મના ગૃહનું જે ઉચ્ચતમ શિખર છે તે સર્વત્ર મુક્તિ નામથી ઓળખાય છે. સારાંશ કે, માનવજાતિનું સમસ્ત જીવન એ જ વિશાળ હિન્દુધર્મરૂપ વૃક્ષનું આશ્રિત છે, એ નવીનતાથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ.

જો કે સર્વ જનો એમ બોલતા દેખાય છે કે, 'હિન્દુધર્મની જો કોઈ પ્રતિષ્ઠા હોય તો તે વેદો જ છે;' પરંતુ હિન્દુધર્મની એ પ્રતિષ્ઠાના એટલે કે વેદોના સત્ય સ્વરૂપ તથા મર્મને જાણનારા લોકોની સંખ્યા બહુ જ અલ્પ જોવામાં આવે છે; કારણ કે, આપણે બહુધા શાખાના અગ્રભાગમાં બેસીને એકાદ બે સ્વાદિષ્ટ પરંતુ નશ્વર ફળોના આસ્વાદમાં તલ્લીન થઈ જઈએ છીએ અને મૂળનું લેશ માત્ર પણ અનુસંધાન નથી કરતા. આપણે એમ સાંભળેલું છે ખરું કે વેદના બે ભાગો છે અને તે બે ભાગો કર્મકાંડ તથા જ્ઞાનકાંડના નામથી ઓળખાય છે; પરંતુ વાસ્તવિક કર્મકાંડ શી વસ્તુ છે અને જ્ઞાનકાંડ શો પદાર્થ છે એ આપણે જાણતા નથી. આપણે મૅક્સમૂલર-કૃત ઋગ્વેદની વ્યાખ્યાને વાંચી શકીએ છીએ અને તેના રમેશચન્દ્ર દત્તકૃત બંગાળી અનુવાદનું વાંચન પણ કરી શકીએ છીએ; પરંતુ ઋગ્વેદ શું છે તે તો નથી જ જાણતા. મૅક્સમૂલર તથા દત્ત મહાશય પાસેથી આપણને જે વેદવિષયક જ્ઞાન મળ્યું છે તે એ જ કે ઋગ્વેદ-કાળના ઋષિઓ પ્રકૃતિના બાહ્ય પદાર્થો કિંવા સર્વ ભૂતોની પૂજા કરતા હતા અને સૂર્ય, ચન્દ્ર વાયુ તથા અગ્નિ ઇત્યાદિનાં સ્તવસ્તોત્રમાં જ સનાતન હિન્દુ ધર્મના તે અનાદ્યનન્ત અપૌરુષેય વેદ જ્ઞાનનો અંત

આવી ગયો હતો. અર્થાત્ આપણે તેમના એ કથનમાં વિશ્વાસ રાખીને વેદકાલિક ઋષિઓ તથા હિન્દુ ધર્મનું અપમાન કરીએ છીએ અને માનીએ છીએ એમ કે આપણે મોટા વિદ્વાન્ છીએ અને જ્ઞાનરૂપ વિશાળ પ્રકાશને પ્રાપ્ત કરી શકયા છીએ. સારાંશ કે, વેદોમાં વસ્તુતઃ શાં તત્ત્વો સમાયલાં છે અને ભગવાન્ શંકરાચાર્ય આદિ મહાજ્ઞાની તથા મહાપુરુષોએ એ જ સ્તવસ્તોત્રોને શા કારણની અનાદિઅનન્ત, સંપૂર્ણ અને અભ્રાન્ત જ્ઞાન તરીકે માનેલાં છે, એ વિષયનું આપણે કાંઈ પણ અનુસંધાન કદાપિ કરતા નથી, એ શોકનો વિષય નથી કે શું!

એ જ પ્રમાણે ઉપનિષદ્ શી વસ્તુ છે એ પણ બહુ થોડા લોકો જ જાણે છે. કારણ કે, આપણા મુખમાંથી 'ઉપનિષદ્' શબ્દનો ઉચ્ચાર થવાની સાથે જ આપણા મનમાં શ્રી શંકરાચાર્યનો અદ્વૈતવાદ, શ્રી રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ અને શ્રી મધ્વાચાર્યનો દ્વૈતવાદ ઈત્યાદિ દાર્શનિક વ્યાખ્યાઓનું સ્મરણ થઈ આવે છે અને તેથી ઉપનિષદોને આપણે એ દાર્શનિક વ્યાખ્યાઓના સ્વરૂપમાં જ જોઈએ છીએ. અથવા ઉપનિષદોમાં [illegible] શું સમાયેલું છે, તેનો સત્ય અર્થ શો છે, [illegible]

તો તેમાં શ્રી શંકરાચાર્યની વ્યાખ્યાથી વિરુદ્ધ હોય તેવી કોઈ પણ વ્યાખ્યા દૃષ્ટિગોચર થતાંની સાથે જ આપણે શંકરાચાર્યની કરેલી વ્યાખ્યાને પ્રમાદમૂલક તરીકે તત્કાળ ઓળખાવી શકીએ, એ સર્વથા નિર્વિવાદ છે. સારાંશ કે, ઉપનિષદોમાં કેવળ શ્રી શંકરાચાર્યને પ્રાપ્ત થયેલું જ્ઞાન જ રહેલું છે, એમ નથી; કિન્તુ ભૂત, વર્ત્તમાન અને ભવિષ્ય કાળમાં જે આધ્યાત્મિક જ્ઞાન કિંવા તત્ત્વજ્ઞાન લબ્ધ થયેલું છે અથવા લબ્ધ થવાની સંભાવના છે તે સમસ્ત આધ્યાત્મિક જ્ઞાન કિંવા તત્ત્વજ્ઞાનનો ઉપનિષદોમાં આર્ય ઋષિ તથા મહાયોગી પુરુષો અત્યન્ત સંક્ષિપ્ત રૂપથી નિગૂઢઅર્થપ્રકાશક શ્લોકોમાં સમાવેશ કરી ગયા છે, એ આપણે નિરન્તર સ્મરણમાં રાખવાનું છે.

ઉપનિષદ્ શું છે એવો જો કોઈ પ્રશ્ન પૂછે, તો તે પ્રશ્નનું ઉત્તર એ જ છે કે જે અનાદ્યનન્ત, ગંભીરતમ અને સનાતન જ્ઞાનવડે સનાતન ધર્મ આરૂઢમૂલ થયેલો છે તે જ્ઞાનનો ભાંડાર ઉપનિષદ્ છે. ચારે વેદોના સૂક્તાંશોમાં એ જ જ્ઞાનનો વિસ્તાર જોવામાં આવે છે; પરંતુ વેદોમાંનું તે જ્ઞાન જેવી રીતે આદર્શ કિંવા દર્પણમાં દેખાતી મનુષ્યની પ્રતિમૂર્ત્તિ બાહ્ય આવરણથી ઢંકાયલી હોય છે તેવી રીતે ઉપમાઓના જાળથી તેમ જસ્તોત્રોના કિંવા વાચ્ય અર્થના આવરણથી ઢંકાયલું છે અને ઉપનિષદોમાં તે જ જ્ઞાન મનુષ્યના અનાચ્છાદિત મૂળ કિંવા વાસ્તવિક અવયવ પ્રમાણે સર્વથા અનાચ્છન્ન કિંવા સ્પષ્ટ સ્વરૂપમાં દૃષ્ટિગોચર થાય છે. ઋગ્વેદના વક્તા ઋષિઓએ ઇશ્વરની પ્રેરણાથી આધ્યાત્મિક જ્ઞાનનો શબ્દો તથા છન્દોના રૂપમાં પ્રકાશ કર્યો હતો અને ઉપનિષદોના વક્તા ઋષિઓએ સાક્ષાદ્ દર્શનથી તે જ જ્ઞાનના સત્ય સ્વરૂપને જોઈને અલ્પ તથા ગંભીર વાક્યોમાં તે જ જ્ઞાનને વ્યક્ત કરી બતાવ્યું હતું. ઉપનિષદ્ના વક્તા ઋષિઓની મહત્તા એટલા કથનથી જ જણાવામાં આવી શકે તેમ છે કે માત્ર ભારતવર્ષમાં જ નહિ; કિન્તુ સમસ્ત એશિયા તથા યૂરોપમાં પણ જે જે દાર્શનિક

વિચારો તથા ચિન્તન [illegible] ઉત્પન્ન થાય છે તે નામમાત્ર
Nominalism–નું [illegible]–Realism–, [illegible], અસ્તિ
[illegible]વાદ, [illegible] વિજ્ઞાનવાદ કિંવા [illegible]–Positivism–
દ્વૈત, [illegible] [illegible], [illegible], [illegible] કિંવા ઉપયોગ–
Utilitarianism–, અને સુખવાદ–Hedonism–, આદિ
[illegible]માં જે જે [illegible] માન્યતા તથા સમન્વય કરવાનું છે તે સર્વ
તત્ત્વો ઉપનિષદના [illegible] તથા ખણ્ડરૂપમાં અતી
[illegible] થતાં: માત્ર આટલું જ નહિ, પણ જે સત્ય અનન્ત ખંડિત
રૂપમાં ઈન્દ્રિયગોચર થાય છે. સત્યનો અંશ માત્ર હોવા છતાં જેનો
સંપૂર્ણ સત્ય નહિ પ્રકાર થવાથી દેખાય છે અને જે સત્ય તથા
મિથ્યાનું મિશ્રણ વિના ભાવથી ખંડખંડ જણાય છે, તે જ સત્ય
ઉપનિષદમાં અખંડ તથા નિર્ગુણ રૂપમાં પોતાના પ્રકૃત સંબંધમાં
[illegible] રહીને શુદ્ધ તથા અમાન્ત ભાવથી સિદ્ધિપદ થયેલું દેખી
થાય છે. એટલામાટે શ્રી શંકરાચાર્યકૃત વ્યાખ્યામાં કિંવા અન્ય કોઈની
વ્યાખ્યામાં સીમાબદ્ધ ન થતાં ઉપનિષદના મૂળ અથવા વાસ્તવિક
[illegible] તથા અખંડ અર્થને જાણી લેવાનો સ્વતન્ત્ર ઉદ્યોગ કરવો એ
[illegible] ઉચિત છે.

[illegible] સ્થાનમાં પ્રવેશ કરવો એ જ ઉપનિષદ શબ્દનો અર્થ છે.
[illegible] ઋષિઓએ તર્કના બળથી, વિદ્યાના પ્રસારથી કિંવા પ્રેરણાના
[illegible] ઉપનિષદમાં વર્ણવાયલા જ્ઞાનને મેળવ્યું નહોતું; કિન્તુ જે
[illegible]માં સમ્યક્ જ્ઞાનની ચાવી મનના શુભ કિંવા અદૃશ્ય કક્ષમાં
[illegible] કરે છે તે કક્ષમાં યોગદ્વારા અધિકારી થઈને તેમણે પ્રવેશ

[illegible] નામો પદાર્થોને આપવામાં આવ્યા છે તે નામ અનુસાર કોઈ
[illegible] નહિ એટલે એ નામો તે નામ માત્ર જ છે, એમ માનનારા-
[illegible] જે એક જનસમુદાય છે તે Nominalist ના નામથી
[illegible]ને તેમના મતને Nominalism કહેવામાં આવે છે.

ઉપનિષદ્‌સાથે મેળ ન મળતો હોય તેવો કોઈ પણ વિષયનો હિન્દુધર્મના અંગ તરીકે સ્વીકાર કરી શકાય તેમ નથી; એ સત્ય છે; તથાપિ જેનો પુરાણ સાથે મેળ ન મળતો હોય તેવો કોઈ પણ યોગ્ય વિષયનો કિંવા વિચારનો હિન્દુધર્મના અંગ તરીકે સ્વીકાર કરી શકાય છે. વ્યાખ્યાના મૂલ્ય કિંવા મહત્ત્વનો વ્યાખ્યાતાનાં મેધાશક્તિ, જ્ઞાન તથા વિદ્યા ઉપર જ આધાર રહેલો હોય છે. અર્થાત્ જો વ્યાસદેવરચિત પુરાણો આજે વિદ્યમાન હોત, તો તેમનો બહુધા શ્રુતિ સમાન સત્કાર થાત, એમાં લેશ માત્ર પણ સંશય નથી; પરંતુ વ્યાસદેવનાં રચેલાં પુરાણોનો તેમ જ લોમહર્ષણનાં રચેલાં પુરાણોનો અભાવ હોવા છતાં જે અઢાર પુરાણો અત્યારે વિદ્યમાન રહેલાં છે તે સર્વ પુરાણોનો આપણે એક સરખો આદર ન કરીએ; તો પણ શ્રી વિષ્ણુ પુરાણ તથા ભાગવત પુરાણ જેવાં પુરાણોના રચયિતા જેવા યોગસિદ્ધ પુરુષોની રચનાને તો અવશ્ય મહત્ત્વ આપવું જ પડે છે તેમ જ માર્કંડેય પુરાણના પ્રણેતા જેવા પંડિત તથા અધ્યાત્મપરાયણ લેખકની રચનાને શિવ પુરાણ તથા અગ્નિ પુરાણ કરતાં અધિક ગંભીર જ્ઞાનપૂર્ણ રચના તરીકે સ્વીકારવી જ પડે છે. અર્થાત્ અત્યારના વિદ્યમાન પુરાણગ્રંથોનો આદિગ્રંથ વ્યાસદેવકૃત પુરાણ હોવા છતાં અત્યારનાં પુરાણોમાંનું જે સર્વથી નિકૃષ્ટ પુરાણ મનાતું હોય તે નિકૃષ્ટ પુરાણમાં પણ નિશ્ચયપૂર્વક હિન્દુધર્મના તત્ત્વનો પ્રકાશ કરનારી અનેક કથાઓનો સમાવેશ થયેલો છે, એ સર્વથા નિર્વિવાદ છે; અને જ્યારે એવી રીતે નિકૃષ્ટ પુરાણ પણ જિજ્ઞાસુ કિંવા ભક્ત અને યોગાભ્યાસમગ્ન સાધકનો લેખ છે, તો પછી તેના રચયિતાનાં પોતાના પ્રયાસથી મેળવેલાં જ્ઞાન તથા વિચાર આદિ પણ આદરણીય થાય, એમાં આશ્ચર્ય જેવું શું છે વારૂ?

વેદ તથા ઉપનિષદ્‌થી પુરાણોને પૃથક્ કરીને અથવા સ્વતંત્ર માનીને આંગ્લવિદ્યાવિભૂષિત લોકોએ વૈદિક ધર્મ તથા પૌરાણિક ધર્મના નામથી હિન્દુધર્મના જે બે મિથ્યા ભેદો કર્યા છે, તે ભેદ

સંદેહ ભ્રમ તથા અજ્ઞાનનું જ પરિણામ છે; કારણ કે, પુરા[illegible]
તથા ઉપનિષદોમાંના જ્ઞાનની સામાન્ય જનસમાજને સમજ[illegible]
છે, તે જ્ઞાનની વ્યાખ્યા તથા વિસ્તારપૂર્વક સમાલોચના કરે છે
તે જ્ઞાનને જીવનના સમસ્ત સામાન્ય કાર્યોમાં યોજવાનો ઉપ[illegible]
છે એટલામાટે જ પુરાણો હિન્દુધર્મના પ્રમાણોમાં સ્વીકારવામાં[illegible]
પરંતુ એવો જેઓ વેદ તથા ઉપનિષદને જ ગણીને પુરાણોને મ[illegible]
સ્વતંત્ર તથા વેદ પ્રમાણ નથી [illegible] છે તેઓ પણ [illegible]
[illegible] છે એ નિઃસંશય છે [illegible] કારણ કે, હિન્દુધર્મના
[illegible] તથા [illegible] ત્યાગ કરવાથી ભ્રમ તથા મિથ્યા[illegible]
[illegible] વેદોનો અર્થ [illegible] છે અને પુરાણના
[illegible] પુરાણોનો [illegible] પુરાણોનો ઉપયોગ કરવો પડે છે.

---

* આકાશવ[illegible]

૧

[illegible]

પરમેશ્વરની સ્વભાવસિદ્ધ કિંવા સ્વાભાવિક અષ્ટ શક્તિઓ તરીકે પરિચિત છે. એમાંથી અત્યારે આપણે પ્રાકામ્ય નામક શક્તિનો વિચાર કરવાનો છે. સમસ્ત ઇન્દ્રિયોનો સંપૂર્ણ વિકાસ અને સમસ્ત ઇન્દ્રિયોની અબાધ ક્રિયા એટલા અર્થનો પ્રાકામ્ય શબ્દમાં સમાવેશ થાય છે; એટલે કે, વાસ્તવિકતાથી જોતાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મનની સર્વ ક્રિયાઓ પ્રાકામ્યમાં સમાઈ જાય છે. અર્થાત્ પ્રાકામ્યના બળથી ચક્ષુઓ નિહાળે છે, શ્રવણો સાંભળે છે, નાસિકા સૂંઘી શકે છે, ત્વચા સ્પર્શને અનુભવે છે, રસના–જિહ્વા–રસનો આસ્વાદ લઈ શકે છે અને મન સર્વ બાહ્ય સ્પર્શોને સ્વીકારી લે છે. સાધારણ મનુષ્યોની એવી જ માન્યતા કિંવા ભાવના જોવામાં આવે છે કે સ્થૂલ ઇન્દ્રિયોમાં જ જ્ઞાનને ધારણ કરવાની શક્તિ રહેલી છે એટલે કે મનુષ્યને જે કાંઈ પણ જ્ઞાન થાય છે તે સ્થૂલ ઇન્દ્રિયોદ્વારા જ થાય છે; પરંતુ જેઓ તત્ત્વવેત્તા છે તેઓ એ તત્ત્વને સારી રીતે જાણે છે કે ચક્ષુઓ જોતાં નથી કિન્તુ મન જ જુએ છે; શ્રવણો સાંભળતાં નથી કિન્તુ મન જ સાંભળે છે અને નાસિકા સૂંઘી શકતી નથી કિન્તુ મન જ સૂંઘી શકે છે; માત્ર એટલું જ નહિ, પણ જેઓ તત્ત્વજ્ઞાનના વિષયમાં એથી પણ આગળ વધેલા છે તેમનો તો વળી એવો જ નિશ્ચય થયેલો છે કે મન પણ જોતું નથી, સાંભળતું નથી અને ગંધને અનુભવતું નથી; કિન્તુ કેવળ જીવ જ જુએ છે, સાંભળે છે અને ગંધને અનુભવે છે, એટલામાટે જો કોઈ જ્ઞાતા હોય તો તે જીવ જ છે, જીવ ઇશ્વર છે, જીવ ભગવાનનો અંશ છે અને તેથી ભગવાનની જે અષ્ટ સિદ્ધિઓ તે જીવની પણ અષ્ટ સિદ્ધિઓ છે.

"ममैवांशो जीवलोके जीव  ।
मनः षष्ठानीन्द्रियाणि ... ॥७॥

સર્વથા ભ્રમ તથા અજ્ઞાનનું જ પરિણામ છે; કારણ કે, પુરાણો વેદો તથા ઉપનિષદોમાંના જ્ઞાનની સામાન્ય જનસમાજને સમજણ આપે છે, તે જ્ઞાનની વ્યાખ્યા તથા વિસ્તારપૂર્વક સમાલોચના કરે છે અને તે જ્ઞાનને જીવનનાં સમસ્ત સામાન્ય કાર્યોમાં યોજવાનો ઉદ્યોગ કરે છે એટલામાટે જ પુરાણો હિન્દુધર્મના પ્રમાણોમાં સ્વીકારાયાં છે. પરંતુ એવી રીતે વેદ તથા ઉપનિષદને ભૂલી જઈને પુરાણોને મુખ્ય સ્વતંત્ર તથા યથેષ્ટ પ્રમાણ તરીકે [illegible] છે તેઓ પણ અનિ-ના [illegible] છે એ નિઃસંશય છે. કારણ કે, હિન્દુધર્મના અજ્ઞાન તથા અંતર્ગત [illegible] ભાગ કરવાથી ભ્રમ તથા મિથ્યા જ્ઞાનની [illegible] થાય છે. વેદનો અર્થ [illegible] છે અને પુરાણના મત અનેક પણ [illegible] છે. એટલામાટે [illegible] પુરાણોને પ્રતિષ્ઠિત કરીને જ પુરાણના ઉપયોગ કરવા પડે છે.

---

૯ આકાશ

૧

[illegible]

કારણદેહ કિંવા કારણશરીરમાં પ્રાકામ્યનો સંપૂર્ણ નિવાસ હોય તે જ શક્તિનો સૂક્ષ્મ દેહમાં વિકાસ થાય છે અને ત્યાર પછી લ દેહમાં પણ તે શક્તિ વિકસિત થતી દેખાય છે. પરંતુ એટલી વાતને અહીં અવશ્ય લક્ષમાં રાખી લેવાની છે કે પ્રથમથી જ સ્થૂલ માં ઇન્દ્રિયોનો સંપૂર્ણ પ્રકાશ નથી થતો કિન્તુ જગતના અનુક્રમે તા વિકાસના નિયમ અનુસાર સર્વ ઇન્દ્રિયો પણ યથાનુક્રમ વિકાસને પામતી જાય છે અને કેટલીક ઇન્દ્રિયોનો માનવદેહ કરતાં પશુદેહમાં અધિક અને પ્રખર વિકાસ થયેલો દેખાય છે એટલે કે મનુષ્યદેહમાં પાંચ ઇન્દ્રિયો કાંઈક નિર્બળ તથા નિસ્તેજ થઈ જાય છે; કારણ કે, આપણે મનુષ્યો મન તથા બુદ્ધિના વિકાસમાં આપણી શક્તિનો વિશેષ પરિમાણમાં વ્યય કરીએ છીએ અને તેથી આપણા મન તથા આપણી બુદ્ધિનો જેટલા પરિમાણમાં વિકાસ થઈ શકે છે તેટલા પરિમાણમાં આપણી અન્ય ઇન્દ્રિયોનો વિકાસ થઈ શકતો નથી. પરંતુ એ પણ અહીં ધ્યાનમાં રાખવાનું છે કે એ અપૂર્ણ અભિ-વ્યક્તિ, પ્રકાશ કિંવા વિકાસ જ પ્રાકામ્યના વિકાસની અંતિમ અવ-સ્થા નથી એટલે કે સૂક્ષ્મ દેહમાં પ્રાકામ્યનો જેટલો વિકાસ થયેલો હોય છે તેટલો જ સ્થૂલ દેહમાં પણ તેનો પ્રકાશ થાય છે અને એને જ યોગથી પ્રાપ્ત થયેલી પ્રાકામ્ય નામક સિદ્ધિ કહેવામાં આવે છે.

૨

પરમેશ્વર અનંત અને અપરાહતપરાક્રમશાળી હોવાથી તેની સ્વભાવસિદ્ધ શક્તિનું ક્ષેત્ર પણ અનંત છે અને તેની ક્રિયા અપરાહત એટલે કે જેનો કોઈથી પણ વિનાશ ન કરી શકાય તેવી છે. જીવ-ઈશ્વર એટલે કે ભગવાનનો અંશ સૂક્ષ્મ દેહ તથા સ્થૂલ દેહમાં આગળ વધીને ક્રમાનુક્રમ એટલે કે ધીમે ધીમે ઈશ્વરશક્તિનો વિકાસ કરતો રહે છે. સર્વ ઇન્દ્રિયો વિશેષતઃ સ્થૂલ શરીરમાં સીમાબદ્ધ

આશ્રયને ત્યાગી દે, તો એ દિવસમાં જ મરી જાય; એટલો બધો તેમના જીવનનો એ પ્રાકામ્યપર આધાર રહેલો છે. પથ્ય શું છે, અપથ્ય શું છે, મિત્ર કોણ છે, શત્રુ કોણ છે, ક્યાં ભય રહેલો છે અને ક્યાં નિર્ભયતા રહેલી છે એ સર્વ જ્ઞાન પશુઓને પ્રાકામ્ય-દ્વારા જ પ્રાપ્ત થાય છે. એ પ્રાકામ્યદ્વારા જ શ્વાન પોતાના સ્વામીની ભાષાને ન સમજવા છતાં પણ તેના વચનના અર્થ કિંવા મનના ભાવને તત્કાળ સમજી શકે છે. એ પ્રાકામ્યદ્વારા જ, અશ્વ એક વાર જે માર્ગમાં ગયેલો હોય છે, તે માર્ગને સારી રીતે જાણી રાખે છે અને તેથી નિબિડ અંધકારમાં પણ જો તે માર્ગમાં ચાલવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો પણ તે કોઈ પણ પ્રકારના સંકોચ વિના તે માર્ગમાં ચાલ્યો જાય છે. આ સર્વ પ્રાકામ્ય ક્રિયાઓ મનની જ છે. અર્થાત્ એ મનની ક્રિયાઓના વિષયમાં તો પશુ મનુષ્ય કરતાં એક છે જ કિંબહુના પશુ પંચેન્દ્રિયોની શક્તિના વિષયમાં પણ મનુષ્યને સર્વથા પરાજિત કરી નાખે છે અને તેનું પ્રત્યક્ષ પ્રમાણ એ જ છે કે જેવી રીતે એક શ્વાન કોઈ એક વિશિષ્ટ જન્તુ કિંવા મનુષ્યની પાછળ તેના ગન્ધના આધારે કોઈ પણ પ્રકારની ભ્રાન્તિ વિના અન્ય સર્વ માર્ગોને ત્યાગીને તે વિશિષ્ટ જન્તુ કિંવા મનુષ્યના માર્ગમાં જ સો માઈલ સુધી ચાલ્યો જાય છે અને અંતે તે જન્તુ કિંવા મનુષ્યને પકડી જ પાડે છે; તેવી રીતે મનુષ્યથી કેવળ ગંધના આધારે એ કાર્ય કરી શકાય તેમ છે ખરું કે ? એ જ પ્રમાણે મનુષ્ય પશુની પેઠે ગાઢ અંધકારમાં પણ કોઈ મનુષ્યને જોવાનું સામર્થ્ય ધરાવે છે કે શું? કિંવા કેવળ શ્રવણદ્વારા જ ગુપ્ત બોલનારને પકડીને બહાર લાવવાની

• સમાન શક્તિ મનુષ્યમાં છે ખરી કે ? Tolopathy કિંવા
ને અન્ય મનુષ્યના વિચારોને જાણી લેવાની વિદ્યા કિંવા
ા વિષયની ચર્ચા કરતાં એક અંગ્રેજી સંવાદપત્ર–સમાચારપત્ર–માં
વિધાન કરવામાં આવ્યું હતું કે: "Tolopathy મનની એક
યા છે. એ પ્રક્રિયા કિંવા સિદ્ધિનો પશુઓમાં સ્વાભાવિક નિવાસ હોય

દર્શનના વર્ણનને જો કવિની કલ્પના જ કહેવામાં આવે, તો તેથી ગીતાના ગાંભીર્ય તથા સત્યત્વનો નાશ થઈ જાય તેમ છે; માત્ર એટલું જ નહિ, પણ યોગથી પ્રાપ્ત થનારી ગંભીરતમ શિક્ષા તેમ જ કેટલાંક દાર્શનિક મતો–સિદ્ધાન્તો–નો પણ કવિની કલ્પનામાં જ સમાવેશ થઇ જવાનો સંભવ છે. અર્થાત્ વિશ્વરૂપદર્શન તે કવિની કલ્પના પણ નથી અને ઉપમા પણ નથી; કિન્તુ સત્ય વસ્તુ છે અને તે પણ વળી અભિપ્રાકૃત–અર્વાચીન–સત્ય નથી; કારણ કે, વિશ્વપ્રકૃતિ અન્તર્ગત વિશ્વરૂપ અભિપ્રાકૃત હોઈ શકતું જ નથી. સારાંશ કે, એ વિશ્વરૂપ કારણજગત્ નું સત્ય છે. કારણજગતના રૂપનો દિવ્ય ચક્ષુવડે જ પ્રકાશ થાય છે અને અર્જુનને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ થયેલી હોવાથી તેણે કારણજગતના એ વિશ્વરૂપનું દર્શન કર્યું હતું.

સાકાર અને નિરાકાર

. . . જેઓ નિર્ગુણ તથા નિરાકાર બ્રહ્મના ઉપાસકો છે તેઓ ગુણ તથા આકારની કથાને રૂપક તથા ઉપમા કહીને વાયુમાં ઉડાવી દે છે; જેઓ સગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસકો છે તેઓ શાસ્ત્રની અન્ય પ્રકારની વ્યાખ્યા કરીને બ્રહ્મના નિર્ગુણત્વનો અસ્વીકાર કરે છે અને આકારની વાર્તાને રૂપક તથા ઉપમા કહીને પવનમાં ઉડાવી દે છે અને જેઓ સગુણ તથા સાકાર બ્રહ્મના ઉપાસકો છે તેઓ ઉપર્યુક્ત નિર્ગુણનિરાકારવાદી તથા સગુણનિરાકારવાદી ઉભયના શિરપર હસ્તમાં ખડ્ગને ધારણ કરીને ઊભા રહે છે. પરંતુ હું તો એ ત્રણે મતોને અત્યંત સંકીર્ણ તથા અપૂર્ણ જ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલાં માનું છું; કારણ કે, જેમણે સાકાર તથા નિરાકાર એવી રીતે દ્વિવિધ બ્રહ્મનો સાક્ષાત્કાર કરેલો છે તેઓ એકને સત્ય તરીકે સ્વીકારી અન્યને અસત્ય કલ્પના તરીકે ઓળખાવીને જ્ઞાનના અંતિમ પ્રમાણને કેવી રીતે નષ્ટ કરી શકશે અને તેમનાથી અસીમ બ્રહ્મને સીમાબદ્ધ કેવી રીતે કરી શકાશે, એ મારાથી લેશ માત્ર પણ સમજી શકાતું નથી. જે

બ્રહ્મના નિર્ગુણ તથા નિરાકારત્વનો આપણે અસ્વીકાર કરીએ, [illegible] ભગવાનને આપણે આપણું મનગમતું રમકડું બનાવીએ છીએ [illegible] જેવી રીતે સત્ય કથન છે, તેવી જ રીતે જો આપણે બ્રહ્મના સગુણ તથા સાકારત્વનો અસ્વીકાર કરીએ, તો પણ આપણે ભગવાન[illegible] આપણું મનગમતું રમકડું બનાવીને રમાડીએ છીએ, એ પણ સત[illegible] વિધાન છે. પરંતુ વસ્તુસ્થિતિ એથી સર્વથા ભિન્ન પ્રકારની છે: કાર[illegible] કે, ભગવાન્ રૂપનો કર્તા, સ્રષ્ટા તથા અધીશ્વર હોવાથી તે કોઈ પણ રૂપની સીમામાં બદ્ધ થયેલો નથી; કિન્તુ જેવી રીતે તે સાકારત્વ[illegible] બંધનથી પણ બંધાયેલો નથી તેવી જ રીતે તે નિરાકારત્વના બંધનથી પણ બંધાયેલો નથી, એ વિશિષ્ટતાપૂર્વક સ્મરણમાં રાખી લેવાનું છે. ભગવાન્ સર્વશક્તિમાન્ હોવાથી સ્થૂલ પ્રકૃતિના નિયમ કિંવા દેશ કાળના નિયમરૂપ જાળમાં તેને સપડાવવાનો પ્રયત્ન કરીને જો આપણે એમ બોલીએ કે: 'તું અનન્ત હોવાથી અમો તને સાન્ત થવા દેવાના નથી; તારી ઇચ્છા હોય તો સાન્ત એટલે કે અન્તયુક્ત થવાની ચેષ્ટા કરી જો, કારણ કે, તારાથી એ મોટા સદૃશ થવાની નથી અને તું સાન્ત થઈ શકવાનો નથી. તું અમારા તર્ક તથા અમારી યુક્તિઓના બંધનમાં જકડાયેલો હોવાથી જેવી રીતે [illegible] કેદખાનામાં સપડાયેલા [illegible] અવસ્થા થઈ હતી તેવી જ અત્યારે તારી અવસ્થા થઈ છે." તો આપણું એ આપણું [illegible] થવાનો [illegible] નથી કે શું? કારણ કે, આના જેવા [illegible] બીજો આના જેવું [illegible] [illegible] સારાંશ કે, ભગવાન [illegible] [illegible] પણ છે અને તેવી [illegible] ભગવાન્ [illegible] થઈને કોઈ પણ [illegible] [illegible] ભગવાન્ [illegible] વિરાજમાન હોય છે [illegible] [illegible] નિરાકાર નથી [illegible]

શકાય તેવો—છે, દેશ તથા કાળ તેના ખેલની સામગ્રી છે અને ભગવાન્ દેશ તથા કાળરૂપ જાળને વિસ્તારીને સર્વ ભૂતોને તેમાં સપડાવી ક્રીડા કર્યા કરે છે એટલે એ દેશકાળરૂપ જાળમાં આપણાથી ભગવાનને સપડાવી શકાય તેમ નથી. સારાંશ કે, જ્યાં સુધી આપણે તર્ક તથા દાર્શનિક યુક્તિઓનો પ્રયોગ કરીને એ અસાધ્ય કાર્યને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ ત્યાં સુધી ભગવાન્ આપણા એ જાળને દૂર ખસેડીને મૃદુ હાસ્ય કરે છે અને આપણી આગળ, પાછળ, બન્ને બાજૂ, દૂર તેમ જ ચારે દિશામાં વિશ્વરૂપ તથા વિશ્વાતીત રૂપને પ્રસારી આપણી બુદ્ધિને પરાસ્ત કિંવા પરાજિત કરી નાખે છે. અર્થાત્ જેઓ એમ કહે છે કે: "અમો તે—બ્રહ્મ—ને જાણી શક્યા છીએ;" તેઓ કાંઈ પણ જાણી શક્યા નથી અને જેઓ એમ બોલે છે કે: "અમો જાણીએ છીએ અને નથી પણ જાણતા;" તેઓ જ સત્ય જ્ઞાની છે, એ નિઃસંશય વાર્તા છે.

વિશ્વરૂપ

જેઓ શક્તિના ઉપાસક તથા કર્મયોગી છે અને યંત્રીના યંત્ર થઈને ભગવન્નિર્દિષ્ટ—ભગવાનના નિર્દેશ અનુસાર—કર્મ કરવાને આદેશાયલા તથા ઉપદેશાયલા છે, તેમની દૃષ્ટિથી વિશ્વરૂપદર્શન અત્યન્ત પ્રયોજનીય છે. જો કે તેઓ વિશ્વરૂપદર્શનથી પૂર્વે પણ ઉપદેશનો લાભ તો મેળવી શકે છે તથાપિ જ્યાં સુધી તેમને તે ઉપદેશાયલી વસ્તુના અપરોક્ષ દર્શનનો લાભ નથી મળતો ત્યાં સુધી તેમને મળેલા ઉપદેશની યથાર્થ સફળતા થઈ શકતી નથી; એટલે કે તે ઉપદેશ માત્ર રજૂ થાય છે કિન્તુ પાસ થતો નથી. સારાંશ કે, જ્યાં સુધી તેમને વિશ્વરૂપદર્શનનો લાભ નથી મળતો ત્યાં સુધીનો સમય તે તેમના કર્મશિક્ષણ તથા વિશ્વરૂપદર્શનમાટેની તૈયારીનો જ સમય હોય છે અને વિશ્વરૂપદર્શનથી તેમના કર્મનો આરંભ થાય છે. વિશ્વરૂપદર્શનનો લાભ અનેક પ્રકારે મળી શકે છે; એટલે કે,

સાધકની જેવી સાધના કિંવા સાધકનો જેવો સ્વભાવ હોય છે તદનુ-સાર તેને વિશ્વરૂપદર્શનનો લાભ મળી શકે છે. દેવી કાલિકાના વિશ્વરૂપદર્શનથી સાધક સમસ્ત વિશ્વમાં અદ્‌ભુત અને ભયાનક નારી-સ્વરૂપને જ નિરખેલું દેખે છે; અર્થાત્ સર્વત્ર એક અસંખ્યદેહયુક્ત વિરાટ નારીસ્વરૂપ વ્યાપેલું છે; તેનો નિબિડતિમિરસમાન ઘન-કૃષ્ણ કુન્તલરાશિ આકાશને આચ્છાદી રહ્યો છે; તેના રક્તલિપ્ત ખડ્‌ગની આભા નયનોને નિસ્તેજ કરતી ભીષણ નૃત્ય કરી રહી છે અને તેના વિશ્વવ્યાપક અટ્ટહાસનો અખંડ પ્રવાહ વિશ્વબ્રહ્માંડને ચૂર્ણવિચૂર્ણ કરી રહ્યો છે; એવું જ દૃશ્ય તેના જોવામાં આવે છે. સારાંશ કે, આ સર્વ કથા કવિની કલ્પના નથી તેમ જ અતિપ્રાકૃત ઉપલબ્ધિને અસંપૂર્ણ માનવભાષામાં વર્ણવવાની વિફળ ચેષ્ટા પણ નથી; કિન્તુ એ દેવી કાલિકાનો આત્મપ્રકાશ છે અને એ આપણી માતાનું સત્ય સ્વરૂપ છે. એટલે કે, જે સ્વરૂપ દિવ્ય ચક્ષુવડે જોવાયું છે તેનું જ એ અતિશયોક્તિથી રહિત અને સરળ તથા સત્ય વર્ણન છે. અર્જુને દેવી કાલિકાના વિશ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો નહોતો; કિન્તુ કાળરૂપ શ્રી કૃષ્ણના સંહારક વિશ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હતો; પરંતુ વિશ્વરૂપની દૃષ્ટિથી વિચાર કરતાં એ ઉભય સાક્ષાત્કારો એક જ પ્રકારના છે; કારણ કે, અર્જુને શ્રી કૃષ્ણના સંહારક વિશ્વરૂપનો બાહ્યજ્ઞાનહીન સમાધિમાં સાક્ષાત્કાર કર્યો નહોતો કિન્તુ દિવ્ય ચક્ષુવડે જ સાક્ષાત્કાર કર્યો હતો અને તેથી તેણે જેવો સાક્ષાત્કાર કર્યો હતો તેવું શ્રી વ્યાસદેવે અવિકલ અને અતિશયોક્તિથી રહિત યથાર્થ વર્ણન કરેલું છે. સારાંશ કે, એ સ્વપ્ન નથી અને કલ્પના પણ નથી; કિન્તુ સર્વથા સત્ય અને તે પણ જાગ્રત અને સજીવન સત્ય છે.

'ણજગત્‌નું' રૂપ

શાસ્ત્રોમાં ભગવદધિષ્ઠિત ત્રણ અવસ્થાઓનું વર્ણન જોવામાં
છે અને તે ત્રણ અવસ્થાઓના નામો આ પ્રમાણે છે: પ્રાત-

અધિદૈવ સુષુપ્તિ, તૈજસ કિંવા હિરણ્યગર્ભ—અધિદૈવ સ્વપ્ન અને વિરાટ્—અધિદૈવ જાગૃતિ. એ ત્રણ અવસ્થાઓ સુષુપ્તિ અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને જાગ્રત અવસ્થા એ પ્રમાણે ગૌણિક નામોથી પણ ઓળખાય છે. એમાંની પ્રત્યેક અવસ્થા એક એક જગત્ કિંવા વિશ્વ છે; એટલે કે, સુષુપ્તિમાં કારણજગત્નો, સ્વપ્નમાં સૂક્ષ્મ જગત્નો અને જાગૃતિમાં સ્થૂલ જગત્નો સમાવેશ થયેલો છે. અર્થાત્ કારણ-જગત્માં જેનો નિર્ણય કરાયલો હોય છે અને જે આપણા દેશ તથા કાળથી અતીત હોય છે તે સૂક્ષ્મ જગત્માં પ્રતિભાસિત થાય છે અને સ્થૂલ જગત્માં આંશિક ભાવથી સ્થૂલ જગત્ના નિયમ અનુ-સાર તે અભિનીત થાય છે એટલે કે અભિનય કરે છે. શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે: "મેં ધૃતરાષ્ટ્રના પુત્રોનો એટલે કે કૌરવોનો અત્યારપૂર્વે જ વધ કરી નાખ્યો છે;" પરંતુ જે વેળાએ શ્રી કૃષ્ણે આ પ્રમાણે કહ્યું હતું તે વેળાએ તો કે સ્થૂલ જગત્માં સર્વ કૌરવો યુદ્ધક્ષેત્રમાં અર્જુન સમક્ષ જીવતા ઊભા હતા અને યુદ્ધના કાર્યમાં પ્રવૃત્ત થયેલા હતા; તથાપિ ભગવાનનું એ કથન અસત્ય પણ નહોતું અને એ ઉપમા પણ નહોતી; કારણ કે, કારણજગત્માં ભગવાને કૌરવોનો સંહાર કરી નાખ્યો હતો અને એમ કરવાનું કારણ એ હતું કે જો કારણજગત્માં તેમનો સંહાર ન થયો હોય, તો સ્થૂલ જગત્ કિંવા આ લોકમાં તેમનો સંહાર થઈ શકે તેમ હતું જ નહિ. આપણું સત્ય જીવન તો કારણજગત્માં જ રહેલું છે અને સ્થૂલ જગત્માં તો માત્ર તેની છાયા જ પડે છે. કિન્તુ કારણજગત્નાં નિયમો, દેશ, કાળ, રૂપ અને નામ ઈત્યાદિ સર્વથા સ્વતંત્ર છે; વિશ્વરૂપ કારણજગત્નું રૂપ છે અને સ્થૂલ જગત્માં દિવ્ય ચક્ષુવડે તે પ્રકાશિત થાય છે.

દિવ્ય ચક્ષુ

દિવ્ય ચક્ષુ એટલે શું વારુ? દિવ્ય ચક્ષુ કોઈ એક કાલ્પનિક વસ્તુ નથી તેમ જ કવિની ઉપમા પણ નથી; કિન્તુ એક સર્વથા

...મ ન વસ્તુ છે. તેમના બળથી જે દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેના બે પ્રકાર છે અને તે બન્ને પ્રકાર મળીને દૃષ્ટિ, વિજ્ઞાનનું તથા દિવ્ય ચક્ષુના નામથી ઓળખાય છે. પરમ દૃષ્ટિ કે આપણું જ્ઞાનમાં વિ... અમુક અવસ્થામાં માનસિક શક્તિને ઉપયોગી છીએ, વિજ્ઞાનમયી આપણે સમાધિસ્થ થઈને પરમ જગત્ તથા કારણજગત્ અન્તર્ગત કારણજગતમાંનાં—નામ તથા રૂપની પ્રતિકૃતિને તેમ જ ભૌતિક રૂપને વિચારતામાં નિહાળીએ છીએ અને દિવ્ય ચક્ષુથી કારણજગત નાં નામરૂપનો સાક્ષાત્કાર કરીએ છીએ, નહિ જ ચક્ષુથી સમાધિમાં પણ જાગ્રતિમાં એ સાક્ષાત્કાર કરી શકાય છે તેમ જ સ્થૂલ ચક્ષુ સમક્ષ પણ કારણજગતના નામરૂપને ઉપસ્થિત થયેલાં જોઈ શકાય છે. જે વસ્તુ સ્થૂલ ઇન્દ્રિયોને અગોચર હોય તે જ વસ્તુ જો ઇન્દ્રિય-ગોચર થઈ જાય, તો તે દિવ્ય ચક્ષુનો પ્રભાવ છે, એમ જ જાણી લેવું. સારાંશ કે, અર્જુન દિવ્ય ચક્ષુના પ્રભાવથી જ પોતાની જાગ્રત અવસ્થામાં ભગવાનના કારણજગતન્તર્ગત વિશ્વરૂપનો સાક્ષાત્કાર કરીને સંદેહથી મુક્ત થયો હતો. એ વિશ્વરૂપદર્શન કદાચિત્ સ્થૂલ જગતમાંનું ઇન્દ્રિયગોચર સત્ય ન હોય, તથાપિ સ્થૂલ સત્ય કરતાં તો સત્ય જ છે; કલ્પના, અસત્ય કિંવા ઉપમા તો નથી, નથી અને નથી જ.



૧૧ સ્તવસ્તોત્ર

સાધક, સાધ્ય અને સાધન એ ત્રણ અંગોવડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું અસ્તિત્વ છે. સાધકોના સ્વભાવો ભિન્નભિન્ન હોવાથી તેમનામાટે ભિન્નભિન્ન સાધનો ઉપદેશાયલાં છે અને ભિન્ન-ન સાધનોને અનુસરીને સાધ્યો પણ ભિન્નભિન્ન થાય એ સર્વથા વિક જ છે. પરંતુ સ્થૂલ દૃષ્ટિથી એ સાધનો નાના પ્રકારનાં તાં હોવા છતાં પણ જો સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે, તો

એમ જ દેખાઈ આવે છે કે સર્વ સાધકોનું અંતિમ સાધ્ય એક જ છે અને તે એક માત્ર સાધ્ય આત્મતુષ્ટિના નામથી ઓળખાય છે. ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્યે પોતાની સહધર્મિણીને એમ જણાવ્યું હતું કેઃ "જે કાંઈ છે તે સર્વ આત્મામાટે જ છે; એટલે કે, સ્ત્રી આત્મામાટે છે, ધન આત્મામાટે છે, પ્રેમ આત્મામાટે છે, સુખ આત્મામાટે છે, દુઃખ આત્મામાટે છે, જીવન આત્મામાટે છે અને મૃત્યુ પણ આત્મામાટે જ છે;" અને તેથી જ આત્મા શો પદાર્થ છે એ પ્રશ્નની ગુરુતા તથા પ્રયોજનીયતાનો ઉદ્ભવ થયેલો છે.

અનેક વિજ્ઞ, વિદ્વાન્ તથા પંડિત પુરુષોના મુખમાંથી એવા ઉદ્ગારો નીકળતા જોવામાં આવે છે કેઃ "એ આત્મજ્ઞાનમાટે આટલી બધી માથાફોડ કરવાની આવશ્યકતા જ શી છે વારુ? અર્થાત્ આવા પ્રકારના સૂક્ષ્મ વિચારોમાં સમયનો અકારણ વ્યય કરવો એ એક પ્રકારનો ઉન્માદ છે એટલામાટે જે વિષયો સંસારમાટે ઉપયોગી થઈ પડે તેવા કિંવા પ્રયોજનીય છે તે વિષયોનો વિચાર કરવો અને માનવજાતિના કલ્યાણનો પ્રયત્ન કરવો એ જ આપણું કર્તવ્ય છે." પરંતુ કયા વિષયો સંસારમાટે ઉપયોગી થઈ પડે તેવા કિંવા પ્રયોજનીય છે અને માનવજાતિના કલ્યાણની શાથી સંભાવના છે, એ પ્રશ્નની મીમાંસાનો પણ આત્મજ્ઞાનપર જ આધાર રહેલો છે. અર્થાત્ જેવું આપણું જ્ઞાન હોય તેવું કિંવા તેટલું જ આપણું સાધ્ય હોય, તો તે સ્વાભાવિક છે. જો આપણે કેવળ આપણા પોતાના દેહને જ આત્મા તરીકે માની કિંવા સ્વીકારી લઇએ તો માત્ર દેહને સંતોષવામાટે અન્ય સર્વ વિચાર તથા વિવેચનાઓને જલાંજલિ આપીને આપણે કેવળ સ્વાર્થપરાયણ નરપિશાચ થઈ જવું પડે છે; જો કેવળ સ્ત્રીને જ આપણે આત્મવત્ જોવા માંડીએ અને સ્ત્રીની જ સેવાપૂજા કરતા રહીએ, તો તેથી આપણે સૈણ થઇને ન્યાય તથા અન્યાયનો વિચાર ન કરતાં તેના મનના સંતોષને મેળવવામાટેની જ ઇચ્છાનો

સેવા કરતા રહીએ, એ સર્વથા સ્વાભાવિક છે; એટલે કે, અન્ય જનોને દુઃખમાં નાખીને તેને સુખ આપવાનો અને અન્ય જનોનું અનિષ્ટ કરીને તેના ઈષ્ટને સાધવાનો પ્રચંડ ઉદ્યોગ આદરીએ એમાં લેશ માત્ર પણ સંશય નથી; જો આપણે કેવળ આપણા દેશને જ આત્મવત્ નિહાળતા રહીએ, તો તેથી આપણે એક પ્રચંડ દેશહિતૈષી થઈ શકીએ અને ઇતિહાસમાં અમર કીર્તિ ગણી જનાર આત્માને મેળવી શકીએ એ સર્વથા સત્ય છે; પરંતુ એથી અન્યાન્ય માનવધર્મનો પરિત્યાગ કરીને અન્ય દેશનું અકલ્યાણ, અન્ય દેશના ધનની લૂટ અને અન્ય દેશની સ્વતંત્રતાનું અપહરણ ઇત્યાદિ પાપો પણ કરવાં જ પડે છે એ પણ સર્વથા સત્ય જ છે; જો આપણે કેવળ ભગવાનને જ આત્મા પ્રમાણી લઈએ અને ભગવાનમાં જ આત્મવત્ પ્રેમ રાખતા રહીએ, તો તેના યોગે આપણે ભક્ત, યોગી તથા નિષ્કામ કર્મી થઈને જે શક્તિ સાધારણ મનુષ્યને પ્રાપ્ત નથી થતી તે અપ્રાપ્ય શક્તિ, જ્ઞાન તથા આનન્દભોગને મેળવી શકીએ અને એ જ પ્રમાણે જો આપણે કેવળ પરબ્રહ્મને જ આત્મા પ્રમાણી લઈએ તો તેના યોગે આપણને પરમ શાન્તિ તથા લયની પ્રાપ્તિ અવશ્ય થઈ શકે છે. સારાંશ કે: 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' 'જેની જેવી શ્રદ્ધા હોય છે તે તદ્રૂપ જ થાય છે.' માનવજાતિ ચિરકાલ સાધના કરતી આવી છે અને પ્રથમ ક્ષુદ્ર સાધ્યને સાધી, ત્યારપછી તેનાથી કાંઈક મહત્ સાધ્યને સિદ્ધ કરી અંતે સર્વથી ઉચ્ચ પરાત્પર સાધ્યને સાધી પોતાના ગંતવ્ય સ્થાન શ્રી હરિના પરમધામને પ્રાપ્ત થતી જાય છે. એક યુગ એવો પણ હતો કે જે યુગમાં માનવજાતિ કેવળ શરીરની જ સાધના કરતી હતી એટલે કે શરીરસાધના એ જ તે કાળનો યુગધર્મ હતો અને તેથી અન્ય ધર્મનો પરિત્યાગ કરીને પણ તે સમયમાં શરીરની સાધના કરવી એ શ્રેયસ્કર માર્ગ મનાતો હતો; કારણ કે, જો એમ ન થયું હોત, તો જે શરીર ધર્મસાધનાના ઉપાયરૂપ તથા પ્રતિષ્ઠારૂપ છે તે શરીર આટલી સીમા

એ જ છે કે એક સહસ્ર–હજાર–મનુષ્યોમાં માત્ર દશ મનુષ્યો જ અસાધારણ હોય છે અને એ અસાધારણ દશ મનુષ્યોમાંનો બહુધા એક મનુષ્ય જ પોતાના પ્રયત્નમાં કૃતકાર્ય થઇ શકે છે. મારા કર્મક્ષેત્રમાં મને સફળતા મળશે કે કેમ એનો આધાર દૂરના ભવિષ્યકાળપર રહેલો છે અને અત્યારે તો મારી એવી અવસ્થા છે કે મારાથી અદ્યાપિ કર્મક્ષેત્રમાં સંપૂર્ણ ભાવથી પ્રવેશ પણ કરી શકાયો નથી એટલામાટે અત્યારે તો લોકો મને એક પાગલ તરીકે જ ઓળખશે એ સર્વથા નિર્વિવાદ છે.

એક પાગલ પુરુષને પાલે પડવું એટલે કે એક પાગલ પુરુષની પત્ની થવું એ પ્રમદા કિંવા સ્ત્રીમાટે અતિશય અમંગળ છે અને તેનું કારણ એ છે કે નારીજાતિના જીવનની સર્વ આશાઓ કેવળ સાંસારિક સુખદુઃખોમાં જ સીમાબદ્ધ થયેલી હોય છે અને પાગલ પોતાની પત્નીને સુખ નથી આપતો કિન્તુ દુઃખ જ દેતો રહે છે. હિન્દુધર્મના પ્રણેતાઓ આ રહસ્યને સારી રીતે સમજી શક્યા હતા અને તેથી તેઓ કોઈ પણ મનુષ્યની અસાધારણ ચરિત્રશીલતા, અસાધારણ ચેષ્ટા તથા અસાધારણ આશા કિંવા આકાંક્ષાને અતિશય માનની દૃષ્ટિથી જોતા હતા અને તેથી તે મનુષ્ય પાગલ હોય કિંવા મહાપુરુષ હોય તથાપિ જો તે અસાધારણ મનુષ્ય હોય તો તેનામાં અવશ્ય તેઓ પૂજ્યભાવ રાખતા હતા. પરંતુ પોતાના પતિના આવા પ્રકારના જીવનથી નારીના જીવનની જે દુર્દશા થાય છે તે દુર્દશાનિ નિવારવાનો શો ઉપાય કરવો વારૂ? આવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે અને આપણા ઋષિઓએ એ ઉપાયની વ્યવસ્થા પણ કરેલી છે. અર્થાત્ આપણા ઋષિઓએ નારીજાતિને એવો ઉપદેશ આપેલો છે " જે અનેક મંત્રો અસ્તિત્વ ધરાવે છે તે મંત્રોમાંનો 'પતિઃ '–'પતિ જ પરમ ગુરુ છે:' એ જ નારીજાતિનો એક ... જ તારે જપવાનું છે. સ્ત્રી પોતાના સ્વામીની



૧

તા. ૩૦મી ઑગસ્ટ ૧૯૦૪

મા મૃણાલિની,

તારૂં તા. ૨૪મી ઑગસ્ટનું પત્ર મળ્યું. તારાં માતાપિતાના હૃદયમાં અત્યારે એક નવીન દુઃખનો આઘાત થયો છે, એ સાંભળીને હું પણ અતિશય શોકાતુર થયો છું; પરંતુ કયા પુત્રનો પરલોકવાસ થયો છે તે તેં જણાવ્યું નથી. દુઃખના આગમનથી હૃદયમાં શોકનો આઘાત થાય છે એ સત્ય છે; પરંતુ સંસારમાં સુખને શોધવા જતાં તે સુખના મધ્યમાં જ દુઃખ દૃષ્ટિગોચર છે; અર્થાત્ દુઃખ નિરન્તર સુખ સાથે જોડાયલું જ રહે છે એટલામાટે સંસારમાં સર્વથા દુઃખના અંશથી રહિત કેવળ સુખની આશા રાખી શકાતી જ નથી. આ નિયમ માત્ર પુત્રકામનાના સંબંધમાં જ લાગૂ પડે છે એમ નથી; કિન્તુ સર્વ સાંસારિક કામનાઓનું એ જ ફળ કિંવા પરિણામ થાય છે. સારાંશ કે, વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવાથી ધીર ચિત્તવડે સર્વ સુખો તથા દુઃખોને ભગવાન્‌નાં ચરણોમાં સમર્પી દેવાં એ જ મનુષ્યના સુખનો એક માત્ર માર્ગ કિંવા ઉપાય છે.

તારા પત્રમાં તેં વીસ રૂપિયા નહિ, પણ દશ રૂપિયા મોકલવાનું જ લખ્યું છે; છતાં તને પંદર રૂપિયાની આવશ્યકતા હશે તો હું પંદર રૂપિયા મોકલીશ. આ મહિનામાં સરોજિનીએ તારામાટે દાર્જીલિંગનું જે કાપડ ખરીદેલું છે તેની કીમતના રૂપિયા મેં મોકલી દીધા છે. બાકી ત્રણ કે ચાર રૂપિયાની આવશ્યકતા રહેશે તે હું આવતા મહિનામાં મોકલીશ. અર્થાત્ આ વેળાએ તને બધા મળીને વીસ રૂપિયા હું મોકલીશ.

કેટલાક માને છે કે એ [illegible] [illegible] છે તે [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] મનોભાવ, [illegible] તથા [illegible] [illegible] છે. [illegible] [illegible] સામાન્ય [illegible] [illegible] તથા અસામાન્ય–અસાધારણ એ, [illegible] [illegible] [illegible] ધારણ મત, અસાધારણ [illegible] [illegible] [illegible] સામાન્ય મનુષ્યો અસા- [illegible] ચમત્કારો જે [illegible] આગળ છે [illegible] અસાધારણ [illegible] [illegible] નથી; અર્થાત્ એ સર્વ અસાધારણ [illegible] નથી [illegible] એમ સમજવા યોગ્ય છે. જો કે એ [illegible] અસાધારણ બાબતો તેઓ પાગલપણું+ [illegible] કહે છે અને એ [illegible] અસાધારણ બાબતો તેઓ પાગ- પાગલ કરીને ગણેલ છે. તથાપિ જો એવા પાગલોને પોતાના અસા- ધારણ કર્મોમાં મહાનતાની પ્રાપ્તિ થાય છે એટલે પછી તે સાધારણ લોકો તેને પાગલ ન કહેતા પ્રતિભાસંપન્ન મહાપુરુષ તરીકે જ ઓળ- ખવા માંડે છે. ત્યારે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એવા કેટલાક મનુષ્યોની આવી ચેષ્ટા ગ્રહણ થઈ શકે છે? એ પ્રશ્નનું ઉત્તર

+ પાગલ શબ્દનો ઉન્મત્ત, પ્રમત્ત કિંવા દીવાનો કે ગાંડો એ [illegible]અર્થમાં પ્રયોગ થાય છે. પાગલ શબ્દ ઉર્દૂ ભાષામાં વારંવાર વપરાતો [illegible] હોવાથી કેટલાક લોકોની એવી માન્યતા થયેલી છે કે એ શબ્દ મૂળ [illegible] અરબી કિંવા ફારસી ભાષાનો છે; પરંતુ તેમની એ માન્યતા ભ્રમમૂલક [illegible] કારણ કે, એ શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને 'पा गल् अच्' [illegible]ની વ્યુત્પત્તિ છે ફોર્બ્સ સાહેબે પોતાના "Hindastai Dictionary" શબ્દકોષમાં એ શબ્દને હિન્દુસ્તાની શબ્દ તરીકે ઓળખાવેલો છે, [illegible]ના સંસ્કૃત ભાષા વિષયક અજ્ઞાનનું જ પરિણામ છે.

અનુવાદક

એ જ છે કે એક મહાન-ઉન્નત-અનુભવોમાં કામ કરતા મનુષ્યો જ અસાધારણ હોય છે અને એ અસાધારણ કાર્ય અનુભવોથી અદ્ભુત એક મનુષ્ય જ પોતાના પ્રયત્નમાં કૃતાર્થ થઈ શકે છે. આજ કર્મ-ક્ષેત્રમાં અને શત્રુના આગળ કેમ એવો વ્યવહાર કરતા અવિશ્વાસ-પર રહેવું છે અને અત્યારે તો ખાસી કેવી અવસ્થા છે કે જ્યારથી અદ્યાપિ કર્મક્ષેત્રમાં મેળવું આવથી પ્રયત્ન પણ કરી શકાય નહી એટલામાટે અત્યારે તો સંત અને એક પાગલ સરીખા જ એકાગ્રપણે એ સર્વથા નિર્વિવાદ છે.

એક પાગલ પુરુષને પાલે પડવું એટલે કે એક પાગલ પુરુષની પત્ની થવું એ પ્રમાદ કિંવા સ્ત્રીમાટે અતિશય અમંગળ છે અને તેનું કારણ એ છે કે નારીજાતિના જીવનની સર્વ આશાઓ કેવળ સાંસારિક સુખદુઃખોમાં જ સીમાબદ્ધ થયેલી હોય છે અને પાગલ પોતાની પત્નીને સુખ નથી આપતો કિન્તુ દુઃખ જ દેતો રહે છે. હિન્દુધર્મના પ્રણેતાઓ આ રહસ્યને સારી રીતે સમજી શક્યા હતા અને તેથી તેઓ કોઈ પણ મનુષ્યની અસાધારણ ચરિત્રશીલતા, અસાધારણ ચેષ્ટા તથા અસાધારણ આશા કિંવા આકાંક્ષાને અતિશય માનની દૃષ્ટિથી જોતા હતા અને તેથી તે મનુષ્ય પાગલ હોય કિંવા મહાપુરુષ હોય તથાપિ જો તે અસાધારણ મનુષ્ય હોય તો તેનામાં અવશ્ય તેઓ પૂજ્યભાવ રાખતા હતા. પરંતુ પોતાના પતિના આવા પ્રકારના જીવનથી નારીના જીવનની જે દુર્દશા થાય છે તે દુર્દશાને નિવારવાનો શો ઉપાય કરવો વારુ? આવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે અને આપણા ઋષિઓએ એ ઉપાયની વ્યવસ્થા પણ કરેલી છે. અર્થાત્ આપણા ઋષિઓએ નારીજાતિને એવો ઉપદેશ આપેલો છે કે: "જે અનેક મંત્રો અસ્તિત્વ ધરાવે છે તે મંત્રોમાંનો '**પતિઃ પરમો ગુરુઃ**'—'પતિ જ પરમ ગુરુ છે;' એ જ નારીજાતિનો એક માત્ર મંત્ર છે, એમ જ તારે જાણવાનું છે. સ્ત્રી પોતાના સ્વામીની

સહધર્મિણી હોવાથી સ્વામીએ જે કાર્યનો સ્વધર્મ તરીકે સ્વીકા
હોય તે કાર્યમાં સ્વામીને પોતાથી ... તેટલી
આપવી, યોગ્ય મંત્રણા આપવી, તેના ... ગ્રહિ કર
જ પરમેશ્વર માનવો ... સુખ ... તેન
દુ:ખનો અનુભવ ક ... સહ ... મ
સારાંશ કે, કાર્યને પ ... પુરુ ... છે
કાર્યમાં સહાયતા આ ...
પત્ની—નો અધિકાર છ ... પાર

હવે અહીં પ્રશ્ન
માર્ગમાં ચાલીશ કે નહી
પાગલ પુરુષ સાથે તારે
કર્મદોષનું ફળ છે. પોતાના
કરી નાખવી એ ઈશ્વરકર
વારુ ! શું તું પણ બીજા સ
એક અસાધારણ પુરુષને—પોન
શ ! ને તારી એવી જ ધારણ
નથી; કારણ કે,
નો જ
ને

આ
પાછો જ

+ ... શબ્દ
પ્રાત:સ્મરણીય ...
વિના શબ્દ ...
પવિત્ર ... શરીને ...

પોતાના પાગલ પતિને ઉપયુક્ત થનારી પાગલી થવામાટેનો પ્રયત્ન આદરવાનો વિચાર છે? તેં ભલે એક હજાર *બ્રાહ્મ પાઠશાળાઓમાં વિદ્યાભ્યાસ કર્યો હોય, તથાપિ તું એક હિન્દુ ગૃહની કન્યા છે, હિન્દુ પૂર્વજોનું રક્ત તારા શરીરની પ્રત્યેક શિરામાં વહન કરી રહ્યું છે અને તેથી તું શેષોક્ત એટલે કે પોતાના પાગલ પતિ પાછળ પાગલી થવાના માર્ગને જ સ્વીકારીશ એવો મારો નિઃસંદિગ્ધ અને દૃઢ નિશ્ચય છે.

બાંધી લીધી હતી. જ્યારે પોતાની પુત્રવધૂ સતી સાવિત્રીના પવિત્ર હસ્તના સ્પર્શથી રાજા દ્યુમ્નસેનની અંધતાનો અંત થતાં તેને દૃષ્ટિની પ્રાપ્તિ થઈ થઈ હતી ત્યારે જ તેની સાધ્વી મહિષીએ પણ પોતાનાં નેત્રોપર બાંધી રાખેલા પાટાને દૂર કર્યો હતો. પત્નીની આવી અલૌકિક તથા અનન્ય પતિ-પરાયણતા અને પતિભક્તિનાં પ્રત્યક્ષ ઉદાહરણો બ્રહ્મભૂમિ ભારતવર્ષ વિના અન્ય કોઈ પણ દેશમાં મળી જાય તેમ છે જ નહિ. ધન્ય છે ભારતવર્ષને કે જે દેશ આવી ભદ્ર નારીઓના અવતારથી પુનીત થયો છે!

* બ્રાહ્મ પાઠશાળા એટલે બ્રહ્મસમાજસંસ્થાપિત પાઠશાળા. બ્રાહ્મ ધર્મ કિંવા બ્રહ્મસમાજ આધુનિક પાશ્ચાત્ય સભ્યતા અનુસાર સ્થપાયેલો એક નવીન ધર્મ હોવાથી અને તેમાં સનાતન આર્યધર્મને વિઘાતક થઈ પડે તેવાં અનેક તત્ત્વો હોવાથી અહીં શ્રી અરવિન્દ બાબૂએ એ ભાવને દર્શાવવામાટે જ બ્રાહ્મ પાઠશાળાઓનો ઉલ્લેખ કરેલો છે; કારણ કે, તેમનાં સહધર્મિણી મૃણાલિનીએ પોતાના પિતા પાસેથી બંગાળી તથા અંગ્રેજી ભાષાનું અમુક સીમા પર્યન્ત શિક્ષણ મેળવ્યા પછી કલકત્તામાં બ્રહ્મસમાજ-સંસ્થાપિત પાઠશાળા-સ્કૂલ-માં પણ વિદ્યાભ્યાસ કર્યો હતો અને તેથી કદાચિત્ તેના મનમાં આર્યધર્મથી વિરુદ્ધ ભાવનાઓ ઠસી ગઈ હોય, તો તે વિપરીત ભાવનાઓને કાઢી નાખવામાટેની શ્રી અરવિન્દ બાબૂએ તેના આર્યપુત્રીત્વની પ્રશંસાના રૂપમાં એક અતિશય કોમળ તથા માર્મિક સૂચના આપવાના આ માર્ગને યોગ્ય માન્યો છે અને તે યોગ્ય જ છે.

અનુવાદક

મારી પાગલના ત્રણ પ્રકારની છે. એમાંની પ્રથમ પાગલ
છે કે, મનુષ્યને ભગવાને જે ગુણ, જે પ્રતિભા, જે ઉચ્ચ શિક્ષ
વિદ્યા અને જે ધન આદિ અનુત્તમ વસ્તુઓ આપી છે તે સર્વ વ
ભગવાનની જ છે અને તેથી પોતાના પરિવારના ભરણપોષ
જેટલા ધન આદિની અનિવાર્ય આવશ્યકતા હોય અને જેના
ન જ ચાલી શકે તેમ હોય તેટલા જ ધન ઇત્યાદિનો વ્યય કર
મનુષ્યનો અધિકાર છે અને તેથી તેટલા ધનને બાદ કરતાં જે
અવશિષ્ટ રહે તે ભગવાનને પાછું આપી દેવું જોઇએ, એવી મારી
વિશ્વાસપૂર્ણ માન્યતા છે: કારણ કે, જો આપણે આપણને
થયેલા ધન ઇત્યાદિનો સર્વાંશે આપણા પોતાના જ સુખ તથા વિ
માટે વ્યય કરી નાખીએ, તો આપણે ચોર છીએ અને હિન્દુધ
શાસ્ત્ર પણ એમ જ કહે છે કે: 'જે મનુષ્ય ભગવાન્ પાસેથી લી
ધન ભગવાનને પાછું ન આપે, તે ચોર છે.' અત્યાર સુધી તો
ભગવાનને માત્ર બે આના આપી ચૌદ આના મારા પોતાના સુ
માટે ખર્ચી હિસાબને ચૂકતો કરીને સાંસારિક સુખમાં જ મચી ર
રહ્યો છું. અર્થાત્ મારા જીવનનો અર્ધ ભાગ તો વ્યર્થ ચાલ્યો ગ
છે: કારણ કે, પશુ પણ પોતાનું તથા પોતાના પરિવારનું ઉદર ભરી
કૃતાર્થ થાય છે એટલે જો હું મારું તથા મારા પરિવારનું ઉદ
ભરીને કૃતાર્થ થાઉં, તો પશુ કરતાં મારું વિશેષ મહત્ત્વ શું વાર?

હું આટલા દિવસ પશુવૃત્તિ તથા ચૌર્યવૃત્તિ કરતો આવ્યો છું
એ હવે હું જાણી ચૂક્યો છું અને મારી એ ન્યૂનતાને જાણી લીધા
પછી મારા હૃદયમાં અનુતાપ થયો છે; માત્ર એટલું જ નહિ, પણ
મારા પોતાના ઉપર જ મને ઘૃણા થવા માંડી છે. અર્થાત્ મારા હાથથી
આ પાપ થયું છે અને હવે એ પાપ કરવાની મારી ઇચ્છા ન હોવાથી
હવે પછીના અવશિષ્ટ જીવન પ્રાયશ્ચિત્તને માટે મેં એ પાપને ત્યાગી દીધું
ભગવાનનું ધન ભગવાનને પાછું આપવું એનો શો અર્થ છે

કેવળ જો એમ પૂછવામાં આવે, તો તેનો અર્થ એટલો જ સમજ-વાનો છે કે અનિવાર્ય આવશ્યકતાને પૂરી કરતાં જે ધન અવશિષ્ટ રહે તેનો ધર્મના કાર્યમાં વ્યય કરી નાખવો. જો કદાચ મેં સહોદરિની અથવા ઉષાને આપ્યા છે તે વિષયમાટે કોઈ પણ પ્રકારના અનુ-તાપને હૃદયમાં સ્થાન આપવાની કદી પણ આવશ્યકતા નથી; કારણ કે, પરોપકાર ધર્મ છે અને આશ્રિત જનોની રક્ષા કરવી એ મહાધર્મ છે. તથાપિ કેવળ બંધુ તથા ભગિનીને જ આપવાથી હિસાબ ચૂકતો કરી શકાતો નથી; કારણ કે, અત્યારના દુઃસમયમાં સમસ્ત દેશ આ-શ્રિતના રૂપમાં મારા દ્વારમાં આવીને ઉભેલો છે; મારા ત્રીસ કરોડ બંધુ તથા ભગિની આ દેશમાં વસે છે અને તેમનામાંનાં અનેક બંધુ-ભગિની નિત્ય આહાર વિના મરી જાય છે તથા તેમની અધિક સંખ્યા કષ્ટ તથા દુઃખથી જર્જરિત થઈને બળાત્કારે પોતાના જીવનને ટકાવી રહેલી દેખાય છે એટલામાટે તેમનું કલ્યાણ કરવાની સર્વથી પ્રથમ આવશ્યકતા છે.

ત્યારે કહે કે આ વિષયમાં તું મારી સહધર્મિણી થઈશ ખરી કે? કેવળ એક સાધારણ મનુષ્ય પ્રમાણે સાધારણ આહાર કરવો, સાધારણ સાદાં વસ્ત્રો પહેરવાં અને જે વસ્તુની ખરેખરી આવશ્યકતા હોય તે જ વસ્તુને ખરીદવી; એટલે કે એટલી આવશ્યકતાઓને પહોંચી વળતાં જે કાંઈ બચે તે સર્વ ભગવાનને આપી દેવું એવી મારી ઇચ્છા હોવાથી જો તું સંમતિ આપે અને તારાથી ત્યાગનો સ્વીકાર કરી શકાય, તો મારી આ અભિલાષા તત્કાળ પૂર્ણ થઈ શકે તેમ છે. તેં એક વાર કહ્યું હતું કે: 'મારી તો કશી ઉન્નતિ જ ન થઈ!* અને

* શ્રી અરવિન્દપત્નીના આ વાક્યમાં સાધારણ સ્ત્રીજાતિના સ્વભાવ અનુસાર 'તમને પરણીને મેં તો કાંઈ સુખ લેયું જ નહિ!' અથવા 'તમને પરણીને મારો તો કશો પણ દહાડો ન વળ્યો!' એવા પ્રકારનો જ ભાવ સમા-યલો છે અને અરવિન્દ બાબૂના ઉપદેશનું એ જ કારણ છે.

અનુવાદક

તેથી મેં તને આજે ઉન્નતિનો માર્ગ બતાવી દીધો છે, તો તું ઉન્નતિના એ માર્ગમાં પ્રયાણ કરીશ કે કેમ!

મારી જે બીજી પાગલપના ભાવ હૃદયમાં વ્યાપી રહી છે તે એ છે કે કોઈ પણ પ્રયત્ન કિંવા કોઈ પણ ઉપાયે મારે ભગવાનના સાક્ષાત્ દર્શનનો લાભ તો મેળવવો જ છે. આજકાલના ધર્મનો વાતવાતમાં મુખથી ભગવાનના નામને ઉચ્ચારવામાં, સર્વ જનો સમક્ષ પ્રભુપ્રાર્થના કરવામાં અને એમ કરીને પોતાને ધાર્મિક તરીકે ઓળખાવવામાં જ સમાવેશ થયેલો છે; પરંતુ એમ કરવાની મારી ભાવના નથી અને એવા ધર્મના ઢોંગને હું ઇચ્છતો પણ નથી. અર્થાત્ જો ઇશ્વર હોય તો તેના અસ્તિત્વના અનુભવનો અને તેની સાથે સાક્ષાત્કાર કરવાનો અવશ્ય કોઈ પણ એક માર્ગ હોવો જ જોઇએ અને તે માર્ગ ગમે તેવો તથા ગમે તેટલો દુર્ગમ હોય તો પણ મેં તે માર્ગમાં ચાલવાનો અને આગળ વધવાનો મારા અંતઃકરણમાં દૃઢ સંકલ્પ કરી લીધો છે. હિન્દુધર્મ કહે છે કેઃ 'ભગવાનના સાક્ષાત્કારનો એ માર્ગ મનુષ્યના શરીરમાં તથા મનુષ્યના મનમાં જ રહેલો છે;' માત્ર એટલું જ નહિ, પણ હિન્દુધર્મે ભગવત્સાક્ષાત્કારના એ માર્ગમાં ચાલવાના નિયમો પણ દર્શાવેલા છે. એ સર્વ નિયમોના પાલનનો આરંભ કર્યા પછી એક માસ જેટલા અલ્પ કાલાવધિમાં જ મને એવો અનુભવ થયો છે કે હિન્દુધર્મનું કથન અસત્ય કિંવા મિથ્યા નથી; કારણ કે, તેમાં એ માર્ગનાં જે જે ચિન્હોનો નિર્દેશ કરાયલો છે તે સર્વ ચિન્હો અત્યારે મારા અનુભવમાં આવ્યાં કરે છે. મારી તો એવી જ ઇચ્છા રહે છે કે તને પણ એ જ માર્ગમાં મારી સાથે લઈ જવી; તથાપિ તારામાં એ માર્ગમાં ચાલવામાટે જેટલા જ્ઞાનની આવશ્યકતા છે તેટલા જ્ઞાનનો આવિર્ભાવ થયેલો ન હોવાથી તારાથી [illegible] મારી સાથે સાથે તો નહિ જ ચાલી શકાય; પરંતુ મારી પાછળ આવતાં તને કોઈ પણ પ્રકારની બાધા થવાની નથી. માર્ગમાં ચાલતાં સિદ્ધિ તો સર્વને મળી શકે છે; પરંતુ એ માર્ગમાં

પ્રવેશ પોતાની ઈચ્છાથી જ કરી શકાય છે એટલે તને તારો હાથ ઝાલીને એ માર્ગમાં કોઈથી લઈ જઈ શકાય તેમ નથી. સારાંશ કે, જો મારી સાથે એ માર્ગમાં પ્રવેશ કરવાની તારી અભિલાષા હશે, તો એ વિષય વિશે હું હજી પણ કાંઈક વિશેષ લખી મોકલીશ.

મારી ત્રીજી પાગલતા એ છે કે અન્ય લોકો જે સ્વદેશને એક જડ પદાર્થ એટલે કે મયદાન, ક્ષેત્ર, વન, પર્વત તથા નદી ઈત્યાદિના એક સમુદાય તરીકે જાણે છે તે જ સ્વદેશ કિંવા દેશભૂમિને હું મારી જન્મદાત્રી માતા તરીકે ઓળખનો અથવા માનતો હોવાથી તેનામાં ભક્તિભાવ પણ રાખું છું અને તેની પૂજા પણ કરું છું. જો માતાની છાતીપર બેસીને કોઈ રાક્ષસ તેના રક્તનું પાન કરતો હોય, તો તે વેળાયે તે માતાનો પુત્ર શું કરે છે વારૂ? શું તે પુત્ર તે વેળાયે નિશ્ચિન્ત ભાવ અને શાન્તિથી ભોજનના કાર્યમાં પ્રવૃત્ત થાય છે કિંવા પોતાની પત્ની તથા પોતાના પુત્ર સાથે આમોદ પ્રમોદ કરતો બેસી છે? નહિ, કદાપિ નહિ; કારણ કે, તે તો તે વેળાયે રાક્ષસના હસ્તમાંથી પોતાની માતાનો ઉદ્ધાર કરવાને જ દોડી જાય છે. મારી એવી દૃઢ માન્યતા છે કે જેનાથી આપણી આ પતિત જાતિનો ઉદ્ધાર કરી શકાય તેમ છે તે બળ મારી ભુજા*માં છે અને એ બળ તે જ્ઞાનનું બળ છે; શારીરિક બળ નથી; કારણ કે, હું કાંઈ શસ્ત્રાસ્ત્ર-તલ્વાર બન્દૂક આદિ-ને હસ્તમાં ધારીને યુદ્ધ કરવા નથી જતો; કિન્તુ મારું યુદ્ધ જ્ઞાનના બળથી જ ચાલે છે. અર્થાત્ ક્ષાત્રતેજ જ એક માત્ર તેજ નથી; કિન્તુ બ્રહ્મતેજ પણ એક વસ્તુ છે અને તે બ્રહ્મતેજ જ્ઞાન ઉપર જ પ્રતિષ્ઠિત છે. આ ભાવ નવીન નથી તેમ જ આજ-

* અહીં મૂળમાં 'તે બળ મારાં ચરણોમાં છે;' એવા આશયનું વાક્ય છે; પરંતુ અનુવાદમાં 'ચરણો' શબ્દના સ્થાનમાં 'ભુજ' શબ્દની યોજના એટલામાટે કરી છે કે શક્તિનું મુખ્ય સ્થાન બાહુ કિંવા ભુજ જ છે.

અનુવાદક

કાલનો પણ નથી; કિન્તુ એ ભાવ સહિત જ હું જન્મ્યો હતો, અત્યારે એ ભાવ મારી મજ્જામાં વ્યાપેલો છે અને ભગવાને એ જ મહાવ્રતની સાધનામાટે મને આ પૃથ્વીમાં પાડ્યો છે. મારી ચૌદ વર્ષની અવસ્થામાં એ બીજમાંથી અંકુરનો ઉદ્ભવ થવા માંડ્યો હતો અને મારી અઢાર વર્ષની અવસ્થામાં તે અંકુરની પ્રતિષ્ઠા દઢ તથા અચલ થઇ હતી. તેં ન–માસીની વાતને સાંભળીને એમ માની લીધું હતું કે: "કોઈ દુષ્ટ મનુષ્ય મારા સરળ તથા ભલા સ્વામીને કુમાર્ગમાં ખેંચી ગયો છે;" પરંતુ તારી એ માન્યતા પ્રમાદમૂલક છે; કારણ કે, વસ્તુસ્થિતિ એવી છે કે તારા સરળ તથા ભલા સ્વામીએ જ માત્ર તે દુષ્ટ મનુષ્યને એકલાને જ નહિ, કિન્તુ એવા શતાવધિ મનુષ્યોને એ માર્ગમાં–પછી એ માર્ગ કુમાર્ગ હોય કે સુમાર્ગ હોય–માં પ્રવેશ કરાવ્યો છે અને હજી પણ તે એવા સહસ્રાવધિ મનુષ્યોને એ માર્ગમાં પ્રવેશ કરાવશે, એમાં લેશ માત્ર પણ સંદેહ નથી. હું કહીશ તો જ કાર્યસિદ્ધિ થશે, એમ હું નથી કહેતો; પરંતુ કાર્યસિદ્ધિ થશે તો અવશ્ય એ સર્વથા નિર્વિવાદ છે.

ત્યારે હવે કહે કે આ વિષયમાં તારી ઇચ્છા શું કરવાની છે! શ્રી સ્વામીની શક્તિ મનાય છે, તો તું ઉષાની શિષ્યા થઇને સાદેશ-પૂજા તથા સાદેશમંત્રનો જાપ કરીશ, ઉદાસીન થઇને સ્વામીની શક્તિનો હ્રાસ કરીશ કે સહાનુભૂતિ દર્શાવીને સ્વામીના ઉત્સાહને દ્વિગુણિત કરીશ? મારા આ પ્રશ્નના ઉત્તરમાં તું કદાચિત્ એમ કહીશ કે: 'આવાં મહત્ત્વપૂર્ણ કાર્યોમાં–મહત્ કાર્યોમાં–મારા જેવી એક સામાન્ય અબળાથી શો ભાગ લઈ શકાય વારુ? કારણ કે; મારામાં મનોબળ પણ નથી અને બુદ્ધિનો પણ અભાવ છે એટલે મારામાટે તો આ વિષયનો વિચાર પણ ભયંકર થઈ પડે તેમ છે.' પરંતુ એ ભય જેવા વિઘ્નના નિવારણનો એક મહાન્ ઉપાય છે અને તે એ જ કે ભગવાનના આશ્રયને સ્વીકારી લે અને ઇશ્વરપ્રાપ્તિના માર્ગમાં એક વાર પ્રવેશ કર એટલે તારામાં જે વસ્તુનો અભાવ હશે તે વસ્તુની

ભગવાન્ તને પ્રાપ્તિ કરાવી દેશે; કારણ કે, જે મનુષ્ય ભગવાનના આશ્રયને સ્વીકારી લે છે, તે મનુષ્યની ભીતિ ધીમે ધીમે તેનાથી દૂર થતી જાય છે. જો તારાથી મારામાં વિશ્વાસ રાખી શકાતો હોય અને દશ મનુષ્યોની વાતો ન સાંભળતાં તું કેવળ મારા વચનને જ લક્ષપૂર્વક સાંભળવાને તત્પર હોય, તો હું તને મારું બળ કિંવા મારી શક્તિ આપવાને પણ સમર્થ છું; કારણ કે, એથી મારા બળની હાનિ નહિ, કિન્તુ વૃદ્ધિ થવાનો જ સંભવ છે. હું સ્ત્રીને સ્વામીની શક્તિ કહું છું એનો અર્થ એ છે કે સ્વામી સ્ત્રીમાં પોતાની પ્રતિમૂર્તિને જોઈને તેની પાસેથી પોતાની મદદની આકાંક્ષાના પ્રતિધ્વનિને પ્રાપ્ત કરી દ્વિગુણ શક્તિને મેળવી શકે છે.

તું શા માટે હંમેશાં અત્યારના તારા જે વિચારો કિંવા ભાવો છે તે જ વિચારો કિંવા ભાવોને આધીન રહીશ કે શું! હું ઉત્તમ વસ્ત્રો પરિધાન કરીશ, ઉત્તમ ભોજન આરોગીશ, હસીશ, નાચીશ અને જેટલાં ભોગવી શકાશે તેટલાં સુખો ભોગવીશ, એ મનની અવસ્થા તે ઉત્તમ અવસ્થા નથી. આજકાલ આપણા દેશની સ્ત્રીજાતિના હૃદયને એ જ [illegible] નથી; અત્યંત દેહ—લાલસા—આકારને ધારી [illegible] છે. તું તારા પોતાના જીવનના એ [illegible] તથા અત્યંત દેહ આકારને ત્યાગી દે અને [illegible] એટલે આપણે આ જગતમાં ભગવાનનું જે કાર્ય કરવા માટે આવેલાં છીએ તે કાર્યનો આરંભ કરી દઈએ.

[illegible]

એકાગ્રતા પણ નથી થતી. અર્થાત્ તારે પોતાના સ્વભાવને સુધારવો પડશે, એક જ મનુષ્યની વાત સાંભળીને જ્ઞાનનો સંચય કરવો પડશે, એક લક્ષ્ય રાખીને અવિચળ ચિત્તથી કાર્યની સાધના કરવી પડશે અને લોકોની નિન્દા તથા લોકોના ઉપહાસને તુચ્છ માનીને ભક્તિને સ્થિર રાખવી પડશે; તો જ તારી સત્ય ઉન્નતિ થવાનો સંભવ છે.

તારામાં એક બીજો પણ દોષ રહેલો છે; પરંતુ તે તારા સ્વભાવનો દોષ નથી, કિન્તુ કાળ અથવા સમયનો જ દોષ છે. બંગદેશ-બંગાળા-માં કાળ એવા પ્રકારનો આવ્યો છે કે લોકો ગંભીર વાર્તા પણ ગંભીર ભાવથી સાંભળી શકતા નથી; એટલે કે, ધર્મ, પરોપકાર, મહતી આકાંક્ષા, મહાન્ પ્રયત્ન અને દેશોદ્ધાર આદિ જે ગંભીર, ઉચ્ચ તથા મહાન્ વિષયો છે તે મહાન્ વિષયોને પણ લોકો ઉપહાસ કરીને હાસ્યમાં જ ઉડાવી દે છે. તેં બ્રાહ્મ પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરેલો હોવાથી તારામાં પણ એ દોષે કેટલાક પરિમાણમાં પ્રવેશ કરેલો છે; કિંબહુના આપણે સર્વ એ દોષથી દૂષિત થયેલા છીએ અને દેવગૃહ-દેવઘર-ના લોકોમાં તો એ દોષની આશ્ચર્યકારક વૃદ્ધિ થયેલી છે. અર્થાત્ મનના આ ભાવને દૃઢ મનથી મારી કાઢવો જોઈએ અને જો તારી ઇચ્છા હશે, તો તારાથી એ કાર્ય સહજ પ્રયત્નથી થઈ શકશે. પુનઃ એક વાર જો તું વિચાર કરવાનો-ચિન્તનશીલતાનો-અભ્યાસ કરીશ એટલે તારો મૂળ સ્વભાવ તારામાં સ્ફુરી આવશે; કારણ કે, પરોપકાર અને સ્વાર્થત્યાગની દિશાપ્રતિ તારું મન આકર્ષિત છે એટલે તારામાં માત્ર જે મનોબળનો અભાવ છે તે મનોબળ ઈશ્વરની ઉપાસનાથી તને શીઘ્ર પ્રાપ્ત થઈ જશે અને જ્યાં મનોબળ આવ્યું ત્યાં પછી ભય સિવાય કોઈ અન્ય બાધા આવવાનો સંભવ જ નથી.

આ જ બધી મારી તે શુભ કથા કે જે અત્યારે મેં તને કહી દીધી છે; એટલે મારી આ શુભ વાર્તાનો અન્ય કોઈ પણ વ્યક્તિ સમક્ષ પ્રકાશ ન કરતાં પોતાના મનમાં ધૈર્યપૂર્વક વિચાર કરજે; કારણ

કે, મારા આપણમાં જેનાથી ભયભીત થવું પડે એવું કાંઈ પણ નથી; કિન્તુ જેનો વિચાર કરવો પડે એવી અનેક વસ્તુઓ છે. પ્રારંભમાં તારે વિશેષ કાંઈ પણ કરવું પડે તેમ નથી; માત્ર નિત્ય અડધો કલાક ભગવાનનું ધ્યાન ધરવું પડશે અને ભગવાન સમક્ષ પ્રાર્થનાના રૂપમાં પોતાની બલવતી ઈચ્છાનો પ્રકાશ કરવો પડશે. આ માર્ગને સ્વીકારવાથી તારું મન ધીમે ધીમે યથાનુક્રમ તૈયાર થશે. ભગવાન સમક્ષ તારે સર્વદા એ જ પ્રાર્થના કરવાની છે કે: 'હે પરાત્પર પરમાત્મન્ હું મારા સ્વામીના જીવન, ઉદ્દેશ તથા ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં વ્યાઘાત ન કરતાં નિરંતર મારા સ્વામીની સહાયિકા તથા સાધનભૂતા થઈ રહું એવા પ્રકારની મને શક્તિ આપ!' તું આટલું કરીશ ખરી કે?

તારો
અરવિન્દ

૨

૨૩, સ્કૉટ્સ્ લેન, કલકત્તા:
તા. ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૦૭

પ્રિય મૃણાલિની,

બહુ દિવસથી હું પત્ર લખી શક્યો નથી. યથા સમય પત્ર ન લખવાનો અપરાધ મારા હસ્તથી જો કે નિરંતર થયા કરે છે; પરંતુ જો મારા એ અપરાધની તું મને પોતાના ગુણથી ક્ષમા નહિ આપે, તો પછી એ અપરાધથી મુક્ત થવાનો મારી પાસે અન્ય કોઈ ઉપાય છે ખરો કે? બહુ દિવસની જે ટેવ સ્વભાવ જેવી થઈ જાય છે તે એક જ દિવસમાં નીકળી જતી નથી અને તેથી આ દોષને સુધારતાં, મને જણાય છે કે, મારો જન્મારો વીતી જશે.

હું જાન્યુઆરીની ચોથી તારીખે આવવાનો હતો, પણ મારાથી તે દિવસે આવી શકાયું નહિ; છતાં એટલું તો મારે કહેવું જ જોઈએ

કે એ મારી પોતાની ઇચ્છાથી નથી બન્યું, એટલે કે હું જાણી જોઈને નથી આવ્યો એમ નથી; કારણ કે, ભગવાન્ મને જ્યાં લઈ ગયો ત્યાં મારે જવું પડ્યું અને તેથી હું નિરુપાય હતો. આ વેળાએ હું મારા પોતાના કોઈ કાર્યમાટે ક્યાંય પણ ગયો નહોતો; કિન્તુ ભગવાનના કાર્યમાટે જ ગયો હતો. અત્યારે મારા મનની અવસ્થાનું રૂપ સર્વથા અન્ય પ્રકારનું થઈ ગયું છે; પરંતુ તેનો અત્યારે આ પત્રમાં હું પ્રકાશ કરવા નથી ઇચ્છતો; કારણ કે, તું અહીં આવ એટલે પછી મારે જે કહેવાનું છે તે હું તને કહીશ. અત્યારે હું એટલું જ જણાવું છું કે હવે હું મારી પોતાની ઇચ્છાને આધીન નથી એટલે જ્યાં ભગવાન્ મને લઈ જશે ત્યાં મારે પૂતળા પ્રમાણે જવું પડશે અને તે મારા હસ્તથી જે કાંઈ પણ કરાવશે તે મારે પૂતળા પ્રમાણે કરવું પડશે. અત્યારે મારા આ કથનના અર્થને સમજવાનું કાર્ય તારામાટે કઠિન થઈ પડે તેવું હોવાથી એ કહેવાની આવશ્યકતા છે જ નહિ કે મારું વર્તન તારા આક્ષેપ તથા દુઃખનું કારણ થઈ શકે તેમ છે. તારા મનમાં તો કદાચિત્ એવો જ વિચાર આવશે કે હું તારી ઉપેક્ષા કરીને જ આ કાર્ય કરું છું; પરંતુ હું તારી ઉપેક્ષા કરું છું એમ તારે કદાપિ માનવું નહિ. અત્યાર સુધીમાં મેં તારી ઇચ્છાથી વિરુદ્ધ વર્તીને તારા અનેક અપરાધો કર્યા છે અને તેથી તું અસન્તુષ્ટ પણ થઈ હતી, કારણ કે, એમ થવું સર્વથા સ્વાભાવિક જ છે; પરંતુ હવે હું સ્વતંત્ર નથી અને તેથી અત્યારથી તારે એ જાણી લેવાનું છે કે હવે પછીનાં મારાં સર્વ કાર્યો મારી પોતાની ઇચ્છાનુસાર થવાનાં નથી કિન્તુ ભગવાનના આદેશ અનુસાર જ થવાનાં છે. તું જ્યારે અહીં આવીશ તે વેળાએ મારો આશય તારા જાણવામાં આવી જશે. હું આશા રાખું છું કે ભગવાને મને પોતાની અપાર કરુણાનો જે પ્રકાશ દેખાડ્યો છે તે જ પ્રકાશ તે તને પણ દેખાડશે; પરંતુ એનો આધાર ભગવાનની ઇચ્છા ઉપર જ રહેલો છે. જો મારી સહધર્મિણી થવાની જ તારી ઇચ્છા હોય, તો ભગવાનની કરુણાના પ્રકાશને જોવાનો પ્રાણાન્ત

પર્યન્ત ઉદ્યોગ કરજે એટલે તારી એકાન્ત અને પ્રબળતમ ઇચ્છાના બળથી ભગવાન તને પણ પોતાની કરુણાનો માર્ગ બતાવી દેશે. મારૂં આ પત્ર અન્ય કોઇને પણ વંચાવીશ નહિ; કારણ કે, આ પત્રમાં મેં જે વાર્તા વર્ણવી છે તે અત્યંત ગુહ્ય હોવાથી મેં તારા વિના અન્ય કોઇને કહી નથી અને તે એટલામાટે કે એ વાર્તા કોઇને કહેવી તે એક સર્વથા નિષિદ્ધ કાર્ય છે.

આજ અત્યાર સુધીનો
તારો સ્વામી

પરિશિષ્ટઃ—ગૃહસંસારના વિષયમાં જે કાંઈ લખવાનું હતું તે મેં સરોજિનીને લખી જણાવ્યું છે એટલે આ પત્રમાં તેની પુનરાવૃત્તિની આવશ્યકતા નથી; કારણ કે, તે પત્રના વાંચનથી જે કાંઈ જાણવાનું હશે તે તારાથી જાણી શકાશે.

૩

તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૦૭

પ્રિય મૃણાલિની,

અને પરમ દિવસે તારૂં પત્ર મળ્યું હતું અને તે દિવસે જ મેં ઉત્તર લખી મોકલ્યું હતું; છતાં મારૂં પત્ર તને કેમ નથી મળ્યું એ હું સમજી શકતો નથી.

* * * *
* * *
* * * *

મને અહીં ક્ષણ માત્રનો પણ અવકાશ મળી શકતો નથી; કારણ કે, લેખો લખવાનો ભાર મારા શિરપર છે; [illegible] કેટલાક કાર્યોનો ભાર પણ મારા શિરપર આવી પડ્યો છે અને તે ઉપરાંત 'વન્દે માતરમ્' ના કેટલાક નેતાઓને મદદ કરવાનો ભાર

પણ મારા શિરપર છે એટલો કાર્યોના ભારથી દબાએલા મસ્તકને મારાથી ઊંચું કરી શકાતું નથી; માત્ર એટલું જ નહિ, પણ એ કાર્યો સાથે મારાં પોતાનાં પણ જે કેટલાંક કાર્યો છે તેમને પણ મારાથી ત્યાગી દઈ શકાય તેમ નથી. અર્થાત્ આવી પ્રવૃત્તિઓમાં સમય ક્યાંથી અને કેમ કરીને મળી શકે વારૂ!

અત્યારે તું મારી એક વાર્તા સાંભળીશ ખરી કે? અત્યારનો સમય તે મારો એક અત્યંત ચિન્તાનો સમય છે અને મારી જે ચારે તરફથી ખેંચતાણ થાય છે તે મને પાગલ બનાવી દે તેવી છે એટલે અત્યારે તું પણ જો અસ્થિરતા દર્શાવીશ તો તેથી મારી ચિન્તા તથા દુર્ભાવનામાં વૃદ્ધિ થશે અને જો તું ઉત્સાહ તથા સાંત્વનમય પત્ર પાઠવીશ તો તેથી મારામાં શક્તિનો અધિક આવિર્ભાવ થતાં મારાથી સર્વ વિપત્તિઓ તથા ભીતિઓનો પ્રફુલ્લ ચિત્તવડે પ્રતિકાર કિંવા અતિક્રમ કરી શકાશે. દેવગૃહ–દેવઘર–માં એકલી રહેવાથી તને કષ્ટ થાય છે એ હું સારી રીતે જાણું છું; તથાપિ જો તું મનને દૃઢ કરીશ અને શ્રદ્ધાપર આધાર રાખીશ, તો તેથી દુઃખ તારા મનમાં પોતાનો આધિપત્ય કિંવા અધિકારને સ્થાપી શકશે નહિ. તારો મારી સાથે લગ્નસંબંધ થયો છે એટલે તારા ભાગ્યમાંનું આ દુઃખ અનિવાર્ય છે; એટલે કે, વચ્ચે વચ્ચે આપણો આવી રીતે વિયોગ તો નિરન્તર થતો જ રહેશે; કારણ કે, સાધારણ બંગાળી પ્રમાણે મારાથી કેવળ પોતાના પરિવાર કિંવા સ્વજનના સુખને જ જીવનના મુખ્ય ઉદ્દેશ તરીકે કદાપિ સ્વીકારી શકાય તેમ નથી. આવી પરિસ્થિતિમાં જો તું મારા ધર્મને જ પોતાનો ધર્મ અને મારા નિર્દિષ્ટ કાર્યની સફળતાને જ પોતાનું સુખ નહિ માને, તો પછી તારામાટે સુખનો અન્ય કોઈ ઉપાય છે જ નહિ. વળી એક અન્ય વાર્તા મારે તને કહેવાની છે અને તે એ કે અત્યારે તું જેમની સાથે રહે છે તેઓ તારાં તથા મારાં ગુરુજન હોવાથી જો તેઓ કોઈ કડુ વાક્ય બોલે કિંવા અન્યાય કરતાં દેખાય,

તો પણ તું તેમનાપર ક્રોધ કરીશ નહિ; તેમ જ તેઓ જે કાંઈ બોલે છે
તે અંતઃકરણ પૂર્વક અથવા તને દુઃખ દેવામાટે જ બોલે છે એમ
કદાપિ માની લઈશ નહિ. અનેક વાર કોપના આવેશમાં મનુષ્ય ગમે
તેમ બોલી જાય છે એટલે કોપવશ મનુષ્યના મુખમાંથી નીકળેલા
શબ્દોને ગણીને ગાંઠે બાંધી રાખવા એ શ્રેયસ્કર નથી. છતાં પણ જે
ારાથી ત્યાં ન જ રહી શકાય, તો હું ગિરીશ બાબૂને લખી જણાવું:
રણ કે, હું ... સુધી તારા દાદા મહા-
ગૃહમાં ... ર્યથી ... તારાથી પણ ગૃહમાં
શ.

અંગ્રેજી ભાષામાં પત્ર આદિ લખવાનું કાર્ય મારામાટે અતિશય દુષ્કર થઇ પડે એ સ્વાભાવિક છે; અર્થાત્ જો હું આજે પત્ર લખીને ટપાલમાં નાખી શકું તો તેથી એક અન્ય Miracle કિંવા અસાધ્ય સાધનની સમાપ્તિ થઈ છે એમ જ તમારે માનવાનું છે.

પ્રથમ તો યોગના સંબંધમાં તમોએ જે કાંઈ લખ્યું છે તેનો જ ઉત્તર હું આપીશ. તમો તમારા યોગનો ભાર મને આપવા ઇચ્છો છો અને હું તમારા તે યોગના ભારને સ્વીકારી લેવાને ઇચ્છાવાન છું; તથાપિ એનો અર્થ એટલો જ સમજવાનો છે કે જેણે મને તેમ જ તમને પ્રકાશ્ય ભાવથી કિંવા ગુપ્ત ભાવથી પોતાની ભાગવતી શક્તિ દ્વારા સંચાલિત કરેલા છે તેને જ એ ભાર અપાય છે. સારાંશ કે, મને જે યોગનો માર્ગ મળ્યો છે તે પરમાત્માનો જ આપેલો છે અને જેને 'પૂર્ણયોગ' ના નામથી ઓળખવામાં આવે છે તે જ માર્ગમાં મારે ચાલવાનું છે, એ જ એનું અવલંબાદિ રૂપ જાણી લેવું. * * * જેને લઇને મેં આરંભ કર્યો હતો અને લઇને કાંઈ આપ્યું હતું તે માર્ગને શોધવાની અવસ્થા હતી, અર્થાત્ તે વેળાએ આ દિશામાં અને તે દિશામાં સર્વત્ર ભ્રમણ કરીને જેનું; પુરાતન જેટલા સંયોગ હોય તેમને સ્પર્શ કરવો, તેમને તોળી જોવા, તેમને હાથમાં લઇને તેમની યથાર્થ પરીક્ષા કરવી અને ત્યાર પછી જો તેમની કોઈ પણ એક પ્રકારની સંપૂર્ણ અનુભૂતિ થઈ જાય, તો જ તેમની પાછળ પડવું. એવા પ્રકારની મારા મનની સર્વથા સંશયાત્મક અવસ્થા હતી.

ત્યાર પછી પોંડીચેરીમાં આવતાં મારી એ સંપૂર્ણ અભ્યાસનો અંત આવી ગયો હતો અને અન્તર્યામી જગદ્ગુરુએ મને મારા માર્ગનું પૂર્ણ નિદર્શન કરાવ્યું હતું. એ માર્ગનું સંપૂર્ણ તત્ત્વ-Theory-સિદ્ધાન્ત દર્શાવનાર દશ અંગ છે અને મેં દશ વર્ષના કાર્યક્રમમાં મેં યોગના એ દશ અંગોનો અનુભવાત્મક વિકાસ-Development-કરવા માંડ્યો છે કે જે અદ્યાપિ સમાપ્ત થયો નથી; કારણ કે, અદ્યાપિ એ

યોગાંગના સંપૂર્ણ વિકાસમાં બીજાં બે વર્ષ વીતવાનો સંભવ છે. અર્થાત્ જ્યાં સુધી યોગાંગવિકાસનું આ કાર્ય પૂર્ણ નહિ થાય ત્યાં સુધી મારાથી બંગાળામાં આવી શકાય તેમ નથી. મારી યોગસિદ્ધિનું જો કોઈ પણ નિર્દિષ્ટ સ્થાન હોય તો તે પોંડીચેરી જ છે અને તેથી યોગના કર્મ નામક અંગને બાદ કરતાં બાકીનાં નવ અંગોની પૂર્ણતા પોંડીચેરીમાં જ થવાની છે. કર્મ નામક યોગના એક પરમ આવશ્યક અંગની પૂર્ણતા પોંડીચેરીમાં ન થવાનું મેં એટલામાટે લખ્યું છે કે મારા કર્મનું કેન્દ્રસ્થાન બંગદેશ છે; છતાં હું આશા રાખું છું કે સમસ્ત ભારતવર્ષ અને સમસ્ત પૃથ્વી મારા એ કેન્દ્રસ્થાનના પરિધિ કિંવા મંડળરૂપ થઇ પડશે.

યોગમાર્ગ શી વસ્તુ છે એ હું પછીથી લખીશ અથવા તો જો તમો અહીં આવશો તો પરસ્પર સાક્ષાત્કારના પ્રસંગે આપણે એ વિષયની ચર્ચા કરીશું; કારણ કે, એ વિષયની લખાયલી ચર્ચા કરતાં મુખથી કરેલી ચર્ચા વિશેષ ઉત્તમ તથા જ્ઞાનવર્ધિની થઈ પડે છે. અત્યારે તો હું માત્ર એટલું જ કહી શકું છું કે પૂર્ણજ્ઞાન, પૂર્ણકર્મ અને પૂર્ણભક્તિના સામંજસ્ય તથા ઐક્યને માનસિક ભૂમિ–level–ની ઉપર રાખીને મનથી અતીત વિજ્ઞાનભૂમિમાં પૂર્ણ સિદ્ધ કરવાં એ જ યોગમાર્ગનું મૂલતત્ત્વ છે. પુરાતન યોગમાં જે એક દોષ રહેલો હતો તે એ કે તે યોગ મન તથા બુદ્ધિને પણ જાણતો હતો તેમ જ આત્માને પણ જાણતો હતો અને મનમાં જ આત્માનો સાક્ષાત્કાર કરીને કિંવા આત્માનુભૂતિ પામીને સંતુષ્ટ રહ્યા કરતો હતો. પરંતુ મન સંપૂર્ણ વસ્તુના એક ખંડ કિંવા અંશને જ મેળવી શકે છે; અનન્ત તથા અખંડ વસ્તુને સંપૂર્ણ સ્વરૂપમાં મેળવી શકતું નથી; અર્થાત્ મન સમાધિ, મોક્ષ તથા નિર્વાણ ઇત્યાદિને જ મેળવી શકે છે અને એથી આગળ વધવાનો તેની પાસે કોઈ પણ ઉપાય છે જ નહિ. આવા લક્ષ્યહીન મોક્ષને તો પ્રત્યેક મનુષ્ય મેળવી શકે તેમ છે; પરંતુ એથી

જેને વાસ્તવિક કહી શકાય તેવો શો લાભ થવાની સંભાવના છે વારુ! કારણ કે, બ્રહ્મ, આત્મા અને ભગવાન્ તો છે જ કિન્તુ ભગવાન મનુષ્યના હસ્તથી જે કાર્ય કરાવવા ઇચ્છે છે તે જ કાર્ય થાય છે એ રહસ્યને આ જીવનમાં જ મૂર્તિમાન્ કરી લેવું અને વ્યષ્ટિ તથા સમષ્ટિમાં ઇશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ યોગની વાસ્તવિક સિદ્ધિ છે.

પુરાતન યોગપ્રણાલી અધ્યાત્મ તથા જીવનના સામંજસ્ય કિંવા ઐક્યને સિદ્ધ કરી શકી નથી; કારણ કે, પુરાતન યોગપ્રણાલીએ જગતને માયા અથવા અનિત્ય લીલા કહીને વાયુમાં ઉડાવી દીધું છે અને અત્યારે આપણી જીવનશક્તિનો જે હ્રાસ થયેલો આપણા જોવામાં આવે છે અને ભારતવર્ષની જે આટલી સીમા પર્યન્ત અવનતિ થયેલી છે તે જગત્‌ને માયા કિંવા અનિત્ય લીલા કહીને ઉડાવી દેવાના દોષનું જ ભયંકર પરિણામ છે. ગીતામાં જે એમ કહેવામાં આવ્યું છે કે: "उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम्" ("જો હું કર્મ ન કરું, તો આ લોકો ઉત્સન્ન થઈ જાય તેમ છે.") તે ભારતવર્ષના સંબંધમાં અત્યારે સત્ય થયેલું દેખાય છે; કારણ કે, ભારતવર્ષના 'इमे लोकाः' ('આ લોકો') વસ્તુતઃ ઉત્સન્નપ્રાય થઈ ગયા છે. સાચું કે, ભારતવર્ષમાં કેટલાક મનુષ્યો સંન્યાસી, વૈરાગી, સાધુ તથા સિદ્ધ પુરુષ થઈને મુક્ત થઈ જાય છે, કેટલાક મનુષ્યો ભગવાનના અનન્ય ભક્ત થઈને પ્રેમ, ભક્તિ તથા આનન્દથી [illegible] બની નૃત્ય કરતા થઈ જાય છે અને સમસ્ત જાતિ પ્રાણહીન તથા બુદ્ધિહીન થઈને ઘોર તમોભાવ કિંવા અજ્ઞાનાન્ધકારમાં ડૂબી જાય છે એટલે એ આધ્યાત્મિક સિદ્ધિ કેવા પ્રકારની વારુ! અર્થાત્ પ્રથમ માનસિક ભૂમિકામાં [illegible] અનુભવ કરીને મનને [illegible] પ્રકારથી પ્રકાશિત કરવું પડે છે અને એ સર્વની સમાપ્તિ થતાં તેથી ઉપરની ભૂમિ-

કામાં જ્યારે અવસર આવી લાગે છે; કારણ કે, જો એ માનસિક ભૂમિકાથી ઉપરની વિજ્ઞાનભૂમિમાં ન જવાય તો જગતના ઠીક રહસ્યને જાણવાનું કાર્ય સર્વથા અસંભવનીય થઈ પડે છે અને જગતની સમસ્યાની કોઈ પણ પ્રકારે મીમાંસા કરી શકાતી નથી. એ ઉચ્ચતર વિજ્ઞાનભૂમિમાં જ આત્મા અને જગત્ કિંવા અધ્યાત્મ અને જ્ઞાન એ દ્વંદ્વની અવિદ્યા અદૃશ્ય થાય છે અને તેથી ત્યાં જગતને માયા તરીકે જોવું કે માનવું પડતું નથી; કિન્તુ જગત્ ભગવાનની સનાતન લીલા છે અને આત્માનો નિત્ય વિકાસ છે એમ જ આપણા જોવામાં આવ્યા કરે છે. વિજ્ઞાનભૂમિમાં ભગવાનને પૂર્ણ ભાવથી જાણવાનું અને પ્રાપ્ત કરી લેવાનું કાર્ય સંભવનીય થઈ પડે છે અને ગીતામાં જે "समग्रं मां ज्ञातुम्" ("મને સર્વરૂપ જાણીને") આ પ્રમાણેનું વાક્ય આવેલું છે તેનો ત્યાં સંપૂર્ણ સત્યાંશ અનુભવાય છે. અન્નમય દેહ, પ્રાણ, મન, બુદ્ધિ, વિજ્ઞાન અને આનંદ એ આત્માની એક એકથી ઉચ્ચતર છ ભૂમિકાઓ છે એટલે મનુષ્ય જેમ જેમ ઉચ્ચથી ઉચ્ચતર અને ઉચ્ચતરથી ઉચ્ચતમ ભૂમિમાં પ્રવેશ કરતો જાય છે તેમ તેમ તેના આધ્યાત્મિક વિકાસ—Spiritual evolution—ની ચરમસિદ્ધિની અવસ્થા વિશેષ અને વિશેષ નિકટમાં આવતી જાય છે. વિજ્ઞાનભૂમિમાં પહોંચવા પછી આનંદની ભૂમિકામાં પહોંચવાનું કાર્ય સહજ થઈ પડે છે. અખંડ અને અનંત આનંદની અવસ્થામાં જે પ્રતિષ્ઠા થાય છે તે જ સ્થિર પ્રતિષ્ઠા છે; પરંતુ એ આનંદ ત્રિકાલાતીત પરબ્રહ્મનો નથી, કિન્તુ દેહ, જગત્ તથા જીવનનો જ આનંદ છે એ અહીં અવશ્ય સ્મરણમાં રાખી લેવાનું છે; કારણ કે, પૂર્ણ સત્ત્વ, પૂર્ણ ચૈતન્ય અને પૂર્ણ આનંદ વિકાસને પામીને જીવનમાં જ મૂર્તિમાન્ થાય છે. આવા પ્રકારના આનંદને પ્રાપ્ત કરી લેવાની જે ઉપયોગિતા તે જ મારા યોગમાર્ગની મૂલકથા—Central clue—છે.

પરંતુ આ અવસ્થાને પ્રાપ્ત કરી લેવાનું કાર્ય સહજ નથી.

આજે પંદર વર્ષ પછી હું એ વિજ્ઞાનના ત્રણ સ્તરોમાંના નિમ્ન સ્તરમાં પહોંચીને નીચેની સર્વ વૃત્તિઓને તેમાં સમાવેશ કરી નાખવાના ઉદ્યોગમાં પ્રવૃત્ત થઈ શક્યો છું. અર્થાત્ જ્યારે આ સિદ્ધિ પૂર્ણ થઈ જશે, ત્યારે ભગવાન મારા દ્વારા—મારી મારફત—અન્ય મનુષ્યોને અલ્પ આયાસ કિંવા અલ્પ પરિશ્રમથી વિજ્ઞાનસિદ્ધિ આપશે એમાં લેશ માત્ર પણ શંકા નથી. જ્યારે એમ થશે ત્યારે જ મારા વાસ્તવિક કાર્યનો આરંભ થશે. હું કર્મસિદ્ધિમાટે અધીર નથી; કારણ કે, જે કાંઈ થવાનું છે તે ભગવાનના નિર્દિષ્ટ કરેલા સમયે જ થવાનું છે; તે પૂર્વે કોઈ પણ પ્રકારે થવાનું નથી એ હું સારી રીતે જાણું છું, હોવાથી કોઈ એક ઉન્મત્ત મનુષ્ય પ્રમાણે દોડીને ક્ષુદ્ર 'અહમ્' ની શક્તિવડે કર્મક્ષેત્રમાં કૂદકો મારવાની પ્રવૃત્તિ મેં કદાપિ કરી નથી, કરતો નથી અને કરવાનો પણ નથી. કદાપિ કર્મસિદ્ધિ ન પણ થાય, તો પણ હું મારા ધૈર્યને ત્યાગવાનો નથી; કારણ કે, એ કર્મ ભગવાનનું છે, મારું નથી. હું હવે બીજા કોઈના પણ આહ્વાનને સાંભળવાનો નથી અને ભગવાન જે માર્ગમાં મને ચલાવશે તે માર્ગમાં જ હું ચાલીશ. —

બંગદેશ—બંગાળા—આવી અવસ્થાને પ્રાપ્ત કરી લેવામાટે યથાર્થ સ્વરૂપમાં પ્રસ્તુત—તૈયાર—નથી, એ હું સારી રીતે જાણું છું; કારણ કે, ત્યાં અધ્યાત્મજ્ઞાનનાં જે પૂર આવે છે તે પુરાતનનાં કેટલાંક નૂતન રૂપો જ હોય છે; પરંતુ વાસ્તવિક કિંવા શુદ્ધ રૂપાન્તર નથી હોતાં તથાપિ અધ્યાત્મજ્ઞાનનાં એ અવાસ્તવિક રૂપાન્તરોની પણ આ- આવશ્યકતા હતી; કારણ કે, બંગદેશ જેટલા પરિમાણમાં પુરાતન યોગ પોતામાં જાગ્રત કરીને તેની સાધનામાં પોતાના સંસ્કારનો ધૂપ છે તેટલા પરિમાણમાં તેણે મૂળ સારને આકર્ષીને ભૂમિને ઉર્વર રૂપ કરેલી છે. પ્રથમ બંગદેશમાં વેદાન્ત એટલે કે અદ્વૈ- સંન્યાસ અને શંકર—શ્રી શંકરાચાર્ય—ના માયાવાદ ઇત્યાદિનો

હતો અને આવતી કાલે હશે. બુદ્ધ કયા મિશને કે ધર્મ, જેમ આજ બાળકોનું આજીવિકા ઉત્તમ થઈ જવાનો કાળ આવી ગયો છે- અધીન બુદ્ધ કર્મોનો આશ્રય લેવાય છે, પરંતુ એ કાંઈ ધર્મનું મૂળ અસલ પુરાતન તથા નવીન યુગમાં ધર્મનાં અનુયાયીઓ હોવાથી કંઈ ઈતિહાસ બદલી નહિ; કારણ કે, આજના ક્રાઈસ્ટના શિષ્યો હવે ત્યાં હતા તેમ છે જ નહિ. ફિલોસોફિ આધ્યાત્મિક રીતે ત્યાં પણ બુદ્ધ ભાવમાં મેટર્લિંક ભાગ તો અમુક છે કે તે ભગવાન સાથે જ્ઞાનનો અમુક સંબંધ રાખે છે અને તે ભાવ અનુસાર દર્શ-નનો પણ અમુક અર્થ કરી શકાય છે; પરંતુ એ બુદ્ધ ભાવ પણ ખંડભાવ—અંશભાવ ભાવનાવાળી એને પૂર્ણ સંબંધ તેમ જ પૂર્ણ અર્થ તો ન જ કરી શકાય. લોકોમાં જે પોતાના ધર્મનો પક્ષપાત જોવામાં આવે છે તે અનિવાર્ય છે; કારણ કે, મનનો એવો ધર્મ જ છે કે પોતે સ્વીકારેલા સત્યના અમુક ભાગને પૂર્ણસત્ય તરીકે ઓળ-ખાવે અને અનંત સત્યના અન્ય પક્ષે સ્વીકારેલા અન્ય જનોનો અધિકાર કરેલો. જે સિદ્ધ પુરુષો પ્રથમ ભાવને લઈ આવે તે તેઓ ખંડભાવનું અવલંબન કરતા હોવા છતાં અને પૂર્ણભાવને મૂર્તિમાન ન કરી શકવા છતાં પણ કેટલાક પરિમાણમાં પૂર્ણનું સંધાન તો રાખતા જ રહે છે; પરંતુ તે સિદ્ધ પુરુષોના શિષ્યો ગુરુના તે પૂર્ણ-વિષયક સંધાનને ન જોઈ શકવાથી એમ જ બોલે છે: 'ગુરુમાં એ તત્ત્વ મૂર્તિમાન હતું જ નહિ' જેને પોટલી બાંધવી હોય તે ભલે બાંધી લે; કારણ કે, જે દિવસે ભગવાન પૂર્ણરૂપમાં અવતીર્ણ થશે તે દિવસે એ પોટલી પોતાની મેળે જ છૂટી જશે. આ સર્વ અપૂ-ર્ણતા તથા અપરિપક્વ અવસ્થાનાં લક્ષણો છે એટલે એથી વિચલિત થઈ જવાનું નથી. અધ્યાત્મભાવ દેશમાં બેસતો રહે એ જ શ્રેયસ્કર છે; પછી ભલે તે તે ગમે તે ભાવથી અને ગમે તેટલા સમુદાયમાં બેસતો હોય, એની ચિન્તા નથી; કારણ કે, આગળની વાત આગળ ઉપર જોઈ લેવાશે. આ નવીન યુગની બાલ્યાવસ્થા કિંવા અપરિપક્વ-

Embryonic—અવસ્થા છે અને તેથી જે કાંઈ છે તે આભાસ માત્ર છે; આરંભ નથી.

*   *   *   *

આ યોગની વિશિષ્ટતા એ છે કે જો સિદ્ધિ ઉચ્ચતર ભૂમિકામાં ન જાય એટલે કે જો સિદ્ધિ પોતાની ઉન્નતિ ન કરે, તો આ યોગની સિદ્ધિ પણ પરિપક્વ નથી થતી. મેં જે યોગની સાધના કરેલી છે તે યોગના મારામાં કેટલાક પુરાતન સંસ્કારો હતા કે જેમાંના કેટલાક સંસ્કારોનો લોપ થયો છે અને કેટલાક સંસ્કારો અદ્યાપિ અવશિષ્ટ છે. તમારામાં સંન્યાસ વિષયક પુરાતન સંસ્કારનું અસ્તિત્વ હતું અને તેથી જ એક વાર તમોએ અરવિન્દમઠને સ્થાપવાની ઇચ્છા કરી હતી. અત્યારે તમારી બુદ્ધિ જો કે સંન્યાસને નથી ઇચ્છતી; તથાપિ તે પુરાતન સંસ્કારની જે મુદ્રા તમારા હૃદયમાં અંકિત થયેલી છે તે સર્વથા ભૂંસાઈ જાય તેમ ન હોવાથી તમો સંસારમાં રહીને ત્યાગી સંસારી થવાના નિશ્ચયપર આવી લાગ્યા છો. તમો કામનાત્યાગની આવશ્યકતાને સારી રીતે જાણો છો; પરંતુ કામનાત્યાગ તથા આનંદભોગના સામંજસ્યને પૂર્ણભાવથી ગ્રહી શકતા નથી. મેં આપણા બંગાળીઓના સાધારણ સ્વભાવ અનુસાર યોગને કેવળ જ્ઞાનની દિશામાં જ સ્વીકારેલો નથી, કિન્તુ જ્ઞાનની દિશા પ્રમાણે જ ભક્તિ તથા કર્મની દિશામાં પણ સ્વીકારેલો છે. મને કેટલાક પરિમાણમાં જ્ઞાનની પ્રાપ્તિ થયેલી છે તેમ જ વિશેષ પરિમાણમાં અદ્યાપિ જ્ઞાનપ્રાપ્તિનું કાર્ય અપૂર્ણ કિંતુ અવશિષ્ટ છે; કારણ કે, મારામાંથી અદ્યાપિ ભાવુકતાની કુજ્ઝટિકા–ધુમ્મસ–કપાસ ગઈ નથી એટલે કે તેનો લોપ થયો નથી. અર્થાત્ તમો પણ સાત્વિકતાના સામંજસ્યને સંપૂર્ણ પામી શકતા નથી, એ કારણથી અદ્યાપિ તમારામાં અહંકાર અવશિષ્ટ રહેલો દેખાય છે અને તેથી જ તમારામાં યોગનો જે વિકાસ થવો જોઈએ તે નથી થતો. હું આ વિષયમાં ફરી પણ

મેં [illegible]
[illegible]
છે, [illegible]
પણ મેં [illegible]
[illegible]
[illegible]
વિચારને [illegible]
[illegible]
પણ છે, [illegible]
એમ હું નહીં [illegible]
લીધી છે [illegible]
આપ્યા [illegible]

હું [illegible]
તેથી—[illegible]
મૂર્તિ-[illegible]
દેવસંઘ [illegible]
છે તેમનો જો [illegible]
આવા પ્રકારનું [illegible]
સમગ્ર દેશમાં [illegible]
[illegible] ઉપર જે [illegible]
[illegible]
[illegible]
છે કે જૈન છે [illegible]
[illegible]
[illegible]ના [illegible]
છે એમ [illegible]

શક્તિને તે અમુક રૂપ જ આવરિત રહી જશે. આ નિયમ સર્વ ક્ષેત્રોમાં એટલે કે કાર્યના સર્વ વિભાગોમાં એકસરખો લાગૂ પડે છે. અધ્યાત્મપ્રેરણા-Spiritual Influence-જ્યારે આવી શકશે ત્યારે એ શક્તિનો વિનાશ કિંવા મંતારના મંદિરમાં વાનરની મૂર્તિને પકડીને તેની સ્થાપનાના કાર્યમાં વ્યય થશે અને તે વાનર પણ પ્રાણપ્રતિષ્ઠાનો શક્તિમાન થઈને જાગ્રત હનુમાનના રૂપે, જ્યાં સુધી તેનામાં તે શક્તિ રહેશે ત્યાં લગી, રામભક્તનાં અનેક કાર્યો કરશે, એ જો કે સત્ય છે; તથાપિ ભારતમંદિરમાં આપણે જેની મૂર્તિને સ્થાપવા ઇચ્છીએ છીએ તે હનુમાનની મૂર્તિ નથી કિંતુ દેવ અથવા ઈશ્વરાવતાર સ્વયં શ્રી રામની જ પ્રતિમા છે એ આપણે નિરન્તર સ્મરણમાં રાખવાનું છે.

આપણે જો કે સર્વની સાથે મળી શકીએ છીએ; પરંતુ સર્વ જનોને સત્ય માર્ગમાં આકર્ષવામાટે આપણા આદર્શના ભાવ-Spirit-તથા રૂપને અક્ષય તથા દૃઢ રાખવાની આવશ્યકતા અનિવાર્ય છે. અર્થાત્ જો આપણે આપણા આદર્શના ભાવ તથા રૂપને અક્ષય તથા અવિકૃત નહિ રાખીએ, તો આપણે આપણી દિશાને ભૂલી જઈશું અને આપણા હસ્તથી જે પ્રકૃત-ઉચિત કિંવા સત્ય-કર્મ છે તે થશે જ નહિ. વ્યક્તિગત ભાવથી-Individually-સર્વત્ર રહેવાથી કાંઇક થઈ શકશે એમ જણાય છે; કિન્તુ સંઘરૂપે સર્વત્ર રહેવાથી તેનાથી શતગુણ અધિક કાર્ય થઈ શકે છે. છતાં અદ્યાપિ તે સમય આવ્યો નથી અને તેથી ઉતાવળ કરીને એ માર્ગમાં આગળ વધવાથી આપણે જે પરિણામને ઇચ્છીએ છીએ તે પરિણામ આપણને પ્રાપ્ત થવાનું નથી. ગંધ પ્રથમ ચક્રાણુરૂપ થઈ પડશે અને જેમને આદર્શની પ્રાપ્તિ થયેલી છે તેઓ ઐક્યની શૃંખલાથી પરસ્પર બંધાઇને વિવિધ સ્થાનોમાં કાર્ય કરતા રહેશે; ત્યાર પછી તે સંઘને ધર્મસંઘ-Spiritual commune-નું સ્વરૂપ આપી સંઘબદ્ધ થઇને તેઓ કર્મને

આત્માનુરૂપ તથા યુગાનુરૂપ આકૃતિ આપી દેશે. તે આકૃતિ કિં-
રૂપ સીમાબદ્ધ તથા અચલાયતન નહિ કિન્તુ સ્વાધીન કિંવા સ્વતં
રૂપ હોવાથી સમુદ્ર પ્રમાણે જે કાંઈ પણ આમતેમ વિખરાઈ જઈ થં
તેમ કરી તેમાંથી કોઇને નાનાવિધ તરંગભંગીથી ઘેરી લેશે અને કોઇને
પ્લાવિત કરી નાખશે એટલે કે સર્વને આત્મસાત્ કરી લેશે. આમ
થતાં થતાં પરિણામ એ આવશે કે દેવજાતિ–Spiritual Commu-
nity–દંડાયમાન થયેલી દેખાશે. મારો અત્યારનો–વર્તમાન–ભાવ
આ છે; પરંતુ અદ્યાપિ મારા એ ભાવનો સંપૂર્ણ વિકાસ થયો નથી.
સર્વ ભગવાનના હસ્તમાં હોવાથી તે જે કાંઈ કરશે તે જ થવાનું છે

હવે હું તમારા પત્રમાંના કેટલાક વિશિષ્ટ વિષયોની આલોચના
રૂં છું. તમોએ યોગના સંબંધમાં જે લખ્યું છે તે વિશે આ પત્રમાં
વિશેષ કાંઇ પણ લખવા ઇચ્છતો નથી; કારણ કે, જ્યારે આપણે
ળીશું તે વેળાયે એ વિષયનો અધિક સરળતાથી ઊહાપોહ કરી
શકી. દેહને શબ સમાન જોવો અથવા માનવો એ સંન્યાસના નિર્વા-
ાર્ગનું લક્ષણ છે; પરન્તુ આવા પ્રકારની ભાવનાથી સંસારમાં રહી
તેમ ન હોવાથી જો સર્વ વસ્તુમાં આનન્દને મેળવવાની તમારી
હોય તો જેવો ભાવ તમો આત્મામાં રાખો છો તેવો જ ભાવ
પણ રાખો; કારણ કે, દેહ ચૈતન્યમય છે અને દેહ ભગવાનનું
જગત્માં જે કાંઈ પણ હોય તે સર્વમાં ભગવાનને જોવાથી
"**सर्वमिदं ब्रह्म**" કિંવા "**वासुदेवः सर्व मिति**" એ
વ્યવહારમાં યોજવાથી જ વિશ્વાનન્દ થાય છે, શરીરમાં પણ
ન્દના મૂર્ત તરંગો ઊછળે છે અને એ અવસ્થામાં અધ્યાત્મ-
ૂર્ણ થઇને સંસારવ્યવહાર તેમ જ વિવાહ આદિ સર્વ કાર્યો
છે; માત્ર એટલું જ નહિ, પણ ભગવાનના આનન્દમય
ણ મેળવી શકાય છે. દીર્ઘકાળથી મેં મારી પોતાની માન-
માં મન તથા ઇન્દ્રિયના સર્વ વિષયોને તેમ જ સર્વ

અનુભવોને આનન્દમય કરી લીધા છે અને હવે તે સર્વ વિષયો તથા અનુભવો વિજ્ઞાનાનન્દ—Supramental—રૂપને ધારણ કરતા દેખાય છે. આવી અવસ્થામાં જ સચ્ચિદાનન્દનું પૂર્ણ દર્શન અને સચ્ચિદાનન્દની અનુભૂતિ—સાક્ષાત્કાર—થઈ શકે છે.

તમોએ તમારા પત્રમાં દેવત્વસંબંધનો વિષય ચર્ચીને લખ્યું છે કે: "હું દેવ નથી; કિન્તુ ઘણુના ઘાથી ટીપાઈને નિર્મળ થયેલા લોહ જેવો છું." તો એનું ઉત્તર એ જ છે કે: દેવ કોઈ પણ નથી; છતાં પ્રત્યેક મનુષ્યમાં દેવત્વ રહેલું છે અને તેથી તે દેવત્વને પ્રકટ કરવું એ એ જ દેવજીવનનું લક્ષ્ય છે. અર્થાત્ દેવજીવનને સર્વ કોઈ લક્ષ્ય કરી શકે છે; પરંતુ એનો મુખ્ય આધાર મનોગત ભાવ કિંવા ઉદ્દેશ છે. તમારા પોતાના સંબંધમાં એ વર્ણનને હું યથાર્થ—Accurate—તરીકે સ્વીકારતો નથી. આધાર એટલે કે મનોગત ભાવ કિંવા ઉદ્દેશ ગમે-તેવા પ્રકારનો હોય, તો પણ એક વાર ભગવાનનો સ્પર્શ થઈ જાય અને આત્મા જાગ્રત થાય એટલે પછી આધારની ગુરુતા કે લઘુતાનું વિશેષ કાંઈ પણ પરિણામ અવશિષ્ટ રહેતું નથી. આ ઉદ્દેશને સિદ્ધ કરવામાં કેટલીક બાધાઓ થાય છે, કેટલાક સમયનો વ્યય થાય છે અને વિકાસનું તારતમ્ય કેટલું હોય છે એનો કશો પણ નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે, આંતરિક દેવ એ સર્વ બાધાઓ તથા ન્યૂનતાઓ આદિનો હિસાબ રાખતો નથી; કિન્તુ તેને જ્યારે આપણા ઉદ્દેશનો સંપૂર્ણ આવાહન થાય છે એટલે તે જાગી ઉઠે છે. મારામાં પણ શું અલ્પ દોષો હતા અને મારા ચિત્ત, પ્રાણ તથા દેહની બાધાઓ પણ ઓછી હતી કે કેમ? મારે આ સ્થિતિમાં સમયનો અંત નથી આવ્યો પડ્યો અને ભગવાનના પ્રહારોને સહન નથી કરવા પડ્યા કે શું! દિવસ પછી દિવસ અને મુહૂર્ત પછી મુહૂર્ત આવ્યાં જાય છે જ્યાં હું [illegible]

અને ભગવાનની જે ઘાટને ઘડવાની ઇચ્છા હોય તે જ યથેષ્ટ છે. સર્વને આ અવસ્થા આવી રીતે જ પ્રાપ્ત થઈ શકે છે. સારાંશ કે, આપણી શક્તિ નહિ, કિન્તુ ભગવાનની શક્તિ જ એ યોગની સાધિકા છે.

હું આજે કેટલાક દિવસથી જે કાંઈ દેખી રહ્યો છું તેમાંના એક વિષયોને હું અત્યારે સંક્ષેપમાં દર્શાવીશ. મારી એવી ધારણા કિંવા માન્યતા થયેલી છે કે ભારતવર્ષની દુર્બળતાનું પ્રધાન કારણ પરાધીનતા પણ નથી, દરિદ્રતા પણ નથી અને અધ્યાત્મજ્ઞાન કિંવા ધર્મનો અભાવ પણ નથી; કિન્તુ વિચારશક્તિનો હ્રાસ કિંવા જ્ઞાનની જન્મભૂમિમાં અજ્ઞાનનો વિસ્તાર એ જ ભારતવર્ષની દુર્બળતાનું પ્રધાન કિંવા મુખ્ય કારણ છે. ભારતવર્ષમાં હું જ્યાં દૃષ્ટિ નાખું છું ત્યાં સર્વત્ર વિચાર કરવાની અક્ષમતા કિંવા અનિચ્છા–Inability or unwillingness to think–જ માત્ર જોવામાં આવ્યા કરે છે. મધ્યયુગમાં અવનતિનું લક્ષણ ગમે તે હોય, પણ અત્યારે તો આ ભાવ જ ઘોર અવનતિના મુખ્ય લક્ષણરૂપ થઈ પડ્યો છે. મધ્યયુગ તે શ્રદ્ધાનો કાળ હતો અને તેથી મધ્યયુગના દિવસો તે શ્રદ્ધાનીના વિશ્વના દિવસો હતા અને અત્યારનું વર્તમાન જગત્ તે જ્ઞાનના વિશ્વનો યુગ છે અને તેથી આ યુગમાં જે મનુષ્ય વિશેષ વિચાર કરે છે તેની શક્તિ તેટલા પ્રમાણમાં વધતી જાય છે. જો આપણે યુરોપ પ્રતિ દૃષ્ટિ કરીશું, તો ત્યાં મુખ્ય મેં અનુભવ્યું જ લક્ષણ જોવામાં આવશે. એક વિચારશક્તિનો અનુભવ અને વિકાસ... [illegible] બુદ્ધિ- [illegible]

શક્તિના પ્રભાવથી વિશ્વના દેવો પણ ભયભીત, સન્દિગ્ધ તથા વશીભૂત થયેલા દેખાય છે. કેટલાક લોકો એમ કહે છે કે: 'યૂરોપ ધ્વંસ કિંવા નાશના મુખ પ્રતિ દોડે છે;' પરંતુ મારી એવી માન્યતા નથી; કારણ કે, અત્યારે જે વિપ્લવ તથા ઉલટપાલટ જોવામાં આવે છે તે તો હવે પછીની નવીન સૃષ્ટિની પૂર્વાવસ્થા છે.

યૂરોપની સ્થિતિ આવા પ્રકારની છે એટલે હવે ભારતવર્ષની સ્થિતિ કેવા પ્રકારની છે તેનું તુલનાત્મક દૃષ્ટિથી અવલોકન કરો. જો ભારતવર્ષના કેટલાક મોટા લોકો—*Solitary giant*—ને બાદ કરી નાખીએ તો સર્વત્ર * * * સરળ-પ્રપંચરહિત-કિંવા Avarage man-સાધારણ મનુષ્ય જ આપણા જોવામાં આવી શકે છે કે જેઓ ચિન્તા કિંવા વિચાર કરવાની ઇચ્છા જ ધરાવતા નથી એટલે કે વિચાર કરી જ નથી શકતા અને જેમનામાં કેવળ ક્ષણિક ઉત્તેજના વિના સત્ય શક્તિનો એક બિન્દુ માત્ર પણ નથી. અર્થાત્ ભારતવર્ષ સરળ વિચાર તથા સરળ વિષયને ઇચ્છે છે અને યૂરોપ ગંભીર વિચાર તથા ગંભીર વિષયને ઇચ્છે છે અને તેથી યૂરોપની વિચાર-શીલતા એટલી સીમા પર્યન્ત પહોંચી ગઈ છે કે ત્યાંનો એક સાધારણ કુલી અથવા મજૂર પણ વિચારમાં નિમગ્ન રહ્યા કરે છે; સર્વ જનો કાંઇ ને કાંઈ જાણવામાટે આઠોપ્રહર આતુર રહ્યા કરે છે; મોટા લોકો પણ વિચાર કર્યા વિના સંતુષ્ટ રહી શકતા નથી અને પ્રત્યેક વિષયને તેના તલપ્રદેશ પર્યન્ત તપાસી જોવાની આકાંક્ષા ધરાવે છે. પરંતુ યૂરોપની શક્તિ તથા વિચારશીલતાની જે સીમા છે તે મરણોત્પાદક સીમા—Fatal limitation—છે અને તેથી અધ્યાત્મક્ષેત્રમાં આવતાં તેની શક્તિ તથા વિચારશીલતા એક કદમું પણ આગળ વધી શકતી નથી, એ પણ અહીં અવશ્ય લક્ષમાં રાખી લેવાનું છે. આ કારણથી અધ્યાત્મક્ષેત્રમાં આવતાં યૂરોપ સર્વત્ર પ્રભેદ, સમસ્યા કિંવા જટિલતા, કુહેલિકારૂપ કિંવા મેધાચ્છાદિત મનોવિજ્ઞાન-

Nebulous [illegible]
hallucination [illegible]

[illegible]

કોઈ એક બીજા પ્રકાર કિંવા ધાર્મિક ઉન્માદના એક તરંગ જેવો થઇ પડ્યો છે. સારાંશ કે, ભારતવર્ષની જ્યાં સુધી આવી અવસ્થા રહેશે ત્યાં સુધી ભારતવર્ષના સ્થાયિ પુનરુત્થાનનો કદાપિ સંભવ નથી.

સમસ્ત ભારતવર્ષની અત્યારે આવી અવસ્થા છે અને તેમાં પણ બંગદેશ—બંગાળા—માં તો એ દુર્ગુણના ચરમ સીમા પર્યન્ત આવી પહોંચી છે. બંગાળાના મનુષ્યોમાં તીવ્ર બુદ્ધિ, ભાવની યોગ્યતા અને સ્વતઃસિદ્ધ જ્ઞાન—Intuition—છે અને એ સર્વ ગુણોમાં તેઓ ભારતવર્ષમાં સર્વશ્રેષ્ઠ છે. જો કે એ સર્વ ગુણોની આવશ્યકતા તો છે જ, તથાપિ એ ગુણોથી જ જે અન્ય ગુણોની આવશ્યકતા છે તેની પૂર્તિ થઇ શકતી નથી અને તેથી એ ગુણો પણ નિરર્થક થઇ જાય છે; અર્થાત્ જો એ ગુણોની સાથે વિચારની ગંભીરતા, ધીર શક્તિ, વીરોચિત સાહસ, દીર્ઘ પરિશ્રમની ક્ષમતા અને આનંદ આદિ ગુણો આવી મળે, તો એ સર્વ એકત્ર ગુણોના યોગે બંગાળીઓ કેવળ ભારતવર્ષના તો શું પણ સમસ્ત વિશ્વના નેતા અને પૂજ્ય પુરુષ થઇ શકે તેમ છે. પરંતુ બંગાળીઓ પરિશ્રમથી પ્રાપ્ત થનારી ઉચ્ચતમ સ્થિતિને ઇચ્છતા નથી; તેઓ તો પરિશ્રમ વિના જ આગળ વધવા ઇચ્છે છે એટલે કે ચિન્તન વિના જ્ઞાનને મેળવવાની, પરિશ્રમ વિના ફળને મેળવવાની અને સહજ સાધનાવડે સિદ્ધિને મેળવવાની આકાંક્ષા ધરાવે છે. કેવળ ભાવજન્ય કિંવા ભાવની ઉત્તેજના એ જ તેમનું સંબલ થઇ પડ્યું છે; પરંતુ એ જ્ઞાનશૂન્ય ભાવની અતિશયતા જ એ રોગનું લક્ષણ છે. અર્થાત્ એ રોગના પરિણામે દેશમાં અવસાદ કિંવા તમોભાવ એટલી સીમા પર્યન્ત વ્યાપી ગયો છે કે તેના યોગે દેશની ઉત્તરોત્તર અવનતિ થતી જાય છે, જીવનશક્તિનો હ્રાસ થતો જાય છે અને બંગાળીઓ પોતાના દેશમાં જ એવી અવસ્થામાં આવી પડ્યા છે કે તેમને પેટ ભરીને ખાવા જેટલું અન્ન મળી શકતું નથી, શરીરને ઢાંકવામાટે વસ્ત્ર મળતાં નથી, દેશમાં સર્વત્ર હાહાકાર વ્યાપેલો .

ઈશ્વર [illegible] રન
નહિ, [illegible] વિ
આનંદ [illegible] તા
ત્યાંથી [illegible] તથા
છે; [illegible] છે.
ત્યાં [illegible] ક્ષુદ્ર
નેવાનું [illegible] શત્રુ-
પ્રતિદિન [illegible] છે.
[illegible] છે [illegible] નહિ
[illegible] જાગ્રત
[illegible] અંતર-
[illegible] મેળવી
[illegible] પ્યથી જ
[illegible] વરૂ?

[illegible] માની લેશો
[illegible] થઇ ગયો
પછી [illegible] મહાજ્યોતિનો
[illegible] નથી; કારણ
[illegible] હોવા છતાં પણ
[illegible] shield—પર
[illegible] ખરી જોવાનો ઉદ્યોગ
[illegible] એવી કોઈ પણ ત્રુટિ
[illegible] તેથી મહાજ્યોતિનો
[illegible] જ્યોતિ હશે તે પણ
[illegible] પૂર્વક સમજી લેવાનું છે.

મારા આ અસાધારણ દીર્ઘ પત્રનું તાત્પર્ય એ જ છે કે મેં પણ પોટલી બાંધેલી છે અને મારો એ વિશ્વાસ છે કે મારી એ પોટલી સેન્ટ પિટરની ચાદર જેવી છે અને તેથી અનન્તના જેટલા શિકાર છે તે સર્વ તેમાં એકત્ર થતા જાય છે. અત્યારે એ પોટલીને છોડી–ખોલી–શકાય તેમ નથી; કારણ કે, જો યોગ્ય સમય આવ્યા વિના એ પોટલીને ખોલવામાં આવે, તો તેમાં સપડાયલા શિકારો છૂટીને પલાયન કરી જાય. અત્યારે મારાથી દેશ–બંગાળા–માં પણ આવી શકાય તેમ નથી; પણ એનો અર્થ એવો નથી સમજવાનો કે દેશ એકલો જ તૈયાર નથી થયો; કારણ કે, અદ્યાપિ હું પોતે પણ તૈયાર નથી થયો એટલે એક અપક્વ મનુષ્ય અપક્વ દેશમાં આવીને શું કાર્ય કરી શકે તેમ છે વારુ? ઇતિ.

તમારો 'સેજા'



શ્રી

અરવિન્દ વિચારમાળા

પ્રથમ પુષ્પ—ધર્મવિચાર

અનુવાદકકૃત કેટલાંક સ્પષ્ટીકરણો

અનુવાદકકૃત કેટલાંક સ્પષ્ટીકરણો

ગીતાની ભૂમિકા: પૃષ્ઠ ૪૮

'ગીતાની ભૂમિકા' માં દુર્યોધનના વાગ્ગુણિકાચરણનું વિવેચન કરતાં શ્રી અરવિન્દ બાબુએ શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રથમ અધ્યાયના ૧૦ મા શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે આપેલો છે: "આપણી સેના અત્યંત વિશાળ તથા પ્રચંડ છે અને ભીષ્મ પિતામહ આપણા સેનાનાયક છે; અને પાંડવોની સેના આપણી સેના સાથે સરખાવતાં ક્ષુદ્ર અથવા અલ્પસંખ્ય છે અને કેવળ ભીમનું બાહુબળ જ તેમની આશાનું એક માત્ર સ્થાન છે એટલે પછી આપણો જ વિજય કેમ અને શા કારણથી ન થાય વારુ!" ગીતાના પ્રથમ અધ્યાયના ૧૦ મા શ્લોકનો આ પ્રમાણે ભાવાર્થ આપ્યા પછી એ શ્લોકમાં આવેલા 'अपर्याप्त' શબ્દના અર્થ વિશે જે કેટલોક મતભેદ પ્રચલિત છે તેના સંબંધમાં તેમણે લખ્યું છે કે: "કેટલાક લોકો 'अपर्याप्त' શબ્દનો જે વિપરીત અર્થ કરે છે તે બુદ્ધિપુરઃસર કિંવા યુક્તિસંગત નથી; કારણ કે, દુર્યોધનની સેના હોવી જોઇએ તેથી વધારે વિશાળ હતી અને તેની સેનાના નેતાઓ પણ શૌર્ય તથા વીરતા આદિ ગુણોમાં અન્ય કોઈ સેનાનાયકોથી ઊતરે તેવા નહોતા, તો પછી આત્મશ્લાઘી દુર્યોધન પોતાના બળની નિન્દા કરીને પોતાના તેમ જ પોતાના સૈનિકોના મનમાં નિરાશાને ઉપજાવવાનો પોતે જ પ્રયત્ન કરે એ કદાપિ સંભવી શકે તેમ છે ખરું કે?" પરંતુ એ 'अपर्याप्त' શબ્દના અર્થના સંબંધમાં જે મતભેદ પ્રચલિત છે તે શો છે, એ શબ્દનો વિપરીત અર્થ શો કરવામાં આવે છે અને તે અર્થ વિપરીત તથા આ અર્થ યથાર્થ છે તે શા કારણથી અને તેનાં પ્રમાણો શાં છે એ શ્રી અરવિન્દ બાબુએ વિસ્તારપૂર્વક દર્શાવ્યું નથી અને તેથી એના સ્પષ્ટીકરણની આવશ્યકતા ઉપસ્થિત થયેલી છે.

'अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् "॥

ગીતા, १. १०.

આ શ્લોકનો કેટલાક જે વિપરીત અર્થ કરે છે તે આ પ્રમાણે છે: "આપણી જે સેના ભીષ્મ પિતામહવડે રક્ષાયલી છે એટલે કે, ભીષ્મ પિતામહની આજ્ઞામાં છે તે અપર્યાપ્ત એટલે કે અપૂર્ણ છે અને પાંડવોની જે સેના ભીમની આજ્ઞામાં છે તે એકમન તથા એકપ્રાણ હોવાથી પર્યાપ્ત એટલે કે સંપૂર્ણ અથવા આપણી સેનાને પહોંચી વળે તેવી છે." અને પોતાના સ્વીકારેલા એ અર્થના સમર્થનમાં તેઓ જણાવે છે કે: "કોઈ કોઈ ટીકાકાર 'अपर्याप्त'નો અર્થ સમર્થ અને 'पर्याप्त'નો અર્થ અસમર્થ કરે છે; પરંતુ એ અર્થ એ શબ્દના ધાતુરૂપથી સર્વથા વિરુદ્ધ છે. જો શ્લોકના અન્વયમાં એ દ્વન્દ્વરૂપ વિશેષણોનાં સ્થાનોનું પરિવર્તન કરી નાખવામાં આવે, તો જ શબ્દસંકેત યથાસ્થિત રહેવા છતાં તેમનો ભાવાર્થ બદલાઈ જાય તેમ છે. પરંતુ એમ કરવાની આવશ્યકતા નથી." આ અર્થને સ્વીકારનારા 'अपर्याप्त' અને 'पर्याप्त' શબ્દોને 'पर्याप्' ધાતુમાંથી નીકળેલો માને છે અને 'पर्याप्' ધાતુનો પૂર્ણ, સમર્થ કિંવા યોગ્ય થવું એવો અર્થ હોવાથી 'अपर्याप्त' એટલે અસમર્થ અને 'पर्याप्त' એટલે સમર્થ કિંવા પૂર્ણ એવા જ અર્થને જો તેઓ સ્વીકારે તો તે સર્વથા સ્વાભાવિક જ છે. સ્વ. વામન શિવરામ આપ્ટેએ પોતાના રચેલા 'સંસ્કૃત ઇંગ્લિશ' શબ્દકોષમાં 'पर्याप्त' શબ્દને 'पर्याप्' ધાતુમાંથી નીકળેલો દર્શાવ્યો છે; પરંતુ અન્ય કોષોમાં એ શબ્દ 'आप्' ધાતુમાંથી નીકળેલો દર્શાવવામાં આવ્યો છે અને [illegible] आप् क्त [illegible] વ્યાકરણના નિયમ અનુસાર રૂપ [illegible] માં આવી છે. સ્વ. લોકમાન્ય બાલ ગંગાધર તિલકે [illegible] શ્રી અરવિન્દ આદિએ એ શબ્દના જે અર્થને સ્વીકાર્યો છે તે જ

અર્થને પોતાના 'શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર' નામક વિખ્યાત ગ્રંથમાં સ્વીકાર્યો છે અને પોતાના સ્વીકૃત અર્થના સમર્થનમાં તેમણે જે વિવેચન કર્યું છે તે અતિશય સમર્થક તથા બુદ્ધિગમ્ય હોવાથી તે વિવેચન અહીં યથાસ્થિત ઊતારી લેવામાં આવ્યું છે. તે વિવેચન આ પ્રમાણે છેઃ—

"આ શ્લોકમાંના 'पर्याप्त' તથા 'अपर्याप्त' એ બે શબ્દોના અર્થ શા કરવા એના સંબંધમાં મતભેદ છે. 'पर्याप्त' શબ્દનો સામાન્ય અર્થ 'પૂરતુ' હોવાથી 'પાંડવોનું સૈન્ય પૂરતું અને આપણું સૈન્ય અપૂરતુ–અપૂર્ણ–(अपर्याप्त) છે,' એવી રીતે કેટલાક એ શબ્દોના અર્થ કરે છે. પરંતુ આ અર્થ બરાબર નથી; કારણ કે, પૂર્વે ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્ર સમક્ષ પોતાના સૈન્યનું વર્ણન કરતાં ઉપર્યુક્ત પ્રમુખ સેનાનાયકોનાં નામો ઉચ્ચારીને "મારું સૈન્ય મહાગુણવાન્ હોવાથી વિજય મને જ મળવાનો છે." એવા ઉદ્ગારો દુર્યોધનના મુખમાંથી નીકળેલ છે (ઉદ્યોગપર્વ: ૫૪. ૬૦- ૭૦); તેમ જ ભીષ્મપર્વમાં ત્યાર પછી દ્રોણાચાર્ય સમક્ષ પોતાના સૈન્યનું વર્ણન કરતી વેળાએ પણ દુર્યોધનના મુખમાંથી ગીતાના ઉપરના શ્લોક જેવા જ શ્લોકો અક્ષરશઃ બહાર પડેલા છે (ભીષ્મપર્વ: ૫૧. ૪–૬). અહીં મન સૈનિકોને પ્રોત્સાહન આપવામાટે હર્ષથી આ વર્ણન કરવું હોવાથી આ સ્થાનમાં 'अपर्याप्त' શબ્દનો 'અમર્યાદિત, અગણિત કિંવા અસંખ્ય' એ સિવાય અન્ય અર્થ સંભવતો જ નથી. 'पर्याप्त' શબ્દનો સામાન્ય "આસપાસ (परि) વેષ્ટન કરવા યોગ્ય (आप् प्रापणे)" છે. [illegible] છે. પરંતુ "અમુક કાર્યમાટે પર્યાપ્ત" કિંવા "[illegible]" એવી રીતે 'पर्याप्त' શબ્દની પાછળ ચતુર્થ [illegible] નાખીને પ્રયોગ કરવામાં આવે, [illegible] તેને [illegible] 'સમર્થ' એવો 'पर्याप्त' શબ્દનો [illegible], અને 'पर्याप्त' શબ્દનાં [illegible]

જો કોઈ શબ્દ ન હોય, તો એટલે કે માત્ર એકલા 'पर्याप्त' શબ્દનો 'પૂરતું, માપી શકાય તેટલું કિંવા જેની ગણના કરી શકાય તેવું' એ પ્રમાણેનો અર્થ થાય છે. દાખલા તરીકે 'पर्याप्त' શબ્દના સમાનાર્થક "मामूल टाकण्या सारखे" એ મરાઠી શબ્દ લ્યો. अमक्याला मामूल टाकण्या सारखे" એમ કહેતાં "તેને પૂરું પડી રહે તેવું" એ પ્રમાણેનો અર્થ થાય છે અને કેવળ "मामूल टाकण्या सारखे" એમ કહેતાં "અન્ય કોઈ તેને મારી જાય તેવું" એવા પ્રકારનો અર્થ થઈ જાય છે. અર્થાત્ આ શ્લોકમાં 'पर्याप्त' શબ્દ પછી અન્ય શબ્દ ન હોવાથી એ દ્વિતીય અર્થ જ આ સ્થાનમાં વિવક્ષિત છે; અને મહાભારત ઉપરાંત અન્ય સ્થાનોમાં પણ આવા પ્રયોગો હોવાનાં ઉદાહરણો બ્રહ્માનન્દગિરિ ટીકામાં આપેલાં છે. અર્થાત્ 'દુર્યોધન ભયભીત થઈને પોતાના સૈન્યને અપર્યાપ્ત કિંવા અપૂર્ણ કહે છે, એવી જે ઉપપત્તિ કેટલાકોએ આપેલી છે તે યથાર્થ નથી; કારણ કે, દુર્યોધન ભયભીત થયેલો હતો એવું વર્ણન ક્યાંય પણ મળી શકતું નથી; માત્ર એટલું જ નહિ, પણ એથી વિરુદ્ધ દુર્યોધનનું સૈન્ય મોટું હોવાથી પાંડવોએ વજ્ર નામક વ્યૂહની રચના કરી હતી અને કૌરવોના વિશાળ સૈન્યને જોઈને યુધિષ્ઠિરના મનમાં વિષાદનો આવિર્ભાવ થયો હતો (મહાભારત, ભીષ્મપર્વ: ૧૯. ૫ અને ૨૧. ૧.). એવાં વર્ણનો મળી આવે છે. પાંડવોના સૈન્યનો સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન હોવા છતાં 'ભીમવડે રક્ષાયલું' એમ કહેવાનું કારણ એ છે કે પ્રથમ દિવસે પાંડવોએ જે વજ્ર નામક વ્યૂહની રચના કરી હતી તે વ્યૂહના અગ્રભાગમાં ભીમની યોજના કરેલી હોવાથી ભીમ જ સેનારક્ષક તરીકે દુર્યોધનને તે વખતે આગળ અને આગળ દેખાતો હતો (મહાભારત, ભીષ્મપર્વ: ૧૯. ૪–૧૧, ૩૩, ૩૪); અને એ જ અર્થમાં 'ભીમનેત્ર' તથા 'ભીષ્મનેત્ર' એવા પ્રકારે એ ઉભય સૈન્યોનાં વર્ણનો ગીતાથી પૂર્વના મહાભારતના ભીષ્મપર્વના અધ્યા-

ગોમાં (મહાભારત, ભીષ્મપર્વઃ અધ્યાય ૨૦મો અને ૨૧મો જુઓ) આવેલાં છે." *

ગીતાના પ્રથમ અધ્યાયના એ ૧૦મા શ્લોકમાંના એ વાદગ્રસ્ત 'पर्याप्त' તથા 'अपर्याप्त' શબ્દોનો અભેદમાર્ગપ્રવાસી ગુર્જર-સાક્ષરશિરોમણિ મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ પણ એ પ્રમાણેનો જ અર્થ કરેલો છે અને તે આ છેઃ "આવું આપણું ભીષ્મે રક્ષણ કરેલું બલ અનંત છે અને આ એમનું તો ભીમે રક્ષણ કરેલું થોડુંક જ છે." અર્થાત્ આમાં 'पर्याप्त' શબ્દના અર્થદર્શક તરીકે 'અનન્ત' શબ્દ યોજાયલો છે અને 'अपर्याप्त' શબ્દના અર્થને દર્શાવવામાટે 'થોડુંક' શબ્દ યોજાયલો છે.×

આ ઉભય ધુરંધર વિદ્વાનોની સાક્ષીથી પાઠક તથા પાઠિકાઓ સમજી શકે તેમ છે કે શ્રી અરવિન્દ બાબૂએ એ 'पर्याप्त' તથા 'अपर्याप्त' શબ્દોના જે અર્થો સ્વીકારેલા છે તે સર્વથા યથાર્થ અને પ્રસંગને સર્વથા અનુકૂલ છે અને તેમના કથન અનુસાર એથી વિપરીત અર્થ કોઈ પણ પ્રકારે બુદ્ધિપુરઃસર કિંવા યુક્તિસંગત ન હોવાથી અસ્વીકારને જ યોગ્ય છે એ નવીનતાથી કહેવાની કે લખવાની આવશ્યકતા હોય એવી અમારી માન્યતા નથી.

---

* સ્વ. લોકમાન્ય બાલ ગંગાધર તિલકકૃત "શ્રીમદ્ભગવદ્-ગીતારહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર' માંનું આ અવતરણ તેના ગુજરાતી ભાષાન્તરમાંથી લીધું નથી; કિન્તુ મૂળ મરાઠી ગ્રંથમાંથી નવીન અનુવાદ કરીને લેવામાં આવ્યું છે. જુઓ સ્વ. લોકમાન્ય બાલ ગંગાધર તિલકકૃત "શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર' મરાઠી, આવૃત્તિ ૧લી (ઈ. સ. ૧૯૧૫), પૃષ્ઠ ૬૦૩, ૬૦૪.

× જુઓ અભેદમાર્ગપ્રવાસી મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત "શ્રીમદ્-ભગવદ્ગીતાઃ ગુર્જર ભાષામાં મૂલ, અક્ષરાર્થ, વિવેચન તથા રહસ્ય સાથે" બીજી આવૃત્તિ (ઈ. સ. ૧૯૧૦), પૃષ્ઠ ૪.

ગીતાની ભૂમિકા: પૃષ્ઠ ૮૩

શ્રી અરવિન્દ આ, એ ગીતાની ભૂમિકામાં શ્રી કૃષ્ણની રાજનીતિનાં કાર્યનું નિરૂપણ કરતાં એક ઉલ્લેખ કરેલો છે કે "...કારણ કે, આંતરિક વિરોધના કારણથી ઉત્પન્ન થયેલી રોમન રિપબ્લિકના નાશથી અને રાજ્ય સ્થાપનાની ઘટનાથી વિરાટ રોમન સામ્રાજ્યના નિર્માણ મુખમાં જન્મ આપી ગયું હતું તેમ જ ઇંગ્લંડમાં શ્વેત તથા રક્ત ગુલાબના આન્તરિક વિરોધના પરિણામે થયેલા કોઈ બળવાન નવા રાજ્યતંત્રે, અષ્ટમ હેન્રી અને રાણી એલિઝાબેથ આપ્યાં, પરાક્રમશાળી તથા વિશ્વવિજયી ઇંગ્લંડની સ્થિતિને આપી શક્યાં હતાં. સારાંશ કે, કુરુક્ષેત્રના યુદ્ધથી ભારતવર્ષની રચના પણ એ જ પ્રકારે થઈ હતી." આમાં જે શ્વેત ગુલાબ તથા રક્ત ગુલાબના આન્તરિક વિરોધનો ઉલ્લેખ કરાયલો છે તે ઇંગ્લંડના ઇતિહાસમાંની એક વિશિષ્ટ ઘટના હોવાથી જેમણે ઇંગ્લંડના ઇતિહાસનો અભ્યાસ ન કર્યો હોય તેઓ શ્વેત ગુલાબ અને રક્ત ગુલાબ જેવા આલંકારિક શબ્દોથી એ ઘટનાના સત્ય સ્વરૂપને ન જાણી શકે એ સ્વાભાવિક છે અને તેટલા માટે એ ઘટનાના સ્પષ્ટીકરણની આવશ્યકતા પણ અનિવાર્ય છે. ઇંગ્લંડના ઇતિહાસમાં એ શ્વેત ગુલાબ તથા રક્ત ગુલાબના વિગ્રહનો નીચે પ્રમાણે ઉલ્લેખ કરાયલો છે:—

"જે સમયે ઇંગ્લંડનો રાજા હેન્રી છઠ્ઠો ગાંડો થઈ ગયો હતો અને દેશમાં સર્વત્ર અરાજકતા તથા અવ્યવસ્થાનો પ્રચાર થયો હતો તે સમયે એટલે કે ઈ. સ. ૧૪૫૦ માં યૉર્કના ડ્યૂક રિચર્ડે રાજ્યસત્તાને સન્માર્ગમાં ચલાવવાનો ભાર પોતાના શિરપર ધારી લીધો હતો એટલે કે તે ઇંગ્લંડનો રાજ્યપ્રતિનિધિ–Protector–થયો હતો. એ રિચર્ડ કેમ્બ્રિજના અર્લનો પુત્ર હતો કે જે અર્લનો ઈ. સ. ૧૪૧૫ માં પંચમ હેન્રીએ શિરચ્છેદ કરાવ્યો હતો. જો વાસ્તવિકતાથી જોવામાં આવે તો રાજા હેન્રી કરતાં એ રિચર્ડ રાજમુકુટને ધારણ

ઉત્તમ કાર્ય શીખેલો ન હોવાથી તેને લાકડાં વાઢવાનું અને એવું જ બીજું પરિશ્રમદાયક કાર્ય સોંપવામાં આવ્યું હતું. કાલિબન્ અત્યન્ત દુષ્ટ તથા તૂફાની હોવાથી તેનાપર દેખરેખ રાખવાનો સર્વ અધિકાર એક આત્મિક એરિયલને આપવામાં આવ્યો હતો કે જેથી તે કાંઈ પણ ચૂં કે ચાં કરી જ ન શકે.

તે બેટમાં આવા પ્રકારની વ્યવસ્થા કરી લઇને પ્રૅાસ્પેરોએ એક ક્ષુદ્ર પર્વતમાંની કેટલાક ખંડોમાં વિભક્ત થયેલી એક વિશાળ ગુહામાં નિવાસ કર્યો અને ત્યાં પોતાના વિદ્યાભ્યાસના કાર્યમાં નિમગ્ન રહેવા ઉપરાંત પોતાની અલ્પવયસ્કા કન્યા મિરેન્દાને પણ તે યોગ્ય શિક્ષણ આપવા લાગ્યો. જે વેળાયે પ્રૅાસ્પેરો એ બેટમાં આવ્યો હતો તે વેળાયે તેની કન્યા ત્રણ વર્ષ કરતાં પણ ન્યૂન વયની હતી અને ત્યાર પછી બાર વર્ષ જેટલો દીર્ઘ કાળ વીતી જતાં તે પંદર વર્ષની યૌવનના નિકટમાં આવેલી બાળા થઈ ત્યાં સુધી તેણે પોતાના પિતા વિના અન્ય કોઈ પણ માનવપ્રાણીનું દર્શન કરેલું ન હોવાથી વિશ્વમાં અન્ય કોઈ માનવપ્રાણી અસ્તિત્વ ધરાવે છે કે નહિ એ તે જાણતી જ ન હોતી.

બાર વર્ષનો કાલાવધિ વીતી જવા પછી એક વાર બનાવ એવો બન્યો કે પ્રૅાસ્પેરોના કૃતઘ્ન સહોદર ઍન્ટોનિયો અને નેપલ્સના ગજાની નૌકાઓ તે બેટ પાસેથી નીકળી અને એ વાર્તા પોતાની ઇન્દ્રજાળવિદ્યાના બળથી પ્રૅાસ્પેરોના જાણવામાં આવતાં તેણે મહાશક્તિશાળી ભદ્ર આત્મા એરિયલને બોલાવીને સમુદ્રમાં તૂફાનને ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી દીધી; પરંતુ તે સાથે એ સૂચના આપતાં પણ તે ન ભૂલ્યો કે: "તારા ઉપજાવેલા તૂફાનમાં સપડાઇને મારા શત્રુઓની નૌકાઓ તૂટી ન જાય, તેઓ એક બીજાથી છૂટા કિનારાપર આવી પડે છતાં તેમનામાંના એક પણ મનુષ્યના હાનિ ન થાય અને તેમ છતાં તેમનામાંનો પ્રત્યેક મનુષ્ય

થયું હતું અને તેમાંના વીરપુરુષોને પોતાને માટે સ્વર્ગાદિ પ્રાપ્તિ નાખવામાં આવ્યા હતા, ત્યારે એ યુગાંતના વિગ્રહો ઓછા થયા ત્યારે જ હિંદમાં શાંતિમય રાજ્ય તથા ઉન્નતિની સ્થાપના કરી શકાઈ હતી. સારાંશ કે, આવા પ્રકારના અનાચારી તથા અત્યાચારી ક્ષત્રિયકુળોના નાશ વિના હિંદમાં શાંતિ તથા ઉન્નતિની સ્થાપના કરી શકાય તેમ હતું જ નહિ અને તેથી તેમના નાશની એ ઘટનાને પરમેશ્વરે જ ઉપસ્થિત કરી હતી એવા આશયને દર્શાવવામાટે જ શ્રી અરવિન્દ બાબુએ કુરુકુળના નાશની આવશ્યકતાને દર્શાવતાં ઉદાહરણ તરીકે આ ઘટનાનો ઉલ્લેખ કરેલો છે. જે પાઠક કિંવા પાઠિકાની એ શ્વેત ગુલાબ તથા રક્ત ગુલાબના યુદ્ધવૃત્તાંતને વિસ્તાર પૂર્વક જાણવાની ઈચ્છા હોય તે પાઠક કિંવા પાઠિકા ઈંગ્લેન્ડના ઇતિહાસના વાંચનથી પોતાની તે ઈચ્છાને તૃપ્ત કરી શકે એમ છે એટલે અહીં આવશ્યકતાથી અધિક એ ઘટનાનો વૃત્તાન્ત આપવો નિરર્થક છે.

ધર્મ (વિશ્વરૂપદર્શન) પૃષ્ઠ ૬૬૨

શ્રી અરવિન્દ બાબુએ ભગવાનના વિશ્વરૂપદર્શનનું સમર્થન કરતાં એક એવું વાક્ય લખેલું છે કે: " ભગવાન્ સર્વશક્તિમાન્ હોવાથી સ્થૂલ પ્રકૃતિના નિયમ કિંવા દેશકાળના નિયમરૂપ જાળમાં તેને સપડાવવાનો પ્રયત્ન કરીને જો આપણે એમ બોલીએ કે: 'તું અનન્ત હોવાથી અમો તને સાન્ત થવા દેવાના નથી; તારી ઈચ્છા હોય તો સાન્ત એટલે કે અન્તયુક્ત થવાની ચેષ્ટા કરી જો; કારણ કે, તારી એ ચેષ્ટા સફળ થવાની નથી અને તું સાન્ત થઈ શકવાનો નથી. તું અમારા તર્ક તથા અમારી યુક્તિઓના બંધનમાં જકડાયલો હોવાથી જેવી રીતે પ્રોસ્પેરો । ઇન્દ્રજાળમાં સપડાયલા ફર્દિનાન્દની અવસ્થા થઈ હતી તેવી જ અત્યારે તારી અવસ્થા થયેલી છે;' તો આપણું એ બોલવું હાસ્યાસ્પદ થવાનો સંભવ નથી કે શું?" આ

ક્રમમાં જે પ્રૉસ્પેરો, તેનું ઇન્દ્રજાળ અને તે ઇન્દ્રજાળમાં સપડાયેલા ફર્દીનાન્ડનું ઉદાહરણ લેવામાં આવ્યું છે તે ઉદાહરણનો પાશ્ચાત્ય નાટ્ય ગુરુ શેક્સપીયરકૃત 'Tempest' ('ટેમ્પેસ્ટ'–તૂફાન) નાટકના વસ્તુ સાથે સંબંધ હોવાથી જેમણે શેક્સપીયરનાં નાટકો ન વાંચ્યાં હોય તે પાઠક તથા પાઠિકાઓ એ ઉદાહરણના મર્મને સમજી શકે તેમ નથી અને તેટલામાટે એ ઉદાહરણના સ્પષ્ટીકરણની આવશ્યકતા સ્વાભાવિક છે.

પ્રૉસ્પેરો મિલનનો વિદ્યાવિલાસી અને પ્રજાવત્સલ ડ્યૂક હતો અને તેને એક માત્ર કન્યા મિરેન્દા કિંવા મિરેન્ડા વિના અન્ય સંતતિ ન હોવાથી તે કન્યા જ તેની સમસ્ત સ્થાવર તથા જંગમ સંપત્તિની તેમ જ તેની પદવીની ઉત્તરાધિકારિણી હતી. પ્રૉસ્પેરોનો એક અનુજ–કનિષ્ઠ ભ્રાતા–હતો અને તેનું નામ ઍન્ટોનિયો હતું. પ્રૉસ્પેરો પોતે નિરંતર એકાંતવાસ તથા ગહન વિદ્યાભ્યાસમાં નિમગ્ન રહેનારો હોવાથી તેણે પોતાના સંસ્થાન કિંવા રાજ્યની સર્વ પ્રકારની વ્યવસ્થાનો ભાર પોતાના કનિષ્ઠ બંધુ ઍન્ટોનિયોના શિરપર નાખી દીધો હતો. પ્રૉસ્પેરો નિરંતર ગ્રંથવાચનરૂપ સમાધિમાં રહેતો હોવાથી અને બાહ્ય જગત્‌નું તેને લેશ માત્ર પણ જ્ઞાન ન હોવાથી ઍન્ટોનિયો જ રાજા તરીકેના સર્વ અધિકારો ભોગવતો હતો અને તેથી કેટલાક સમય પછી તેના હૃદયમાં રાજા થવાની અધમ મહત્ત્વાકાંક્ષાનો સંચાર થતાં તેણે પ્રૉસ્પેરોના શત્રુ નેપલ્સ્‌ના રાજાની સહાયતાથી પ્રૉસ્પેરોને પદભ્રષ્ટ કરી નાખ્યો. પ્રૉસ્પેરો અત્યંત પ્રજાપ્રિય રાજા હોવાથી તેને પદભ્રષ્ટ કરવા છતાં પણ પ્રજાજનો સમક્ષ તેનો વધ કરાવવાનું ઍન્ટોનિયો તેમ જ નેપલ્સ્‌ના રાજાથી સાહસ ન કરી શકાયું અને તેથી પ્રૉસ્પેરો તથા તેની પુત્રીને એક વિશાળ નૌકામાં ચઢાવી પ્રથમ સમુદ્રમાં કેટલાક ગાઉના અંતર પર લઇ જવામાં આવ્યાં અને ત્યાં એક ક્ષુદ્ર તરણી–હોડી–માં બેસાડીને તેમને એવી માન્યતાથી છોડી

દેવામાં આવ્યાં કે એ તરણીમાં તરણીને ચલાવવાનાં દોરડાં, કૂવા તથા સઢ ઇત્યાદિ સર્વ સાધનોનો અભાવ હોવાથી તરણી તૂટી જશે અને તેથી તેમનો સમુદ્રમાં પોતાની મેળે જ નાશ થઈ જશે. પરંતુ પ્રૉસ્પેરોના એક રાજનિષ્ઠ સરદાર ગોન્ઝાલોએ કોઇના જોવા કે જાણવામાં ન આવે તેવી રીતે એ તરણીમાં કેટલાક દિવસ પર્યન્ત ચાલી શકે તેટલા પરિમાણમાં જળ, અન્ન સામગ્રી અને જે પુસ્તકોને પ્રૉસ્પેરો પોતાના રાજ્ય કરતાં પણ અધિક મૂલ્યવાન માનતો હતો તેમાંનાં કેટલાંક ઉત્કૃષ્ટ પુસ્તકો આદિ એક ગુપ્ત ભાગમાં નાખી દીધાં હતાં એટલે તેમને ક્ષુધા કે તૃષાનું દુઃખ વેઠવું ન પડ્યું. તે તરણી જ્યાં સમુદ્રની લહરીઓ લઈ જાય ત્યાં જતાં કેટલાક દિવસ પછી એક બેટના તીરપ્રાન્તમાં આવી લાગી અને પ્રૉસ્પેરો પોતાની કન્યાને લઈને તે બેટમાં સુખરૂપ તથા નિશ્ચિંત ઉતરી ગયો.

આવી રીતે પ્રૉસ્પેરો ભાગ્યની વિલક્ષણતાથી જે બેટમાં આવી લાગ્યો હતો તે બેટમાં સિકોરેક્સ્ નામક એક જાદુગરણી વસતી હતી અને તેનો પ્રૉસ્પેરોના આગમનથી થોડા દિવસ પૂર્વે જ અંતકાળ થયો હતો. તે ઇન્દ્રજાળવિદ્યાનો એટલે કે જાદુનો યુગ હોવાથી પ્રૉસ્પેરોએ એ વિદ્યાનો ઉત્તમ અભ્યાસ કર્યો હતો અને તે અભ્યાસ એ બેટમાં તેને અતિશય ઉપયોગી થઈ પડ્યો, કારણ કે, જાદુગરણી સિકોરેક્સે જે કેટલાક ભદ્ર આત્માઓને પોતાની આજ્ઞાવશવર્તિતાના અભાવે વિશાળ વૃક્ષોના ગર્ભમાં બદ્ધ કરી રાખ્યા હતા. તેમને પ્રૉસ્પેરોએ પોતાની ઇન્દ્રજાળવિદ્યાના બળથી મુક્ત કરી દીધા અને ત્યાં એ ઉપકારના ભારથી મુક્ત થવામાટે તે ભદ્ર આત્માઓ—અદૃશ્યો—પ્રૉસ્પેરોના આજ્ઞાંકિત દાસ કિંવા સેવક થઈ રહ્યા. એ સર્વ આત્માઓમાં એરિયલ નામક આત્મિક સર્વથી શ્રેષ્ઠ તથા પ્રભાવશક્તિશાળી હતો. જાદુગરણી સિકોરેક્સનો કાલિબન્ નામક એક નરપશ્વાકૃતિ પુત્ર તો અને તે પોતાની માતાના દુષ્ટ સ્વભાવના પરિણામે કોઈ પણ

ઉત્તમ કાર્ય શીખેલો ન હોવાથી તેને લાકડા વાઢવાનું અને એવું જ બીજું પરિશ્રમદાયક કાર્ય સોંપવામાં આવ્યું હતું- કાલિબન્ અત્યન્ત દુષ્ટ તથા તૂફાની હોવાથી તેનાપર દેખરેખ રાખવાનો સર્વ અધિકાર એક આત્મિક એરિયલને આપવામાં આવ્યો હતો કે જેથી તે કાંઈ પણ ચૂં કે ચાં કરી જ ન શકે.

તે બેટમાં આવા પ્રકારની વ્યવસ્થા કરી લઇને પ્રૉસ્પેરોએ એક ક્ષુદ્ર પર્વતમાંની કેટલાક ખંડોમાં વિભક્ત થયેલી એક વિશાળ ગુહામાં નિવાસ કર્યો અને ત્યાં પોતાના વિદ્યાભ્યાસના કાર્યમાં નિમગ્ન રહેવા ઉપરાંત પોતાની અલ્પવયસ્કા કન્યા મિરેન્ડાને પણ તે યોગ્ય શિક્ષણ આપવા લાગ્યો. જે વેળાયે પ્રૉસ્પેરો એ બેટમાં આવ્યો હતો તે વેળાયે તેની કન્યા ત્રણ વર્ષ કરતાં પણ ન્યૂન વયની હતી અને ત્યાર પછી બાર વર્ષ જેટલો દીર્ઘ કાળ વીતી જતાં તે પંદર વર્ષની વય-ના નિકટમાં આવેલી બાળા થઈ ત્યાં સુધી તેણે પોતાના પિતા વિના અન્ય કોઈ પણ માનવપ્રાણીનું દર્શન કરેલું ન હોવાથી વિશ્વમાં અન્ય કોઈ માનવપ્રાણી અસ્તિત્વ ધરાવે છે કે નહિ એ તે જાણતી જ ન હોતી.

બાર વર્ષનો કાલાવધિ વીતી જવા પછી એક વાર બનાવ એવો બન્યો કે પ્રૉસ્પેરોના કૃતઘ્ન સહોદર ઍન્ટોનિયો અને નેપલ્સના રાજાની નૌકાઓ તે બેટ પાસેથી નીકળી અને એ વાર્તા પોતાના ઇન્દ્રજાળવિદ્યાના બળથી પ્રૉસ્પેરોના જાણવામાં આવતાં તેણે મહા-શક્તિશાળી વાયુ આત્મા એરિયલને બોલાવીને સમુદ્રમાં તૂફાનને ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી દીધી, પરંતુ તે સાથે એ સૂચના આપતાં પણ તે ન ભૂલ્યો કે: "મારા ઉત્પન્ન કરેલા તૂફાનમાં સપડાઈને મારા શત્રુઓની નૌકાઓ તૂટી ન જાય, તેઓ એક ભંગાણથી ઉછળ પડીને કિનારાપર આવી પડે પણ તેના [illegible] એક પણ મનુષ્યના પ્રાણની હાનિ ન થાય અને તેમ છતાં [illegible]

આમ જ માને કે માત્ર તે જ તૂફાનમાંથી જીવતો બચી ગયો છે અને અન્ય સર્વ મનુષ્યો મરી ગયા છે; આ સૂચનાને લક્ષમાં રાખીને જ તૂફાનને ઉપજાવજે."

પ્રાસ્પેરોની આજ્ઞાનુસાર એરિયલે સમુદ્રમાં ભયંકર તૂફાન ઉપજાવી દીધું અને તે તૂફાનમાં સપડાયેલી નૌકાઓમાં રહેનારી બચવાની આશા ન જણાઈ. ઍલન્ઝો ઍન્ટોનિયો, નેપલ્સનો રાજા, તેનો યુવરાજ ફર્ડિનાન્ડ તથા અન્યાન્ય જનો પોતપોતાના પ્રાણની રક્ષામાટે સમુદ્રમાં કૂદી પડ્યા અને એરિયલની આજ્ઞા પ્રમાણે બેટમાં એક જુદા જુદા સ્થાનોમાં નીકળ્યા કે તેમનામાંનો પ્રત્યેક મનુષ્ય માત્ર પોતાને જ બચેલ ગણતો અને અન્ય સર્વ જનોને મરી ગયેલા માનતા [illegible]